BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-302

## સમાજ કલ્યાણ પ્રબંધ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-302
# સમાજ કલ્યાણ પ્રબંધ

## વિભાગ

# 1

## સમાજ કલ્યાણ પરિચય


એકમ-1 સમાજકલ્યાણ વહીવટ સંબંધિત ક્ષેત્રોનો ખ્યાલ અને અર્થ

એકમ-2 સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પરિચય

એકમ-3 કલ્યાણકારી વિવિધ સંસ્થાઓ અને વહીવટ

ISBN : 978-81-937666-7-5


| લેખક | |
|---|---|
| **ડૉ. વિપુલ રામાણી** | સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **શ્રીમતી બીજલ દવે** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા<br>ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## MSW-302 સમાજ કલ્યાણ પ્રબંધ

**વિભાગ-1 : સમાજ કલ્યાણ પરિચય**

1. સમાજકલ્યાણ વહીવટ સંબંધિત ક્ષેત્રોનો ખ્યાલ અને અર્થ
2. સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પરિચય
3. કલ્યાણકારી વિવિધ સંસ્થાઓ અને વહીવટ

**વિભાગ-2 : સામાજિક નીતિ અને આયોજન**

1. સામાજિક નીતિનો પરિચય
2. ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે મહિલાનીતિ, અને બાળનીતિ
3. ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે યુવાનીતિ, શિક્ષણનીતિ અને આરોગ્યનીતિ
4. સામાજિક આયોજનનો અર્થ અને ઉદ્દેશ્યો
5. સામાજિક નીતિના સ્ત્રોત અને સાધન તરીકે આયોજન

**વિભાગ-3 : સામાજિક નીતિને અસર કરતાં પરિબાળો**

1. સામાજિક નીતિ ભાગ-1
2. સામાજિક નીતિ ભાગ-2
3. સામાજિક નીતિ ભાગ-3

**વિભાગ-4 : સામાજિક નીતિ, સેવાઓ અને વ્યવસ્થાપન**

1. સામાજિક નીતિઓ અને સેવાઓ-1
2. સામાજિક નીતિઓ અને સેવાઓ-2
3. નીતિ, આયોજન અને રચના

## ઘટક પરિચય :

ભારતમાં વ્યવસાયિક સમાજકાર્ય એ ખૂબજ વિકસતો વ્યવસાય છે. તેના વિવિધ અભિગમો છે જેવા કે સમાજકલ્યાણ વહીવટ સામાજિક નીતિઓને સમાજસેવાઓમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે. સમાજના વિભિન્ન, જુદા જુદા વર્ગોને ઉપયોગી સેવાકાર્યનું સંચાલન કરે છે. તેના દ્વારા સામાજિક, આર્થિક વગેરે જેવી મુશ્કેલીઓ અને પીડાઓનું નિવારણ કરવાનું કાર્ય થાય છે. સમાજકાર્યમાં સમાજકલ્યાણ વહીવટનો સંબંધ તેના હેતુ અને ઉદ્દેશ્ય સાથે છે કે જેના થકી માનવીય  સમસ્યાનું સમાધાન અને માનવીય જરૂરીયાતોની પૂર્તિ સાથે છે. વહીવટ વિવિધ કાર્યોને સંકલિત કરવાવાળી સંસ્થાઓ માટે ખૂબજ ઉપયોગી નીવડ્યું છે. બધીજ સામાજિક સેવાઓ સમાજકાર્ય નથી પરંતુ સમાજકાર્યનું પ્રત્યેય કાર્ય સમાજસેવાજ હોય છે. સમાજસેવા માટે સંગઠિત માળખઆઓને ઉભા કરવામાં આવ્યા છે. જે જરૂરીયાતોને ઓળખીને સેવાઓ પૂરી પાડે છે.

સમાજકલ્યાણ વહીવટ એ વ્યવસાયિક સમાજકાર્યની એક પદ્ધતિ છે. એને લોક વહીવટની એક શાખા પણ ગણાવી શકાય છે. સમાજકલ્યાણ વહીવટ એ સામાજિક નીતિઓને સમાજસેવામાં પરિવર્તિત કરવાની એક પ્રક્રિયા છે. સમાજકલ્યાણ વહીવટમાં સામાજિક સંસ્થાઓ અને વિભાગો દ્વારા સેવાર્થીઓને કલ્યાણ કાર્યક્રમો દ્વારા સેવા પૂરી પાડે છે. અને આ સેવા સેવાર્થીને પ્રત્યક્ષ રીતે આપવામાં આવે છે. સમાજકલ્યાણ વહીવટના વિવિધ સિદ્ધાંતો ખૂબજ મહત્તવપૂર્ણ ભાગ ભજવે છે. તેના વિવિધ કાર્યો થકી તેના વહીવટમાં સુધારો કરી શકાય છે. ''પોસ્ડકોર્બ'' રજૂ કરીને તેના કાર્યોને વિસ્તૃતમાં સમજાવવામાં આવ્યા છે.

સામાજિક ક્ષેત્રે વિવિધ કલ્યાણકારી સંસ્થાઓ કાર્ય કરે છે. તેના વહીવટ કાર્યને સમજવા માટે આ ધટક વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી નિવડે છે. સામાજિક સંસ્થાઓના સ્વરૂપ અને માળખું તેના નાણાકીય સાધનોને લિસ્તૃતમાં સમજાવવામાં આવ્યા છે.

આ ધટક દ્વારા વિદ્યાર્થીઓને સમાજકલ્યાણ વહીવટ નસંબધિત વિવિધ. ક્ષેત્રોનો ખ્યાલ તેનો અર્થ, વિવિધ પદ્ધતિઓનો પરિચય અને કલ્યાણકારી સંસ્થાઓના વહીવટ વિશે ઉંડાણપૂર્વક જાણકારી મેળવી શકશે.

**ઘટકના હેતુઓ :**

1. વિદ્યાર્થીઓને સમાજકલ્યાણ વહીવટ સંબંધી ક્ષેત્રોનો ખ્યાલ સ્પષ્ટ થશે.
2. વિદ્યાર્થીઓને સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો ખ્યાલ અને વિશેષતાઓની સમજ મળશે.
3. વિદ્યાર્થીઓને સમાજકલ્યાણ વહીવટના સિદ્ધાંતો, ક્ષેત્રો અને કાર્યોની ઊંડાણપૂર્વકની જાણકારી મળશે.
4. સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિમાં વિદ્યાર્થીઓએ કેવી રીતે કામ કરવાનું, તે કાર્યપદ્ધતિની જાણકારી મળશે.
5. કલ્યાણકારી વિવિધ સંસ્થાઓ અને તેના વહીવટ કાર્ય વિશે વિદ્યાર્થીઓને જાણકારી મળશે.

# એકમ–1 સમાજકલ્યાણ વહીવટ સંબંધિત ક્ષેત્રોનો ખ્યાલ અને અર્થ

## : એકમનું માળખું :


1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 સમાજકલ્યાણ વહીવટનો ખ્યાલ અને અર્થ

1.3 સમાજસેવાનો ખ્યાલ અને અર્થ

1.4 સમાજકલ્યાણનો ખ્યાલ અને અર્થ

1.5 સામાજિક સલામતી(સુરક્ષા)નો ખ્યાલ અને અર્થ

1.6 સામાજિક વહીવટનો ખ્યાલ અને અર્થ

1.7 ઉપસંહાર

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 તમારી પ્રગતિ ચકાસોનઆ જવાબ

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખક

1.12 પ્રવૃતિ

1.13 કેસ સ્ટડી

1.14 સંદર્ભગ્રંથ


## 1.0 એકમના હેતુઓ

આ એકમનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીઓ

- સમાજકલ્યાણ વહીવટ સંબંધિત ક્ષેત્રો ક્યાં ક્યાં છે ? તેની જાણકારી મળશે.
- સમાજસેવા, સમાજકલ્યાણ, સમાજસુરક્ષા વચ્ચેની સામ્યતા અને ભેદ ઓળખી શકશે.
- સામાજિક વહીવટ અને સમાજકલ્યાણ વહીવટ વચ્ચેની સામ્યતા અને ભેદ સમજી શકાશે.

## 1.1 પ્રસ્તાવના

ભારતમાં સમાજકાર્યએ વિકસતો વ્યવસાય છે. ભારતમાં સમાજસેવા, સમાજકલ્યાણ અને સામાજિક સુરક્ષા સમયાંતરે ઉદ્ભવેલા અભિગમો છે. સમાજકલ્યાણ વહીવટમાં કલ્યાણકાર ત્રણેય અભિગમો સમજવા ખૂબ જરૂરી છે. વર્તમાન સમયમાં સામાજિક વિકાસ અને સામાજિક સશક્તિકરણ અભિગમ સંબંધિત કાર્યો અને માળખાંઓ ગોઠવાય છે. સમાજકલ્યાણ વહીવટમાં સેવાર્થીને(વ્યક્તિ, જૂથ અને

સમુદાય)ની જરૂરિયાતો અને સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને સેવાઓનું માળખું નિર્ધારિત કરવામાં આવે છે. આ માળખા અંતર્ગત અશક્ત, નિઃસહાય, લાચાર, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, વૃદ્ધો, અપંગો, અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો વગેરેને સેવાઓ આપવાની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે તથા સેવાઓ આપવામાં આવે છે. આમ, સમાજકલ્યાણ વહીવટ જરૂરિયાતમંદ અને સમસ્યાગ્રસ્તનું સમાજમાં પુનઃસ્થાપનનું મુખ્ય કાર્ય કરે છે. તેમજ સેવાર્થીની અભાવપૂર્ણ સ્થિતિ દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

## 1.2 સમાજકલ્યાણ વહીવટનો ખ્યાલ અને અર્થ (Concept and Meaning of Social Welfare Administration)

સમાજકલ્યાણ વહીવટ એક નવું સામાજિક વિજ્ઞાન છે. આ લોકપ્રશાશન (Public Administration) અથવા સામાજિક વહીવટ (Social Administration) ની એક નવીન શાખા છે. સમાજકલ્યાણ વહીવટનો સંબંધ નિઃસહાય, લાચાર અને નબળા લોકોને સામાજિક કાર્યો અને સેવાઓના સુવ્યવસ્થિત સંચાલન સાથે છે.

સમાજકલ્યાણ વહીવટ સમાજકાર્ય(Social Work)ની એક ગૌણ પદ્ધતિ છે. આ પદ્ધતિના અભ્યાસનો આધાર સામાન્યરૂપે વહીવટના સિદ્ધાંતો અને પ્રવિધિઓ ઉપર છે. વિશેષરૂપે તેનો આધાર સાર્વજનિક વહીવટના સિદ્ધાંતો અને પ્રવિધિઓ પર છે. પ્રાંત સમાજકલ્યાણ વહીવટનો સંબંધ સમાજકાર્યના તે ઉદ્દેશ સાથે છે જેનો સંબંધ માનવીય સમસ્યાઓનું સમાધાન અને માનવીય જરૂરિયાતોની પૂર્તિ સાથે છે. સામાજિક સેવાઓનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યોની સહાયતા કરવાનો છે. આ ઉદ્દેશ સમાજકલ્યાણ વહીવટને સાર્વજનિક વહીવટ અને વ્યાપારિક વહીવટથી અલગ પાડે છે, કારણ કે તે પ્રત્યક્ષ રીતે મનુષ્યો સાથે સંબંધિત નથી.

દરેક સામાજિક સંસ્થાનો ઉદ્દેશ સેવાર્થીઓને કોઈને કોઈ પ્રકારની પ્રત્યક્ષ સેવા પ્રદાન કરવાનો છે. આ સેવાઓ સંબંધી પ્રક્રિયાઓ સંસ્થાનું મુખ્ય કાર્ય છે. આ પ્રત્યક્ષ સેવા સંબંધી ક્રિયાઓ આંશિકરૂપે સંકલન કરવું આવશ્યક છે કે કેટલીક એવી આધાર આપનાર અથવા સુવિધાયુક્ત ક્રિયાઓને સંપાદિત કરવામાં આવે. જે સ્વયં પ્રત્યક્ષ સેવા નથી; પરંતુ, જે પ્રત્યક્ષ સેવાઓ પ્રદાન કરવા માટે અનિવાર્ય છે અને તે સેવાઓ સાથે સાથે સંકલિત થાય છે. આવી વહીવટી ક્રિયાઓમાં અનેક ક્રિયાઓ સમાયેલી છે; જેમ કે, કાર્યક્રમ અન અને નીતિ નિર્ધારણ કરવી, સામાન્ય આયોજન, નેતૃત્વ અને નિત્યકર્મનું વ્યાવસાયિક નિરીક્ષણ.

દરેક સમાજમાં એવા લોકો જોવા મળે છે કે જે પોતે પોતાની આજીવિકા સર્જન કરી શકતા નથી. આ લોકો એટલે અંધ, અપંગ, પાગલ, અશક્ત, રોગી, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, નિરાશ્રિત વૃદ્ધ વ્યક્તિ વગેરેની સારસંભાળ કાળજી રાખનાર કોઈ નથી. આ વર્ગોના લોકોની સમસ્યાઓનું સમાધાન એક અમુક કાર્ય છે કે જેમની પાસે આવક જે સંસ્થાઓ કે મંડળો અથવા વિભાગો આ દિશામાં કાર્ય કરે છે. તે નિઃસ્વાર્થ ભાવનાથી પ્રેરાયેલો હોય છે; આ જ સમાજકાર્ય છે અને આ કાર્યને સંગઠિત

અને સુઆયોજિત રીતે પૂર્ણ કરવા માટે શિક્ષણ જ સમાજકલ્યાણ વહીવટ છે. આ કાર્યોને સંકલિત કરવાવાળી સામાજિક સંસ્થાઓ અથવા વિભાગ હોસ્પિટલ, ન્યાયાલય, શાળા વગેરે હોઈ શકે છે.

આ પ્રકારે સામાજિક અભિકરણ અને સરકારી કલ્યાણકારી સંસ્થાઓ સંબંધિત વહીવટનેસમાજકલ્યાણ વહીવટ કહેવામાં આવે છે. અર્થાત્ આની ક્રિયા-પ્રક્રિયાઓ પદ્ધતિઓ વગેરે લોક પ્રસાશન જેવા જ હોય છે, પરંતુ આ બંને વચ્ચે પાયાનો ભેદ એ છે કે તેમાં પ્રજાતંત્ર અને માન્યતાઓનું વધુમાં વધુ ધ્યાન રાખીને પછાત અને નબળા વર્ગોના વ્યક્તિઓના કલ્યાણ કાર્યક્રમ સંબંધિત વહીવટી કરવામાં આવે છે.

સમાજકલ્યાણ વહીવટને એ દ્રષ્ટિકોણથી વ્યાખ્યાયિત કરી શકાય છે કે નિષેધાત્મક (અટકાયાત્મ્ક) દૃષ્ટિકોણથી સમાજકલ્યાણ વહીવટ સમાજના અસક્ષમ વ્યક્તિઓ અને કુટુંબોને મદદ કરવાનો છે, જયારે સકારાત્મક (હકારાત્મક) દૃષ્ટિકોણથી સમાજના દરેક વ્યક્તિઓ અને કુટુંબોના કલ્યાણ કાર્યક્રમ સંબંધિત વહીવટ કરવાનો છે.

- સંચર્ડ ટીટમસ, જોન કીડનાઈ 1954 વગેરે વિદ્વાનોના જણાવ્યા અનુસાર ''સમાજકલ્યાણ વહીવટ સામાજિક, નીતિઓને સમાજસેવાઓમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે.''
- ડનહમ (1949)ના મતે ''સમાજકલ્યાણ વહીવટને એવી ક્રિયા-પ્રક્રિયાઓમાં સહાય કરવા તથા આગળ વધવા માટે યોગદાન આપવા માટે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે જે કોઈ સામાજિક સંસ્થા દ્વારા પ્રત્યક્ષ સેવા કરવા માટે અનિવાર્ય છે.''
- રાજારામ શાસ્ત્રી(1970)ના જણાવ્યાનુસાર ''સામાજિક અભિકરણ તથા સરકારી કલ્યાણ કાર્યક્રમો સંબંધિત વહીવટને સમાજકલ્યાણ વહીવટ કહેવામાં આવે છે. અર્થાત તેની પદ્ધતિઓ, પ્રવિધિઓ, ક્રિયા-પ્રક્રિયા વગેરે પણ લોકપ્રશાસન અથવા વ્યાપાર પ્રશાસનની જેમ સમાન હોય છે. પરંતુ તેમાં પાયાનો તફાવત એ છે કે આમાં બધા સ્તરો ઉપર માન્યતાઓ અને લોકતંત્ર વધુ ને વધુ ધ્યાન રાખીને એવી વ્યક્તિઓ અથવા વર્ગો સાથે સંબંધિત વહીવટ કરવામાં આવે છે કે જે અવરોધક હોય છે.'' ટૂંકમાં, સમાજકલ્યાણ વહીવટ સમાજના વિભિન્ન વર્ગોને માટે ઉપયોગી સેવાઓનું સંચાલન કરે છે અને તેના સામાજિક તથા આર્થિક વગેરે મુશ્કેલીઓ, પીડાઓનું નિવારણ કરે છે.

## 1.3 સમાજસેવાનો ખ્યાલ અને અર્થ

સમાજસેવાનો ખ્યાલ ઘણો જૂનો છે. પ્રાચિનકાળમાં રોગીઓ, અપંગો, અશક્તો, ગરીબો, વિધવાઓ, નિઃસહાય અને લાચાર વ્યક્તિઓ અને કુટુંબોને જરૂરિયાત તથા સમસ્યા આધારિત સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. સામાન્ય રીતે આ સેવાઓ રાજા-મહારાજા, ધનાઢ્ય વેપારી, ધર્મગુરુઓ, દાનવીર વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતી. આ સેવાઓમાં મોટેભાગે વ્યક્તિગત સહાય વધુ આપવામાં આવતી; જેમ કે, ગરીબોને ભોજન કપડાઓ, નિઃસહાય અને લાચાર વ્યક્તિઓને ઉપયોગી ચીજવસ્તુઓ, રોગીઓ, અપંગો, અશકતોને જરૂરી સારવાર-સુવિધાઓનુ, રસ્તે જનારને પાણી પીવા માટે પરબ અને મુસાફરો માટે આરામગૃહો ઊભા કરવામાં આવતા. આમાં દાન આપનાર અને દાન લેનાર બંનેનું કલ્યાણ થશે એવી ભાવના જોવા મળે છે. દાન આપનારને દાન લેનારના આશીર્વાદ

મળતાં, પુણ્ય મળતું અને પોતાને મોક્ષ મળશે એવું માનવામાં આવતું હતું. માનવ સંસ્કૃતિના ઈતિહાસનું અધ્યયન કર્તા ખ્યાલ આવે છે કે મદદ કરવાની ભાવના એ માનવીમાં પ્રાચીનકાળથી જોવા મળે છે.

આજે વ્યક્તિગત દાન સાથે સંગઠિત દાનનો ખ્યાલ પણ ઉદ્ભવેલો જોવા મળે છે. આજે સમસ્યાગ્રસ્ત અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે શિક્ષણ, આરોગ્ય, આશ્રમગૃહોની સેવાઓ શરૂ થઈ છે. વર્તમાન સમયમાં રોગીઓ, અપંગો, અશક્તોને હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્ર દ્વારા, નિઃસહાય લાચાર વ્યક્તિઓને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા, નિરાશ્રિત અનાથ બાળકો આશ્રમગૃહો દ્વારા, રક્ષણની જરૂરિયાતવાળી વ્યક્તિઓને સંરક્ષણ ગૃહો દ્વારા આવશ્યક સેવાઓ આપવામાં આવે છે. આજે ધાર્મિક ટ્રસ્ટો, મંદિરો, સંગઠનો દ્વારા ગરીબો, રોગીઓ, નિઃસહાય લોકોને નિઃશુલ્ક મદદ કરવામાં આવે છે. આ પ્રકારના કાર્યોને સમાજસેવાના કાર્યો છે. સામાન્ય રીતે સમાજસેવાના કાર્યો મોટેભાગે ટૂંકાગાળાની સહાયતાકાર્યો છે. તે જરૂરિયાતમંદ, સમસ્યાગ્રસ્ત, મુશ્કેલી કે સંકટમાં હોય તેવા વ્યક્તિ, જૂથ કે સમુદાયને સેવા પૂરી પાડવામાં આવે છે. આવી સેવા માનવતાવાદી અભિગમથી થાય છે. સમાજસેવામાં મદદ મોટેભાગે સીધી સહાય હોય છે. આવી મદદ કરનાર વ્યક્તિ સ્વૈચ્છિક અને સ્વયંસ્ફૂરણથી મદદ કરે છે. આવા સમાજસેવાના કાર્યો આજે પણ થતા જોવા મળે છે. આધુનિક યુગમાં ઔદ્યોગિક ક્રાંતિ અને ટૅકનૉલૉજીના વિસ્ફોટે સર્જેલી જટિલ સમસ્યાઓનું નિરાકરણ સમાજસેવાના કાર્યોથી શક્ય ન બન્યું ત્યારે ત્યારે આવી સમસ્યાઓના ઉકેલ માટે વૈજ્ઞાનિક પદ્ધતિની શોધ થઈ અને એમાંથી સમાજકાર્યનો ઉદ્દભવ થયો.

સમાજસેવા અને સમાજકાર્ય વચ્ચેનો ભેદ સમજવા નીચેની વ્યાખ્યાઓ સમજીએ,

"લાચાર વ્યક્તિ (Helpless) ને મદદ કરવીએ સમાજસેવા છે. જ્યારે લાચાર વ્યક્તિને પોતાની સહાયતા પોતે કરવામાં મદદ કરવી તે સમાજસેવા છે." **- મૂર્થી**

"સામાજિક સેવામાં સામાજિક સહાય, સામાજિક વીમો, જનસ્વાસ્થ્ય, શિક્ષણ, મનોરંજન, આવાસ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે." **- કૈસીટી**

"બધી સામાજિક સેવાઓ સમાજકાર્ય નથી, પરંતુ સ્માંજકાર્યનું પ્રત્યેક કાર્ય સામાજિક સેવા હોય છે. બંનેમાં ભેદ સમર્થ કરવાના તત્વ (Enabling Element) નો છે." **- મૂર્થી**

કૈસીટીની વ્યાખ્યામાં જણાવ્યા મુજબ આજે સમસ્યાગ્રસ્ત કે જરૂરિયાતમંદ વ્યક્તિ જૂથ કે સમુદાયને જે કંઈપણ સેવાઓ પૂરી પાડવામાં આવે છે તે સામાજિક સંસ્થાઓ કે સરકારી તંત્રો મારફત આપવામાં આવે છે, એટલે કે આજે સામાજિક સેવાઓ માટે સંગઠિત માળખાંઓ ઊભા કરવામાં આવ્યા છે, જે જરૂરિયાતને ઓળખીને સેવાઓ પૂરી પાડે છે.

"સેવા" શબ્દનો ઉપયોગ "સામાજિક" સાથે થાય છે ત્યારે તેનો હેતુ વ્યક્તિ, જૂથ અને સમુદાયના કલ્યાણને વધારવાનો હોય છે, પછી તે વ્યક્તિગત પ્રયત્ન હોય કે સામૂહિક પ્રયત્ન હોય.સામાજિક સેવાઓના કાર્યો વ્યક્તિઓ કે જૂથો દ્વારા સ્વયંસ્ફૂરણાથી કરવામાં આવે છે. આવા અનૌપચારિક અભિગમો ક્યારેક ખાસ હેતુપૂર્વકના સંગઠિત માળખાં બને છે. જે થોડી ઘણી રીતે કાયમી કાર્યો કરે છે. તેથી સમાજસેવાને માનવકલ્યાણને ઉત્તેજન આપનાર આયોજિત પરોપકારી પ્રવૃત્તિ તરીકે જોવામાં આવે છે, તેનો હેતુ એવા લોકોને મદદ કરવાનો છે જેઓ પોતાના વ્યક્તિગત કારણોસર કે અન્ય

પરિબળોને કારણે અશક્ત હોય છે. શરૂઆતમાં આવી સહાય વ્યક્તિગત ધોરણે થતી હતી. હવે આવી સેવાઓ સ્વૈચ્છિક સંસ્થા તેમજ સરકારી વિભાગો દ્વારા કરવામાં આવે છે.

## 1.4 સમાજકલ્યાણનો ખ્યાલ અને અર્થ

'સમાજકલ્યાણ' શબ્દનો અર્થ સમયાંતરે પરિવર્તન પામતો રહ્યો છે. પ્રાચીનકાળમાં સમાજકલ્યાણ શબ્દનો અર્થ સમાજના તમામ લોકોની સુખાકારી માટેના કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓના સંદર્ભમાં કરવામાં આવતો હતો. સમાજકલ્યાણને વ્યાપક અર્થમાં જોઈએ તો 'સમાજના વધારેમાં વધારે લોકોનું હિત,અભ્યુદય કે સુખાકારી' એવો અર્થ થાય છે. તેમાં સમાજના લોકોના શારીરિક, માનસિક, આર્થિક, સાંવેગિક અને આધ્યાત્મિક એમ સાર્વત્રિક ઉત્કર્ષ સમાયેલો છે. કેટલાંક પાશ્ચાત્ય સમાજશાસ્ત્રીઓએ સમાજકલ્યાણ એ જે વ્યાખ્યા કરી છે તે નીચે મુજબ છે.

- ફ્રિડલેન્ડર(Friedlander)ના જણાવ્યાનુસાર 'સમાજકલ્યાણ સામાજિક સેવાઓ અને સંસ્થાઓની એક સંગઠિત વ્યવસ્થા છે જે વ્યક્તિઓ અને જૂથોને એક સંતોષજનક જીવન ધોરણ અને સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં સહાયતા પૂરી પાડવા માટે ઊભી કરવામાં આવે છે. તેનો સંબંધ વૈયક્તિક અને સમાજિક સંબંધો સાથે છે જે વ્યક્તિઓની ક્ષમતાઓને પૂર્ણ રીતે વિકસિત કરવામાં અને સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ કરવામાં અને તેમના કલ્યાણને વધારવામાં સહાયભૂત થાય છે.'
- રોબર્ટ કેલ્સો (Robert Kelso) ના મતાનુસાર "સમાજકલ્યાણનો ઉદ્દેશ સમાજની પ્રત્યેક વ્યક્તિને અન્ય વ્યક્તિઓના જેટલા જ સમાન અધિકારો કોઈ પણ હસ્તક્ષેપ વગર પ્રાપ્ત કરવા, આર્થિક આવશ્યકતાનો ઉત્તમ સ્વાસ્થ્ય, જીવનનિર્વાહની યોગ્ય સ્થિતિ, અન્ય નાગરિકોની જેમ સમાન તક, ઉચ્ચ કક્ષાનું આત્મસન્માન અને કાર્ય તથા વિચારોની સ્વતંત્રતાને હાંસલ કરાવવાનો છે."
- ચૌધરી પોલ ડી (Chaudhary Paul D) સમાજકલ્યાણની વ્યાખ્યા આપતા જણાવે છે કે, "સમાજકલ્યાણ સમાજના એવા નબળા વર્ગોને સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે જેઓ અનેક પ્રકારની અડચણો તથા શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક કારણોસર સમાજ દ્વારા નિર્મિત સામાજિક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટેની ક્ષમતા ધરાવતા નથી અથવા જેમને પરંપરાગત ખ્યાલોને કારણે આ સેવાઓથી વંચિત રાખવામાં આવ્યા છે."
- વિલ્સન(Willson)ના મતે "સમાજકલ્યાણ એટલે બધી વ્યક્તિઓનું બધી વ્યક્તિઓનું બધી વ્યક્તિઓ માટે એક સંગઠિત ચિંતન છે."

ઉપરોક્ત સમાજશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓના આધારે તેના અર્થમાં કહી શકાય કે, સમાજકલ્યાણનો ઉદ્દેશ સમાજના વધારવા વધારે લોકોનું હિત અભ્યુદય અને સુખાકારી પૂરી પાડવાનો છે. આ ઉપરાંત સમાજના જરૂરિયાતમંદ, સમસ્યાગ્રસ્ત, ભેદભાવ અને દમનનો ભોગ બનવાથી પાછળ રહી ગયેલ વ્યક્તિ કે જૂથ કે સમુદાય તેમજ સમાજના નબળા અને પરંપરાગત રીતે અધિકારોથી વંચિત જૂથોને આવશ્યક એવો પૂરી પાડવાનો છે.

સામાન્ય રીતે સમાજના દરેક નાગરિકોને તેની જરૂરિયાતો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. તેમજ આ જરૂરિયાતો પૂરી પાડવાની જવાબદારી સમાજના તમામ નાગરિકો અને સરકારની છે. સમાજકલ્યાણમાં દરેક નાગરિકોને પોતાની આવશ્યકતા પ્રમાણેની સેવાઓ આપવામાં આવે છે; પરંતુ, નબળા અને પછાત વર્ગોના લોકોની પહોંચ ઓછી હોવાથી કે સમાજમાં દબાયેલા, કચડાયેલા, પીડિત હોવાથી આવશ્યક સેવા પ્રાપ્ત કરી શકતા નથી તેમજ પહોંચ ધરાવનારા લોકો વધુ સેવાઓ ભોગવે છે. ત્યારે સમાજના નબળા અને પછાત લોકો શોષણ, દમન, ભેદભાવ, અત્યાચારનો ભોગ બને છે, સેવાઓથી વંચિત બને છે આવા સમયે સમાજકલ્યાણ દ્વારા નબળા, પછાત, વંચિત વર્ગોની જરૂરિયાતો પૂરી પાડવી આવશ્યક બને છે, ભયમુક્ત વાતાવરણ ઊભું કરવું પડે આવશ્યક બને છે. કેટલીક વખત સામાજિક પરિસ્થિતિ જેવી કે, અમુક વર્ગ કે જૂથ વચ્ચેના ભેદભાવોને કારણે નબળા વર્ગો-જૂથોને સેવાઓ મેળવવી મુશ્કેલ બને છે ત્યારે સમાજકલ્યાણ દ્વારા નબળાવર્ગના લોકોને જરૂરી સેવાઓ પૂરી પાડવાનો પ્રયત્ન થાય છે.

માનવી બે પ્રકારની આવશ્યકતાઓ ધરાવે છે, એક સામાન્ય (પ્રાથમિક) જરૂરિયાતો, જેમ કે અન્ન, વસ્ત્ર અને આવાસ. જ્યારે બીજી વિશિષ્ટ જરૂરિયાતો જેમ કે શારીરિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને આધ્યાત્મિક. આ જરૂરિયાતો સમાજના તમામ લોકોને લાગું પડે છે. સમાજના અશક્ત વ્યક્તિઓ જેવાં કે બાળકો, વૃદ્ધો, અપંગો, રોગીઓ, બીમાર લોકોને વિશિષ્ટ જરૂરિયાતોની વધારે આવશ્યકતા ઊભી થાય છે. તેથી આવા લોકોને સમાજકલ્યાણ દ્વારા ટૂંકસમય અથવા તાત્કાલિક ધોરણે આપવી જરૂરી બને છે. દા.ત. રોગિષ્ટ કે બીમાર વ્યક્તિઓ મેડિકલ સારવારની જરૂરિયાત, અપંગ વ્યક્તિ, સામાજિક અને મનોવૈજ્ઞાનિક આ ઉપરાંત સમાજમાં કેટલાંક એવા વ્યક્તિઓ કે જૂથો છે જે શોષણ, દમન, અત્યાચાર, ભેદભાવનો ભોગ બનવાથી પછાત રહી ગયાં છે, તેમાં પણ વિશેષ જરૂરિયાતો ધરાવનાર છે. આમ સમાજકલ્યાણમાં સામાન્ય જરૂરિયાતો ધરાવનાર સમાજના તમામ નાગરિકો અને વિશેષ જરૂરિયાતો ધરાવનારા ખાસ જૂથો કે સમુદાયના કલ્યાણ વિચાર કરવામાં આવે છે.

ભારતના સંદર્ભમાં સરકાર દ્વારા પૂરી પડાતી સમાજકલ્યાણની સેવાઓ સમાજના નબળા અને પરંપરાગત રીતે અધિકારોથી વંચિત વર્ગો માટેની સેવાઓ તરીકે જોવામાં આવે છે. અહીં સમાજકલ્યાણ મર્યાદિત અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો છે. સમાજકલ્યાણ સેવાઓ બાળકો, મહિલાઓ,વૃદ્ધો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી વિમુક્ત જાતિ, ભિક્ષુકો, દેહવ્યાપાર કરનારાઓ, બાળગુનેગારો, માનસિક અને શારીરિક અપંગો, રોગીઓ, માનસિક રોગીઓ, નિરાધાર, અનાથ બાળકો, વિધવા મહિલાઓ, કુંવારી માતાઓ, અનૈતિક સ્થિતિમાં હોય તેવી મહિલાઓ, સામાજિક રીતે કુસમાયોજીત વ્યક્તિઓ, ગરીબ-બેરોજગાર લોકો, અધિકારોથી વંચિત લોકો વગેરેને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મદદ કરવામાં આવે છે. સમાજકલ્યાણ દ્વારા વ્યક્તિ, જૂથ કે સમુદાયની સ્થિતિમાં સુધાર કે ઉત્કર્ષ કરવામાં આવે છે, તેમજ તેમને સુખાકારી પ્રાપ્ત કરવામાં સહાય કરે છે.

## 1.5 સામાજિક સલામતી/સામાજિક સુરક્ષાનો ખ્યાલ અને અર્થ

સામાજિક સલામતી/સુરક્ષા શબ્દનો ઉદ્ભવ અમેરિકામાં થયો છે. ઇ.સ.1935માં અમેરિકામાં રુવેલ્ટના

વહીવટ દરમ્યાન સામાજિક સુરક્ષા અધિનિયમ પ્રસાર કરવામા આવ્યો. ત્યાર બાદ ધીમે ધીમે સમગ્ર વિશ્વમા સામાજિક વીમાનું પ્રચલન થયું. વિભિન્ન દેશોમાં સામાજિક સુરક્ષા શબ્દનો અર્થ અલગ-અલગ સ્વરૂપે કરવામાં આવે છે. વાસ્તવમાં પ્રત્યેક દેશની પરિસ્થિતિઓ અને ત્યાંની સામાજિક સુરક્ષા યોજનાઓને અનુરૂપ સામાજિક સુરક્ષા શબ્દનો અર્થ કરવામાં આવે છે. વાસ્તવમાં પ્રત્યેક દેશની પરિસ્થિતિમાં અને ત્યાંની સામાજિક સુરક્ષા યોજનાઓને અનુરૂપ સામાજિક સુરક્ષા શબ્દનો અર્થ કરવામાં આવે છે.

સામાજિક સુરક્ષાનો પાયાનો ખ્યાલ એ છે કે, સમગ્ર સમાજ તેના તમામ સભ્યોની કાળજી લે, સંભાળ રાખે અને સલામતી જાળવે. ભારત જેવા વિકસતા દેશમાં સામાજિક સલામતી પૂરી પાડવા માટેની રાજ્યની જવાબદારી વધી જાય છે. વિકસિત દેશોમાં પણ સામાજિક સુરક્ષાની વ્યવસ્થા વધુને વધુ પ્રમાણમાં સંગઠિત ક્ષેત્રના લોકો પૂરતી મજબૂત રહી છે અને અસંગઠિત ક્ષેત્રના લોકો મહદઅંશે આ લાભોથી વંચિત રહ્યાં છે, અથવા તો તેમને જેટલો લાભ મળવો જોઇએ તેટલો મળતો નથી.

સામાજિક સુરક્ષાનો સામાન્ય અર્થ લોકોનું જીવનધોરણ ટકાવવું, તેનું રક્ષણ કરવું અને તેને ઊંચુ લાવવુ એવો થાય છે. સમાજમાં અનેક એવી વ્યક્તિઓ તથા જૂથો છે તેઓ અસહાય સ્થિતિમાં છે. તેઓ તેમની સામે આવતી મુસિબતો, આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા શક્તિમાન હોતા નથી, અને તેથી તેમને પોતાનું જીવન જીવવામાં અનેક અવરોધો ઊભા થાય છે જીવન ભાંગી પડે છે. આવા લોકોમાં રોગીઓ, અપંગો, વૃદ્ધો, બાળમજૂરો, રોજમદારો, ઘરેલું કામદારો, નાના વેપારીઓ, ફેરીયાઓ, નાના અને સીમાંત ખેડૂતો, ખેત મજૂરો, ગ્રામીણ કારીગરો, નાના નાના સાહસિકો, બેરોજગારો, અન્ય કારીગરો વગેરેનો સમાવેશ થાય છે. આવા અસહાય લોકો ઘણીવાર કાયમીપણું અસહાયતા ભોગવતા હોય છે. ઘણીવાર એમ પણ બને છે કે આકસ્મિક અસહાયતા કામયી અસહાયતામાં પણ પરિણમે છે. આવી વ્યક્તિગત અસહાયતા નિવારવી એ સામાજિક સુરક્ષાનું એક કાર્ય છે. આવા વિભિન્ન કાર્યોમાંથી સામાજિક સુરક્ષાનું એક કાર્ય છે. આવા વિભિન્ન કાર્યોમાંથી સામાજિક સુરક્ષા સંબંધિત વિવિધ યોજના અને કાર્યક્રમો તૈયાર કરવામાં આવી છે અને અસહાય વ્યક્તિ, જૂથોને આવશ્યકતા મુજબ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

કેટલાંક સમાજશાસ્ત્રીઓએ સામાજિક સુરક્ષા/સલામતીની વ્યાખ્યા આપી છે જે નીચે મુજબ છે.

- મોરીસ સ્ટૈકના મતાનુસાર, ‘‘સામાજિક સુરક્ષા એટલે આધુનિક જીવનની આકસ્મિકતા જેવી કે બીમારી, બેરોજગારી, વૃદ્ધાવસ્થા, ઔદ્યોગિક અકસ્માત, અસમર્થતા વગેરે સામે સમાજ દ્વારા આયોજિત રક્ષણાત્મક કાર્યક્રમો. આવી આકસ્મિકતાથી બચવા વ્યક્તિ પોતે કે કુટુંબ રક્ષણ કરવાની ક્ષમતા ધરાવતાં નથી.’’
- આર.કે. સુબ્રમણ્યમના મતે ,‘‘સામાજિક સલામતી સમગ્ર સમુદાય દ્વારા તેના સભ્યોને આપવામાં આવતી, તેમના જીવનધોરણના નિભાવની અથવા રાષ્ટ્રીય એકતા ઉપર આધારિત આવકની પુનઃવહેંચણીના સાધનો દ્વારા ઓછામાં ઓછા સહજીવનની સ્થિતિની બાંયધરી છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક સલામતીના ખ્યાલને વ્યાપક સંદર્ભમાં એ રીતે સમજવો જોઇએ કે તે

સમાજ દ્વારા વ્યક્તિને પૂરો પાડવામાં આવતો ટેકો છે કે જેનાથી તે વાજબી જીવનધોરણ અને કોઇ પણ આકસ્મિક સંજોગોમાં રક્ષણ પ્રાપ્ત કરી શકે છે.''

- આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠ (International Labor Union) નાં જણાવ્યાનુસાર, ''સમાજના સભ્યોની સામે ઊભા થતા કેટલાંક જોખમોની સામે, યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરીને સમાજ જે સલામતી પૂરી પાડે છે તેને સામાજિક સલામતી કહે છે. આ જોખમો મૂળભૂત રીતે એવે આકસ્મિક ઘટનાઓ છે જેની સામે ટાંચાં સાધનોવાળી વ્યક્તિ પોતે કે તેનાં સગાં-સાથીઓ મળીને પોતાની આવડત કે દૂરદર્શીતાથી રક્ષણ મેળવી શકતા નથી.''
- સમાજકાર્યના વિશ્વકોષમાં જણાવ્યાનુસાર, ''સામાજિક સુરક્ષા સંપૂર્ણ સમાજનો એવો પ્રયાસ છે કે જેમાં તે(સમાજ) શક્ય બની શકે ત્યાં સુધી કોઇ વ્યક્તિની બીમારી અથવા અકસ્માતના કારણે શારીરિક મુશ્કેલીના સમયે તથા કમાનાર સભ્યની બીમારી, અસમતા, પ્રસૂતિ, બેરોજગારી, વૃદ્ધાવસ્થા કે મૃત્યુના કારણે તેની આવકમાં ઘટાડાથી ઉદ્ભવેલ આર્થિક મુશ્કેલી સમયે સહાય કરે છે.''

ઉપરોક્ત વ્યાખ્યાઓ સામાજિક સુરક્ષાનાં રક્ષણાત્મક અને પ્રોત્સાહક પાસાંઓને ઉજાગર કરે છે. તેમાં ઘટતા જતા જીવનધોરણ સામે રક્ષણ મેળવવાની સાથે સાથે સામાન્ય જીવનની સ્થિતિના નિભાવનો પણ સમાવેશ થાય છે. સામાજિક સુરક્ષાનો અર્થ સમાજના લોકોને કોઇ અકસ્માત, બીમારી, વૃદ્ધાવસ્થા, મૃત્યુ વગેરે સમયે સલામતી પૂરી પાડવામાં આવે છે.

સામાજિક સુરક્ષાનું કાર્ય સામાજિક વીમા, લોકસહાયતા, સ્વાસ્થય અને સમાજકલ્યાણ સેવાઓ પૂરી પાડવાનું છે. ભારતમાં તેના માટે કેટલાંક કાયદાઓ બનેલા છે. જેમ કે વર્કમેન્સ કોમ્પનસેસન એક્ટ-1923, મેટરનિટી બેનિફિટ એક્ટ-1971, ધી એમ્પ્લોયીઝ સ્ટેટ ઇનસ્યોરન્સ એક્ટ-1948, એમ્પ્લોયીઝ પ્રોવિડંન્ડ ફંડ એક્ટ-1952, એમ્પ્લોયીઝ ફેમિલી પેન્શન એક્ટ-1991. આ કાયદાઓમાં જે-તે સમયે પરિસ્થિતિ અનુસાર સુધારાઓ કરવામાં આવ્યા છે તેમજ આવશ્યક સામાજિક સલામતી માટે જોગવાઈઓ ઉમેરવામાં આવે છે.

સામાજિક સુરક્ષાના લાભો અને સેવાઓ મુખ્ય ત્રણ અભિગમો દ્વારા પૂરો પાડવામાં આવે છે; જેમ કે, સામાજિક વીમો, સામાજિક સહાય અને લોકસહાય. સામાજિક સલામતી અકસ્માત, મૃત્યુ, માંદગી, વૃદ્ધાવસ્થા, સુવાવડ કે બેકારી જેવાં કારણોસર વ્યક્તિએ જે આવકો ગુમાવી હોય છે તેની સામે કેટલુંક વળતર રોકડ સ્વરૂપ ચૂકવવામાં આવે છે તથા તેમાં કેટલાંક નિયમિત રોકડ ભથ્થાં પણ હોય છે જે બાળકો અને કુટુંબોને આપવામાં આવે છે. અસહાય કુટુંબને સહાય આપીને સામાજિક સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે.

આમ,સામાજિક સુરક્ષા દ્વારા વ્યક્તિ અને તેના કુટુંબ શારીરિક, માનસિક અને આર્થિક જોખમો સામે સલામતી પૂરી પાડે છે તેમજ વિશિષ્ટ સરકારી કાર્યક્રમો, યોજનાઓ અને કાયદાઓ દ્વારા વ્યક્તિ-કુટુંબને આધારભૂત સાધનો સુનિશ્ચિત કરે છે. મુશ્કેલીઓ, અભાવોને રોકે છે અને આકસ્મિક ઘટનામાં સામાજિક વીમા કવચ પૂરું પાડે છે.

## 1.6 સામાજિક સંચાલન/વહીવટનો ખ્યાલ અને અર્થ

‘Administration’ શબ્દ લેટિન ભાષાના ‘એડમિનિસ્ટ્રેટ’માંથી લેવામાં આવ્યો છે જે બે શબ્દોનો બનેલો છે, ‘એડ’ તથા ‘મિનિસ્ટ્રેટ’. આ બંને શબ્દોને જોડવામાં આવે અને તેનો અર્થ કરવામાં આવે તો વહીવટ એટલે લોકો દ્વારા કરવામાં આવનાર કાર્યોના સંકલનની કાળજી રાખવી. વહીવટ એક સંગઠનના પૂર્વ નિર્ધારિત લક્ષ્યો તથા ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવા માટે નિર્દેશન, સંકલન તથા નિયંત્રણની પ્રક્રિયા છે. માયોના વિચાર મુજબ વહીવટના કાર્યોને સુનિશ્ચિત કરવા તથા સ્પષ્ટ કરવા માટે, નીતિઓ અને કાર્યપદ્ધતિઓને નિર્ધારિત કરવી, શક્તિઓનું પ્રતિનિધિત્વ કરવું, ભરતી(નિમણૂંક), નિર્દેશન તથા પ્રશિક્ષણની વ્યવસ્થા કરવી, બધા ઉપલબ્ધ સંશાધનોને સંગઠિત કરવા તથા તેને કાર્યમાં લાવવાની એક પ્રક્રિયા છે, કેમ કે સંગઠનના સભ્યોને પ્રભાવપૂર્ણથી પ્રાપ્ત કરી શકાય.

સામાજિક વહીવટનો સામાન્ય અર્થ એવો થાય છે કે, ‘‘સામાજિક વહીવટને વ્યાપક રૂપમાં એવી સામાજિક સેવાઓના અભ્યાસના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે સામાજિક વહીવટનો ઉદ્દેશ કુટુંબ અથવા સમુહના સંબંધોમાં વ્યક્તિના જીવનની સ્થિતિ સુધારવાનો છે.’’

રાજ્ય દ્વારા નિયંત્રિત તથા સંચાલિત સેવાઓના સંચાલનને જનસંચાલન કહેવામાં આવે છે, જ્યારે સમાજ સેવાઓ સંબંધિત વહીવટને સામાજિક સંચાલન તરીકે ઓળખવામાં આવે છે. આ સમાજ સેવાઓ સરકાર દ્વારા અથવા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. સમાજકલ્યાણ વહીવટ સામાજિક વહીવટનો એક ભાગ છે. સામાજિક વહીવટ અંતર્ગત સામાજિક તથા સામુદાયિક સેવાઓ જેવી કે આરોગ્ય, આવાસ, શિક્ષણ, મનોરંજન વગેરેનું સંચાલન અને નિયંત્રણ આપે છે,જે કોઇ ભેદભાવ કર્યા વગર સામાન્ય લોકોને પ્રદાન કરવામાં આવે છે. સમાજકલ્યાણ અથવા લોકકલ્યાણ વહીવટનો અભિપ્રાય તે સેવાઓના નિયંત્રણ સાથે છે જે પીડિતો, ગરીબો, આશ્રિતો, પછાતવર્ગો, અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ, રોગીઓ વગેરે પ્રદાન કરવામાં આવે છે.

## 1.7 ઉપસંહાર

સમાજકલ્યાણ વહીવટ એ લોક વહીવટની એક શાખા છે. સામાજિક કલ્યાણના કાર્યો કરવા માટે લોક વહીવટે સમાજકલ્યાણ વહીવટની શાખા ઊભી કરી છે. સમાજના જરૂરિયાત મંદ અને સમસ્યાગ્રસ્ત વ્યક્તિ, જૂથ, સમુદાયને સમાજકલ્યાણ વહીવટ દ્વારા સેવાઓ આપવામાં આવે છે. આ સેવાઓ સમાજસેવા, સમાજકલ્યાણ, સામાજિક સલામતી સ્વરૂપની હોઇ શકે છે. સમાજકલ્યાણ વહીવટને અસરકારક બનાવવા માટે કાર્યકર્તાએ તેની વિશેષતાઓ, સિદ્ધાંતો, કાર્યો, ક્ષેત્રો, કુશળતાઓ વગેરે સમજવી આવશ્યક છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. લોકો પ્રશાશનની એક નવી શાખા કંઇ છે.

   (A) સમાજ કલ્યાણ (B) સામાજીક વિજ્ઞાન

   (C) સમાજ કલ્યાણ વહાવટ (D) સમાજ સેવા

2. "સમાજ કલ્યાણ વહીવટ સામાજિક, નિતીઓને સમાજસેવાઓમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે" આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) જોન કીડનાઇ (B) ડનહમ

(C) રાજા રામ શાસ્ત્રી (D) એક પણ નહી.

3. લાચાર વ્યક્તિને સહાય કે મદદ કરવી તેને શું કહેવાય ?

(A) સમાજ સેવા (B) સમાજકાર્ય

(C) સમાજ કલ્યાણ (D) સમાજ સુરક્ષા

4. આધુનિક જીવનની આકસ્મિકતા સામે સમાજ દ્વારા આયોજીત રક્ષણાત્મક કાર્યક્રમોને શું કહે છે?

(A) સમાજ સેવા (B) સમાજ કાર્ય

(C) સમાજ સુરક્ષા (D) સમાજ કલ્યાણ

5. એડમિનિસ્ટ્રેશન શબ્દ કંઇ ભાષામાંથી આવ્યો છે ?

(A) ગ્રીક (B) લેટીન

(C) સંસ્કૃત (D) અંગ્રેજી

6. વર્કમેન કોમ્પનસેશન એકટ કંઇ સાલમાં અમલમાં આવ્યો ?

(A) 1925 (B) 1956

(C) 1921 (D) 1926

7. એમ્પ્લોયીઝ પ્રોવિડંન્ડ ફંડ એકટ કંઇ સાલમાં અમલમાં આવ્યો ?

(A) 1950 (B) 1956

(C) 1952 (D) 1954

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) સમાજ કલ્યાણ વહીવટ
2. (A) જોન કિડનાઇ
3. (A) સમાજ સેવા
4. (C) સમાજ સુરક્ષા
5. (B) લેટીન
6. (B) 1923
7. (C) 1952

## 1.10 ચાવીરૂપ શબ્દો

- સમાજ કલ્યાણ - જરૂરીયાત મંદ સેવાર્થીને મદદ કરી સમાજને ઉત્કર્ષ તરફ લઇ જવાની પ્રક્રિયા
- વહીનટ - એડમાનીસ્ટેશન, કાર્યોના સંકલનની કાળજી

- સમાજ સેવા - લાચાર વ્યક્તિને મદદ કરવી.

## 1.11 સ્વાધ્યાય લેખન

**(1) સમાજ સેવા અને સમાજ કાર્ય વચ્ચેનો ભેદ સમજાવો ?**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**(2) સમાજ કલ્યાણનો અર્થ સમજાવો ?**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**(3) સામાજિક સલામતી એટલે શું ?**

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

**(4) સામાજિક વહીવટનો અર્થ સમજાવો ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 1.12 પ્રવૃતિ

1. સમાજ કલ્યાણ કચેરીની મુલાકાત લઇને તેમા ચાલતી સરકારી યોજનાઓની વિગતો એકઠી કરીને જગૃતતા ફેલાવવી.
2. જીલ્લા સામજ સુરક્ષા કચેરીની મુલાકાત સાધવી લાભાર્થી સુધી તેની યોજનાઓ પગોચડાવી.

## 1.13 કેસ સ્ટડી

1. સમાજ સેવા અને સમાજ કાર્યનો તફાવત પાંચ સમાજીક કાર્યકરના કાર્યોને ધ્યાનમાં લઇ જણાવો.
2. સમાજ કલ્યાણ કચેરીની યોજનાઓ સાથે કોઇ પણ ત્રણ કેસ સ્ટડી લખો.

## 1.14 સંદર્ભગ્રંથ


(1) ચાવડા ગીતા, (2010)- ''વ્યાવસાયિક સમાજકાર્ય'', લોક પ્રકાશન, રતનપુર- બનાસકાંઠા

(2) પટેલ આનંદી, (2009)- ''વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો'', વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન,અમદાવાદ.

(3) **तेज, संगीता, (२००६), “समाजकार्य”, संगीता तेज निर्देशक जुबली, एच फाउन्डेशन, लखनौ**

(4) **सुदन कृपालसिंह, (२००८), “समाजकार्य सिद्धांत एवं अभ्यास”, रीया बुक डीपो, लखनौ**

(5) **सिंह सुरेन्द्र और मिश्र पी.डी. (२०१०), “समाजकार्य इतिहास” दर्शन एवं प्रणालिका, न्यु रोयल बुक कंपनी, लखनौ**

# એકમ–2 સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિનો પરિચય

## : એકમનું માળખું :

2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 સમાજકલ્યાણ વહીવટની વ્યાખ્યાઓ

2.3 સમાજકલ્યાણ વહીવટની લાક્ષણિકતાઓ અને વિશેષતાઓ

2.4 સમાજકલ્યાણ વહીવટના સિદ્ધાંતો

2.5 સમાજકલ્યાણ વહીવટના મૂળતત્ત્વો/કાર્યો/પાસાંઓ

2.6 સમાજકલ્યાણ વહીવટકર્તાની કુશળતાઓ

2.7 સમાજકલ્યાણ વહીવટના ક્ષેત્રો

2.8 ઉપસંહાર

2.9 તમારી પ્રગતિ ચકાસો

2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.11 ચાવી રૂપ શબ્દો

2.12 સ્વાધ્યાય લેખન

2.13 પ્રવૃતિ

2.14 કેસ સ્ટડી

2.15 સંદર્ભગ્રંથ

## 2.0 એકમના હેતુઓ

આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓ

(1) સમાજકલ્યાણ વહીવટ પદ્ધતિની જાણકારી મળશે.

(2) સમાજકલ્યાણ વહીવટની વિશેષતાઓ, સિદ્ધાંતો, કાર્યો અને ક્ષેત્રોની ઊંડાણપૂર્વકની સમજ મળશે.

(3) સમાજકલ્યાણ વહીવટકર્તાની કુશળતાની જાણકારી મળશે.

## 2.1 પ્રસ્તાવના

સમાજકલ્યાણ વહીવટ એ વ્યાવસાયિક સમાજકાર્યની એક પદ્ધતિ છે અને લોક વહીવટની એક શાખા છે. સમાજકલ્યાણ વહીવટમાં સમસ્યાગ્રસ્ત કે જરૂરિયાતમંદ સેવાર્થીઓને સહાય કરવામાં આવે છે

જેમ કે, અનાથ બાળક, વિધવા મહિલા, ભિક્ષુક વ્યક્તિ, વૃદ્ધ, અનુસૂચિતજાતિ, જનજાતિ અને પછાતવર્ગોને આવશ્યકતા મુજબ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સમાજકલ્યાણ વહીવટ દ્વારા સેવાર્થીઓનું પુનઃસ્થાપન કરવામાં આવે છે. સમાજકલ્યાણ વહીવટમાં સામાજિક સેવા, સામાજિક કલ્યાણ, સામાજિક સુરક્ષા-સલામતી, સામાજિક રક્ષા વગેરે ક્ષેત્રોનો સમાવેશ થાય છે. સમાજકલ્યાણ વહીવટ એ સેવાર્થીઓને માળખાગત સેવાઓ આપે છે અને સમસ્યા કે જરૂરિયાતોને ઓળખીને તેના નિવારણ માટેના પ્રયત્નો કરે છે.

## 2.2 સમાજકલ્યાણ વહીવટની વ્યાખ્યાઓ

સમાજકાર્ય મુખ્યરૂપેથી સામાજિક સંસ્થાઓ અથવા વિભાગો કે સંબંધિત સંગઠનો જેવા કે હોસ્પિટલ, ન્યાયાલય, શાળા-કોલેજો, સંરક્ષણગૃહ, સુધારણા સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે. સામાજિક સંસ્થાઓમાં કાર્ય કરવા માટે કાર્યકર્તાઓમાં સમાજકલ્યાણ વહીવટનું જ્ઞાન હોવું આવશ્યક છે. સમાજકલ્યાણ વહીવટ સરકારી સંસ્થાઓમાં સામાજિક નીતિનિયમોને કાર્યાન્વિત કરે છે. તેનો અર્થ એવી પ્રક્રિયા સાધે છે જેના દ્વારા સમાજકલ્યાણ ક્ષેત્રની સાર્વજનિક તથા સ્થાનિક સંસ્થાઓનું સંગઠન તેમજ વહીવટ કરવામાં આવે છે. આ અંતર્ગત તે બધી ક્રિયાઓ આવે છે જે કોઇ સંસ્થાના કાર્યક્રમને વ્યાવસાયિકરૂપ આપવામાં મદદ કરે છે. સમાજકલ્યાણનું વ્યાવહારિકરૂપ સામાન્ય પ્રશાસનની જેમ સમાન જ છે, પરંતુ આમાં માનવ સમસ્યાઓનું સમાધાન તથા માનવ આવશ્યકતાઓના સંતોષ માટે કાર્ય કરે છે. અર્થાત્ વહીવટને માટે વિશેષ જ્ઞાનની આવશ્યકતાઓ રહે છે. તેના માટે સમાજકાર્ય પદ્ધતિ, સામાજિક નિદાનની રીત, સમૂહ તથા વ્યક્તિની જરૂરિયાતો અને તેના સંસ્થા સાથે સંબંધો વગેરે જ્ઞાન માટે આવશ્યક છે.

**વ્યાખ્યાઓ**

- ડનહમ(1949)ના જણાવ્યા મુજબ "સમાજકલ્યાણ વહીવટને એવી ક્રિયા-પ્રક્રિયાઓમાં સહાયતા પ્રદાન કરવા તથા આગળ વધારવા માટે યોગદાન આપવા માટે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે જે કોઇ સામાજિક સંસ્થા દ્વારા પ્રત્યક્ષ સેવા કરવા માટે અનિવાર્ય છે."
- સંચર્ડ ટિટમસ, જોન કિડનાઇ(1957) વગેરે વિદ્વાનોના મતાનુસાર "સમાજકલ્યાણ વહીવટ સામાજિક નીતિઓને સમાજસેવાઓમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે."
- રાજારામ શાસ્ત્રી(1970) ના મતે "સામાજિક અધિકરણ તથા સરકારી કલ્યાણ કાર્યક્રમો સંબંધિત વહીવટને સમાજકલ્યાણ વહીવટ કહેવામાં આવે છે. અર્થાત્ તેની પદ્ધતિઓ, પ્રવિધિઓ, ક્રિયા-પ્રક્રિયા વગેરે પણ લોકપ્રશાસન અથવા વ્યાપાર પ્રશાસનની જેમ સમાન હોય છે; પરંતુ, તેમા પાયાનો તફાવત એ છે કે આમાં બધા સ્તરો ઉપર માન્યતાઓ અને લોકતંત્રનું વધુને વધુ ધ્યાન રાખીને એવી વ્યક્તિઓ અથવા સાથે સંબંધિત વહીવટ કરવામાં આવે છે કે જે અવરોધક હોય છે."

આમ, સમાજકલ્યાણ વહીવટમાં સામાજિક સંસ્થાઓ અને વિભાગો દ્વારા સેવાર્થીઓને કલ્યાણ કાર્યક્રમો દ્વારા સેવા પૂરી પાડે છે અને આ સેવા સેવાર્થીને પ્રત્યક્ષ રીતે આપવામાં આવે છે.

## 2.3 સમાજકલ્યાણ વહીવટની લાક્ષણિકતાઓ અને વિશેષતાઓ

સમાજકલ્યાણ વહીવટ વિજ્ઞાન અને કલા બંને છે. વિજ્ઞાનના રૂપમાં સમાજકલ્યાણ વહીવટમાં ક્રમબદ્ધ જ્ઞાન હોય છે. જેનો પ્રયોગ સેવાઓને વધુ અસરકારક બનાવે છે. વિજ્ઞાનના રૂપમાં સમાજકલ્યાણ વહીવટના મુખ્ય તત્ત્વો આ પ્રમાણે છે. જેમ કે , આયોજન, સંગઠન, કર્મચારીઓની ભરતી, દોરવણી, સંકલન, અહેવાલલેખન, બજેટ અને મૂલ્યાંકન છે. જ્યારે કલાના રૂમમાં સમાજકલ્યાણ વહીવટના રૂપમાં અનેક નિપુણતાઓ કે પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે ઉપર્યુક્ત સેવાઓનો ફાળો આપવો શક્ય બને છે.

**સમાજકલ્યાણ વહીવટની વિશેષતાઓ**

સમાજકલ્યાણ વહીવટની વિશેષતાઓનીચે મુજબ છે.

(1) વહીવટીય કાર્યો પૂર્ણ કરવા માટે કરવામાં આવતી એક પ્રક્રિયા છે. સમાજકલ્યાણ વહીવટમાં આરોગ્ય, શિક્ષણ, આવાસ, સ્વચ્છતા, ચિકિત્સા, સંદેશા વ્યવહાર વગેરે સેવાઓને અસરકારક બનાવવામાં આવે છે.

(2) સમાજકલ્યાણ વહીવટનુ માળખામાં ઉચ્ચ-નિમ્નવાળી સ્તરીકરણની વ્યવસ્થા જોવા મળે છે. કર્મચારીઓની સ્થિતિ અનુસાર તેનું કાર્ય અને શક્તિઓ નિર્ધારિત થાય છે.

(3) નેતૃત્વ, નિર્ણય લેવાની ક્ષમતા, શક્તિ, સંચાર વગેરે વહીવટીય પ્રક્રિયાના મુખ્ય અંગો છે.

**સમાજકલ્યાણ વહીવટની મૂળ ક્રિયાઓ**

સમાજકલ્યાણ વહીવટની મૂળ ક્રિયાઓ નીચે મુજબ છે.

(1) રાજ્યના સામાજિક લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે એવી નીતિ નિર્ધારણ કરવી જેનાથી સંગઠનમાં કાર્યરત લોકશક્તિ એકીકૃત રૂપથી કાર્ય કરી શકે.

(2) સેવાઓની અસરકારક જોગવાઇઓ માટે સંગઠનાત્મક માળખાંની રૂપરેખા તૈયાર કરવી.

(3) સંશાધનો, કર્મચારીગણો અને આવશ્યક પ્રવિધિઓની વ્યવસ્થા કરવી.

(4) આવશ્યક જ્ઞાન અને કુશળતાયુક્ત માનવ સંશાધનની વ્યવસ્થા કરવી.

(5) એવી ક્રિયા-પ્રક્રિયા તથા પદ્ધતિઓને સંકલિત કરવી જેનાથી વધુ સંતોષકારક રીતે લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય.

(6) વાતાવરણ એવું તૈયાર કરવું જેનાથી કર્મચારીઓ વચ્ચે સંબંધો સારા રહે તથા નજીકતા વધે તેમજ કર્મચારી કાર્ય કરવા પ્રક્રિયા દરમ્યાન આનંદ અનુભવે.

(7) કરવામાં આવેલા કાર્યોનું સતત મૂલ્યાંકન કરવું જોઇએ.

## 2.4 સમાજકલ્યાણ વહીવટના સિદ્ધાંતો

સમાજકલ્યાણ વહીવટમાં નીચેના સિદ્ધાંતો મહત્ત્વપૂર્ણ છે.

(1) કાર્યશીલતાનો સિદ્ધાંત

(2) સંકલનનો સિદ્ધાંત

(3) પ્રગતિશીલ સામંજસ્યનો સિદ્ધાંત

(4) સામાજિક નીતિને વ્યવહારમાં લાવવાનો સિદ્ધાંત

(5) સામાજિક નીતિને કલ્યાણ નીતિમાં પરિવર્તિત કરવાનો સિદ્ધાંત

(6) સ્થાનિક સમસ્યાઓમાં અનુકૂલનનો સિદ્ધાંત

(7) સંબંધ સ્થાપનનો સિદ્ધાંત

(8) લોકતાંત્રિક વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત

(9) સમ્પ્રેષણ(આદાન-પ્રદાન)નો સિદ્ધાંત

(10) સંવેદનશીલતાનો સિદ્ધાંત

ઉપરોક્ત સમાજકલ્યાણના સિદ્ધાંતોને સવિસ્તારપૂર્વક સમજીએ.

### (1) કાર્યશીલતાનો સિદ્ધાંત

સૈદ્ધાંતિક રૂપમાં દરેક પ્રકારના કાર્યો લોકોના હિત માટે તથા લોકોને સર્વોપરી માનીને બનાવવામાં આવે છે; પરંતુ, વ્યાવસાયિકરૂપમાં સેવાઓની પ્રકૃત્તિ ખૂબ જ જટિલ છે, આજે સંચાલક કોઈ પણ સ્તરનો હોય તે અધિકારી બની ગયો છે, લોકો સેવાક બની ગયા છે. તેનાથી સમાજકલ્યાણ વહીવટના માર્ગમાં વિભિન્ન અવરોધો, મુશ્કેલીઓ ઊભી થાય છે. સમાજકલ્યાણના ક્ષેત્રમાં તો તે અત્યંત જરૂરી છે કે સેવાઓનું સંચાલન એવી રીતે કરવામાં આવે છે કે તે સીધું સેવાર્થી ઓને પ્રાપ્ત થઇ શકે, વાસ્તવમાં સમાજકલ્યાણ કાર્યકર્તાઓ પ્રજાના સેવક છે. તેમણે પ્રજાની મુશ્કેલીઓ, અવરોધો અને જરૂરિયાતો પૂરી પાડવા માટે કાર્યશીલ બનવાનું છે. કાર્યક્રમોને ગતિશીલ બનાવવાના છે અને પ્રજાને સેવાઓ આપવાની છે.

### (2) સંકલનનો સિદ્ધાંત

આધુનિક યુગમાં વિશિષ્ટતાઓને કારણે કલ્યાણના ક્ષેત્રની અલગ-અલગ સેવાઓ વિભિન્ન સંસ્થાઓના માધ્યમથી પ્રદાન કરવામાં આવે છે. તેમાં પરસ્પર જોડાણ ન હોવાથી પર્યાપ્ત લાભ સેવાર્થીને મળી શકતો નથી. અંતમાં, તે આવશ્યક ગણવામાં આવે છે કે એક જ સંસ્થાના માધ્યમથી તમામ પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તો વહીવટનું કાર્ય વધુ અસરકારક બની શકે. સંસ્થા અથવા વિભાગ દ્વારા કલ્યાણ સેવાઓ આપવામાં આવે છે. ત્યારે સંસ્થા કે વિભાગની શાખાઓ વચ્ચે સંકલન હોવું જરૂરી છે એટલે કલ્યાણ સેવાઓનો લાભ એકના એક

સેવાર્થી વારંવાર ન મળે અને જરૂરિયાતમંદ સેવાર્થી બાકી ન રહી જાય. આથી, સંસ્થાઓ અને વિભાગોની શાખાઓ વચ્ચે સંકલન હોવું આવશ્યક છે.

**(3) પ્રગતિશીલ સામંજસ્યનો સિદ્ધાંત**

સેવાઓને હંમેશા સેવાર્થીઓની જરૂરિયાત અનુસાર પરિવર્તિત કરવાની આવશ્યકતા હોય છે. વહીવટકર્તાની એ જવાબદારી હોય છે કે, આ સેવાઓમાં સતત નવીનીકરણ, પરિવર્તનશીલતા લાવવાનો પ્રયાસ કરે. સંસ્થા દ્વારા સતત અનેકવિધ સેવાઓ આપવામાં આવે છે. સેવાર્થીઓની જરૂરિયાત બદલાય ત્યારે સંસ્થાનો વહીવટકર્તાએ આ બાબત ધ્યાનમાં રાખીને સેવાર્થીને આપવાઓની સેવાઓમાં પણ પરિવર્તન, નવીનતા લાવવાની છે. સંસ્થાએ સેવાર્થી સાથે પ્રગતિશીલ સામંજસ્ય સ્થાપિત કરવાનું છે.

**(4) સામાજિક નીતિને વ્યવહારમાં લાવવાનો સિદ્ધાંત**

નીતિનું નિર્ધારણ લક્ષ્યોને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ દ્વારા કરવામાં આવે છે. સૌ પ્રથમ તેની પ્રાથમિકતા નક્કી કરવામાં આવે છે. વ્યવહારમાં એવું જોવા મળે છે કે, સામાજિક નીતિ અનુસાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવતુ નથી, તેનાથી નિર્ધારિત વાસ્તવિક લક્ષ્યો પ્રાપ્ત થઇ શકતા નથી. સમાજકલ્યાણ વહીવટનું કાર્ય છે કે તે સામાજિક નીતિ સુવ્યવસ્થિત રીતે અમલીકરણ કરવાનો પ્રયાસ કરે. અર્થાત્ લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે સામાજિક નીતિને અનુરૂપ જે કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે તેને વ્યવહારમાં લાવે અને સેવાર્થીને તેનો લાભ આપવાનું કાર્ય સંસ્થાએ અથવા વહીવટકર્તાએ કરવાનું છે.

**(5) સામાજિકનીતિને કલ્યાણ નીતિમાં પરિવર્તિત કરવાનો સિદ્ધાંત**

સમાજકલ્યાણ વહીવટે નબળા, અશક્ત, બાળકો, મહિલાઓ, વૃદ્ધો, પછાત વર્ગો વગેરેના હિત સર્વોપરિ જવાબદારી પોતાના માથે છે. તેણે સામાજિક પછાત વર્ગો અને નિઃસહાય વ્યક્તિ જૂથનું કલ્યાણ થઇ શકે એટલે કે વહીવટકર્તાએ સામાજિક નીતિ કલ્યાણ કાર્યક્રમો, યોજનાઓ દ્વારા તેને કલ્યાણનીતિમાં પરિવર્તિત કરવાના છે અને સેવાર્થીઓની જરૂરિયાતો સંતોષવાની છે.

**(6) સ્થાનિક સમસ્યાઓમાં અનુકૂલનનો સિદ્ધાંત**

સંસ્થા દ્વારા પૂર્વ નિર્ધારિત કાર્યક્રમોને સ્થાનિક જરૂરિયાતો અનુસાર પરિવર્તિત કરવી જરૂરિયાતો અનુસાર પરિવર્તિત કરવી જરૂરી હોય છે. વહીવટકર્તા પહેલા વ્યક્તિ,જૂથ કે સમુદાયની જરૂરિયાતો તથા સમસ્યાઓને ઓળખે, તેના અભ્યાસ કરે એટલે સેવાર્થીની સમસ્યાઓ કે જરૂરિયાતો કેવી ઉદ્ભવી છે ? તેના કારણો કયા છે ? અસર કરતા પરિબળો કયા છે ? વગેરેનો અભ્યાસ કરે. તે સ્થાનિક જરૂરિયાતો અને સમસ્યાઓને સ્વીકારે અને અનુકુલન સાધવાનું છે. ત્યારબાદ જરૂરિયાતો અને સમસ્યાઓમાં સેવાર્થીઓને સહાય પૂરી પાડવા કાર્યક્રમો તૈયાર કરે અને આ કાર્યક્રમોને અમલીકૃત કરે છે. આમ, સંસ્થા સ્થાનિક સમસ્યાઓમાં અનુકૂલન સાધે છે.

**(7) સંબંધ સ્થાપનનો સિદ્ધાંત**

સંસ્થાએ સેવાર્થીઓને અસરકારક રીતે આપવા માટે સંબંધ સ્થાપન કરવું આવશ્યક છે. સંસ્થા અને સેવાર્થીઓમાં એકબીજા પ્રત્યે વિશ્વાસ, સહયોગ મિત્રતા અને નિકટતા દ્વારા કાર્યક્રમોને સફળ બનાવવા આવશ્યક છે. વહીવટકર્તાએ આ માટે સ્થાનિક લોકો સાથે સતત મુલાકાત કરવી પડે છે. સમુદાયની જરૂરિયાતો-સમસ્યાઓ સફળ ઉકેલ માટે સંબંધ સ્થાપનનું કાર્ય કરવું જરૂરી છે.

**(8) લોકતાંત્રિક વિકેન્દ્રિકરણનો સિદ્ધાંત**

સમાજકલ્યાણ વહીવટમાં એવું સમજવામાં આવે છે કે, લોકોના કાર્યો લોકો દ્વારા જ થવા જોઈએ. સંસ્થા સાથે લોકો પણ પોતાની સમસ્યાઓને ઓળખે, સ્વીકારે, અભ્યાસ કરે. નિવારણ માટે ઉકેલો વિચારે અને સહભાગી ઉકેલો લાવે એટલે કે સંસ્થાએ પોતાના કાર્યો કરતી વખતે સમુદાયની સમસ્યાઓ અને તેના ઉકેલો કેન્દ્રમાં રાખવાના છે. અંતમાં સંસ્થાએ જરૂરિયાત અનુસાર અધિકારો અને ફરજોનું નિર્ધારણ કરે છે, સમિતિ બનાવે છે અને લોકભાગીદારી ઊભી કરવાનો પ્રયત્ન કરીને જરૂરિયાતો પૂર્ણ કરવામાં આવે છે અથવા સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવે છે, અર્થાત્ સ્થાનિક સમસ્યાઓ ઉકેલવામાં સેવાર્થીઓને સશક્ત બનાવવામાં આવે છે.

**(9) સમ્પ્રેષણ(આદાન-પ્રદાન)નો સિદ્ધાંત**

સમ્પ્રેષણના સિદ્ધાંતમાં સંસ્થા અને સેવાર્થી વચ્ચે વાતચીત, આદાન-પ્રદાન થવું ખૂબ આવશ્યક છે. સંસ્થાએ સેવાર્થી સાથેની વાતચીતમાં ભાષા, શબ્દો અને વાક્યોનો પ્રયોગ સમજપૂર્વકનો કરવાનો છે. સેવાર્થીને સમજાય તે ભાષા ગ્રાહ્ય રાખી વાતચીત કરવી જોઇએ. સંસ્થા જ્યારે કાર્યક્રમો લઈને સેવાર્થી પાસે જાય છે અથવા સમસ્યા ઓળખવા, સબંધ સ્થાપન કરતી વખતે કાર્યકર્તાઓ ભાષા, પ્રત્યાયન અસહકાર રીતે કરવાનું છે. આથી, સેવાર્થીને સંસ્થાના કાર્યક્રમોમાં વિશ્વાસ ઉદ્ભવે અને સહભાગીદાર બને છે. આમ, કાર્યકર્તા અને સેવાર્થી વચ્ચે સમ્પ્રેષણની ક્રિયા સુગમસ્થિત રીતે થવી આવશ્યક છે.

**(10) સંવેદનશીલતાનો સિદ્ધાંત**

માનવી એક સામાજિક પ્રાણી ઉપરાંત સંવેદનશીલ પ્રાણી પણ છે. માનવીના સુખ દુઃખમાં પરસ્પર સહભાગી બને છે. મદદ કરવાની ભાવના રહેલી છે. સંસ્થાને ખ્યાલ આવે છે કે કોઇ સેવાર્થી (વ્યક્તિ, જૂથ અને સમુદાય) દુઃખી છે. પિડીત છે ત્યારે સંસ્થાએ તેના દુઃખને વહેંચવાનું કાર્ય સૌપ્રથમ કરવાનું છે, તેના દુઃખમાં સહભાગી બનાવનું છે. સંવેદનશીલ બનીને તેને સહયોગ આપવાનો છે, જેથી તેના દુઃખમાં ઘટાડો અથવા નિવારણ થઇ શકે. અંતમાં સેવાર્થીઓની જરૂરિયાતો કે સમુદાયની સમસ્યાઓનું નિવારણ સંવેદનશીલ બનીને કરવાનું છે.

આમ, સમાજકાર્યકરે સમાજકલ્યાણ વહીવટની સંસ્થાઓ કે વિભાગોમાં કાર્ય કરે છે ત્યારે તેણે ઉપરોક્ત સિદ્ધાંતોને ધ્યાન રાખીને પોતાના કાર્યો કરવા જોઇએ.

## 2.5 સમાજકલ્યાણ વહીવટના મૂળ તત્ત્વો/કાર્યો પાસાંઓ

સમાજકલ્યાણ વહીવટ માત્ર સંસ્થાના કાર્યોને સંપાદિત નથી કરતું, પરંતુ તે સંસ્થાઓને નિરંતર ઉન્નતિની દિશામાં આગળ વધારવાનો પ્રયાસ પણ કરે છે. લુથર ગુલિકે સમાજકલ્યાણ વહીવટના કાર્યોને સમજાવવા માટે એક જાદુઇ સૂત્ર 'પોસ્ડકોર્બ' રજૂ કર્યુ છે. જે નીચે મુજબ છે.

P- Planning (આયોજન)

O- Organization (સંગઠન)

S- Staffing (કર્મચારી વ્યવસ્થાતંત્ર/કર્મચારીગણ)

D- Direction (દોરવણી)

C- Co ordination (સંકલન)

R- Reporting (અહેવાલલેખન)

B- Budgeting (અંદાજપત્ર)

E- Evaluation (મૂલ્યાંકન)

લૂથર ગુલિકના 'પોસ્ડકોર્બ'માં મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવતો નથી; પરંતુ, વર્તમાન સમયમાં સમાજકલ્યાણ વહીવટમાં કાર્ય તરીકે મૂલ્યાંકનને સમજવું આવશ્યક હોવાથી અહી તેનો સમાવેશ કરવામાં આવ્યો.

### (1) આયોજન (Planning)

આયોજન એક બૌદ્ધિક પ્રકિયા છે જેનો ઉદ્દેશ કાર્યોને વ્યવસ્થિત પદ્ધતિથી સંપાદિત કરવા માટે રૂપરેખા તૈયાર કરવાનો હોય છે. આ રૂપરેખા પૂર્વ ઉપલબ્ધ હકીકતોને આધારે ભવિષ્યના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવે છે. વિસ્તૃત આયોજન વગર કાર્યોને યોગ્ય પ્રકારે પૂર્ણ કરવામાં ઘણી મુશ્કેલીઓ આવે છે. આયોજનનું મુખ્ય કાર્ય ઉદ્દેશ્યોને સ્પષ્ટરૂપેથી વ્યાખ્યાયિત કરવાનું છે. ત્યારબાદ તેના લક્ષ્યો અને ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે નીતિ નિર્ધારણ કરવાની હોય છે. ત્રીજી બાબત આ પદ્ધતિ તથા સાધનોની વ્યવસ્થામાં આવે છે. તદુપરાંત તે પદ્ધતિ અને સાધનોની વ્યવસ્થા કરવાની હોય છે જેના દ્વારા નીતિઓને કાર્યાન્વિત કરીને લક્ષ્યોને પ્રાપ્ત કરી શકાય. આયોજન દરમ્યાન કાર્યનું સતત મૂલ્યાંકન પણ કરવું જરૂરી છે.

### (2) સંગઠન (Organization)

સમાજકલ્યાણ વહીવટમાં સંગઠનનું કાર્ય ખૂબ જ મહત્ત્વનું હોય છે, કેમ કે સંસ્થાના કાર્યોનું સંપાદન સંગઠન પર જ નિર્ભર હોય છે. ભૂમિકાઓ તથા પરિસ્થિતિઓનું નિર્ધારણ કરવામાં

આવે છે. એકમો વચ્ચેના સંબંધોને વ્યાખ્યાયિત કરવામાં આવે છે અને તેની સાથે જવાબદારીઓ પણ નક્કી કરવામાં આવે છે. સંસ્થાઓના લક્ષ્યો ધ્યાનમાં રાખીને સંગઠનની રૂપરેખા તૈયાર કરવામાં આવે છે.

**(3) કર્મચારી વ્યવસ્થાતંત્ર (Staffing)**

સંસ્થામાં કર્મચારીઓની ભરતી/નિમણૂંક સંચાલકનું એક આવશ્યક કાર્ય છે, કેમ કે તેની વિશેષતા ઉપર સંસ્થાના કાર્યોનું જોડાણ નિર્ભર હોય છે. જે પ્રકારના કર્મચારી હોય છે, તે અનુસાર સંસ્થા સેવાઓ આપે છે. આ કાર્યમાં નીચેના મુદ્દાઓ મહત્ત્વપૂર્ણ છે.

- કર્મચારીને ભરતી, બઢતી વગેરે સંબંધિત નીતિ સ્પષ્ટ હોવી જોઇએ.
- કર્મચારીઓની ફરિયાદોનું નિવારણ તાત્કાલિક ધોરણે થવું જોઇએ.
- યોગ્ય નિર્ણયની પ્રથમ પસંદગી કરવી જોઇએ, વધુ ભાર આપવો જોઇએ તથા દબાણના કારણે તેને બદલવામાં ન આવવો જોઇએ.
- દરેક કર્મચારીઓના કાર્યો સ્પષ્ટ હોવો જોઇએ તથા તેની જવાબદારીઓ નિશ્ચિત હોવી જોઇએ.
- કર્મચારીમાં મદદ કરવાની ભાવનાનો સતત વિકાસ કરતા રહેવું જોઇએ.
- વાતચીત દ્વિમાર્ગીય થવી જોઇએ અર્થાત્ વહીવટ તથા કર્મચારીઓ એમ બંને તરફથી વિચારોનું પરસ્પર આદાન-પ્રદાન થવું જોઇએ.

**(4) દોરવણી (Direction)**

સંસ્થાના ઉદ્દેશોને પૂર્ણ કરવા માટે કર્મચારીઓ દોરવણી(દિશા નિર્દેશ) આપવો આવશ્યક છે, દોરવણીના ઉદ્દેશો નીચે મુજબ છે.

- કાર્ય નિયમો અને દોરવણી અનુરૂપ થાય છે તે જોવું.
- કર્મચારીઓના કાર્ય જોડાણમાં મદદ કરવી.
- કર્મચારીઓમાં ટીમ ભાવના તેમજ સહયોગની ભાવના ટકાવી રાખવી.
- કાર્યનું સ્તર ટકાવી રાખવું.
- કાર્યક્રમની ખામીથી પરિચિત થવું તથા તેના નિવારણના પ્રયાસો કરવા.

**(5) સંકલન (Co-ordination)**

સંકલનનો અર્થ સામાન્ય ક્રિયા, આંદોલન અથવા દિશાને પ્રાપ્ત કરવા માટે વિભિન્ન અંગોમાં પરસ્પર સંબંધ સ્થાપિત કરવાનો છે. સંસ્થામાં બે મહત્ત્વના કાર્યો છે. ઉદ્દેશો અને ક્રિયાઓમાં એકરૂપતા સ્થાપિત કરવી તથા કરવામાં આવનાર કાર્યોમાં એકતા લાવવી. પરંતુ આ ત્યારે જ શક્ય છે જયારે સંસ્થાનો પ્રત્યેક સભ્ય સમાન દષ્ટિકોણ રાખતો હોય.

**(6) અહેવાલલેખન (Reporting)**

અહેવાલલેખનના માધ્યમથી હકીકતોને રજૂ કરવામાં આવે છે. આમાં એક નિશ્ચિત સમયગાળામાં કરવામાં આવેલ કાર્યોનો સારાંશ લખવામાં આવે છે. એક નિશ્ચિત સમયગાળાના આધારે અહેવાલલેખન કરવામાં આવે છે. સંસ્થાના કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરવાના દૃષ્ટિકોણથી અહેવાલલેખનનું વિશેષ મહત્ત્વ છે. સંસ્થામાં ઉપલબ્ધ આલેખોના આધારે અહેવાલલેખન તૈયાર કરવામાં આવે છે.

**(7) બજેટ (Budgeting)**

વહીવટનું કાર્ય પ્રતિવર્ષ વાર્ષિક બજેટ તૈયાર કરવું તથા આ બજેટને મંજુરી આપવાનું છે અથવા સ્વીકારવાનું છે. સંસ્થાના લક્ષ્યોને અનુરૂપ જ બજેટ તૈયાર કરવું જોઇએ. બજેટ સંસ્થાની આવક અને ખર્ચનું વિધાન (statement) હોય છે. બજેટમાં લક્ષ્યો આધારિત ઘડવામાં આવેલા કાર્યક્રમો અનુરૂપ હોવુ આવશ્યક છે. બજેટ એ સંસ્થાના વિકાસ માટે મહત્ત્વનું કાર્ય છે.

**(8) મૂલ્યાંકન (Evaluation)**

વહીવટના સુધાર અને નવીનીકરણના હેતુ માટે મૂલ્યાકંન આવશ્યક છે. મૂલ્યાંકનમાં સંસ્થાની આર્થિક ઉપરાંત સામાજિક જોવી જોઇએ. માનવીય ઉપલબ્ધિઓ ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે, પરંતુ સંપૂર્ણ મૂલ્યાંકન કાર્યક્રમના અંત ભાગમાં જ કરવું જોઇએ. મૂલ્યાકંન લક્ષ્યો આધારિત તેમજ નિષ્પક્ષ અને ઓછું ખર્ચાળ હોવું જોઇએ. મૂલ્યાંકન ઉદ્દેશોના આધાર પર થવું જોઇએ. મૂલ્યાંકનના આંતરિક કર્મચારી ઉપરાંત બાહ્ય તજજ્ઞોને આમંત્રિત કરવા જોઇએ. અંતમાં મૂલ્યાંકનમાં ખામી સુધાર અનેક નવીનીકરણનો પ્રયાસ કરવામાં આવે છે.

આમ, સમાજકલ્યાણ વહીવટમાં ઉપરોક્ત મૂળતત્ત્વો, કાર્યો કે પાસાંઓ ધ્યાન રાખીને વહીવટકર્તાએ કાર્ય કરવાનું છે. આ પ્રકારે કાર્ય કરવાથી સંસ્થાની કાર્યપદ્ધતિ સુનિશ્ચિત અને મજબૂત બને છે. કર્મચારીઓને કાર્ય કરવામાં મુશ્કેલીઓ ઓછી ઉદ્ભવે છે. સંસ્થાએ નક્કી કરેલા લક્ષ્યો, ધ્યેયો પ્રાપ્ત કરવામાં મદદ મળે છે. અર્થાત્ સમાજકલ્યાણ વહીવટમાં આ કાર્યો, પાસાંઓ મૂળતત્ત્વોનું ખૂબ મહત્ત્વ રહેલુ છે.

## 2.6 સમાજકલ્યાણ વહીવટકર્તા/કાર્યકર્તાની કુશળતાઓ

સમાજકલ્યાણ વહીવટમાં સંચાલક અથવા કાર્યકર્તાની કુશળતાઓ નીચે મુજબ છે.

(1) કર્મચારીઓ તથા નીતિ ઘડનારાઓ દ્વારા ઉદ્દેશપૂર્ણ સંબંધ સ્થાપિત કરવા અની તેને ટકાવી રાખવાની કુશળતા છે.

(2) કર્મચારીઓની ભરતી/નિમણૂંકની કુશળતા

(3) સંસ્થાના ઉદ્દેશો તથા લક્ષ્યોની વ્યાખ્યા કરવી અને કર્મચારીઓના તે ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટેની પ્રબળ ઇચ્છા શક્તિ ઉત્પન્ન કરવી.

(4) આવશ્યકતા અનુસાર કર્મચારીઓને સમજવા તથા તેમની સહાયતા કરવાની કુશળતા.

(5) કાર્ય આયોજન તૈયાર કરવાની અને તેને કાર્યાન્વિત કરવાની કુશળતા.

(6) કર્મચારીઓની વ્યક્તિગત મદદની જરૂરિયાતને સમજવી અને મદદ કરવાની કુશળતા.

(7) કર્મચારીઓના મનની સમસ્યાઓ સમજવી અને તેને ઉકેલવાની કુશળતા.

## 2.7 સમાજકલ્યાણ વહીવટના ક્ષેત્રો

સમાજકલ્યાણ વહીવટ સમાજની પ્રત્યેક સમાજકલ્યાણ વ્યવસ્થાને સુવ્યવસ્થિતરૂપથી કાર્ય કરવા સાથે સંબંધિત છે. તેનો મુખ્ય ઉદ્દેશ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક તથા નૈતિક વિકાસ માટે લોકશાહી આયોજન દ્વારા કલ્યાણકારી સમાજની સ્થાપના કરવાનું છે. સમાજકલ્યાણ વહીવટ વિકાસ નીતિને તૈયાર કરવામાં મદદ કરે છે તેની સાથે જ અનેક મુખ્ય સમાજકલ્યાણ સેવાઓને સંકલિત પદ્ધતિ દ્વારા આયોજન, દેખરેખ અને અમલીકરણ કરવામાં મદદ કરે છે. આ સેવાઓમાં રાજકીય અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળીને કાર્ય કરે છે. અર્થાત વિવિધ સમાજકલ્યાણ સેવાઓમાં આ બંને સંસ્થાઓનો ઉદ્‌ભવ, કાર્ય અલગ-અલગ હોઇ શકે છે, આ સેવાઓને વિભિન્ન ક્ષેત્રોમાં વિભાજિત કરી શકાય છે જે નીચે મુજબ છે.

**(1) સમાજસેવા**

કોઇ પણ રાષ્ટ્રમાં આ સેવાઓ સમાનરૂપથી વ્યક્તિઓને ઉપલબ્ધ કરાવવી જોઇએ, જે આ પ્રમાણે છે.

**ક) શિક્ષણ**

શિક્ષણ અંતર્ગત વ્યક્તિને પ્રાથમિક, માધ્યમિક, સ્નાતક-અનુસ્નાતક, ટેક્નિકલ, વ્યાવસાયિક, રોજગારલક્ષી તેમજ સામાજિક શિક્ષણનો સમાવેશ થાય છે. શિક્ષણનું સંકલન લોકશક્તિના આયોજન દ્વારા થવું જોઇએ. શિક્ષણ માનવ સંશાધનના વિકાસ કરેલુ રોકાણ સમજવામાં આવે છે. આ એક પ્રશંસનીય પ્રગતિ; પરંતુ, શિક્ષણમાં સામાજિક મુખ્યો અને નૈતિક વિકાસ ઉપર વિશેષ ધ્યાન આપવું આવશ્યક છે.

**ખ) આરોગ્ય સેવાઓ તથા પરિવાર નિયોજન**

આરોગ્ય સેવાઓમાં ચિકિત્સાકીય, અટકાયાત્મક અને સ્વાસ્થયવર્ધક સેવાઓનો સમાવેશ થાય છે. જન્મદરમાં થઇ રહેલી વૃદ્ધિને નિયંત્રિત કરવા માટે પરિવાર નિયોજન જરૂરી છે. આ કાર્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ આવશ્યક છે. કૃત્રિમ સાધનોના પ્રયોગોની સાથે સાથે સંયમ તથા નૈતિક જીવન ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ. કારણ કે આ પ્રયત્ન પશ્ચિમી દેશોનું અનુકરણ માત્ર બની ન રહી જાય.

### ગ) આવાસ

આવાસ એ વ્યક્તિની પ્રાથમિક જરૂરિયાત છે. ઓછી આવક ધરાવનાર, આવાસ વિહોણા કુટુંબોને આવાસા પૂરા પાડવાની જવાબદારી રાજ્યતંત્રની છે. રાજ્યતંત્ર દ્વારા આવાસ માટે વિશેષ ભંડોળ ઊભું કરવામાં આવે છે. આવાસ વિહોણા કુટુંબોને કલ્યાણ કાર્યક્રમો, યોજનાઓ દ્વારા આવાસની સુવિધાઓ પૂરી પાડવમાં આવે છે. દા.ત. ઇન્દિરા આવાસા યોજના, સરદાર આવાસ યોજના, આંબેડકર આવાસ યોજના વગેરે. ગરીબોને આવાસ પૂરા પાડવામાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા પણ મદદ કરવામાં આવે છે. રાજ્યતંત્ર દ્વારા આવાસ વિહોણા કુટુંબોને આવાસ આપીને સામાજિક સલામતી પૂરી પાડવામાં આવે છે.

### (2) સામાજિક સુરક્ષા

સામાજિક સુરક્ષાને સુવ્યવસ્થિત બનાવવા માટે સામાજિક વીમાનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે. સામાજિક વીમા સંબંધિ યોજનાઓ એકીકૃત કરીને આ કાર્યને વિશાળ બનાવી શકાય છે. સામાજિક વીમા દ્વારા ઓછી આવક ધરાવનાર વર્ગોથી પ્રાપ્ત થયેલ ભંડોળ દ્વારા યોજનાઓના સાધનોમાં વધારો કરી શકાય છે. સેવાઓ મજબૂત કરી શકાય છે.

સામાજિક સહાયતા દ્વારા વૃદ્ધો, વિધવાઓ, અનાથ બાળકો, અપંગો, અશક્તો, નિઃસહાય અને લાચાર વ્યક્તિઓને રાજ્ય તરફથી આર્થિક મદદ કરવામાં આવે છે. ઓછા ભંડોળના કારણે આ સેવાઓને તથા તેને વિસ્તારવામાં મુશ્કેલીઆ ઉદ્ભવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ લોકોને સામાજિક સહાયતા પૂરી પાડવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે તો વધારે લોકોને આવશ્યક સેવાઓ આપી શકાય છે.

### (3) સામુદાયિક વિકાસ

સામુદાયિક વિકાસનો ઉદ્દેશ સમાજના તમામ નિઃસહાય, અસુરક્ષિત વ્યક્તિઓ, જૂથો અને વર્ગોનો સમતોલિત વિકાસ કરવાનો છે. સામુદાયિક વિકાસમાં શહેરી અને ગ્રામીણ વિસ્તારોને સાથે વિકાસ કરવો આવશ્યક છે. રાજ્યતંત્રએ શહેરી અને ગ્રામ્ય બંને સ્તરોને જોડીને વિશાળ સામુદાયિક વિકાસની યોજનાઓ સમાજના નબળા, નિઃસહાય લોકો માટે તૈયાર કરવી જરૂરી છે. સામુદાયિક વિકાસ યોજનાઓનું આયોજન, અમલીકરણ માળખું, દેખરેખ વ્યવસ્થા ગોથવવી પડે છે. રાજ્યતંત્ર સામુદાયિક વિકાસ દ્વારા સમતોલિત વિકાસ શકય બનાવવાનો વિભિન્ન પ્રયત્નો કરે.

### (4) સમાજ કલ્યાણ

સમાજકલ્યાણએ સમાજકલ્યાણ વહીવટનું એક વિશાળ ક્ષેત્ર છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાતવર્ગોનું કલ્યાણ એ સમાજકલ્યાણનું એક કાર્યક્ષેત્ર છે. સમાજકલ્યાણામાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત જાતિઓની કલ્યાણ યોજનાનું વિસ્તરણ કરવું જોઇએ જેના આ

વર્ગો વચ્ચે પણ જોડાણ થઇ શકે. શારીરિક રૂપથી અશક્ત એવા અપંગો(અંધ, બહેરા, દૃષ્ટિહીન, હાથ-પગમાં ખામી વગેરે) માટે કલ્યાણકારી યોજનાઓનું નિર્માણ કરવું આવશ્યક છે. સમાજમાં તેમના પુનઃસ્થાપનના કાર્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. માનસિક રોગીઓ માટે માનવતાવાદી સમાજ વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે અને એક રાષ્ટ્રવ્યાપી માનવ આરોગ્યશાસ્ત્રનો પદ્ધતિસર પ્રચાર કરવો જોઇએ. સામાજિક ચેતનાના રચનાત્મક કાર્યોથી માનસિક આરોગ્યમાં સુધારો થઇ શકે છે. સમાજકલ્યાણનું ક્ષેત્ર એ અશક્ત, નિર્બળ, નિઃસહાય, લાચાર વ્યક્તિ, જૂથ, સમુદાયને આવશ્યક સેવાઓ આપીને જીવન જીવવાની આશા અને આધાર પૂરો પાડે છે.

**(5) સામાજિક રક્ષણ**

સમાજમાં આજે કેટલાંક વ્યક્તિ અને જૂથોને સામાજિક રક્ષણની ખૂબ જ આવશ્યકતા છે જેમ કે, બાળ અને યુવા અપરાધ માટે સુધાર સંબંધિ સેવાઓની વ્યવસ્થા કરવી જરૂરી છે. જેમ કે સંરક્ષણગૃહ, સુધારગૃહ, ઓવરવેશન હોમ, પૂનર્વાસ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. અનૈતિક વ્યાપારથી પીડિત સ્ત્રીઓ માટે નારી સંરક્ષણ ગૃહ, નારી સુધારણ ગૃહ વગેરે સેવા દ્વારા રક્ષણ પૂરું પાડવું આવશ્યક છે. તેમજ ભિક્ષુકો માટે ભિક્ષુક ગૃહો સ્થાપિત કરીને સામાજિક રક્ષણ આપવું જરૂરી છે. આમાં, સામાજિક રક્ષણની જરૂરિયાતવાળા તમામ વ્યક્તિ, જૂથોને વિભિન્ન સેવાઓ દ્વારા રક્ષણ આપવું આવશ્યક બની રહે છે.

આમ, સમાજકલ્યાણ વહીવટનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. સામાજિક સેવા, સામાજિક સુરક્ષા, સામુદાયિક વિકાસ, સમાજકલ્યાણ, સામાજિક રક્ષણ વગેરેની આવશ્યકતા ધરાવતા વ્યક્તિ, જૂથ અને સમુદાયને સમાજકલ્યાણ વહીવટ હેઠળ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તેના માટે જરૂરી કાર્યક્રમો, યોજનાઓ અને માળખાંઓ તૈયાર કરવામાં આવે છે અને સેવાઓ આપવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

## 2.8 ઉપસંહાર

સમાજકલ્યાણ વહીવટએ જરૂરિયાતમંદ કે સમસ્યાગ્રસ્ત સેવાર્થીઓને કેન્દ્રમાં રાખીને સેવાઓ આપે છે. આ સેવાઓ વ્યક્તિ, જૂથ અને સમુદાયની જરૂરિયાત કે સમસ્યા સંબંધિત હોય છે. સમાજકલ્યાણ વહીવટમાં લોકકલ્યાણનો અભિગમ અભિપ્રેત થાય છે. સમાજકલ્યાણ વહીવટમાં સેવાર્થીઓને આવશ્યક સેવાઓ દ્વારા સમસ્યામાંથી બહાર લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. દરેક વિદ્યાર્થીઓને સમાજકલ્યાણ વહીવટમાં કાર્ય કરવા માટે તેની વિશેષતાઓ, સિદ્ધાંતો, કાર્યો, ક્ષેત્રો અને કુશળતાઓ સમજવી જરૂરી છે. જેના દ્વારા વિદ્યાર્થી સમાજકલ્યાણ વહીવટની કાર્યપદ્ધતિને સમજી શકે અને કાર્ય કરી શકે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો

1. સમાજકલ્યાણ વહીવટ સામાજિક નીતિઓનો સમાજ સેવાઓમાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા છે. આ વ્યાખ્યા કયાં સમાજશાસ્ત્રીએ આપી હતી ?

(A) ડહનમ (B) સંચર્ડ ટિટમસ

(C) રાજારામ શાસ્ત્રી (D) એક પણ નહી

2. ડહનમ દ્વારા કઇ સાલમાં તેના સમાજકલ્યાણ સંદર્ભે મત રજૂ કરવામાં આવ્યા ?

(A) 1949 (B) 1950

(C) 1955 (D) 1960

3. સમાજ કલ્યાણ વહીવટના સિદ્ધાંતો કેટલા છે ?

(A) પાંચ (B) છ

(C) આઠ (D) દસ

4. નીચેનામાંથી કયું સમાજકલ્યાણ સિદ્ધાંત નથી ?

(A) કાર્ય શીલતાનો સિદ્ધાંત (B) સંકલનનો સિદ્ધાંત

(C) લોકભાગીદારીનો સિદ્ધાંત (D) સંબંધ સ્થાપનનો સિદ્ધાંત

5. સમાજકલ્યાણ વહીવટના કાર્યોને સમજાવા માટેનું જાદુઇ સૂત્ર ''પોસ્ડકોર્બ'' કોણે રજૂ કર્યુ હતું?

(A) લુથર ગુલિક (B) ડેલહમ

(C) જહોન કિડનાઇ (D) એક પણ નહી

## 2.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) સંચર્ડ ટિટમસ
2. (A) 1949
3. (D) દસ
4. (C) લોક ભાગીદારીનો સિદ્ધાંત
5. (A) લુથર ગુલિક

## 2.11 ચાવીરૂપ શબ્દો

- આયોજન - ઉદેશ્ય વ્યવસ્થિત પધ્ધતિથી સંપદિત કરવું.
- દોરવણી - કર્મચારીઓને દિશા નિર્દેવું.

## 2.12 સ્વાધ્યાય લેખન

**(1) સમાજકલ્યાણ વહીવટ એટલે શું ?**

.................................................................

.................................................................

.................................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(2) સમાજકલ્યાણ વહીવટની વિશેષતાઓ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

(3) સમાજકલ્યાણ વહીવટકર્તાઓની કુશળતાઓ જણાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

**નિબંધ પ્રકારના પ્રશ્નો**

(1) સમાજકલ્યાણ વહીવટનો અર્થ આપી તેના ક્ષેત્રો સવિસ્તાર સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

.....................................................................

**(2) સમાજકલ્યાણ વહીવટના કાર્યો(ભૂળતત્ત્વો) સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(3) સમાજકલ્યાણ વહીવટના સિદ્ધાંતો જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.13 પ્રવૃતિ

1. સમાજકલ્યાણ વહીવટના કાર્યોને ચાર્ટ બનાવી સ્વૈચ્છિક સંસ્થામાં સમજાવવું.

## 2.14 કેસ સ્ટડી

1. કોઇ એક સ્વૈચ્છિક સંસ્થા પસંદ કરી તેનામાં ''પોસ્ટકોર્બ''ની તકેદારી પૂર્વક ચકાસવવું.

## 2.15 સંદર્ભગ્રંથ

(1) ચાવડા ગીતા, (2010)- ''વ્યાવસાયિક સમાજકાર્ય'', લોક પ્રકાશન, રતનપુર- બનાસકાંઠા

(2) પટેલ આનંદી, (2009)- ''વ્યાવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો'', વ્યાવસાયિક અભિવૃત્તિ પ્રકાશન,અમદાવાદ.

(3) तेज, संगीता, (२००६), "समाजकार्य", संगीता तेज निर्देशक जुबली, एच फाउन्डेशन, लखनौ

(4) सुदन कृपालसिंह, (२००८), “समाजकार्य सिद्धांत एवं अभ्यास”, रीया बुक डीपो, लखनौ

(5) सिंह सुरेन्द्र और मिश्र पी.डी. (२०१०), “समाजकार्य इतिहास” दर्शन एवं प्रणालिका, न्यु रोयल बुक कंपनी, लखनौ

# એકમ–3 કલ્યાણકારી વિવિધ સંસ્થાઓ અને વહીવટ

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સંસ્થાનો અર્થ અને ખ્યાલ

3.3 સંસ્થાના પ્રકારો અને લાક્ષણિકતા

3.4 સંસ્થાનું સ્વરૂપ અને માળખું

3.5 સંસ્થાના નાણાકીય સાધનો

3.6 સંસ્થા વહીવટનો અર્થ, ખ્યાલ અને તેના કાર્યો

3.7 સંસ્થા કારોબારીના કાર્યો અને ભૂમિકા

3.8 સંસ્થા વ્યવસ્થાપનની પદ્ધતિઓ

3.9 ઉપસંહાર

3.10 તમારી પ્રગતિ ચકાસો

3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

3.12 ચાવી રૂપ શબ્દો

3.13 સ્વાધ્યાય લેખન

3.14 પ્રવૃતિ

3.15 કેસ સ્ટડી

3.16 સંદર્ભગ્રંથ

## 3.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ થકી વિદ્યાર્થીઓ સમજી શકસે કે,

- સંસ્થાનો અર્થ, લાક્ષણિકતાઓ અને વિવિધ પ્રકારો જાણી શકાશે.
- સંસ્થા વહીવટનો અર્થ અને તેના કાર્યો પણ સમજી શકાશે.
- સંસ્થાના કારોબારીના વિવેક કાર્યો અને ભૂમિકાઓ સમજી શકશે.
- સંસ્થા વ્યવસ્થાપનની વિવિધ પધ્ધતિઓ પણ જાણી શકશે.

## 3.1 પ્રસ્તાવના

જ્યાં જ્યાં સમસ્યાગ્રસ્ત વ્યક્તિ કે સમાજ છે ત્યાં ત્યાં કલ્યાણકારી સંસ્થાઓ કાર્યરત છે. આવી સંસ્થાઓ સમાજકાર્યના તમામ ક્ષેત્રોને આવરીલે છે. આ એકમમાં કલ્યાણકારી સંસ્થાઓ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી છે. આ તમાત કલ્યાણકારી માળખું, નાણાકીય સહાય, વ્યવસ્થાપનના કાર્યો વિશે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી છે. તેના કારોબારીના કાર્યો શું હોય અને તેની ભૂમિકાની પણ ચર્ચા કરી છે. સમાજકલ્યાણ વહીવટ એ ખૂબજ વિશાળ ક્ષેત્ર હોવાથી તેને લગતા તમામ બાબતો અહીં આવરી સેવામાં આવ્યા છે.

## 3.2 સંસ્થાનો અર્થ અને ખ્યાલ

આ એકમમાં ાપણે ''સંસ્થા''ની વિભાવના વિશે વાત કરીશું. તેનો અર્થ શું થાય અને ક્યાં પ્રકારનું સંસ્થા રજુ કરે છે ? કેટલાક માને છે કે સંસ્થા એવી સંસ્થા કરતાં વધુ કંઇ નથી કે, જેમાં લોકો ઉચ્ચ શિક્ષણ મેળવે છે. પરંતુ આ તદ્દ્ન સાચું નથી. જે-તે જગ્યાની પરિસ્થિતી વિશે જાણવું સામાજિક, આર્થિક, રાજકીય સ્થિતી વાસ્તવિકતા જાણ્યા બાદ સંસ્થાની સ્થાપના કરી શકાય છે.

ઉ.દા. જે-તે વિસ્તારના બાળકોના કુપોષણની યાદી તૈયાર કરવી હોય તો આંગણવાડી રીપોર્ટ જોવાથી માહિતી મેળવી શકાય.

અમુક ઘટનાઓ પણ વ્યક્તિને સંસ્થાની રચના કરવા માટે પ્રેરે છે. અને સંસ્થાઓનો ઉદ્દ્ભવ થાય છે.

**વ્યાખ્યાઃ-**

એવા શબ્દો છે કે જે અલગ-અલગ રીતે અર્થઘટન કરી શકાય છે. આખ્યાલના પ્રગટ થતા પહેલા, ''ઇન્સ્ટિટ્યુટ'' શબ્દો ધ્યાન આપવું જોઇએ. ''સંસ્થા'' ઉલ્લેખ કરે છે કે જે ચોક્કસ પ્રવૃતિમાં સંલગ્ન હોય છે. અને જાહેર સેવાઓને સેવાની સ્પષ્ટ રીતે વ્યાખ્યાપિત કરે છે.

''સામાજિક સંસ્થા''ના ખ્યાલમાં સંદર્ભ અને વિજ્ઞાન અર્થઘટન એ છે તે વ્યાખ્યાપિત પર આધાર રાખિને અલગ જ અર્થ ધરાવે છે.

## 3.3 સંસ્થાના પ્રકારો અને લાક્ષણિકતાઓ

સામાજિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ કલ્યાણકારી કાર્ય કરીને સામાજિક પુનઃવસન કે પરિવર્તનનું કાર્ય કરતી હોય છે. સંસ્થાના વિવિધ પ્રકારો નીચે મુજબ વર્ણવી શકાય છે.

**(1) NGO - બીન સરકારી સંસ્થા :-**

બિન સરકારી સંસ્થાએ ખાનગી સંસ્થા પણ કહેવાય છે. અને તેના નામથી જ જણાય છે કે તે સરકારી સ્વતંત્ર હોય છે. નફો ન કરવાના સ્પષ્ટ ઉદ્દ્શય સાથે સ્થપાયેલી બિનસરકારી સંસ્થા એ સેવાના ઉદ્દ્શ્ય વાળી અને સુદાયના વિકાસને વરેલી હોવી જોઇએ.

બિન સરકારી સંસ્થાને અન્ય ઘણા નામો દ્વારા ઓળખવવામાં આવે છે. જેવી કે, નોન-પ્રોફીટ ઓર્ગેનાઇઝેશન (એન.પી.ઓ), સમુદાય આધારિત સંસ્થાન (સી.બી.ઓ) તથા સ્વૈચ્છિક સંસ્થા (વી.ઓ).

વિશ્વ બેંક દ્વારા અપાયેલ બિનસરકારી સંસ્થાની વ્યાખ્યામાં, ''ખાનગી સંસ્થાનો કે જેઓ મુશ્કેલીઓને દુર કરવાના હેતુથી ગરીબોના બિતોની જાળવણી માટે, પર્યાવરણની સુરક્ષા માટે, અથવા સામુદાયિક વિકાસની પ્વૃતિઓને અનુસરે છે ?''

**(2) G.O - (Government Organization) :-**

ગર્વમેન્ટ ઓર્ગેનાઈઝેશન એટલે કે સરકારી સંસ્થા સત્તા પર રહેલ સરકારના સરકારી નાણાં દ્વારા લોકોને મદદ કરવા માટે ચલાવવામાં આવે છે. આ સંસ્થાનો સપૂર્ણ વહીવટ સરકાર અને સરકારી તંત્રો દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થામાં વ્યક્તિ પોતાના વિચારો ચલાવી શકે નહી.

**(3) V.O - (Voluntary Organization) સ્વૈચ્છિક સંસ્થા :-**

આ સંસ્થામાં લોકો સ્વૈચ્છિક રીતે સમાજ સેવામાં અને સામાજિક પ્રવૃતિમાં જોડાય છે. ઘણી વાર કોઇ સંસ્થા કે સંગઠનની રચના પણ કરે છે. કોઇક તો એકલ દોકલ કોઇ વિસ્તારમાં જઇને પોતાની જાતે સ્વૌચ્છિક રીતે જ કામ કરે છે અને મદદ કરે છે.

**(4) P.O - (People Organization) લોક સંગઠનો :-**

આ પ્રકારની સંસ્થામાં સ્થાનિક સમુહોમાંથી જ લોકો ભાગીદાર બનીને કાર્ય કરતા હોય છે. માહિતી નામની સંસ્થા બનાવવા પાછળનું કારણ સ્તાનીક લોકોનીજ ભાગીદારી મેળવવાનું હતો. બહારની કોઇ વ્યક્તિ તેના ભાગ લઇ શકતી નથી. જે દબાયેલા અને વંચિત રહેલા દલિલ લોકો ની સમસ્યા કોઇ જાણતું નથી જ્યારે સમગ્ર સમૂહ એકઠો થઇ પોતાના હક્ક માટે પ્રયત્ન કરે છે. સહભાગીદારીના સિધ્ધાંત સાથે આ સંસ્તા કાર્ય કરે છે.

**(5) CBO - (Community Based Organization) :-**

આ પ્રકારની સંસ્થના બહું મોટા વહીવટી માળખા હોતા નથી. તમામ પ્રકારના માણસો આ સંગઠનના સભ્યો તેમાં સભ્યો હોય છે. બધીજ કમ્પુનીટીના સભ્યો તેમાં સભ્ય બની કામ કરી શકે છે. ઉદાહરણ તરીકે કચ્છમાં ભરતભાઇ દ્વારા રચવામાં આવેલું સંગઠન સેવા, ગણતરમાં કામ કરે છે. આમાં સમુદાયના સભ્યો પાસેથી જ ફંડ ઉધરાવવામાં આવે છે. તેનો ખર્ચ પણ તેમનાજ કલ્યાણ અર્થે કરવામાં આવે છે. મહિલા મંડળો પણ CBO હોઇ શકે છે.

**(6) RO - (Religion Organization) :-**

આ સંગઠનનો હેતું સુખાકારી, મદદ કરવાનો છે.

ઉ.દાઃ- કોઇ જગ્યાએ પુરની પરિસ્થિતી ઉભી થઇ હોય ત્યારે કોઇ ધાર્મિક સંસ્થા દ્વારા રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

**સંસ્થાની લાક્ષણિકતાઓ :-**

સંસ્થાના પ્રકારોમાં વિવિધ પ્રકારની સંસ્થાઓનો પરિચય કેળવ્યો. ત્યાર બાદ સંસ્થાઓની લાક્ષણિકતા નીચે મુજબ રજૂ કરી શકાય છે.

- આ સંસ્થાઓ પબ્લીક એકટ, કંપની એકટ તરીકે નફો પામેલી હોય છે.
- સંસ્થાનું રજીસ્ટ્રેશન ચેરીટી કમીશ્નરની કચેરીમાં કરવામાં આવે છે. આવી નોંધાયેલી કે રજીસ્ટર્ડ થયેલી સંસ્થા પર જ લોકો વિશ્વાસ મૂકે છે.
- આવી સંસ્થાઓ માટે ભાગે સદ્‌વેતન સમાજ કાર્યકરો દ્વારા અથવા સ્વયંસેવી સંસ્થાઓ દ્વારા ચાલે છે.

- આ સંસ્થાઓની સ્થાપના કોઇ વ્યક્તિ દ્વારા કે કોઇ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

ઉ.દા:- જ્યોતિસંઘ માંથી સખીજયોત નામની સંસ્થા કાર્યરત છે. સ્વાયત્ત રીતે કામ કરે છે.

- દિશા સંસ્થામાંથી બાંધકામ મજૂર મંડળ, વન સંરક્ષણ કેન્દ્ર વગેરેની થઇ હોવાનું મનાય છે.

- સંસ્થા સાથે જોડાનારા સામાન્ય રીતે સંસ્થાની સમીજ દ્વારા અને તેઓ સામાજિક વિકાસ માટે સમર્પિત હોય છે.

- દરેક સંસ્થાની પોતાની એક આગવી ઓળખ હોય છે.

## 3.4 સંસ્થાનું સ્વરૂપ

કોઇ પણ સંસ્થાને અને તેના કાર્યોને સમજવા માટે સૌ પ્રથમ આપણે સંસ્થાને સમજવી એ મહત્વપૂર્ણ છે. તેનો ઉદ્‌ભવ કયારે અને કયાં પરિપ્રેક્ષ્યમાં થયો, સંસ્થાની વિચાર સરણી, વિવિધ પાસાઓ, દર્શન, ફીલોસોફી, વગેરે સમજવું ખૂબજ જરૂરી છે.આ સમસ્યાં પછીજ સંસ્થાના કાર્યો વિશે જાણી અને સચજી શકાય છે.

**1] મૂલ્યો :-**

દરેક સંસ્થાનું વહીવટ તંત્ર મુખ્યત્વે તેના મૂલ્યો આધારીત હોય છે. સંસ્થાના મૂલ્યોના મહત્વના બે પ્રકારો છે.

1. નિતિવિષયક મુલ્ય :-

આ મુલ્યમાં સંસ્થા પોતાના નક્કિ કરેલી નીતિમાં અડગ રહીને જ કામ કરે છે.

ઉ.દા. કોઇ સંસ્થાનું મૂલ્ય હોય કે તે કયારે પણ પરદેશી સહાય નહીં લે. આ જે કાર્ય પ્રક્રિયા નક્કિ કરેલી છે તેના દ્વારા જ સંસ્થા કાર્ય કરે છે.

2. કામ કરવામાટેના મૂલ્ય :-

આ મુલ્ય પ્રમાણે સંસ્થા પોતાની કાર્યશૈલી નક્કિ કરે છે. પોતાની કામ કરવાની પધ્ધતિ પ્રમાણે સંસ્થા કાર્ય કરે છે અને સિધ્ધિ મેળવે છે.

ઉ.દા. સંસ્થા નક્કિ કરે કે અમે ગામમાં કામ કરવા જઇશું પરંતું જ્યાં સુધી અમને ગામમાં ભાગીદારના બવાવે ત્યાસુધી કામ આગળ વધારીશું નહી.

આ ઉદાહરણમાં સહભાગીદારી સમસ્યાની ઓળખથી લઇને મુલ્યાંકન, પરીણામાં સુધીની વાતનો સમાવેશ થતો જોવા મળે છે.

- **પારદર્શિકા :-**

નાણાકીય વ્યવહારમાં સૌથી વધારે પારદર્શિકા રહેવું પડે છે. પૈસા ક્યાંથી આવ્યા ક્યાં ગયા, ક્યાં કામ માટે વપરાયા એ બધુ જ સ્પષ્ટ રીપોર્ટમાં દર્શાવવામાં આવે છે.

ઉ.દા. સંસ્થામાં કામ કરે તે કાર્ય, ક્રમચારીઓનાં પગાર, પગારયાં કરેલ વધારો તમામ બાબત રીપોર્ટમાં સ્પષ્ટ કરવામાં આવે છે.

- **કોટિક્રમિકતા જોવા મળતી નથી :-**

સંસ્થાના આ મૂલ્યમાં બધાજ કર્મચારી સમાન સ્તર પર કાર્ય કરે છે. અને બધાજ પોતાનું કામ

જાતે કરે છે. ઉંચ નીચના કોઇ ભેદભાવ નથી.

આમ, સંસ્થા ઉપરોકત મૂલ્યોની સાથે કાર્ય કરે છે અને સેવાકીય પ્રવૃતિઓ થકી સમાજમાં પરીવર્તન લાવવાનો પ્રયત્ન કરે છે.

**2] કાર્યો અને પ્રવૃતિઓ :-**

સંસ્થામાં કાર્યો કરવા તે મુખ્ય હોય છે. અને એ કાર્યોને અનુરૂપ વિવિધ પ્રવૃત્ઓ કરવામાં આવતી હોય છે. ઉદાહરણ તરીકે ગામમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સેનીટેશનનું કાર્ય કરવું હોય તો તેની માટે ગામનાં લોકો, કાર્યકર્તાઓની સાથે મિટીગ કરવી, બજેટ બનાવવું, અન્ય લોકોની સાથે વાતચીત કરવી ત્યારબાદ તે કાર્ય દ્વારા વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. વિવિધ પ્રવૃતિઓના માધ્યમથી કાર્યને પાર પાડવામાં આવે છે. અમુક પ્રકારના ચોકકસ પ્રવૃતિઓનું કામ સંસ્થાના સંચાલક દ્વારા પાર પાડવામાં આવે છે.

માહિલા જાગૃતિ અંગે કાર્ય કરવું હોય ત્યારે.

(i) મહિલાઓને મળી તેમનામાં કંઇ જાગૃતિ છે. કે નહિ તે જાણવું.

(ii) કાર્ય માટે કેટલા ફંડની જોગવાઇ છે તેની ચર્ચા કરવી.

(iii) પંચાયતમાં કાર્ય પ્રક્રિયાની મંજૂરી મેળવવી.

(iv) પંચાયતમાંથી કે લોકો પાસેથી ફંડ એકઠુ કરવું.

(v) કાર્યર્ક્તા તથા મહિલાઓ સાથે મિટિંગ કરવી.

(vi) કાર્ય કરવું.

આ કાર્યો લાંબા કે ટૂંકા ગાળાના હોઇ શકે છે. પ્રાથમિક કે ગૌણ સ્વરૂપના પણ કાર્યો હાઇ શકે છે. ટૂંકા ગાળાના પ્રોજેકટમાં પ્રાયોગિક ધારેણે જે પ્રોજેકટ (Sucess થવાય છે કે નહિ) તે ચકાસવા માટે ચાલુ કરવામાં આવે છે. જ્યારે પ્રોગ્રામ એ લાંબા ગાળાના ધ્યેય સિધ્ધ કરવા માટે ચાલુ કરવામાં આવે છે.

**3] કાર્યકરો :-**

સંસ્થાના વિકાસ માટે યોગ્ય કાર્યકરોની નિમણૂક કરવી એ આવશ્યક છે. જ્યારે સંસ્થામાં નવા કાર્યકરો આવે છે ત્યારે તેમણે ત્યાના કાર્યકરોમા કામમાં મદદરૂપ થવાનું કાર્ય કરવાનું હોય છે.

**4] ઔપચારિક માળખું :-**

સંસ્થાના નીતિનિયમો, ધોરણો ભૂમિકાઓ, મૂલ્યો વગેરે બાબતોનો સમાવેશ ઔપચારિક માળખામાં કરવામાં આવે છે. દરેક સંસ્થાએ પોતાના કાર્યકર માટે ચોક્કસ નીતિ નિયમોનું માળખું ઉભુ કરવું જોઇએ ભૂમિકામાં કો-ઓર્ડિનેટર તરીકે અને પ્રોગામ આફીસર તરીકેનો સમાવેશ થાય છે.


**5] ઔપચારિક સંસ્કાર / સંસ્કૃતિ :-**

કોઇપણ સંસ્થઆની સંસ્કૃતિ એટલે સંસ્થામાં કાર્ય કરતાં કાર્યકરની વિચારધારા અને વિવિધ જવાબદારીનો સમાવેશ થાય છે. સંસ્થામાં દરેકની આગવી સંસ્કૃતિ હોય છે. સંસ્થામાં કાર્ય કરતી વખતે સંસ્થાની વિચારધારા પ્રમાણેજ કાર્ય કરવાનું હોય છે.

### 6] નેતૃત્વ :-

નેતૃત્વ દરેક જગ્યાએ જોવા મળે છે. (લોકશાહી, આપખુદશાસન, સરમુખત્યાર શાહી) વગેરે. એક સારા નેતૃત્વનિ સાથે જ સંસ્થા વિકાસ સાધી શકે છે.

◆ **સંસ્થાનું માળખુ :-**




**1. રાજકિય અને સામાજિક સંદર્ભ ઉદ્‌ભવ :-**

કોઇ સમસ્યા જાણીને તેના દ્વારા કે તેના અંતર્ગત કાર્યો થતા હોય.

દા.ત. કુપોષણનો અભ્યાસ કરી વિવિધ કાર્યો કરવા

**2. નેતાઓનો ભૂતકાળનો અનૂભવ :-**

અનુભવ આધારિત વ્યક્તિ નેતાના જીવનમાં બનેલ ઘટના મુજબ કાર્યો કરવા પ્રેરાય છે.

**3. દૃષ્ટિ :-**

લાંબા ગાળાની દૃષ્ટિમાં સમાજ જોઇએ તે અનુસાર દૃષ્ટિને ધ્યાનમાં રાખી કામ કરવા માટે પ્રેરણા પૂરી પાડવામાં આવે છે.

**4. લક્ષ્ય અને વ્યૂહરચના :-**

લક્ષ્ય વગરનું કોઅ પણ કાર્ય નકામું શાબિત થાય છે. તેથી યોગ્ય લક્ષ્ય આધારિત વ્યૂહ રચના ઘડીને કાર્ય કરવામાં આવે છે.

**5. યોજના :-**

યોજના બનાવવા માટે વિવિધ તાલિમ આપવી પડે છે. અને સફળતા પૂર્વક કાર્યો કરવા માટે ચોક્કસ યોજનાઓ રજૂ કરવી પડે છે.

## 3.5 સંસ્થાના નાણાકીય સાધનો

સંસ્થાને કાર્યશ્ત કરવા માટે ચોક્કસ પ્રકારનું ફંડ કે માણાકીય જોગવાઇ આવશ્યક છે. અલગ-અલગ નાણાકીય સ્ત્રોત ઉભા કરી ફંડ એકઠું કરવામાં આવે છે.

**(1) સ્થાનિક ફાળો / સ્ત્રોત :-**

- ગામના લોકોનું પોતાનું જ અનુદાન હોય છે.
- ગામના લોકોએ ફાળઓ આપ્યો હોય કો તેમનો માલિકીભાવ હોતો હોય છે.
- લોકલ રીર્સાસીસનો ઉપયોગ જ્યારે થાય છે. ત્યારે અપેષણાની ભાવનૈ વધતી હોય છે.

◆ **નકારાત્મક પાસું :-**

- સ્થાનિક ફંડ ટૂંકાગાળનું હોય છે.
- સ્થાનિક ફંડ કાયમિ નથી હોતા, છૂટક છૂટક હોય છે.
- ગામમાં જ લોકો જ્યારે પૈસા આપતા હોય છે ત્યારે તેઓ સેવાની ભાવનાની સાથે સાથે પ્રતિષ્ઠા માટે આપે છે.
- સ્થાનિક ફંડમાં રાજકારણ ખૂબજ હોય છે.

**(2) દાન અને સખાવતી સંસ્થાઓ તરફથી મળતું ફંડ :-**

- દાન હંમેશા ધાર્મિક રીતે પ્રેરાતું હોય છે. જ્ઞાતિ, ધર્મ પ્રમાણે દાન થાય છે અને દાન કરવા માટેના પૂર્વગ્રહ જાવા મળે છે.
- આ પ્રકારની સંસ્થા જે કામ કરે છે. અમુક સંસ્થા વૈજ્ઞાનિક રીતે મદદ કરે છે.
- જ્યારે દાન આપવામાં આવે છે ત્યારે સંસ્થાઓને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

◆ **દાન આપનાર સંસ્થાઓની મર્યાદા :-**

- એક વાર પૈસા આપ્યા હોય બીજી થાર એ સંસ્થા પાસે પૈસા ન હોય તો આદર્યું કામ પૂર્વ થતું નથી.
- સંસ્થાઓ કયારેક પ્રતિષ્ઠા માટે દાન કરે છે.
- સંસ્થાઓને હેતુ ખબર હોતુ નથી એમજ Funding કરે છે.

**(3) પરદેશી સહાય :-**

પરદેશી / વિદેશી સહાય મેળવવી હોય તો સંસ્થાનું FCRA Act હેઠળ રજીસ્ટ્રેશન થયેલું હોવું જોઇએ. પરદેશી સહાય જરૂરીયાત આધારિત હોય છે. અને લાંબા ગાળાનું હોય છે.

- અસરકારક કામ થાય તેના માટે પરદેશી સહાય મળે છે.
- પરદેશી સહાય વર્ષો વર્ષ સુધી સહાય વધારે છે.
- પરદેશી સહાય આપીને એ છુટી જતા નથી.
- સામાજિક અન્યાસ સામો આ ફંડ કાર્ય કરે છે.

- **નફારાત્મક પાસું :-**

  - સામાન્ય રીતે સમાજ અને સરકારના લોકો એવું કહે છે કે આ સંસ્થાઓ બહું પૈસા વાપરે છે. જેથી સમુદાયના લોકો અવિશ્વાસ કરે છે.

  - પરદેશી સહાય આપનાર લોકોના છૂપા એજન્ડા હોય છે.

  - આથી અવિશ્વાસ જાગે છે. સારૂ કામ હોવા છતા અવિશ્વાસ ઉભો થતો હોય છે.

**(4) સરકારી અનુદાન**

સરકાર સીધી રીતે સહાય આપે તેવી યોજના ઉ.દા. વિધવા સહાય યોજના, ઈન્દિરા આવાસ યોજના,મનરેગા, ICDS, અક્ષયપાટા વગેરે દ્વારા સરકારી સંસ્થાઓને અનુદાન આપે છે અને મદદ કરે છે.

- સામાજીક કાર્યકર્તા માટે સર્વિસ ડીલીવરી શબ્દ વપરાય છે. જેનો અર્થ થાય છે કે સેવાઓને વિવિધ જગ્યાએ પહોંચાડવી, કુટુંબ સલાહ સેવાઓ, child line વગેરે જેવા પ્રોજેકટમાં સરકાર નાણા આપે છે અને સંસ્થાઓના માધ્યમથી સેવાઓમાં પહોંચાડવામાં આવે છે. આવા નાણા 1-1 વર્ષ મળે છે. એક સાથે નાણા આપવામાં આવતા નથી.

- **મર્યાદાઓ :- નકારાત્મક પાસું :-**

  - સરકારી અનુદાન મેળવવાની પ્રક્રિયા ખૂબજ અઘરી અને જટિલ હોય છે.

  - સરકારી પ્રોજેકટમાં કોઇ કમિટમેન્ટ હોતુ નથી. સરકાર ગમે ત્યારે બદલાય છે.

  - સરકારી ફંડ કયારેક બહુંજ મોટું કરે છે.

  - કયાકેક સંસ્થાઓને પણ વિશ્વાસ હોતો નથી કે સરકાર નાણા આપશે કે કેમ ? આથી કામ સારૂ થઇ શકતું નથી.

**(5) Corporate Social Responsibility (CSR) :-**

કંપની પોતેજ પોતાના ટ્રસ્ટ બનાવે છે. CSR એટલે કોઈપણ કંપની જ્યારે કામ કરે છે જે વિસ્તારમાં કામ કરે છે. સ્થાનિક લોકો અને સ્થાનિક સંશોધન ઉપયોગ કરે છે. આજુ બાજુના વિસ્તારને પ્રદુશિત કરે છે. આથી. સરકારની એવી પોલિસી છે કે કોર્પોરેટ તેની આજુબાજુની કમ્યુનીટી અને ત્યાના લોકો માટે પોતાનું કામાણીના 2% હિસ્સો ફરજીયાત પણે સમાજમાં આપવાનો રહેશે.

- CSR જ્યારે સમાજ માટે જે નાણા આપે છે તે સંસ્થાને નથી આપતા પણ પોતેજ પોતાના ટ્રસ્ટ રજૂસ્ટર્ડ કરે છે.

**(6) Public Private Partnership :-**

આમાં ફકત નાણાકીય જ નહી સાથે સાથે technical partnership પણ જરૂરી હોય છે.

ઉ.દા.અમદાવાદમાં દરેક બગીચા પાસે અમૂલ પાર્લર છે. અમૂલ કોલાબ્રેશન કર્યું છે. પાર્ટનરશીપ કરી છે. સમાજને સેવા આપવા માટેનું વ્યવસ્થા તંત્ર ગોઠવ્યુ છે. પબ્લીક, પ્રાઇવેટ પાર્ટનરશીપ સરકાર આના માટે સૌથી પહેલી વિચારે છે.

- 3P મોર્ડલમાં રીસ્ક ફેકટર રહેલું છે. જ્યારે કોઇ પણ કામ કરતા હોઇએ ત્યારે સરકાર એમાં પાર્ટનર હોય છે. બન્નેનો અડધો હિસ્સો હોય છે.

**(7) નાણાકીય રેકોર્ડ :-**

Bill book.
વાઉચર book.
Computer માં telly records.

## 3.6 સંસ્થા વ્યવસ્થાપનનો અર્થ, ખ્યાલ અને તેના કાર્યો

**અર્થ :-**

વ્યવસ્થાપન એ ધ્યેય, હેતુ, નક્કિ કરવાનું કાર્ય કરે છે. વહીવટ એ નક્કિ કરેલ ધ્યેય / હેતુને પાર પાડવાનું અમલીકરણ કરવાનું કામ કરે છે.

**(1) આયોજન :-**

આયોજન તમામ ક્ષેત્રોમાં (કુટુંબ, સંસ્થા...) વગેરે માં હોય છે. અને તમામ સ્તરે થતુ હોય છે. આયોજનમાં હેતુ નક્કિ કરવા એ સૌથી પ્રથમ અને મહત્વનું છે. પછી જે તે જરૂરીયાત અને સમસ્યાને જાણવી પછી હક્કિકતો / માહિતી એકત્રીત કરવી પડે છે. એકત્રીત માહિતીનું વિશ્લેષણ કરવું એ પણ મહત્તવનું છે. અને ત્યારબાદ તેનું આયોજન કરવામાં આવે છે. આયોજન બાદ કાર્ય કેવી રીતે કશું ત્યારબાદ આયોજનનો અમલીકરણ બાદ મૂલ્યાંકન કરવામાં આવે છે. આમ, આયોજનમાં હોય તે બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. સારૂ આયોજન હોય તો તેનું પરિણામ સારુ મળતું હોય છે. તે કેટલાંક સિધ્ધાંતો પર કાર્ય કરે છે.

**આયોજનના સિધ્ધાંતો :-**

(i) આયોજન એ સતત ચાલતી પ્રક્રિયા છે પરંતું બદલાતી પ્રણાલી અનુસાર તેમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે છે.

(ii) આયોજન ઉપરથી આવવું જોઇએ નહુ પણ તમામ સ્તરે થવું જોઇએ. અને તમામ લોકોની સાથે રહીને થવું જોઇએ. ચોક્કસ પ્રતિનીધી નિમણૂક કરેલા હોવા જોઇએ.

(iii) આયોજનાની પ્રક્રિયામાં બધાની ભાગીદારી હોવી જરૂરી છે.

(iv) આયોજનના હેતુઓ સ્પષ્ટ રીતે નક્કિ કરવા જોઇએ. ચોક્કસ હેતુ / કામનું આયોજન નક્કિ કરવાથી જે-તે સારૂ કાર્ય કરી શકાય.

(v) હકીકતોને આધારે આયોજન હોવું જોઇએ.

(vi) આયોજન લોકોની જરૂરીયાતના સંદર્ભમાં થવું જોઇએ. જરૂરીયાત જાધારિત આયોજન ન હોય તો કાર્ય નિષ્ફળ જાય છે.

(vii) આયોજન (Planning)એ પાંચ P પર આધારિત છે.

Purpose - હેતુ

Policy - નીતિ

Program - કાર્યક્રમ

Procedure - કાર્ય પ્રક્રિયા

Planning - આયોજન

આયોજન એ બહુંજ કુનહે અને માનસિક કસરત માંગી લેતી પ્રક્રિયા છે. આયોજનક્તાએ સૌપ્રથમ પોતાની કુશળતાની તપાસ કરી લેવી જોઇએ.

**(2) સંગઠન (Organization)**

સંગઠનમાં મુખ્ય બે બાબતોમાંજ બધીજ બાબતોનો સમાવેશ થઇ છે. સંગઠનમાંએક માળખા બધ્ધ હોવું એ મુખ્ય છે અને ત્યારબાદ બીજી બાબતમાં તેના કાર્યોનો સમાવેશ થાય છે. સંગઠનમાં માળખાની રચનાની નીચે મુજબ છે.

ટ્રસ્ટીઓ

કારોબારી મંડળ

પેટા સમિતિ (જરૂરીયાત મુજબ)

નાણા સમિતિ | કર્મચારી સમિતિ | મૂલ્યાંકન સમિતિ

સંચાલક

વહીવટ કર્તા

◆ **સંગઠનન સિધ્ધાંતો :-**

1. સંગઠનનું સ્વરૂપ એવું હોય છે કે જે સમાજન સમસ્યાઓનું સામાધાન શોધી શકે.
2. સંગઠન બનાવતી વખતે ઉપલબ્ધ સંશોધનોને ધ્યાનમાં રાખવા જોઇએ.
3. સંગઠન એવું હોય કે જેમાં વધુમાં વધુ લોકોનો સહયોગ મળી શકે.
4. સંગઠન એવું હોવું જોઇએ જેમાં અમલદાર શાહીના પ્રશ્નો ના હોવા જોઇએ.
5. સંગઠન વધુ જટિલ નહિ પરંતુ લચીલું હોવું જોઇએ.
6. સંગઠન માળખુ નક્કિ કરતી વખતે કાર્યક્ષેત્ર બરાબર નક્કિ કરવું જોઇએ.

**(3) કર્મચારી વ્યવસ્થા (Staffing) :-**

સંસ્થાનો મુખ્ય આધાર ક્રમચારી વ્યવસ્થા પર રહેલો છે. તેઓની લાયકાત આવડત, અનુભવ વગેરે બાબતોને ભરતી સમયે ધ્યાનમાં રાખવી પડે છે. ભરતી યોગ્ય નિયમો, પ્રક્રિયા,સમયગાળો વગેરે નક્કિ કરવામાં આવે છે. ભરતી કર્યા બાદ કર્મચારીઓને તાલીમ આપ્યા બાદ તેની ભૂમિકા અને જવાબદારી શું હશે તેનાથી તેને માહિતગાર કરવાં પડે છે. જ્યારે તે કાર્ય કરે છે. તેનું મૂલ્યાંકન સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

**(4) દોરવણી / નિર્દેશન (Direction) :-**

ડિરેકટર, પ્રોગ્રામ ઓફીસર વગેરે દોરવણી આપવાનું કાર્ય કરે છે. જે કામનાં સંબંધમાં નિષ્ણાંત હોય માનવ સંબધોને ધ્યાનમાં રાખી કાર્ય કરી શકે તેવા હોય, તેવા લોકો દોરવણી આપવાનું

કામ કરે છે. સંચાલકે ઉપરના સ્તરનાં અને નીચેનાં સ્તરના દરેક લોકોને દોરવણી આપવાનું કામ કરવાનું હોય છે.

## 3.7 સંસ્થા કારોબારીના કાર્યો અને ભૂમિકા

ટ્રસ્ટીઓ, રોજબરોજનો વહીવટ તપાસતા નવી સંસ્થા માટેની નીતિ ઘડવી, કાયદા બનાવવા તેમજ સંસ્થામાં થયેલ ઉચાપત અંગેના નિર્ણય લેવાનું કાર્ય કારોબારી કરે છે. કારોબારીમાં માત્ર ટ્રસ્ટીઓજ નહી પરંતું સમાજના પ્રતિનિધિ હોય છે. કારણ કે તે સમાજનું પ્રતિબિંબ પાટે છે.

ઉ.દા. દાહોદની સંસ્થામાં દાહોદના પ્રતિનિધિ હોવા જરૂરી છે.

કારોબારી બે પ્રકારના સંભ્યો હોય છે.

1. ટ્રસ્ટી મંડળના સભ્યો 2. સમાજના પ્રતિનિધિ.

- કારોબારીએ સંસ્થાને લગતા કાયદા ઘડવાનું કાર્ય કરે છે અને કે ન્યાયાધીશ તંત્ર પણ છે. કર્મચારીની ભરતી, બઢતી કે છૂટા કરવા અંગેના કાયદા ઘડે છે.
- કારોબારીનું કાર્ય સંસ્થાના અધ્યક્ષ વરીષ્ઠ વ્યક્તિઓની નિમણૂક કરવાનું છે.
- નાણાકીય સંસાધનો મેળવવા તેમજ સમુદાયનો સહયોગ મેળવવાનું કાર્ય કારોબારી છે.
- કારોબારીએ સંસ્થાના કાર્યોની પ્રગતિ અને નિરંતરતાની ખાત્રી આપવાનું કાર્ય કરે છે.
- સંસ્થાના કાર્યકરોની કામગીરી અને તેમના અહેવાલના સંદર્ભમાં દેખરેખ અને અદાનપ્રદાન કરી તેઓને મદદ કરવી.
- સંસ્થાના કાર્યકરોતી બઢલી, ભરતી અને પ્રગતિ માટેના નિયમો નક્કિ કરવાનું કાર્ય કરે છે.

સંચાલક કારોબારીના અધ્યક્ષ / પ્રમુખના સ્થાને હોય છે. તેનું કાર્ય નેતૃત્વ પુરૂ પાઠવાનું છે. સંચાલક કારોબારીના ધ્યેય, પ્રક્રિયા કાર્યો, નીતિ ઘડતર માટેની બાબતોની જાણકારી સભ્યોને આપે છે. સંસ્થાના તમામ કાર્યોનું નિરીક્ષણ, સંચાલક કરે છે અને સંસ્થાના કર્મચારીઓને કાર્યો માટેની સત્તા આપે છે. તેની જાણ સંચાલક કારોબારીના સભ્યોને કરે છે.

## 3.8 સંસ્થા વ્યવસ્થાથનની પધ્ધતિઓ

### 1) આપખુદશાહી :-

રાજાશાહી જેવી શાશન વ્યવસ્થા ઘણી સંસ્થાઓમાં જોવા મળે છે. જેમાં કાર્યકરોની કોઇ વાત સાંભળવામાં આવતી નથી અને જે ઇચ્છા હોય તે મુજબ જ કાર્ય કરે છે. સામાન્યરીતે આપણે લોકશાહી પ્રક્રિયામાં માનનારા હોવાથી સંસ્થામાં લોકશાહી શાશન વ્યવસ્થા હોવી જોઇએ. આપખુદશાહી શાસન વ્યવસ્થા ન હોવી જોઇએ. સંસ્થા લોકો માટે, લોકોના ન્યાય માટે કાર્ય કરે છે.

### 2) અમલદારશાહી :-

આ શાશન વ્યવસ્થામાં સરકારી તંત્ર એ મહત્ત્વની બાબત છે. અહીં કોટીક્રમિકતાવાળું માળખું જોવા મળે છે. કોઇ ઉચ્ચવર્ગ પણ છે. અને કોઇ નિમ્ન વર્ગ પણ છે. અહી દરેકની કામગીરી નિશ્ચિત થયેલી હોય છે. અમલદાર શાટીમાં સત્તા પ્રમાણે અધિકારો પ્રાપ્ત થાય છે. અમલદાર શાહીવાળું માળખું સારી સંસ્થામાં ઉપયોગી બનતું નથી.

**3) લોકશાહી શાશન વ્યવસ્થા :-**

આ શાશન વ્યવસ્થાને સામાજિક ઓળખવવામાં આવે છે. જેમાં બધાના વિચારો, વિચારસણી, મંતવ્યો જાણીનેજ બધાં કામો કરવામાં આવે છે. સામાજિક ક્ષેત્રે જે સંસ્થામાં કામ કરે છે. તેમાં લોકશાહી શાશનવ્યવસ્થા જોવા મળે છે.

## 3.9 ઉપસંહાર

ઉપરોક્ત એકમમાં સામાજીક ક્ષેત્ર કાર્યકરતી વિવિધ સંસ્થાઓના વહીવટ વિશે ઉંડાણ પૂર્વક ચર્ચા કરેલ છે. સંસ્થાના વિવિધ પ્રકારો જે અલગ-અલગ નિતી-નિયમો પર કાર્ય કરીને સમાજીક ઉત્થાનનું કાર્ય કરે છે. દરેક સંસ્થાના ચોક્કસ હેતુ અને ઉદ્દેશ્યો હોય છે જેના માટે સંસ્થા કાર્ય કરે છે. તેનું વહીવટી માળખું કે જેના દ્વારા સંસ્થા કારોબારી માળખાને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. સામાજિક કાર્ય અને સમાજમાં પરીવર્તન માટેના કાર્યો કરવામાટેના વિવિધ નાણાકીય સાધનોની પણ ચર્ચા આ એકમમાં સમાવેલ છે. સંસ્થાના કારોબારી તરીકે મુખ્ય કામ અને ભૂમિકા પણ સમજાવવામાં આવી છે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

1. સંસ્થાના પ્રકારો કેટલા છે ?

   (A) ચાર (B) નવ

   (C) છ (D) પાંચ

2. સંસ્થામાં કાર્ય કરવા માટેના નાણાકીય સાધનો કેટલા છે ?

   (A) સાત (B) છ

   (C) ચાર (D) પાંચ

3. કંપનીના નફામાંથી સામાજીક કાર્ય માટે ફાળવવામાં આવતા ફંડને શું કહે છે ?

   (A) CPR (B) CSR

   (C) CSS (D) CRS

4. સંસ્થા વ્યવસ્થાપનની પદ્ધતિઓ કેટલી છે ?

   (A) ત્રણ (B) ચાર

   (C) બે (D) પાંચ

5. સરકારી યોજનાને અમલીકૃત કરીને સરકાર દ્વારા જ ચલાવવામાં આવતી સંસ્થાને શું કહે છે ?

   (A) NGO (B) VO

   (C) GO (D) PO

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) છ

2. (A) સાત

3. (B) CSR

4. (A) ત્રણ

5. (C) GO

## 3.12 ચાવીરૂપ શબ્દો

- GO - Government Organization
- CSR - Corporate Social Responsibility
- NGO - Non-Government Organization

## 3.13 સ્વાધ્યાય લેખન

**(1) સંસ્થાનો અર્થ સ્પષ્ટ કરી તેના વિવિધ પ્રકારો અને તેની લાક્ષણિકતા સ્પષ્ટ કરો ?**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

**(2) સંસ્થા કારોબારી ના કાર્યો અને ભૂમિકા સમજાવો ?**

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 3.14 પ્રવૃતિ

1. કોઈ પણ સંસ્થાની મુલાકાત લઈને તેનું સંસ્થાકીય માળખું અને તેના નાણાકીય સાધનો જાણી તેનું કાર્યક્ષેત્રમાં પ્રવૃતિ કરવી.

## 3.15 કેસ સ્ટડી

1. સંસ્થામાં કાર્યશત પ્રોજેકટનું મૂલ્યાંકન કરી તેનું અહેવાલ લેખન કરવું.

## 3.16 સંદર્ભગ્રંથ


(1) ડૉ. કમલા યાદવ, ''આધુનિક સમાજકાર્ય અને ગૈર સરકારી સંગઠન'', ડી.એન.ડી પબ્લીકેશન, જયપુર.

(2) क्रांति प्रध्युमनभाई त्रीवेदी, ''NGO ओर समाजकार्य'', सनराइज पब्लीकेशन, जयपुर

(3) Dr. (Mrs.) A.S. Sujatha, "NGO and Social Development", ALP Books, New Delhi.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-302
# સમાજ કલ્યાણ પ્રબંધ

વિભાગ

# 2

## સામાજિક નીતિ અને આયોજન


એકમ-1 સામાજિક નીતિનો પરિચય

એકમ-2 ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે મહિલાનીતિ, અને બાળનીતિ

એકમ-3 ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે યુવાનીતિ, શિક્ષણનીતિ અને આરોગ્યનીતિ

એકમ-4 સામાજિક આયોજનનો અર્થ અને ઉદ્દેશ્યો

એકમ-5 સામાજિક નીતિના સ્ત્રોત અને સાધન તરીકે આયોજન

**ISBN : 978-81-937666-7-5**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. જયસુખ ડાભી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પ્રા. મમતા કે. કથિરીયા** | સ્વામી વિવેકાનંદ પોસ્ટ ગ્રેજ્યુએટ<br>એકેડેમી, (પી.જી. સેન્ટર ઓફ સોશ્યલ વર્ક)<br>ભાવનગર. |
| **શ્રીમતી બીજલ દવે** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મહાદેવ દેસાઇ ગ્રામસેવા મહાવિદ્યાલય,<br>ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજા, ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

કોઈપણ સમાજને ટકાવવા માટે અમુક એવી નીતિઓનું ઘડતર કરવું જરૂરી છે. જેનાથી દિશા નિર્દેશન થઈ શકે. સામાજિક નીતિ સામાજિક રચનાની ખામીઓને દૂર કરે છે. ગોખલેના મત મુજબ, ‘‘સામાજિક નીતિ એક સાધન છે. જેના માધ્યમથી આકાંક્ષાઓ તથા પ્રેરણાઓ વિકાસ કરવામાં આવે છે. જેથી સમગ્રના કલ્યાણમાં વૃદ્ધિ થઈ શકે.’’ સામાજિક નીતિ દ્વારા માનવ અને ભૌતિક બંને પ્રકારના સંસાધનોમાં વૃદ્ધિ કરવામાં આવે છે. જેનાથી પૂર્ણ સેવાની સ્થિઈત ઉત્પન્ન થાય છે તથા ગરીબાઈ દૂર થાય છે.

ભારતમાં સામાજિક નીતિનો ઉદ્ભવ ભારતીય સંવિધાન તથા પંચવર્ષીય યોજનાઓના માધ્યમથી થયો છે. બંધારણના અનુચ્છેદ ૩૮, ૩૯, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૩, ૪૫, ૪૬ તથા ૪૭માં નીતિ સંબંધી મહત્ત્વની જોગવાઈ કરવામાં આવી છે. પંચવર્ષીય યોજનાઓમાં મહત્ત્વપૂર્ણ જરૂરિયાતોની પૂર્તતા, ગરીબી નાબૂદી, રોજગારીની તકોમાં વૃદ્ધિ, સંપત્તિ, નાણાં તથા તકોની અસમાનતા, મિલકતના અધિકારો માનવ સંસાધનોનો વિકાસ, લોકોની મનોવૃત્તિઓ તથા સંસ્થાઓનું સ્વરૂપમાં સમાજવ્યવસ્થા મુજબનું જરૂરી પરિવર્તન, વિકાસ સંબંધી નીતિ નિર્ધારણમાં અને અમલીકરણમાં લોકભાગીદારી, નબળા વર્ગોના કલ્યાણમાં વૃદ્ધિ, વિકાસની સમાન તકો તથા વિકાસની પ્રક્રિયાથી થતાં ફાયદાઓની સમાન વિતરણવ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રસ્તુત ઘટકમાં સમાજકાર્યના ક્ષેત્રે વિવિધ વિભાગીય સામાજિક નીતિઓનું વર્ણન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૌ પ્રથમ સામાજિક નીતિનો અર્થ, જરૂરિયાત, હેતુઓ, વિશેષતાઓ વગેરે સ્પષ્ટ કર્યું છે. તે ઉપરાંત સમાજના મહત્ત્વના અંગો બાળકો, યુવાનો, મહિલાઓ માટેની રાષ્ટ્રીય નીતિઓ અને કાર્યક્રમો તેમજ કાયદાકીય જોગવાઈઓનું ચિત્રણ કર્યું છે.

આ ઘટકની રચનાનો ઉદ્દેશ સમાજકાર્યના વિદ્યાર્થીઓ તથા જિજ્ઞાસુઓને સામાજિક નીતિઓ અને સામાજિક આયોજન સંબંધિત સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો છે. જેથી તેમણે આમ તેમ ભટકવું ન પડે. આશા રાખીએ કે, સમાજકાર્યના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે લાભપ્રદ રહેશે.

## ઘટકના હેતુઓ :

આ ઘટકની રચનાનો ઉદ્દેશ સમાજકાર્યના વિદ્યાર્થીઓને તથા જિજ્ઞાસુઓને સામાજિક નીતિઓ અને સામાજિક આયોજન સંબંધિત સામગ્રી ઉપલબ્ધ કરાવવાનો છે. જેથી તેમણે આમ તેમ ભટકવું ન પડે. આશા રાખીએ કે, સમાજકાર્યના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે લાભપ્રદ રહેશે.

# એકમ–1 સામાજિક નીતિનો આયોજન

## : એકમનું માળખું :

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સામાજિક નીતિનો ખ્યાલ**

**1.3 સામાજિક નીતિનો અર્થ/વ્યાખ્યાઓ**

**1.4 સામાજિક નીતિના હેતુઓ**

**1.5 સામાજિક નીતિની જરૂરિયાત**

**1.6 સામાજિક નીતિની વિશેષતાઓ/લાક્ષણિકતાઓ**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસાના જનાબો**

**1.10 પ્રવૃતિ**

**1.11 કેસ સ્ટડી**

**1.12 સંદર્ભગ્રંથ**

## 1.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ જાણી શકશે કે,

1) સામાજિક નિતિની વિભાવના અને ખ્યાલ.

2) સામાજીક નીતિની હેતુઓ.

3) સામાજીક નીતિની જરૂરીયાત અને વિશેષતાઓ / લક્ષણિકતાઓ.

## 1.1 પ્રસ્તાવના

આજકાલ મોટાભાગના કાર્યો વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સંપન્ન કરવામાં આવે છે, જેમાં પ્રત્યેક તથ્યને તાર્કિક આધાર પર જોવામાં આવે છે. આજ પ્રકારે નીતિ નિર્માણ કાર્યના પણ અનેક ચરણ અથવા પગથિયાં છે. વૈજ્ઞાનિક, કૃષિ કે ઔદ્યોગિક નીતિ.

સર્વપ્રથમ નીતિ, નિમાર્ણ હેતુ એક ઉચ્ચ સ્તરીય સમિતિનું ગઠન કરવામાં આવે છે. કોઈપણ ક્ષેત્રથી સંબંધિત નીતિના નિમાર્ણની જરૂરિયાતો કે સમસ્યાઓનું સમગ્રપણે મૂલ્યાંકન કરવામાં આવે છે. જેના નિવારણ માટે નીતિ બનાવવી પડે છે. સામાજિક નીતિ બનાવતા પહેલા પણ સામાજિક સંરચના ઐતિહાસિક તથા વર્તમાન સામાજિક પરિસ્થિતિનું વ્યાપક વિશ્લેષણ કરવું જરૂરી છે. આ વિશ્લેષણમાં એ પણ જોવામાં આવે છે કે, સામાજિક નીતિની જરૂરિયાત શા માટે થઈ ? સ્પષ્ટ છે કે, સામાજિક નીતિની જરૂરિયાત ગરીબ, અસહાય તથા નબળા વર્ગોના કલ્યાણ, તેમના વિકાસ તથા સામાજિક ન્યાય અને સમાનતાની સ્થાપના હેતુ છે. આ ક્રમમાં જાતિ, ધર્મ, વર્ગ, સંપ્રદાય, લિંગ, ઉંમર, અહ્મ, વિશ્વાસ તથા સામાજિક સંસ્થાઓથી સંબંધિત જરૂરી તથ્ય એકત્ર કરવામાં આવે છે. નબળા તથા દલિત લોકોની સંખ્યા, વસ્તીની સ્થિઈત ભૌગોલિક પરિસ્થિતિ, ઉપલબ્ધ સંસાધનો, પ્રવર્તમાન કાયદા તથા લોક ઈચ્છાઓના ગહન અભ્યાસને સંવૈધાનિક જોગવાઈ અનુરૂપ એક સામાજિક નીતિનું સ્વરૂપ તૈયાર કરવામાં આવે છે. તૈયાર કરવામાં આવેલા આ સ્વરૂપમાં જ નીતિના લક્ષ્ય તથા ઉદ્દેશ્ય નિર્ધારિત તથા સુસ્પષ્ટ કરવામાં આવે છે. આ લક્ષ્ય તથા ઉદ્દેશ્ય જ સામાજિક નીતિનો આત્મા કહેવાય છે. એક ચોક્કસ સમયમાં પ્રાપ્ત કરવાના લક્ષ્યોની પ્રાપ્તી માટે સાર્થક વ્યૂહરચનાનું પ્રારંભિક સ્વરૂપ

પણ રજૂ કરવામાં આવે છે. આ લક્ષ્ય, ઉદ્દેશ્ય તથા તેની પ્રાપ્તિ માટે નિર્ધારિત રણનીતિ જ પ્રસંશકો માટે માર્ગદર્શકનું કામ કરે છે. આ પ્રકારની નીતિના સ્વરૂપ નિરૂપણમાં પ્રસંશકો, વિષય નિષ્ણાંત, યોજના, સલાહકાર, રાજનેતાઓ, બુદ્ધિજીવીઓ સાથે ચર્ચા વિચારણા કે પરામર્શ કરવામાં આવે છે. નીતિના સ્વરૂપ તથા નિર્ધારિત લક્ષ્યો અને દર્શાવેલ વ્યૂહરચના પર સાર્થક ચર્ચા પણ થાય છે. પ્રાપ્ત સમસ્યા અને સુઝાવોના આધાર પર આ કાર્ય માટે રચાયેલી સમિતિ નીતિના સ્વરૂપ માટે સંશોધન કરે છે.

સામાજિક નીતિ આમ તો બહુ વિશાળ સમાજ તથા જટિલ સંરચનાથી સમબદ્ધ હોય છે. એટલે કે તેના નિર્માણમાં સમાજ સેવી સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, સમાજશાસ્ત્રીઓ, પ્રેસ તથા સામાન્ય જનતા પાસેથી પ્રશ્નો સહયોગ લેવામાં આવે છે. સામાજિક નીતિનું સ્વરૂપ વ્યાપક ચર્ચા તથા સંશોધનોમાંથી પસાર થઈ ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા સરકારને રજૂ કરવામાં આવે છે. કેન્દ્રીય મંત્રીમંડળ તથા સંસદની મંજૂરી બાદ રાષ્ટ્રીય સામાજિક નીતિ લાગુ કરવામાં આવે છે. આમ, સામાજિક નીતિ નિર્માણ પામે છે.

## 1.2 સામાજિક નીતિનો ખ્યાલ

વર્તમાન લોકકલ્યાણકારી શાસનવ્યવસ્થાઓનું સંચાલન સંવિધાનમાં સમાવિષ્ટ નીતિઓ અને વિધિઓના માધ્યમથી થાય છે. નીતિ કોઇ વિષય વિશેષના ભવિષ્ય અને વર્તમાનના મધ્ય સમુચિત દષ્ટિકોણને સ્વીકારી નિર્ણય તથા કાર્યક્રમ નિર્ધારિત કરવાની પ્રક્રિયા છે.

નીતિના નિર્માણ દ્વારા લક્ષ્ય તથા ઉદ્દેશ્યોને સ્પષ્ટ કરી શકાય છે તથા તેના આધારે યોગ્ય કાર્ય યોજના બનાવી શકાય છે. નીતિના અભાવમાં સંસાધનોનો દૂર ઉપયોગ થાય છે અને સામાજિક-આર્થિક સમસ્યાઓ પણ ઊભી થાય છે. સ્વતંત્રતા બાદ સ્વીકારવામાં આવેલું આપણું સંવિધાન, નીતિઓનું મુખ્ય સ્ત્રોત છે. પંચવર્ષીય યોજના પણ નીતિ પર આધારિત છે.

આઝાદી મેળવ્યા બાદ પંચવર્ષિય યોજનાઓ ઘડવામાં આવી હતી. પ્રથમ પંચવર્ષીય યોજનાને અંતે સમજાયુ કે, આર્થિક વિકાસની સાથે સાથે સામાજિક વિકાસ પણ એટલોજ જરૂરી છે. અને આ સામાજિક વિકાસ બાબતે પણ પૂરતું ધ્યાન આપવું જરૂરી છે અને આ સામાજિક વિકાસ માટે સામાજિક નીતીનું નિર્ધારણ કરવાની આવશ્યકતા છે. આ સામાજિક નીતિ શું છે ? પૉ. ગોરે જણાવે છે તેમ, “સામાજિક નીતિ એક એવી, નીતિ છે જે સમુદાયના જીવનનાં “સામાજિક” પાસાંઓ સાથે નિસ્બત ધરાવે છે.”

વધુમાં પ્રો.ગોરે ઉમેરે છે કે સામાજિક નીતિને આરોગ્ય, શિક્ષણ, રહેઠાણ, પુનઃ સ્થાપન, સમાજકલ્યાણ તથા પછાત અને નબળા વર્ગોના કલ્યાણનાં કાર્યક્રમો અને સેવાઓ સાથે નિસ્બત છે. કોઇપણ દેશની જો સામાજિક નીતિ શું છે તે જણાવું અને સમજવું હોય તો તે દેશની રાષ્ટ્રીય આવકની વહેંચણી અંગેનાં માપદંડ, સામાજિક વીમો, સામાજિક સહાયતા, ઔદ્યોગિક નીતિ ઓદ્યોગિક કાયદાઓ, લગ્ન અને છૂટા છેડા જેવા સામાજિક કાયદાઓ અને બાળકો મહિલાઓ તથા પછાત વર્ગો માટેના કાર્યક્રમોને જોવાથી ખ્યાલ આવે છે.

પ્રો.ગોરે દ્વારા જણાવવામાં આવ્યું છે કે સામાજિક નિતિને નીચેની ત્રણ બાબતો સાથે સંબંધ છે.

1) માનવની સ્વતંત્રતા અને નાગરિક અધિકારો

2) સમાન તક અને સમાનતા

3) માનવ કલ્યાણ

આ ત્રણેયનાં ઉદાહરણો જોઇએ તો માનવની સ્વતંત્રતા સંદર્ભમાં આપણા દેશમાં દરેક વ્યક્તિને પોતે આપણા દેશમાં દરેક વ્યક્તિને પોતે જે ધર્મમાં વિશ્વાસ ધરાવતો હોય તે ધર્મ પાળવાની સ્વતંત્રતા છે નાગરીક અધિકારોમાં જોઇએ તો નર્મદા જેવા બંધને કારણે વિસ્થાપિત થયેલા લોકો માટે જોઇએ તો પછાત વર્ગો મહિલાઓ માટે અનામત નીતિ ઘડવામાં આવી છે. માનવ કલ્યાણના સંદર્ભમાં જોઅએ તો કોઇ પણ કુદરત સર્જિત કે માનવસર્જિત આપતિમાં ભોગ બનેલા લોકોને સહાય માટેની સરકારની નિતિ નિર્ધારિત હોય છે. આપણા દેશના સંદર્ભમાં વસ્તીનીતિ, આરોગ્યની નીતિ, શિક્ષણની નીતિ, બાળમજૂરી અંગેની નીતિ, અનામત નીતિ, પુનઃ સ્થાપનની નીતિ, અનામત નિતિ, સામાજિક

સલામતીની નીતિ, સ્ત્રી-પુરુષ સમાનતાની નીતિ, વગેરે સામાજિક નીતિનાં ઉદાહરણો છે. આવી કોઈ પણ નીતિનાં ઉદાહરણો છે. આવી કોઅ પણ નિતિનાં મૂળમાં ચોક્કસ લક્ષ્ય હોય છે અને આ લક્ષ્યનો આધાર / સ્ત્રોત ત્રણ બાબતોમાં જોવા મળે છે.

1) સમાજની એવી વાસ્તવિકતાઓ જે વર્તમાન સ્થિતિમા માનવ અધિકારના સંદર્ભમાં અપ્રસ્તુત ભાગે છે દા.ત. ગામમાં કે રહેઠાણથી નજીકમાં આરોગ્ય સુવિધાઓના અભાવને કારણે સુવાવડ દરમ્યાન બાળક અથવા માતાનાં થતા મૃત્યું

2) વૈશ્વિક સ્તરે માનવ અધિકારો સામાજિક મુદાઓ / પ્રશ્નો અંગે થતાં આંતરરાષ્ટ્રિય સંમેલનો, જેવા કે મહિલા સંમેલનો, બાળ અધિકારો માટેની પરિષધે, વંશિય અસમાનતાના મુદે થતાં સંમેલનો વગેરે દા.ત. બાળ અધિકારો માટે યુનાઈટેડ નેશન દ્વારા ખતપત્ર બહાર પાડવામાં આવ્યું તેના કરાર પર દુનિયાનાં અનેક દેશોએ સહી કરી જેને પરિણામે આ દેશોને બાળ અધિકારના સંદર્ભમાં નીતિ ઘડવાની ફરજ પડી.

3) સમાજમાં થતાં પરિવર્તનોમાંથી સર્જાતિ સ્થિતી, દા.ત. શહેરોમાં મોલ બનવાને કારણે નાના વેપારીઓ પર થતી અસરો અને તેને માટે સરકાર નાના વેપારીઓને રક્ષણ આપવા માટે કોઈ નીતિ ઘડે તો તે સામાજિક નીતિ બને છે.

આમ, ઉપરોકત તમામ સંદર્ભમાં સરકાર દ્વારા બક્ષ્ય નક્કિ કરવામાં આવે છે. અને તેના પર જ અને તેના આધારે સામાજિક નીતિ બને છે. તેના અમલીકરણથી સમાજના નાગરિકો માનવ અધિકાર, સ્વતંત્રતા અને સમાનતાનો અહેસાસ કરે છે.

સામાજિક નીતિ એવી નીતિ છે જે સમાજની જરૂરિયાતો, જટિલતાઓ, સંરચના તથા સમસ્યા અનુરૂપ તૈયાર કરવામાં આવે છે તથા તેનું મુખ્ય લક્ષ્ય સામાજિક કલ્યાણ અને વિકાસ હોય છે. અહીં સામાજિકનો અર્થ વ્યક્તિ જૂથ અને સમુદાય વચ્ચે થતી આંતરક્રિયાના પરિપેક્ષમાં થાય છે.

રાષ્ટ્રનિર્માણનું કાર્ય સામાજિક વિકાસ અને સામાજિક નીતિ સાથે જોડાયેલું છે. પછાત દેશોમાં જયારથી યોજનાબદ્ધ પરિવર્તનની શરૂઆત થઈ ત્યારથી રાષ્ટ્રનિર્માણના કાર્યને સરકારે પોતાના હાથમાં લીધું છે. સરકારી યોજનાઓ હાથમાં લેતા પહેલા તેની નીતિ હોવી જોઈએ. નીતિનો મુખ્ય સ્ત્રોત દેશની પરંપરા, સંવિધાન અને કાયદો હોય છે. રાષ્ટ્રનિર્માણના લક્ષ્ય સંવિધાન અને કાયદો હોય છે. રાષ્ટ્રનિર્માણના લક્ષ્ય સંવિધાન નિર્ધારિત કરે છે. સામાજિક નીતિ સમાજના જરૂરિયાતોને ધ્યાનમાં રાખી બનાવવામાં આવે છે. નીતિનો સંબંધ એવા નિયમોથી છે. જેના દ્વારા સરકારના હેતુની અભિવ્યક્તિ થાય. સામાન્ય અર્થમાં સામાજિક નીતિ અંતર્ગતએ બધું આવી જાય છે, જે રાજ્ય કે કેન્દ્ર કરવા માંગે છે. સામાજિક નીતિના ઉદ્દેશ્ય રાષ્ટ્રનિમાર્ણ પર કેન્દ્રિત છે.

## 1.3 સામાજિક નીતિનો અર્થ/વ્યાખ્યાઓ

**ડૉ. એન વિશ્વનાથન**

"સામાજિક નીતિ સામાન્ય વર્ગને લાગુ પડતી પ્રક્રિયા છે. જેમાં ભેદભાવ વગર સમાજને વિકાસ તરફ લઈ જતી ક્રિયાના દર્શન થાય છે."

**મેઈક લેન્થ**

"સામાજિક નીતિઓનો સંબંધ સમાજમાં રહેલા પુરુષ અને સ્ત્રી વચ્ચેના જાળ સ્વરૂપે જોવા મળે છે. જે લોકોના હિતોને પ્રભાવિત કરે છે."

**જ્યોર્જ હેડ**

"જો આર્થિકનીતિનો સંબંધ સંપત્તિને વધારવા અને નાગરિક ઉત્પાદન વધારવા સાથે છે. તો સામાજિક નીતિનો સંબંધ આર્થિક સાધનોના વિતરણ અને નાગરિક ઉપભોક્તા સાથે છે."

**માર્શલ ડિમોક**

"નીતિનો સંબંધએ સચેત આચારસંહિતાથી છે. જે પ્રશાંસનિક નિર્ણયમાં માર્ગદર્શન આપે છે. જ્યારે આ નીતિ સમાજ વિકાસના ક્રમમાં નિર્મિત કરવામાં આવે છે. ત્યારે તે સામાજિક નીતિ કહેવાય છે. પ્રવર્તમાન સામાજિક સમસ્યાઓ સામે લડવા તથા આયોજીત સામાજિક વિકાસને મૂર્ત સ્વરૂપ આપવા

સામાજિક નીતિ એક શસ્ત્ર છે.''

**બીલ્સ**

''સામાજિક નીતિએ એવી લોક પ્રક્રિયાઓનું સામૂહિક નામ છે કે, જેના માધ્યમથી આપણે અસુરક્ષાની ભાવના દૂર કરીએ છીએ.''

**ટિટમસ**

''તે સરકાર દ્વારા જાણી જોઈને કરવામાં આવેલ એવું કાર્ય છે. જે નાગરિકોના કલ્યાણમાં વૃદ્ધિ કરે છે. અર્થાત્ સામાજિક નીતિનો પ્રમુખ ઉદ્દેશ સામાજિક વિકાસ તથા જનકલ્યાણ છે.''

## 1.4 સામાજિક નીતિના હેતુઓ

**(1) સામાજિક પરિવર્તન લાવવું**

- લોકોના જીવન ધોરણમાં સુધારો કરવો.

- સમાજમાં જોવા મળતી રૂઢિચુસ્તતા, કુરિવાજો, માન્યતાઓમાં પરિવર્તન લાવવું, લોકોની રહેણીકહેણી, રીતરિવાજો વગેરેમાં પરિવર્તન લાવવું. દા.ત. લોકોમાં રહેલી અંધશ્રદ્ધાઓ; તેને દૂર કરવા શું કરી શકાય ? લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધારવું જે સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તેમાં વધારો કરવો શિક્ષણ મળવાથી લોકો નવા વિચારોને ઝડપથી સમજી, વિચારી શકે છે; જેથી આપોઆપ પરિવર્તન આવી શકે છે.

**(2) સામાજિક સંશોધનોની પુનઃવહેંચણીમાં મદદરૂપ થવું.**

આપણાં દેશમાં આર્થિક સાધનોની પુનઃવહેંચણીમાં લોકોને મદદરૂપ થવું. અમુક લોકોને રહેવા માટે આવાસની સુવિધા નથી. રોટી, કપડા અને મકાનએ લોકોની મૂળભૂત જરૂરિયાતો છે. તેની પુનઃવહેંચણી માટે સરકારની વિવિધ યોજનાઓ કાર્યરત કરવામાં આવે છે. જે સામાજિક સંસાધનોની વહેંચણીમાં મદદરૂપ થાય છે. અમુક જ્ઞાતિઓમાં લોકો પાસે રોજગારીનું કોઈ સાધન જ નથી. દા.ત. અનુસૂચિત જાતિના લોકોને રોજગારી માટે સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવે છે, તે પણ પુનઃવહેંચણી જ છે.

**(3) લોકોના જીવનધોરણમાં સુધારો કરવો તેમજ લોકોને રક્ષણ પૂરું પાડવું**

લોકોનું જીવન અમુક પાસાંઓને આધારે ટકી રહ્યું છે. તેને વધારે વિકસિત કરવું જેથી તેના જીવનમાં તેમની જરૂરિયાતો સંતોષી શકે. જે સમાજનો અતિ પછાત વર્ગ છે .તેમની રક્ષણની જરૂરિયાતો છે. તો તેમને રક્ષણ આપવાનું કાર્ય આ નીતિ દ્વારા કરવામાં આવે છે. સમાજ સુરક્ષાનીતિ દ્વારા સમાજમાં રહેલાં, વિધવા, ત્યક્તા, વિકલાંગો, વૃદ્ધોને મદદરૂપ થાય છે. જેથી તેના જીવનધોરણમાં સુધારો આવી શકે છે.

**(4) માનવસંસાધનોનો વિકાસ કરવો.**

વ્યક્તિની જરૂરિયાત સંદર્ભે તેને હક્ક આપવો જોઈએ. વ્યક્તિ પોતાના હક્કનો ઉપયોગ કરીને પોતાનો વિકાસ કરી શકે છે. દા.ત. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત છે. તેને મેળવવા આપણે હકદાર છીએ. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ પ્રત્યેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણ મળવું જોઈએ. જેથી સરકાર દ્વારા એક નીતિના રૂપમાં અમલીકરણ કરવામાં આવ્યું, તેથી બાળકો પોતાનો વિકાસ કરી શકે.

**(5) વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારી પૂરી પાડવી.**

જે કંઈ વિકાસની પ્રક્રિયા છે. તેમાં લોકો પણ ભાગીદાર હોવા જોઈએ. માત્ર સરકાર જ નહી, લોકોમાં પોતાપણું ઊભું કરવા લોક ભાગીદારી અનિવાર્ય છે. જો લોકો સામેલ થાય, તો પોતાનું માનીને કાર્ય કરે તો નુકસાન ઓછું થાય છે. ખાસ કરીને જાહેર સ્થળો અને મિલકતોમાં લોકભાગીદારી હોય તો તેનું રક્ષણ થાય છે. લોકો જાહેર મિલકતને નુકસાન કરતા વિચારે છે. નુકસાન થતું અટકાવે છે. દા.ત. વાસ્મો પ્રોજેક્ટમાં દરેક ગામની લોકભાગીદારી રાખવામાં આવે છે. જેથી ગામ લોકો જ એ વ્યવસ્થાનું રક્ષણ કરતાં થાય.

**(6) લોકોના પ્રશ્નો ઓછાં કરવા અને માનવકલ્યાણમાં વધારો કરવો.**

સમાજની સાંપ્રત સમસ્યાઓને દૂર કરવી. જેથી માનવકલ્યાણ થાય જે તે સમાજના ઘણા પ્રશ્નો હશે. તેને જાણીને સામાજિક નીતિ બનાવવામાં આવે છે. જેથી તે સમસ્યા/પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય. દા.ત. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની કલ્યાણ નીતિ.

## 1.5 સામાજિક નીતિની જરૂરિયાત

સામાજિક નીતિની જરૂરિયાતને હજી સુધી સર્વસામાન્ય સ્વીકૃતિ પ્રાપ્ત થઈ શકી નથી. બીજા ક્ષેત્રોની નીતિઓને વાસ્તવિક હકીકતના રૂપમાં સ્વીકારવામાં આવતી રહી છે. વૈજ્ઞાનિક નીતિના વિષયમાં વર્ષ 1970માં પેટ્રોઇટ દ્વારા લખવામાં આવ્યું કે, વૈજ્ઞાનિકો સહિત રાષ્ટ્રની દરેક વ્યક્તિ માને છે કે, આપણી એક રાષ્ટ્રીય વૈજ્ઞાનિક નીતિ હોવી જોઇએ આ પ્રકારની માન્યતા સામાજિક નીતિના ક્ષેત્રમાં જોવા મળતી નથી. કેટલાંક તેની માંગ કરે છે અને કેટલાક તેનો વિરોધ કરે છે, તો કેટલા તટસ્થ વણલ દાખવે છે. આ સમયે દેશમાં શિક્ષણ નીતિ, રક્ષા નીતિ, ઉત્પાદન નીતિ, વિદેશ નીતિ, ખાદ્ય નીતિ, શ્રમ નીતિ, આયાત-નિકાસ નીતિ, વિજ્ઞાન નીતિ વગેરે પ્રકારની નીતિઓ જોવા મળે છે. આ રીતે આપણી સામાજિક નીતિ પણ હોવી જોઈએ. એ ત્યારે થઈ શકે જ્યારે સામાજિક નીતિનું ક્ષેત્ર યોગ્ય રીતે પરિભાષિત કરવામાં આવે છે. સામાજિક નીતિનું પોતાનું ઔચિત્ય અને અલગ જરૂરિયાત છે.

સામાજિક નીતિ એક પ્રકારે સમાજકાર્ય અને સેવા માટે પથપ્રદર્શકનું કામ કરી શકે છે. નીતિ સંબંધી વક્તવ્યને ધ્યાનમાં રાખી એક સમુદાય પોતાની કાર્યવાહીને એ જ રીતે નિર્દેશ કરશે. જેમ એક નાવિક હોકાયંત્રને જોઈએ કરે છે. છોડના વિકાસ માટે જે ઉપયોગિતા સૂર્ય પ્રકાશની છે તે જ ઉપયોગિતા સામાજિક ગતિવિધિના સંચાલન માટે સામાજિક નીતિની છે.

એક સર્વસામાન્ય હકીકત એ છે કે, જો આપણે કોઈ કાર્યને કુશળતાપૂર્વક સંચાલિત કરવા ઇચ્છીએ તો તે માટે નીતિ નિર્ધારિત કરવી જરૂરી છે. સામાજિક નીતિના અભાવમાં આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ કાર્યક્રમ પ્રભાવહીન બની જાય છે.

(1) સામાજિક નીતિ હોવાથી સામાજિક કાર્યોનું સંચાલન કુશળતાપૂર્વક કરી શકાય છે.

(2) સામાજિક નીતિ આપણા કાર્ય અને પૂર્વ નિર્ધારિત લક્ષ્યોને નિર્દેશિત કરે છે.

(3) સામાજિક નીતિના કારણે કરવામાં આવેલું કાર્યનું મૂલ્યાકંન થઈ શકે છે.

(4) સામાજિક નીતિના કારણે અનેક સમસ્યાઓ સામે આવશે.

(5) સામાજિક નીતિના રૂપમાં સામાજિક વિકાસના તત્કાલીન, મધ્યકાલીન અને દીર્ઘકાલીન લક્ષ્ય નિર્ધારીત કરી શકાય છે અને તેને વ્યવસ્થિત રીતે અમલી બનાવાય છે.

## 1.6 સામાજિક નીતિની વિશેષતાઓ/લાક્ષણિકતાઓ

**(1) સામાજિક નીતિ સામાજિક સંરચનાના વિકાસ માટે હોય છે.**

સામાજિક નીતિનું નિર્ધારણ કરતા પહેલાંએ નિશ્ચિત કરવામાં આવે છે કે, સમાજની સમસ્યા કંઈ છે. સમાજ શું બનવા માંગે છે ? કયું અને કેવું પરિવર્તન સમાજના લક્ષ્યોની પ્રાપ્તિમાં સહાયક બનશે. આ બધી બાબતો ધ્યાનમાં રાખી રાજ્ય કે બિનસરકારી સંસ્થા સામાજિક નીતિ નિર્ધારિત કરે છે.

**(2) નીતિમાં અનિવાર્યરૂપે એક કે તેથી વધુ વિચારધારા હોય છે.**

જ્યારે નીતિ બનાવવામાં આવે છે. તો તેના પાયામાં વિચારધારા હોય છે. કેટલીકવાર એક સમાજમાં અનેક વિચારધારા હોય છે. તેમાં દરેક વિચારધારાના પ્રભાવ માટે સ્પર્ધા પણ થાય છે. જ્યારે નીતિ બનાવવામાં આવે છે તેમાં અનેક વિચારોનો ફાળો હોય છે. દા.ત. મુસ્લિમ દેશોમાં જ્યારે સામાજિક નીતિ બનાવવામાં આવે છે, ત્યારે તેનો મુખ્ય આધાર કુરાન હોય છે. કારણ કે તે દેશ કોઇપણ સ્થિઈતમાં કુરાનની બુનિયાદી વિચારધારાનું ઉલ્લંઘન કરશે નહી. યુરોપ અને અમેરિકામાં નીતિ નિર્ધારણમાં વિચારધારા જોવાં મળે છે. આ દેશોની સામાજિક નીતિ રાષ્ટ્રીય ભાવનાઓનું ઉલ્લઘંન કરતી નથી. આથી જ શ્રી શ્યામચરણ દૂબે કહે

છે કે, રાષ્ટ્રીય નીતિ નિર્ધારણમાં વૈચારિક બાબતો સૌથી મહત્ત્વની હોય છે.

**(3) કેટલીક રાષ્ટ્રીયનીતિ નિર્ધારણમાં સંપૂર્ણ સ્વતંત્ર હોય છે.**

સામાજિક કે રાષ્ટ્રીય નીતિઓ સૈદ્ધાંતિકરૂપથી સ્વતંત્ર હોય છે. તેનો અર્થ એ થાય કે, નીતિના નિર્માણમાં કોઇપણ પ્રકારનું દબાણ નથી. પરંતુ રાષ્ટ્રીય નીતિને તેના વ્યાવહારિક સ્વરૂપમાં જોઇએ તો કહેવું પડે કે નીતિ નિર્ધારણ કેન્દ્ર સરકારના હાથમાં હોવા છતાં તેના હાથમાં નથી. આજે દુનિયાના દેશો એકબીજા પર એટલા બધા આધારિત છે કે, તેમનો પ્રભાવ નીતિ નિર્ધારણમાં રોકી શકાતો નથી. હકીકત એ છે કે, નીતિ નિર્ધારણ માટેના આપણા વિકલ્પ બહુ સીમિત બની ગયા છે. આંતરરાષ્ટ્રીય સંબંધોને કારણે આજે રાષ્ટ્રીય નીતિ રાષ્ટ્રીય હોવા છતાં આંતરરાષ્ટ્રીય નીતિથી પ્રભાવિત હોય છે. દુનિયાના પ્રભાવશાળી રાષ્ટ્રો અન્ય રાષ્ટ્રની નીતિ પર પ્રભાવ પાડે છે.

**(4) સામાજિક નીતિનો આધાર બુનિયાદી રાષ્ટ્રીય સ્થિઈત હોય છે.**

સામાજિક નીતિ ભલે આર્થિક વિકાસ માટે હોય કે સામાજિક સાંસ્કૃતિક સુધાર માટે હોય તેની નિર્ભરતા રાષ્ટ્રીય સામાજિક સ્થિઈત પર હોય છે. સમાજની જે પણ જરૂરિયાતો હોય છે, તેને ધ્યાનમાં રાખીને સામાજિક અને રાષ્ટ્રીય નીતિ બનાવવામાં આવે છે. નીતિ નિર્ધારણ પહેલા રાષ્ટ્રીય સ્થિઈત તેની અવસ્થાનું પૂર્ણ જ્ઞાન હોવું આવશ્યક છે, તેના માટે મૂલ્યાંકન જરૂરી છે. જેનાથી રાષ્ટ્રીય સમસ્યાઓને ઓળખવામાં આવે છે. આ જાણકારી જ નીતિ નિર્ધારણનો બુનિયાદી પાયો છે.

**(5) નીતિના પરિણામનો અંદાજ હોવો જરૂરી છે.**

સમસ્યાઓને અનુરૂપ જ્યારે નીતિ નિર્ધારણ હોય છે. ત્યાં સુધી એ અનુમાન આવી જવું જોઈએ કે, આ નીતિના અમલથી શું પરિણામ આવશે; જેમ કે, અનામતની નીતિનો આપણે તેનુ વ્યાવહારિક પરિણામ શું હશે તે પણ વિચારવું જોઈએ. એટલે કે નીતિને અમલમાં લાવતા પહેલા તેના સંભવિત પરિણામો વિચારવા પડે છે.

**(6) ઉપલબ્ધ સ્ત્રોતો અને લોકશક્તિનું મૂલ્યાંકન**

સામાજિક કે રાષ્ટ્રીય નીતિ કેટલાંક બુનિયાદી આધાર પર બનાવવામાં આવે છે. તેનો અર્થએ થયો કે, જ્યારે સરકાર કે બિનસરકારી સંગઠન નીતિ નિર્ધારણ કરે તો તેનું મૂલ્યાંકન પહેલા કરવું જોઈએ કે આપણી પાસે નીતિથી સંબંધિત સ્ત્રોતો કેટલા છે ? સંસાધનનું પ્રમાણ કેટલું છે. કોઈપણ નીતિ નિર્ધારણ આ પ્રાકૃતિક સંસોધનો, માનવી સંસાધનો અને આર્થિક સ્ત્રોતોના આધાર વિના ટકી શકતી નથી.

**(7) નીતિ નિર્ધારણની ગુણવત્તા પર વિકાસની સફળતા નિર્ભર હોય છે.**

કહેવાય છે કે, સામાજિક નીતિને અમલી કરવી એટલે અઘરી નથી જેટલું તેનું નિર્માણ કરવું, જ્યારે નીતિ બનાવવામાં આવે છે. ત્યારે તેનો દૃષ્ટિકોણ ઘણો વિશાળ હોય છે. જેથી નીતિમાં પર્યાપ્ત ગુણવત્તા હોવી જોઈએ અને તેનાથી આગળ નીતિ કોઈ બંધ વ્યવસ્થા નથી, જે એક વાર બની ગઈ પછી તેને બદલી ન શકાય. તે વ્યવસ્થા ખૂલ્લી હોવી જોઈએ. કારણ કે સામાજિક નીતિ સફળ પણ હોઈ શકે અને નિષ્ફળ પણ હોઈ શકે. આવી સ્થિતિમાં નીતિના નિર્ધારણમાં લવચીકતાનો ગુણ હોવો જોઇએ.

## 1.7 ઉપસંહાર

સામાજિક નીતિ સામાન્ય રીતે સરકાર દ્વારા નક્કી થાય છે. આ ઉપરાંત ઔપચારિક સંગઠનો અને અનૌપચારિક સંગઠનો વગેરે પણ પોતાના ક્રિયા કલાપો માટે નિશ્ચિત નીતિ બનાવે છે. આફ્રિકામાં રાષ્ટ્ર સરકાર પછાત નીગ્રો જાતિના વિકાસ માટે નિશ્ચિત સામાજિક નીતિનું નિર્માણ કરે છે. આપણા દેશમાં પણ જનજાતિઓ, અનુસૂચિત જાતિઓ, સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, યુવાનો અને પછાતવર્ગો માટે સરકાર નિશ્ચિત નીતિ અપનાવે છે. આ નીતિનો સ્ત્રોત આપણું સંવિધાન અને સમયે સમયે બનતી આપણી વિકાસ યોજનાઓ છે. બિનસરકારી સ્તર પણ કેટલીક સ્વયંસેવી સંસ્થા પોતાના ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે સામાજિક નીતિ સમયાંતરે બનાવતી રહી છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. "સામાજિક નીતિ સામાન્ય વર્ગને લાગુ પડતી પ્રક્રિયા છે. જેમાં ભેદભાવ વગર સમાજને વિકાસ તરફ લઇ જતી ક્રિયાના દર્શન થાય છે." આ વ્યાખ્યા કોના દ્વારા આપવામાં આવી હતી ?

    (A) ડૉ. એન વિશ્વનાથન (B) મેઈક લેન્સ

    (C) જ્યોર્જ હેડ (D) માર્શલ ડિમોક

2. સામાજિક પરિવર્તન લાવવું એ સામાજિક નીતિનું શું છે ?

    (A) લાક્ષણિકતા (B) હેતુ

    (C) વિશેષતા (D) ઉપરોકત તમામ

3. "વૈજ્ઞાનિક નીતિ જરૂરી છે" એવું પેટ્રાઇટ દ્વારા કઇ સાલમાં રજુ કરવામાં આવ્યું હતું ?

    (A) 1972 (B) 1977

    (C) 1970 (D) 1975

4. "સામાજિક નીતિએ એવી લોક પ્રક્રિયાઓનું સામૂહિક નામ છે કે, જેના માધ્યમથી આપણે એસુરક્ષાની ભાવના દૂર કરીએ છીએ" આ વ્યાખ્યા ક્યાં મોવૈજ્ઞાનિક ?

    (A) માર્શલ ડિમોક (B) ટિટમસ

    (C) મેઈક લેન્થ (D) બિલ્સ

5. "તે સરકાર દ્વારા જાણી જોઇનેકરવામાં આવેલ એવું કાર્ય છે. જે નાગરીકોના કલ્યાણમાં વૃદ્ધિ કરે છે. અર્થાત સામાજિક નીતિનો પ્રમુખ ઉદ્દેશ સામાજિક વિકાસ તથા જન કલ્યાણ છે." આ વ્યાખ્યા ક્યા મનોવિશ્લેષક દ્વારા અપાઇ છે ?

    (A) ટિટમસ (B) બીલ્સ

    (C) મેઈક લેન્થ (D) જ્યોર્જ હેડ

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) ડૉ. એન વિશ્વનાથન
2. (D) ઉપરોકત તમામ
3. (C) 1970
4. (D) બીલ્સ
5. (A) ટિટમસ

## 1.10 પ્રવૃતિ

સામાજિક નીતિનો અર્થ સ્પષ્ટ કરી વર્તમાન સમયના સંદર્ભમાં સામાજિક નીતિની જરૂરીયાત ઉદાહરણ સાથે સમજાવી ઓસાઇનમેન્ટ લખો.

## 1.11 કેસ સ્ટડી

સામાજિક નીતિના અમલીકૃત માટેની સંસ્થાનો સંપર્ક કરી તેની માહિતી લેવી.

## 1.12 સંદર્ભગ્રંથ


(1) डो. सुरेन्द्रसिंह (२००७) – समाजकार्य इतिहास, दर्शन एवं प्रणालियाँ, न्यु रोयल बूक कंपनी, लखनौ

(2) **Kahn, Alfed. J - Studies in Social Policy and Planning, Russell Sage Foundation, New York, 1969 Website : www.wed.nic.in**

# એકમ–2 ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે મહિલાનીતિ, અને બાળનીતિ

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 રાષ્ટ્રીય મહિલા નીતિ

2.3 રાષ્ટ્રીય મહિલા નીતિને અમલીકૃત કરતાં કાર્યક્રમો અને કાયદાકીય સ્થાન

2.4 રાષ્ટ્રીય બાળ નીતિ

2.5 રાષ્ટ્રીય બાળ નીતિને અમલીકૃત કરતાં કાર્યક્રમો અને કાયદાકીય સ્થાન

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃતિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથ


## 2.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ જાણી શકશે કે,

1. ભારતની મહિલા નીતિ શું છે ? તે જાણી સકાશે.
2. ભારતમાં આ નીતિ અમલીકૃત કરતાં વિવિધ કાર્યક્રમો વિશે જાણી શકાશે.
3. રાષ્ટ્રિય બાળ નીતિ શું છે ? અને તેને અમલીકૃત કરતાં કાર્યક્રમો જાણી શકાશે.

## 2.1 પ્રસ્તાવના

ભારતની કુલ વસ્તીમાંથી 49 % મહિલાઓ છે. તેમાંથી 78 % મહિલાઓ ગ્રામીણ ક્ષેત્રમાં વસવાટ કરે છે અને 75.18 % મહિલાઓ નિરક્ષર છે. મહિલાઓનો વિકાસ કરીને તેને રાષ્ટ્રીયકક્ષાએ આગળ લાવવા ભારત સરકારના મહિલા અને બાળકલ્યાણ વિભાગ દ્વારા મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો ચલાવવામાં આવે છે. જેમાં શ્રમજીવી મહિલાઓ માટે છાત્રાલય સમાજના નબળા કે પછાત વર્ગની મહિલાઓને તાલીમ આપીને રોજગાર લક્ષી યોજનાઓ, સમસ્યાગ્રસ્ત મહિલાઓના પુનઃવર્સન માટે મહિલા તાલીમ કેન્દ્ર, મહિલાઓ તથા છોકરીઓ માટે ટૂંકાગાળાના આવાસગૃહ, મહિલાઓ પર થતા અત્યાચારોને રોકવા માટે શૈક્ષણિક કાર્યક્રમો, મહિલાઓને તાલીમ અને રોજગાર માટે સહાયતા વગેરે.

ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પણ મહિલાઓના વિકાસ માટે વિશિષ્ટ કાર્યક્રમ ચલાવાય છે. જેમાં મહિલા સામાજિક કાર્યક્રમ દ્વારા ગુજરાત, કર્ણાટક તથા ઉત્તરપ્રદેશના 10 જિલ્લાના 2000 ગામોમાં મહિલા કાર્યક્રમના હેતુથી મહિલા સામખ્ય સમિતિઓને કેન્દ્ર અને નેધરલૅન્ડની સરકાર દ્વારા સહાયતા આપવામાં આવે છે.

કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડ પણ મહિલાઓના કલ્યાણ માટે શિક્ષણ તથા વ્યાવસાયિક તાલીમ, મહિલા મંડળો વગેરે ચલાવે છે.

“બાળકો રાષ્ટ્રની સૌથી મહત્ત્વપૂર્ણ સંપત્તિ છે. તેનું પાલન-પોષણ તથા દેખરેખ રાખવાની આપણી

જવાબદારી છે.'' બાળકોના સર્વાંગી વિકાસ માટે સરકારના વિભિન્ન વિભાગો તથા સ્વયંસેવી સંગઠનો દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમો ચલાવે છે. જેમાં માતા અને બાળકલ્યાણ સેવાઓ, પૌષ્ટિક આહાર, પૂર્વ પ્રાથઈમક શિક્ષણ વગેરે.

બાળકલ્યાણના ક્ષેત્રમાં માનવ સંસાધન મંત્રાલયના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંકલિત બાળવિકાસ યોજના 0 થી 6 વર્ષના બાળકો તથા ધાત્રી/ગર્ભવતી માતાઓ માટે પૌષ્ટિક આહારની યોજના, કામ કરતી અને બીમાર માતાઓના બાળકોની દિવસ સંભાળ માટેના કેન્દ્રોની યોજના, રાષ્ટ્રીય બાળ કલ્યાણ પુરસ્કાર પણ આપવામાં આવે છે.

## 2.2 રાષ્ટ્રીય મહિલા નીતિ

મહિલા સશક્તિકરણના હેતુને ધ્યાને રાખીને ભારત સરકારે રાષ્ટ્રીય નીતિ-2001 જાહેર કરી. આ રાષ્ટ્રીય નીતિનું મુખ્ય લક્ષ્ય મહિલાઓની પ્રગતિ, વિકાસ અને સશક્તિકરણ કરવાનું છે. જેમાં,

(1) સંપૂર્ણ મહિલા વિકાસ હેતુ અનુકૂળ આર્થિક અને સામાજિક નીતિઓનું નિર્માણ કરી યોગ્ય વાતાવરણનું સર્જન કરવું જેનાથી મહિલાઓ પોતાનામાં રહેલી શક્તિ(ક્ષમતાઓ)નો ઉપયોગ કરવા સક્ષમ થઈ શકે

(2) રાજનીતિક, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ગતિવિધિઓમાં પુરુષ અને મહિલાઓને બધા જ માનવ અધિકાર તથા મૌલિક સ્વતંત્રતા આપવા માટે કાયદાકીય પગલાં લેવાં.

(3) રાષ્ટ્રના આર્થિક, સામાજિક તથા રાજનૈતિક જીવનમાં સમાનતાના આધારે મહિલાઓની નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી નક્કી કરવી.

(4) સમાનતાના આધારે મહિલાઓની પહોંચ તથા બધા જ સ્તરોમાં ગુણવત્તાયુક્ત સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગાર, મંજૂરી, કાર્ય સ્થળે સુરક્ષા અને સામાજિક સુરક્ષા પ્રદાન કરવી.

(5) કાનૂની વ્યવસ્થાને સુદ્રઢ કરવી જેથી મહિલાઓ પ્રત્યે કોઈપણ પ્રકારના ભેદભાવોને સમાપ્ત કરી શકાય.

(6) પુરુષ અને મહિલાઓની સહભાગીતાને વધારવી, જેનાથી લિંગ સંબંધિત, સામાજિક વિચારધારા અને સમુદાયના વ્યવહારોમાં યોગ્ય પરિવર્તન લાવી શકાય.

(7) મહિલાઓના દષ્ટિકોણને વિકાસની પ્રક્રિયામાં સમાવેશ કરવો.

(8) મહિલા તથા છોકરીઓ પ્રત્યે બધા જ પ્રકારની હિંસા તથા ભેદભાવને સમાપ્ત કરવો.

(9) મહિલાઓ, પુરુષો, વિદ્યાર્થીઓ, જમીનથી જોડાયેલા કાર્યકર્તાઓ, સંસ્થાઓ અને મહિલા સંગઠનોની સહભાગીદારીથી મહિલાઓ પ્રત્યેની સકારાત્મક દષ્ટિકોણને વિકસિત કરવા માટે સવિશેષ પ્રયત્ન કરવા.

## 2.3 રાષ્ટ્રિય મહિલાનીતિને અમલીકૃત કરતાં કાર્યક્રમો

### (1) રાષ્ટ્રીય મહિલા આયોગ

- બંધારણીય સંસ્થા છે. રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ-1990 હેઠળ તા.31 જાન્યુઆરી, 1992ના રોજ સ્થાપના
- મુખ્ય હેતુ મહિલાઓના હિતોનું રક્ષણ કરવું.
- મહિલાઓના વિકાસમાં સમાવિષ્ટ બધા પાસાંનો અભ્યાસ કરવો અને કાયદાઓનો અભ્યાસ કરવો તેમજ સરકારને જરૂરી ભલામણ કરવી.
- મહિલાઓની ફરિયાદોની તપાસ કરવી અને મહિલાઓને પોતાના અધિકારો માટે સ્વપ્રેરણા આપવી.
- રાષ્ટ્રીય મહિલા આયોગ મહિલાઓ અને છોકરીઓના હિતોની રક્ષા માટે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં દિલ્હી પોલીસની સાથે મળી 'મુક્ત ઘર દરેક મહિલાનો અધિકાર' નામની પરિયોજના ચલાવે છે. આ માટે દિલ્હી પોલીસ, રાષ્ટ્રીય મહિલા આયોગ અને ટાટા ઇન્સ્ટ્ટિયૂટ ઑફ સોશ્યિલ સાયન્સ-મુંબઇની વચ્ચે એક સમજૂતી ઉપર હસ્તાક્ષર થયેલ છે.

- રાષ્ટ્રીય મહિલા આયોગે દેશના દૂરવતી ક્ષેત્રોમાં રહેવાવાળી ગ્રામીણ મહિલાઓને જાગરૂકતા ફેલાવવા માટે મહિલા અધિકાર અભિયાન ચલાવે છે.
- મહિલાઓને પરેશાનીમાં પહોંચી વળવા માટે આયોગે 30 એપ્રિલ, 2012ના રોજ અમદાવાદ ગુજરાતમાં 24 કલાક હેલ્પલાઇન શરૂ કરી છે, જેને 1091 નંબર આપવામાં આવ્યો છે.

**(2) અભયમ્-181**

- આ યોજનાનો આરંભ વર્ષ 2014માં થયેલ છે.
- ઘરેલું ત્રાસ, ઓફિસમાં છેડછાડ અને શૈક્ષણિક સંકુલોમાં છેડતી જેવા બનાવો સામે મહિલા સલામતી પૂરી પાડવાના ઉમદા હેતુથી રાજ્યમાં સરકારે સૌ પ્રથમ વખત મહિલા હેલ્પલાઇન નંબર 181નો પ્રારંભ કરવાનું નક્કી કર્યુ છે. જેને 'અભયમ્' નામ આપવામાં આવ્યું છે.
- આ હેલ્પલાઇન હેઠળ એક ફોન કરવાથી પીડિત મહિલાઓની માંગણી કે રજૂઆત મુજબ પોલીસ કે મહિલા સ્વયંસેવી સંસ્થા કે મહિલા આયોગના કાર્યકરો મોબાઇલવાન લઈ મદદ માટે દોડી આવશે.
- રાજ્યના મહિલા અને બાળકલ્યાણ વિભાગ, મહિલા આયોગ અને ગૃહ વિભાગના સંયુક્ત ઉપક્રમે 3, ફેબ્રુઆરી, 2014ના રોજ આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

**(3) કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ**

- કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડની સ્થાપના વર્ષ 1953માં કરવામાં આવી. જેને વર્ષ 1959માં કંપની કાયદા વર્ષ 1956ની કલમ 25 અંતર્ગત એક કંપનીના રૂપમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું. જે હાલના સમયમાં માનવસંસાધન વિકાસ મંત્રાલયના મહિલા અને બાળવિકાસ વિભાગના નિયંત્રણમાં એક સ્વતંત્ર સંગઠન તરીકે કામ કરે છે.
- મહિલાઓના મુદ્દે જાગૃતિ વધારતા કાર્યક્રમ
- મહિલાઓના શિક્ષણ માટે ટૂંકાગાળાના અભ્યાસક્રમો ચલાવવા
- મહિલા સંગઠનોને સામાજિક-આર્થિક સ્થિઈત સુધારવા માટે ઉત્પાદકીય પ્રવૃત્તિમાં સહાયતા કરવી.
- કામ કરતી અને બીમાર માતાઓના બાળકો માટે દિવસ બાળદેખભાળ કેન્દ્ર

**(4) રાષ્ટ્રીય મહિલા કોષ**

- રાષ્ટ્રીય મહિલા કોષની સ્થાપના વર્ષ 1993માં કરવામાં આવી. જેનો ઉદ્દેશ્ય ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓને સહાયતા કરવાનો છે.
- મહિલાઓને હાલના રોજગાર ટકાવી રાખવા, વિકાસ કરવા માટે ધિરાણ સહાય કરવી.
- બિનસરકારી સંગઠનોમાં જોડાયેલી મહિલાઓને પોતાના કાર્યક્ષેત્રને વિકસાવવા માટે સક્રિય નીતિ યોજના અંતર્ગત સહાય કરવી.
- સ્વ-સહાય જૂથોના વિકાસ અને સ્થાપવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય આપવી.
- રાષ્ટ્રીય મહિલા કોષમાંથી ધિરાણ મેળવનાર મહિલાના મૃત્યુ થયા પછી ધિરાણ માફ કરવું.
- સ્વ સહાય જૂથોને ધિરાણ આપવું.
- ધિરાણ મેળવનાર મહિલા/જૂથોના સભ્યો દ્વારા ઉત્પાદિત થયેલ વસ્તુઓ માટે બજારવ્યવસ્થામાં મદદરૂપ થવું.

**(5) મહિલા અને બાળવિકાસ વિભાગ**

- માનવ સંશાધન વિકાસ મંત્રાલયના ભાગ તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ પણ મહિલાઓના સશક્તિકરણ માટે નીચે મુજબના કાર્યક્રમો ચલાવે છે,

- મહિલાઓને તાલીમ અને રોજગાર કાર્યક્રમ હેતુ સહાયતા કરવી.
- મહિલાઓ માટે રોજગાર સાથે ઉત્પાદકીય વ્યવસ્થા ઊભી કરવા સહાયતા કરવી.
- કામ કરતી મહિલાઓ માટે હોસ્ટેલ મકાનોનું નિર્માણ અને વિસ્તાર વધારવો.
- મહિલાઓ અને છોકરીઓ માટે અભ્યાવાસ ગૃહ ચલાવવા.
- મહિલાઓ ઉપરના અત્યાચારોને અટકાવવા શિક્ષણાત્મક કાર્ય કરવું.
- બાલિકા સમૃદ્ધિ યોજના
- મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયતા.
- સંશોધન, પ્રકાશન અને પ્રબોધન માટે સહાયતા અનુદાન આપવું.

**(6) સ્વશક્તિ પરિયોજના**

સ્વશક્તિ પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્વસહાય જૂથોને સ્થાપિત કરવા અને તેને શક્તિ સંપન્ન કરવા વાતાવરણ ઊભુ કરવા અને પ્રક્રિયાઓને સુદઢ કરવી. આ યોજના ગ્રામીણ મહિલા વિકાસ અને સશક્તિકરણ કેન્દ્રીય પ્રયોજિત છે. જેને વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય ખેતી વિકાસની પરિપૂર્તિ માટે સ્થાપવામાં આવેલા વિભાગોની ક્ષમતા વધારવા સહાય અપાય છે.

**(7) રાજીવ ગાંધી કિશોરી સશક્તિકરણ યોજના**

- વર્ષ 2010-11માં દેશના 205 જિલ્લામાં કાર્યરત
- 11-18 વર્ષની કિશોરીઓનો સંપૂર્ણ વિકાસ કરવો.
- આ યોજના રાજ્ય સરકારો/કેન્દ્રશાસિત પ્રદેશોના માધ્યમથી ચલાવાતી 100 % કેન્દ્રીય પુરસ્કૃત યોજના છે.
- આ યોજના હેઠળ 11 થી 14 વર્ષની બધી કિશોરીઓ અને 14 થી 18 વર્ષની શાળાની કિશોરીઓને ઘરે લઈ જવા માટે કાચું રાશન અથવા ગરમ પાકું ભોજન આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ પ્રત્યેક કિશોરીને વર્ષમાં ઓછામાં ઓછું 188 દિવસ 488 કેલરી અને 16 થી 18 ગ્રામ પ્રતિ દિવસે આપવામાં આવે છે.
- વર્ષ 2013-14માં આ યોજના માટે બજેટ જોગવાઈ 438 કરોડ રૂપિયા નક્કી કરવામાં આવેલ છે. જેની હેઠળ 1 કરોડ કિશોરીઓને પોષણ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

**(8) ઇન્દિરા ગાંધી માતૃત્ત્વ સહયોગ યોજના**

- ઓક્ટોબર, 2010 થી શરૂ કરવામાં આવેલ છે.
- ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓના આરોગ્ય અને પોષણની સ્થિતિને સુધારવા માટે રોકડ રકમ આપી તેના માટે અનુકૂળ વાતાવરણ બનાવવું.
- 19 વર્ષથી વધુ ઉંમરવાળા ગર્ભવતી મહિલાઓને તેમના પ્રથમ બે જીવિત બાળકોના 6 મહિનાની ઉંમર સુધી ત્રણ હપ્તામાં 4000 ની સહાયતા આપવામાં આવે છે. જેનાથી તેને ગર્ભાવસ્થાની પૂર્ણ અને ત્યારબાદના સમયગાળા માટે કમાણીનો સ્ત્રોત મળી રહે.
- આ યોજના કેન્દ્ર દ્વારા પ્રયોજિત યોજના છે. દેશના 53 જીલ્લામાં ચલાવવામાં આવી રહી છે.
- વર્ષ 2013-14માં આ યોજના હેઠળ 500 કરોડ રૂપિયાના બજેટની જોગવાઇ છે.

**(9) મહિલાઓને તાલીમ અને રોજગાર માટે સહાયતા કાર્યક્રમ**

- આ યોજનાની શરૂઆત 1987માં કરવામાં આવી.
- પરંપરાગત ક્ષેત્રોમાં મહિલાઓના કૌશલ્યમાં સુધારો અને રોજગાર ઉપલબ્ધ કરાવી મહિલાઓની સ્થિતિમાં સુધારો લાવવાનો હેતુ છે.

- આ કાર્યક્રમમાં 10 પરંપરાગત ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. (1) કૃષિ (2) પશુપાલન (3) ડેરી ઉદ્યોગ (4) મત્સ્ય ઉદ્યોગ (5) હસ્તકળા (6) હેન્ડલૂમ (7) ખાદી અને ગ્રામ ઉદ્યોગ (8) રેશમ કીડા ઉછેર (9) સામાજિક વનીકરણ (10) ઉજ્જડ ભૂમિ વિકાસ
- 90 ટકા ખર્ચ સરકાર દ્વારા અને 10 ટકા અમલીકરણ એજન્સી ઉઠાવે છે.
- પ્રતિ વ્યક્તિ ખર્ચ રૂ.16,000/- થી વધવો જોઈએ નહી.
- આ કાર્યક્રમના શરૂઆતથી અત્યાર સુધીમાં 309 પરિયોજના સ્વીકારવામાં આવી છે.

**(10) પ્રિયદર્શની**

- 31 એપ્રિલ, 2011ના રોજ પ્રારંભ કરવામાં આવ્યો.
- આ યોજના ઉત્તરપ્રદેશના 5 જિલ્લા શ્રીવસ્તી, બહરાઇચ, રાયબરેલી, અમેઠી અને સુલ્તાનપુર તેમજ બિહારના બે મધુબની અને સીતામઢીના 13 બ્લોકોમાં ચલાવવામાં આવી રહી છે.
- આનો હેતુ સ્વયં સહાયતા જૂથની રચનાના માધ્યમથી આ ક્ષેત્રમાં કમજોર મહિલાઓ અને કિશોરીઓનો આર્થિક વિકાસ અને સામાજિક સશક્તિકરણ કરવાનો છે.
- 3 માર્ચ, 2012 સુધીમાં 6289 સેલ્ફ હેલ્પ ગ્રુપની રચના, 43 સામુદાયિક સેવા કેન્દ્રોની સ્થાપના, 75727 લાભાર્થીઓને ફાયદો.

**(11) સ્વાધાર**

- વર્ષ 2001-02માં પ્રારંભ કરવામાં આવ્યો.
- એવી મહિલાઓ જે ગરીબ વિધવા, જેના પરિવારવાળાઓથી તેમને વૃંદાવન, કાશી વગેરે ધાર્મિક સ્થળોએ બેસહારા છોડી દીધી હોય, જેલમાંથી મુક્ત થયેલ મહિલા કેદી, જેને પરિવારનો સહારો નથી, પ્રાકૃતિક આફતોથી બેઘર થયેલી મહિલા, જેને કોઇ સામાજિક કે આર્થિક સહારો હોતો નથી, વેશ્યાગૃહથી ભાગેલ અથવા મુક્ત કરાયેલ મહિલાઓ/બાળકીઓ, યૌન શોષણનો શિકાર બનેલ મહિલાઓ, એચ.આઇ.વી.થી પીડિત મહિલા/દીકરીઓ જેના પરિવારો તેને પરત લેવાની ના પાડતા હોય અથવા કોઇ કારણસર પરિવારમાં પરત ફરવા ન માંગતા હોય, આતંકવાદનો ભોગ બનેલી મહિલા જેને પરિવારનો આધાર ન હોય અને જેને પાસે જીવવા માટે આર્થિક સંસાધનો ન હોય તેનો સમાવેશ થાય છે.
- આ યોજના હેઠળ ભોજન, કપડાં, આવાસ, આરોગ્ય, દેખભાળ, સલાહ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવે છે. જાગરૂપતા માટે શિક્ષણ વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.
- મહિલાઓને આ શ્રેણી હેઠળ હેલ્પલાઇન અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- આ યોજના સમાજકલ્યાણ, મહિલા અને બાળવિકાસ વિભાગ, મહિલા વિકાસ નિગમ, શહેરી એકમો, સાર્વજનિક ટ્રસ્ટ, સ્વૈચ્છિક સંગઠનો વગેરેના માધ્યમથી લાગુ કરવામાં આવે છે.
- વર્ષ 2012-13 દરમ્યાન સ્વાધાર યોજના હેઠળ મહિલા અને બાળવિકાસ મંત્રાલયે 2363.15 લાખ રૂપિયા ફાળવેલ. દેશભરમાં 311 સ્વાધાર આવાસ અને 220 હેલ્પલાઇન કામ કરી રહી છે.

**(12) રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ મિશન**

- 8 માર્ચ, 2010 ના રોજ શરૂ કરવામાં આવી.
- તેનો મુખ્ય હેતુ જુદા-જુદા મંત્રાલયો અને રાજ્ય સરકારોની સ્કીમો/કાર્યક્રમો અને સંમેલન દ્વારા મહિલાઓની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણનો ઉદ્દેશ
- મિશનને મિશન ડાયરેક્ટર અને એડિશનલ સચિવની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય એકમના માધ્યમથી સંચાલિત કરવામાં આવે છે.
- ગરીબી નિવારણ, સામાજિક, સશક્તિકરણ, આરોગ્ય અને પોષણ, લિંગ, બજેટ,

પીડિત અને કમજોર મહિલાઓના સશક્તિકરણ, મીડિયા જાગૃતિ, માહિતી સંચાર અને માહિતી ટેક્નૉલૉજી વગેરેના નિષ્ણાંત મિશનના કાર્યકારી ડિરેક્ટર અને સભ્યો હોય છે.

- મંત્રાલયોની વચ્ચે સમન્વય બનાવવા અને દેખરેખ માટે કેન્દ્રીય દેખરેખ સમિતિની રચના કરવામાં આવે છે.
- રાજ્યમાં રાજ્ય મિશન ઑથૉરિટીની રચના કરવામાં આવેલ છે.
- કન્વર્જેન્સ મૉડલનો હેતુ મહિલાઓના કલ્યાણ અને વિકાસના કાર્યક્રમોનો સંકલિત ઢબે અમલ કરવાનો છે.
- મિશને મહિલાઓ માટે 'પૂર્ણશક્તિ કેન્દ્ર' નામથી સંમેલન કેન્દ્રોની શરૂઆત કરી છે. આ કેન્દ્રમાં 'હમ સુનેંગે નારી કી બાત' એવા સૂત્ર હેઠળ મહિલાઓ પોતાની વાત પહોંચાડે છે.
- પૂર્ણ શક્તિ કેન્દ્ર નીચે મુજબના કાર્ય કરે છે.

  1) મહિલાઓની તમામ યોજનાની માહિતી

  2) લક્ષિત વસ્તીનો ડેટાબેઈઝ તૈયાર કરવો.

  3) બંધારણીય અધિકારો પ્રત્યે જાગરૂકતા

  4) તાલીમ અને પુનઃનિર્માણ

  5) મહિલાઓને સંગઠિત કરવી

  6) વિભાગોની સેવાઓ મેળવવા માટે સમન્વય
- મિશનના મૂખ્ય કાર્યો

  1) બાળકોમાં ઘટતું લિંગ પ્રમાણ

  2) મહિલાઓ સામે વધતા અપરાધ

  3) બાળ વિવાહ

  4) લિંગ બજેટ અને લિંગ મુખ્યધારા

  5) મહિલાઓનો દેહવ્યાપાર

  6) શોષિત અને છેવાડાની મહિલાને સમાજની મુખ્યધારામાં લાવવી.

  7) શિક્ષણના અધિકાર હેઠળ છોકરીઓને શાળામાં દાખલ કરાવવી.

**(13) સ્ત્રી શક્તિ પુરસ્કાર**

- સામાજિક વિકાસમાં મહિલાઓના વ્યક્તિગત યોગદાનને ઓળખી તેને બિરદાવવા માટે કેન્દ્ર સરકારે સ્ત્રીશક્તિ નામના છ પુરસ્કારોની સ્થાપના કરી છે.
- 3 લાખ રોકડ અને શિલ્કપત્ર આપવામાં આવે છે.
- ભારતીય ઇતિહાસની સન્માનિત મહિલાના નામ પરથી પુરસ્કારો આપવામાં આવે છે. (1) દેવી અહલ્યાબાઇ હોલ્કર (2) માતા જીજાબાઇ (3) રાણી લક્ષ્મીબાઇ (4) કેન્નગી (5) રાણી રૂમ્મા દેવી (6) રાણી ગિડનેલૂ બેલિયાંગ

**2.2.2 મહિલાઓનું કાયદાકીય સ્થાન**

**(1) દહેજ પ્રતિબંધક ધારો-1961(1986માં સુધારો)**

આ કાયદાનો ઉદ્દેશ, દહેજ આપવા અથવા લેવાની સામાજિક પ્રથા ઉપર પ્રતિબંધ મૂકવાનો છે. આ પ્રશ્ન ઘણા સમય પહેલા સરકારના ધ્યાનમાં આવેલો અને આ પ્રશ્ન હિંદુ વારસાહક અધિનિયમ, 1956 થી સ્ત્રીઓના મિલકત હક્કના પ્રોત્સાહન મળે તેવી એક રીત મૂકી હતી. તેમ છતાં એવું લાગ્યું કે, આ પ્રથાને શિક્ષાપાત્ર બનાવવા માટે કાયદો ઘડવાની જરૂર છે. તે જ સમયે લોકોમાં આ અંગે મત ઊભો કરવામાં આવ્યો અને આ દૂષણ રદ કરવા માટે પણ અભિપ્રાયો ઊભા કરવામાં આવ્યા. તેથી સંસદમાં અને સંસદ બહાર આવો કાયદો કરવાની માંગ ઊભી થઈ. તેથી આ વિધાયક દાખલ કરવામાં આવ્યું. તેમ છતાં લગ્નની પ્રથા મુજબ કપડાં, દાગીના

વગેરે હાલના વિધેયકમાંથી બાદ રાખવામાં આવ્યા. દહેજના આપવાને અથવા અપૂરતા દહેજને કારણ પતિએ અથવા પતિના સગા સબંધીઓએ પરિણિત સ્ત્રી ઉપર આચરેલ ક્રુરતા સબંધી હતી જેને ફોજદારી કાયદા(સુધારા) અધિનિયમ, 1983માં અમલમાં લાવવામાં આવેલ છે. આ અધિનિયમની સાથો સાથે પરિણીત સ્ત્રી ઉપર ક્રુરતા આચરવા માટેની શિક્ષાની જોગવાઈ કરવા માટે આઈ.પી.સી. માં પણ સુધારો કરેલ છે. આમ, દહેજને લીધે આપઘાત કરવા અને તેના લીધે મૃત્યુ પામતી સ્ત્રીઓના પ્રશ્નોની સીધી તજવીજ કરવાનું લક્ષ્ય હતું.

**(2) અનૈતિક વેપાર(નિવારણ) અધિનિયમ,1956 (1986માં સુધારો)**

આ અધિનિયમ, અનૈતિક વેપાર(નિવારણ) અધિનિયમ, 1956 કહેવાશે. તે આખા ભારતને લાગુ પડે છે.

- કુટણખાનુ રાખવા અથવા કુટણખાના તરીકે કોઇ જગ્યા વાપરવા દેવા માટે શિક્ષા.
- વેશ્યાગીરીની કમાણી પર જીવન નભાવવા માટે સજા.
- વ્યક્તિને વેશ્યાગીરીનો ધંધો કરવા લઈ જવી, ભડવાઈ કરવી અથવા લલચાવવી.
- જે ઘરમાં વેશ્યાનો ધંધો ચાલી રહ્યો હોય ત્યાં કોઇપણ વ્યક્તિને અટકાવી રાખવી.
- જાહેર જગ્યાઓ ઉપર કે તેની આજુબાજુ વેશ્યાગીરી કરવી.

**(3) સ્ત્રીઓને બિભત્સ રીતે રજૂ કરવા ઉપર(પ્રતિબંધ) મૂકવા બાબત અધિનિયમ, 1986**

જાહેરાતો દ્વારા અથવા પ્રકાશનો, લખાણો, ચિત્રો, આકૃતિઓમાં અથવા બીજી કોઇપણ રીતે સ્ત્રીઓની બિભત્સ રજૂઆત કરવા ઉપર પ્રતિબંધ મૂકવા અને તેની સાથે સંકળાયેલી અથવા આનુષંગિક બાબતો માટેનો અધિનિયમ.

(4) સતીપ્રથા(નિવારણ) અધિનિયમ-1987

(5) બાળવિવાહ પ્રતિબંધ અધિનિયમ-1987

(6) રાષ્ટ્રીય મહિલા આયોગ અધિનિયમ-1990

(7) ઘરેલુ હિંસાથી મહિલાઓની સુરક્ષા અધિનિયમ-2005

(8) બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધિનિયમ-2005

## 2.4 રાષ્ટ્રીય બાળ નીતિ

દેશમાં 22 ઓગસ્ટ, 1974નાં રોજ રાષ્ટ્રીય બાળ નીતિ ઘડવામાં આવી છે. જે નીતિનો હેતુ બાળકોના વિકાસ અને કલ્યાણ માટેના કાર્યક્રમોને પ્રાધાન્ય આપવાનો તેમજ બાળકોને આહાર અને અનિવાર્ય શિક્ષણ, શોષણ અને રક્ષણ, બાળમજૂરી ઉપર પ્રતિબંધ વગેરે પરિબળો ઉપર ખાસ ધ્યાન આપવાનો હતો.

- બધા બાળકો(જન્મ પહેલાં અને જન્મ બાદ)ને વ્યાપક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત લાવવાં.
- કુપોષણને દૂર કરવા પોષણ આપવું.
- 14 વર્ષ સુધીના બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ
- સમાજના નબળા વર્ગોના બાળકો અને વિકલાંગને સહાયતા.
- અપરાધી બાળકોને વિશેષ સહાયતા

રાષ્ટ્રીય નીતિમાં બાળકોને દેશની મહત્ત્વની સંપત્તિ માનવામાં આવી છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, બાળકોનું પાલન પોષણ અને દેખભાળ કરવાની આપણી જવાબદારી છે. પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય બાળ બોર્ડ કાર્ય કરે છે. બાળકો માટે બધી જરૂરી સેવાઓનું નિરંતર આયોજન, મૂલ્ય અને સમન્વય કરે છે.

**બાળનીતિ, 2013**

- 26 એપ્રિલ, 2013થી નવી નીતિ અપનાવેલ છે. આ નીતિ મુજબ દેશના બધા બાળકોના અધિકારોના રક્ષણ માટે સરકારે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે.
- આ નીતિ મુજબ 18 વર્ષથી નીચેની ઉંમરના દરેક વ્યક્તિને બાળકોની શ્રેણીમાં રાખવામાં

આવેલ છે.

- નીતિમાં આપેલા નિર્દેશોનું પાલન કરવા કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને સ્થાનિક સરકારો બંધાયેલ છે.
- આ નીતિ મુજબ દરેક બાળકને જીવન જીવવાનો, વિકાસ, શિક્ષણ, સુરક્ષા અને ભાગીદારીનો અધિકાર કોઈપણ ભેદભાવ વગર દરેક બાળકને સમાન અધિકાર, બાળકોના હિતોને પ્રાથમિકતા વગેરેનો સમાવેશ થાય છે.
- આ નીતિમાં એવું કહેવામાં આવ્યું છે કે, દરેક બાળકોને જીવવાનો, આરોગ્યનો, પોષણ, શિક્ષણ, વિકાસ, સુરક્ષા અને ભાગીદારીનો બરાબર હક્ક છે અને સરકારે તથા વહીવટી વિભાગે તેને પ્રાથમિકતા આપવાની રહેશે.
- મહિલા અને કલ્યાણ મંત્રાલય આ નીતિના અમલ ઉપર દેખરેખ રાખવાવાળી નોડલ એજન્સી છે.

## 2.5 રાષ્ટ્રીય બાળનીતિને અમલીકૃત કરતાં કાર્યક્રમો અને કાયદાકીય સ્થાન

### (1) બાળ રાષ્ટ્રીય આયોજન

- 5 માર્ચ, 2007 ના રોજ સ્થાપના કરવામાં આવી.
- એક બંધારણીય સંસ્થા છે.
- બાળ અધિકારોને લાગુ કરવાનો તેનો મુખ્ય ઉદ્દેશ છે.
- તેમાં અધ્યક્ષ અને 6 સભ્ય હોય છે.

### (2) સેન્ટ્રલ ઍડોપ્શન રિસોર્સ ઑથૉરિટી

- તેની શરૂઆત વર્ષ 1990માં કરવામાં આવી.
- આ સંસ્થા મહિલા અને બાળવિકાસ હેઠળની એક સ્વતંત્ર સંસ્થા છે.
- જેનો હેતુ પ્રત્યેક અનાથ અને અભાવગ્રસ્ત બાળકો માટે એક દેખભાળ અને સ્નેહ કરવાવાળા પરિવારની શોધ કરવી.

### (3) રાષ્ટ્રીય બાલશ્રમ યોજના

- વર્ષ 1988માં સ્થાપના થઈ.
- બાળશ્રમિકોને પુનવર્સન કરવાના હેતુથી 9 જિલ્લામાં શરૂઆત કરવામાં આવી છે. તેમાં જે બાળકો કામને કારણે શિક્ષણથી દૂર થઈ ગયા છે તેવા બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા છે.
- તેમાં ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણની સાથે સાથે રૂ.100નું પ્રોત્સાહક ઇનામ આપવાની જોગવાઈ છે.
- તેમાં પોષણ અને આરોગ્યની તપાસ પણ કરવામાં આવે છે.

### (4) રાજીવ ગાંધી રાષ્ટ્રીય શિશુ દેખરેખ યોજના

- 1 જાન્યુઆરી, 2006થી શરૂઆત થઈ.
- આ યોજનાને કેન્દ્રીય સામાજિક કલ્યાણ બોર્ડ દ્વારા લાગુ કરવામાં આવે છે.
- જેમાં બે સ્તરના રાષ્ટ્રીય સ્વૈચ્છિક સંગઠનો પણ સામેલ છે. (1) ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ચાઇલ્ડ વૅલ્ફૅર (2) ભારત આદિમ જાતિ સેવક સંઘ
- શિશુ સદનની સુવિધા(0-6) આયુષ્ય વર્ગના બાળકોને મળે છે.
- એક શિશુ સદનમાં 25 બાળકો રાખવામાં આવે છે.
- આવા બાળકના માતા-પિતાની વાર્ષિક આવક રૂા.12000 પ્રતિ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- આ યોજનાનો હેતુ એવા બાળકોની દિવસમાં દેખરેખ કરવાનો છે જેની માતાઓ કામ

કરતી હોય.

**(5) ચાઇલ્ડ હેલ્પલાઇન, 1098**

- મુસીબતમાં ફસાયેલ બાળકોની મદદ માટે 24 કલાકની નિઃશુલ્ક ફોન સેવા શરૂ કરવામાં આવી છે.
- હાલમાં આ સેવા 174 શહેરોમાં કાર્યરત છે.
- ચાઇલ્ડ લાઇનનો મુખ્ય ઉદ્દેશ આ પ્રમાણે છે.

1) આફતમાં ફસાયેલ બાળકોને તરત મદદ પહોંચાડવી.
2) બાળ રક્ષણની સેવાઓનું નેટવર્ક ઉપલબ્ધ કરાવવું.
3) બાળકની જરૂરિયાત મુજબ પોલીસ, હોસ્પિટલ, નગરનિગમના કર્મચારીઓને આગ્રહી બનાવવા.
4) બાળકોના અધિકારોનું રક્ષણ કરવું.
5) આવા સમયે સમાજ પ્રત્યેની જવાબદેહિતા પૂરી પાડવી.

**(6) રાજીવ ગાંધી માનવ સેવા પુરસ્કાર**

- વર્ષ 1994 થી શરૂઆત કરી.
- બાળકોની સેવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિઓના સન્માનમાં આ પુરસ્કાર વર્ષ 1994માં શરૂ કરવામાં આવ્યો.
- બાળવિકાસ, કલ્યાણ અને સંરક્ષણના ક્ષેત્રોમાં ઉલ્લેખનીય કાર્ય કરવાવાળા 3 વ્યક્તિઓને એક એક લાખની રોકડ આપવામાં આવે છે.
- ઉપરોક્ત તમામ એવોર્ડ બાલદિન 14 નવેમ્બરના રોજ આપવામાં આવે છે.

**(7) સંકલિત બાળ વિકાસ કાર્યક્રમ**

- વર્ષ 1975 થી શરૂ થયેલ છે.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના નેજા હેઠળ આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રો મારફત 0 થી 6 વર્ષ વયજૂથના બાળકોને વર્ષ દરમ્યાન 300 દિવસ પૂરક પોષણ પૂરૂં પાડવાની જોગવાઇ છે.
- 0 થી 6 વર્ષની વયજૂથના બાળકોને 300 કેલરી અને 9 થી 10 ગ્રામ પ્રોટીન દરરોજ મળે તેવો ખોરાક આપવામાં આવે છે.
- કુપોષિત બાળકોને 600 કેલરી અને 16 થી 20 ગ્રામ પ્રોટીન મળે તેવો ખોરાક આપવામાં આવે છે. જ્યારે તરૂણીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને દરરોજ 500 કેલરી અને 20 થી 25 ગ્રામ પ્રોટીન મળી રહે તેવો ખોરાક પૂરો પાડવામાં આવે છે.
- બાળક દીઠ 80 ગ્રામ નાસ્તો આપવાનો રહે છે.

**(8) ચિલ્ડ્રન હોમ/સ્પેશ્યલ હોમ્સ**

- જુવેનાઇલ જસ્ટિસ(કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ 2000 સુધારો 2006 હેઠળ લાંબા સમય તેમજ ટૂંકા સમય માટે સંભાળ અને રક્ષણ માટેની જરૂરિયાતવાળા બાળકોને ચિલ્ડ્રન હોમ્સ ખાતે તથા કાયદા સાથે સંઘર્ષવાળા બાળકોને ઓબ્ઝર્વેશન હોમ ખાતે 18 વર્ષની ઉંમર સુધી પ્રવેશ આપવામાં આવે છે. એ જ રીતે કાયદા સાથે સંઘર્ષવાળા બાળકો અને બાળાઓને તેઓને માટે રાજકોટ ખાતે સ્થપાયેલ અલગ-અલગ સ્પેશ્યલ હોમમાં જુવેનાઇલ જસ્ટિસ બોર્ડના આદેશ દ્વારા મોકલી આપવામાં આવે છે.
- આ સંસ્થાઓમાં પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ઉપરાંત બાળકોને ભોજન, કપડાં, આરોગ્ય સંબંધી સુવિધા, મનોરંજન, રમતગમત યોગ તેમજ ગુજરાત રાજ્યના ટેકનિકલ સ્કૂલ બોર્ડ દ્વારા માન્ય થયેલ વિવિધ તાલીમ અભ્યાસક્રમ તેમજ પ્રવર્તમાન પ્રવાહ મુજબના તાલીમ

અભ્યાસક્રમની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. આ સંસ્થાઓમાં અપાતી સર્વે સુવિધાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.

**(9) ઘોડિયાઘર**

- વર્ષ 1981થી શરૂ કરી.
- સરકારી સંકુલમાં નોકરી કરતી બહેનોના 0 થી 5 વર્ષની વયના બાળકોની કચેરીના કામકાજ સમયમાં સંભાળ માટની યોજના અમલમાં છે.
- બાળકોને હળવો નાસ્તો, રમકડાં વગેરે અપાય છે. આ યોજના હેઠળ સ્વૈચ્છિક ધોરણે હાલ કુલ સાત ઘોડિયાઘર સરકારી સંકુલમાં કાર્યરત છે. દરેક ઘોડિયા ઘરમાં 30 બાળકો માટેની સુવિધા ઉપલબ્ધ છે.
- 0 થી 3 વર્ષના બાળકો માટે રૂા.50 ને 3 થી 5 વર્ષના બાળકો માટે રૂા.100 ફીનું ધોરણ છે. વર્ગ-4 ના કર્મચારી માટે ફી લેવાની રહેતી નથી.

**(10) અનાથાશ્રમ**

- આ યોજના હેઠળ અનાથ, નિરાધાર, ઉપેક્ષિત બાળક બાળાઓને આશ્રય આપી તેઓને યોગ્ય શિક્ષણ અને તાલીમ આપી સમાજમાં પુનઃસ્થાપિત કરી શકાય તે માટે અનાથાશ્રમ કાર્યરત છે.
- આ સંસ્થાઓ સ્વૈચ્છિક ધોરણે ચાલે છે. સંસ્થામાં બાળકોને શૈક્ષણિક અને વ્યાવસાયિક તાલીમ અપાય છે. તેમજ સામાન્ય શાળાઓમાં અભ્યાસ અર્થે મોકલાય છે. સંસ્થામાંથી છૂટતા અંતેવાસી બાળકોને ઉચ્ચતર અભ્યાસ માટે છૂટયાં પછી અભ્યાસ ચાલુ હોય તો સ્નાતક, અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ સુધી રૂા.16000 સુધીની વાર્ષિક શિષ્યવૃત્તિ અપાય છે.
- વધુમાં અંતેવાસીઓના પુનઃસ્થાપન માટે ઉદ્યોગના સાધનો ખરીદવા માટે રૂા.10,000/- સુધીની આર્થિક સહાય તેમજ અનાથ યુવતીઓને લગ્ન દ્વારા પુનઃસ્થાપિત કરવા રૂા.10,000ની સરકારશ્રી તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે.
- આવા કુલ 13 અનાથાશ્રમ રાજ્યમાં કાર્યરત છે.

**(11) સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય બાળશિક્ષણ નીતિ**

- ભારત 1949 થી યુનિસેફ સાથે સંકળાયેલ છે. યુનિસેફ બાળકલ્યાણ સાથે સંબંધિત કાર્યક્રમો માટે ભારતને સહાયતા પ્રદાન કરે છે. યુનિસેફ બાળકોના કલ્યાણ માટે નીચે પ્રમાણે સહાય આપે છે.

  1) વિકલાંગ બાળકો માટે

  2) નિરાશ્રિત બાળકો માટે

  3) સંકલિત બાળવિકાસ યોજના માટે

  4) પોષણ આહાર કાર્યક્રમ માટે

  5) ગ્રીમણ ક્ષેત્રોમાં મહિલાઓ અને બાળકોના વિકાસ માટે

**(12) રાષ્ટ્રીય જન સહયોગ અને બાળ વિકાસ સંસ્થાન**

આયોજન પંચે 26 ફેબ્રુઆરી, 1966થી રાષ્ટ્રીય જન સહયોગ અને બાળવિકાસ સંસ્થાનની સ્થાપના કરી છે. આ સંસ્થાન જાન્યુઆરી, 1968માં સમાજકલ્યાણ મંત્રાલયના વહીવટ નિયંત્રણમાં આવ્યું. હાલમાં તે મહિલા અને બાળ વિકાસ વિભાગ, માનવ સંસાધન મંત્રાલયના નિયંત્રણમાં કાર્ય કરે છે. તેના કાર્યમાં જનસહયોગ અને બાળવિકાસ ક્ષેત્રમાં સંશોધન અને તાલીમનો સમાવેશ થાય છે.

**બંધારણ અને બાળકો**

- અનુચ્છેદ 14 : સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રોમાં મહિલાઓ અને પુરૂષોને કાયદા સમક્ષ સમાનતા મળેલ છે.

- અનુચ્છેદ 15 : રંગ, જાતિ, જ્ઞાતિને આધારે કોઈપણ જાતના ભેદભાવ ઉપર પ્રતિબંધ
- અનુચ્છેદ 21(એ) : 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર
- અનુચ્છેદ 24 : 14 વર્ષથી નાની ઉંમરના બાળકોને ખતરનાક કામોમાં લગાડવા પર પ્રતિબંધ
- અનુચ્છેદ 45 : રાજ્ય 6 વર્ષની ઉંમર પ્રાપ્ત કરેલ તમામ બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ પૂરું કરવાની વ્યવસ્થા કરશે.

**(1) બાળ ન્યાય(બાળ દેખભાળ અને રક્ષણ) અધિનિયમ, 2000**

- એપ્રિલ, 2001 થી આ કાયદો લાગુ થયેલ છે.
- જેની હેઠળ બાળ ન્યાય બોર્ડની રચના કરવામાં આવી છે.
- જેમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ઉપરાંત બે સમાજ સેવક હોય છે અને દરેક જિલ્લા કક્ષાએ હોય છે.

**(2) એકીકૃત બાળ રક્ષણ અધિનિયમ**

- વર્ષ 2009-10 થી લાગુ
- જેની હેઠળ પ્રત્યેક જિલ્લામાં બાળરક્ષણ યુનિટની સ્થાપના કરવાની જોગવાઈ છે.
- જેમાં બાળકનું શોષણ, ઉત્પીડન, ત્યાગ જેવા પ્રશ્નો સામે બચાવવાનો હેતુ રહેલો છે.

**(3) બાળ યૌન અપરાધ અધિનિયમ-2012**

- આ કાયદો 14 નવેમ્બર, 2012થી લાગુ કરવમાં આવ્યો છે.
- આ કાયદા હેઠળ 18 વર્ષથી નાના બાળકોને યૌન શોષણ અને અશ્લીલતાના ગુનાઓ સામે રક્ષણ આપવાની જોગવાઈ છે.
- આ કાયદા હેઠળ જુદા જુદા ગુનાઓ સામે સજા તેમજ દંડની જોગવાઈ છે.
- જો આવો અપરાધ સુરક્ષા બળનો જવાન, પોલીસ અધિકારી કે અન્ય સરકારી કર્મચારી કરશે તો તેનાથી પણ વધુ ગંભીર ગુનો ગણવામાં આવશે.
- આવા ગુનાની સુનાવણી માટે વિશેષ અદાલતોની જોગવાઈ આ કાયદા હેઠળ છે.
- બાળકનો કેસ 30 દિવસની અંદર દાખલ થવો જોઈએ તથા શક્ય હોય ત્યાં સુધી વિશેષ અદાલત દ્વારા તેની સુનાવણી 1 વર્ષની અંદર પૂરી થવી જોઈએ.
- ખાસ બાળ પોલીસ એકમ અથવા સ્થાનિક પોલીસને ફરિયાદ મળે તેના 24 કલાકની અંદર અસરગ્રસ્ત બાળકને આશ્રયગૃહ અથવા નજીકના દવાખાને દાખલ કરવાનો રહેશે તથા 24 કલાકની અંદર તેની માહિતી બાળકલ્યાણ સમિતિને પહોંચાડવાની રહેશે.
- કાયદાના અમલ, દેખરેખની જવાબદારી રાષ્ટ્રીય બાળ અધિકાર રક્ષા આયોગ અને રાજ્ય બાળ અધિકાર આયોગને સોંપવામાં આવેલ છે.

**(4) બાળમજૂરી(નિષેધ અને નિયમન) અધિનિયમ-1986**

- ભારતમાં સૌ પ્રથમવાર 1881માં કારખાના અંગેનો કાયદો પસાર થયો. આ કાયદામાં બાળકો માટે નીચે મુજબ જોગવાઈ હતી.
- સાત વર્ષથી નીચેના વયના બાળકને કોઈપણ કારખાનામાં કામ પર રાખી શકાશે નહીં.
- સાત વર્ષથી બાર વર્ષ સુધીના બાળકને એક કલાકની રિસેસ સાથે દિવસમાં ફક્ત નવ કલાક જ કામ કરાવી શકાશે.
- બધા જ બાળકોને અઠવાડિયામાં એક દિવસ રજા આપવાની રહેશે.

21 ડિસેમ્બર, 1976માં મળેલ યુનોની સામાન્ય સભાએ 1979નાં વર્ષને આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ તરીકે ઉજવવાનું કરાવ્યું. જેનો સામાન્ય હેતુ બાળકલ્યાણનો હતો. પરિણામે, સમગ્ર દુનિયાનું ધ્યાન બાળમજૂરોના પ્રશ્ને ખેંચાયું.

## 2.6 ઉપસંહાર

ભારતમાં પણ બાળમજૂરો માટે કોઇ ચોક્કસ કાયદો ન હતો. દરેક કાયદામાં કેટલીક જોગવાઈઓ હતી. વળી બાળકોને જેમાં કામ માટે રાખવામાં આવતા હોય ત્યાં બાળકોના કામના સ્થળ, સ્થિઈત, કામનો પ્રકાર વગેરે માટે પણ જોગવાઈ ન હતી. આથી બાળમજૂરી ઉપર પ્રતિબંધ, બાળકોને કયા કામ માટે રાખી શકાય, આવા કામના સ્થળે બાળકો માટેની વ્યવસ્થા, બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ હોય ત્યાં જો બાળકોને કામે રાખવામાં આવ્યાં હોય તો તેને માટેની શિક્ષા વગેરેને લગતો કાયદો લાવવાનું વિચારાયું 22મી ઓગસ્ટ, 1986 એ રાજ્યભરમાં બાળ મજૂરી(નિષેધ અને નિયમન) બીલ રજૂ થયું. જેને 26મી મે, 1993થી સમગ્ર ભારતમાં અમલી બનાવાયો.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતની કુલ વસ્તીમાંથી કેટલી વસ્તી મહિલાઓની છે ?
   (A) 79% (B) 49%
   (C) 45% (D) 75%
2. ભારત સરકારે રાષ્ટ્રીય મહિલા નીતિ કયારે જાહેર કરી ?
   (A) 2001 (B) 2000
   (C) 2002 (D) 2004
3. રાષ્ટ્રીય મહિલા આયોગની સ્થાપના ક્યારે થઇ ?
   (A) 8/03/1992 (B) 30/03/1992
   (C) 14/04/1992 (D) 31/01/1992
4. 'અભયમ' મહિલા હેલ્પલાઇન નંબર ક્યો છે ?
   (A) 108 (B) 104
   (C) 181 (D) 111
5. રાષ્ટ્રીય મહિલા કોષની સ્થાપના ક્યા વર્ષમાં કરવામાં આવી ?
   (A) 1995 (B) 1993
   (C) 1996 (D) 1994
6. રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ મિશન ક્યાં દિવસે શરૂ કરવામાં આવ્યું હતું ?
   (A) 14 નવેમ્બર (B) 7 ડિસંમ્બર
   (C) 8 માર્ચ (D) 8 જૂન
7. કેન્દ્ર સરકારે સ્ત્રીશક્તિ નામના કેટલા પુરસ્કારોની સ્થાપના કરી છે ?
   (A) આઠ (B) ચાર
   (C) દસ (D) છ
8. રાષ્ટ્રીય બાળ નીતિ કયારે ઘડવામાં આવી ?
   (A) 23 નવેમ્બર, 1974 (B) 8 માર્ચ, 1974
   (C) 22 ઓગસ્ટ, 1974 (D) 14 નવેમ્બર, 1974
9. બાળકોમાટે કાર્યરત ૨૪ કલાક નિશુલ્ક હેલ્પલાઇન નંબર ક્યો છે ?
   (A) 1098 (B) 1091
   (C) 198 (D) 181
10. બાળ મજૂરી (નિસેધ અને નિયમન) અધિનિયમ કયારે અમલમાં આવ્યો ?
   (A) 1981 (B) 1986
   (C) 1985 (D) 1987

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (B) 49%
2. (A) 2001
3. (D) 31/01/1992
4. (C) 181
5. (B) 1993
6. (C) 8 માર્ચ
7. (D) છ
8. (C) 22 ઓગસ્ટ, 1974
9. (A) 1098
10. (B) 1986

## 2.9 ચાવીરૂપ શબ્દો

- મહિસા સશક્તિકરણ -
- ઘરેલું હિંસા - ઘરમાં થતાં અણબનાવ
- સ્વ સહાય - પોતેજ પોતાના માટે આર્થિક સરભરતા ઉભી કરવી
- પુરસ્કાર - પ્રોત્સાહિત ઈનામ
- પૂરક પોષણ -

## 2.10 સ્વાધ્યાય લેખન

**(1) રાષ્ટ્રીય મહિલા સશક્તિકરણ નીતિ જણાવી, મહિલા સશક્તિકરણના કાર્યક્રમો વિગતે સમજાવો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**(2) ભારતની વર્તમાન મહિલા સશક્તિકરણનીતિ વિસ્તૃત આલેખો.**

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

**(3) ભારતમાં મહિલાનીતિના ભાગરૂપે મહિલાઓના કાયદાકીય સ્થાનની વિસ્તૃત ચર્ચા કરો.**

.......................................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

**(4) રાષ્ટ્રીય બાળનીતિની મહત્ત્વની જોગવાઈઓ સવિસ્તૃત સમજાવો.**

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

**(5) ભારતમાં બાળકલ્યાણના વિવિધ કાર્યક્રમો/યોજનાઓની વિગતે સમજૂતી આપો.**

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

## 2.11 પ્રવૃતિ

1. ઘરેલુ હિંસાનો ભોગ બનેલી મહિલાઓને કાયદાકીય જાગૃતતા ફેલાવવી.
2. જરૂરીયાતમંદ મહિલાઓને સ્વ-સહાય જૂથ બનાવી તેને સ્વનિર્ભર બનાવવી.
3. મહિલાઓ માટે કાર્યરત તમામ યોજનાઓનો ચાર્ટ બનાવવો.
4. શાળાએ ન જતાં બાળકો અને તેમના માતા-પિતાને મફત શિક્ષણ કાનૂન વિશે જાણકારી આપી શાળાએ જતાં કરવા.

## 2.12 કેસ સ્ટડી

1. પાંચ બાળકો કે જે અલગ-અલગ સમસ્યાથી વિડાય છે. તેમની કેસસ્ટડી કરવી જેમકે, બાળ મૂર, ભિક્ષુક...
2. જરૂરીયાતમંદ મહિલાઓને સાથે લઈને તેમની સમસ્યાઓની કેસ સ્ટડી કરીને યોગ્ય માર્ગદર્શન આપી જાગૃત બનાવવી.

## 2.13 સંદર્ભગ્રંથ


(1) કારીઆ અશ્વિન એન.- 'સ્ત્રી અને કાયદો'(2005-06), સી. જમનાદાસ કંપની, અમદાવાદ.

(2) પ્રા. દવે જે. કે. - સમાજશાસ્ત્ર, 2008-09, લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

(3) डो. सुरेन्द्रसिंह (२००७) – समाजकार्य इतिहास, दर्शन एवं प्रणालियाँ, न्यु रोयल बूक कंपनी, लखनौ

(4) પંચાલ જયંત એમ - વિમેન એન્ડ ક્રિમિનલ લોઝ, સિદ્ધાર્થ લો હાઉસ, અમદાવાદ.

## એકમ–3 ભારતમાં વિભાગીય સામાજિક નીતિઓ અને અમલીકરણ તરીકે યુવાનીતિ, શિક્ષણનીતિ અને આરોગ્યનીતિ

### : એકમનું માળખું :


**3.0 એકમના હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 રાષ્ટ્રીય યુવાનીતિના હેતઓ અને ઘટકો**

**3.3 યુવકોના વિકાસ માટેની સેવાકીય યોજનાઓ**

**3.4 યુવાઓ માટેની સંસ્થાઓ**

**3.5 રાષ્ટ્રીય શિક્ષણનીતિ**

**3.6 રાષ્ટ્રીય શિક્ષણનીતિને અમલીકૃત કરતા કાર્યક્રમ અને યોજનાઓ**

**3.7 ભારતમાં શિક્ષણનું નિયંત્રણ અને નિયમન કરનારી સંસ્થાઓ**

**3.8 રાષ્ટ્રીય આરોગ્યનીતિ**

**3.9 આરોગ્યનીતિ વિષયક યોજનાઓ અને કાર્યક્રમો**

**3.10 આરોગ્ય અંગે નિયંત્રણ અને નિયમન કરનારી સંસ્થાઓ**

**3.11 ઉપસંહાર**

**3.12 તમારી પ્રગતિ ચકાસો**

**3.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**3.14 ચાવીરૂપ શબ્દો**

**3.15 સ્વાધ્યાય લેખન**

**3.16 પ્રવૃતિ**

**3.17 કેસ સ્ટડી**

**3.18 સંદર્ભગ્રંથ**


### 3.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ, વિદ્યાર્થીઓ જાણી શકશે કે,

1. રાષ્ટ્રીય યુવાનીતિના મુખ્ય હેતુઓ અને ઘટકો શું છે ? તે જાણી શકશે.
2. યુવાઓના વિકાસ માટે સેવાકીય યોજનાઓ કંઇ છે ? અને કંઇ સંસ્થાઓ તેના માટે કાર્યરત છે ? તે જાણી શકાશે.
3. રાષ્ટ્રીય શિક્ષણનીતિને અમલીકૃત કરતા વિવિધ કાર્યક્રમો જાણવા મળશે.
4. રાષ્ટ્રીય આરોગ્ય નીતિ વિષયક યોજનાઓ અને તેના માટે કાર્યરત વિવિધ સંસ્થાઓ વિશે જાણકારી મેળવી શકશે.

### 3.1 પ્રસ્તાવના

ભારતીય વસ્તીની કુલ વસ્તીનો લગભગ 70 % ભાગ 35 વર્ષથી ઓછી ઉંમરનો છે. જેમાં 10 થી 19 વર્ષ સુધીના વર્ગની વસ્તી લગભગ 225 મિલિયન છે. આ યુવાશક્તિ દેશના વિકાસ અને પ્રગતિમાં પ્રત્યક્ષ યોગદાન આપે છે. યુવાકાર્ય અને ખેલમંત્રાલય દેશમાં યુવાનો અને કિશોરોના વિકાસ માટે નોડેલ મંત્રાલય સ્વરૂપે કાર્ય કરે છે. યુવાશક્તિને રચનાત્મક માર્ગે વાળવામાં આવે તો રાષ્ટ્ર ઝડપી

પ્રગતિ કરી શકે એવા દૃષ્ટિકોણથી યુવકોની મહત્ત્વકાંક્ષાઓ પૂરી કરવા અને આયોજિત પરિવર્તનના સક્રિય તથા રચનાત્મક વાહકો તરીકે યુવકો કાર્ય કરી શકે તે માટે તેમનું સશક્તિકરણ કરવાના હેતુથી ભારતમાં 'યુથ અફેર્સ અને સ્પોર્ટસ ડિપાર્ટમન્ટ' તરફથી રાષ્ટ્રીય યુવાનીતિ અનુસાર ઘણા કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવે છે. યુવાધનને દેશના ધબકતાં અને નક્કી મજબૂત સંસાધન બનાવવાની, આયોજન અને વિકાસ પ્રક્રિયામાં યુવાધનને મૂલ્યવાન ભાગીદાર બનાવવાની આવશ્યકતા છે. તેમજ યુવાન સ્ત્રી-પુરૂષો રાષ્ટ્રીય વિકાસમાં પ્રદાન આપવા શક્તિમાન છે. આથી તેઓ નિર્ણયપ્રક્રિયામાં સહભાગી બનવા શક્તિમાન હોવા જરૂરી છે તે બાબત હવે સ્વીકૃત બની છે. યુવકોની વિવિધ સમસ્યાઓ હલ કરવા માટે સરકારી પગલાં સૂચવવા માટે વર્ષ 2002 માં 'નશનલ કમિશન ફાર યુથ'ની રચના કરવામાં આવી. આ કમિશને 10મી પંચવર્ષીય યોજનામાં અમલમાં મૂકવા માટે વિશ્વના પગલાંઓ સૂચવ્યાં હતાં. આ ઉપરાંત 11મી પંચવર્ષીય યોજના દરમ્યાન બે નવી યોજના દાખલ કરવામાં આવી હતી.

21મી સદી જ્ઞાનની સદી છે. ભારતમાં સ્વતંત્રતા પછી શિક્ષણના તંત્રમાં સુધારો થયેલ છે. આ પણ વ્યાપક અસુવિધાને કારણે દેશમાં નિરક્ષરતા વ્યાપક ફેલાયેલી છે. ભારત જયારે સ્વતંત્ર થયુ ત્યારે દેશમાં 12 % લોકો શિક્ષિત હતાં. ત્યારબાદ વિવિધ સમિતિ સાથે આયોગની રચના દ્વારા શિક્ષણપ્રથામાં વ્યાપક સુધારા કરવામાં આવ્યાં. સ્વતંત્રતા મળ્યાં પછી સીધી નિર્માતાઓએ બ્રિટિશરોએ વિકસાવેલી ભદ્રવર્ગ માટેની શૈક્ષણિક વ્યવસ્થાને સામૂહિક આધાર ધરાવતી વ્યવસ્થામાં પરિવર્તિત કરી હતી. તેનો પાયો સમાનતા અને સામાજિક ન્યાય હતો. વર્ષ 2009માં શિક્ષણના અધિકારને બનાવીને શિક્ષણને મૂળભૂત અધિકાર બનાવવામાં આવ્યો અને રાષ્ટ્રીય શિક્ષણનીતિ જાહેર કરવામાં આવી હતી. તેમાં પરિણામે નીતિનિર્માતાઓ એ સર્વ શિક્ષા અભિયાન અને મધ્યાહન ભોજન યોજના જેવા પગલાં લઈને શિક્ષણને સાર્વત્રિક બનાવવાનો પ્રયાસ કર્યો હતો. અતિશિક્ષિત, ટેક્નોસેવી અને વૈજ્ઞાનિક રીતે તાલીમબદ્ધ ભારતીય નાગરિક વિશ્વના દરેક ખૂણામાં વિવિધ રોજગારીમાં સંકળાયેલાં છે. જે ભારત માટે ગર્વની બાબત છે. આપણે વર્ષોથી એક નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. જે સાક્ષરતાના દરમાં વધારો છે. સ્વતંત્રતા મળી ત્યારે ભારતમાં સાક્ષરતા ફક્ત 12 % હતી. અત્યારે વર્ષ 2011 વસતિ ગણતરી મુજબ આપણી સાક્ષરતાનો દર 74.04 % છે. 93.91 % સાથે કેરલ અને 91.58 % સાથે મિઝોરમ ટોચ પર છે. શિક્ષણના મુખ્ય હેતુ એટલે રાષ્ટ્રનિર્માણ અને આપણી ભવિષ્યની પેઢીઓને ઘડવા સક્ષમ બનાવવા પર કેન્દ્રિત છે.

એલ્મા આટા ઘોષણાના ભાગરૂપે વર્ષ 1938 માં જાહેર કરાયેલી રાષ્ટ્રીય આરોગ્ય નીતિ 2000 સુધીમાં તમામને આરોગ્ય સેવા દૃષ્ટિકોણ સાથે ઘડાયેલી હતી. 2000 માં સૌને માટે આરોગ્યનો હેતુ સિદ્ધ થઈ શક્યો ન હતો. મિલેનિયમ ઘોષણા 2000 અને આરોગ્ય સંબંધી મિલેનિયમ વિકાસ લક્ષ્યાંકને તે વૈશ્વિક સ્તરે અપનાવવાના નેશનલ હેલ્થ પોલિસી 2002ની રચનામાં તે પ્રોત્સાહનરૂપ બન્યાં હતાં. "સ્વાસ્થ્ય જ ખરી સંપત્તિ છે." પણ સાથે જેમ સ્વસ્થ વ્યક્તિ પોતાની અને પોતાના કુટુંબની સારસંભાળ રાખી શકે છે. તેમ સ્વસ્થ વ્યક્તિઓનો સમાજ દેશના આર્થિકવિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે. સ્વસ્થ સમુદાય કોઇ પણ દેશ પોતાના વિકાસ લક્ષ્યાંકો હાંસલ કરવા અને ભારતને વાઇબ્રન્ટ બનાવવા વધારે સક્ષમ છે.

## 3.2 રાષ્ટ્રીય યુવાનીતિ

### રાષ્ટ્રીય યુવાનીતિ-2003

ભારતમાં સૌપ્રથમ યુવાનીતિ 1988માં ઘડવામાં આવી હતી. દેશમાં ઝડપી સામાજિક આર્થિક રૂપાંતરના પરિણામે આ યુવાનીતિમાં સુધારો કરવાની જરૂર જણાઈ. આથી, યુથ અફેર્સ અને રમત-ગમત(ખેલ) મંત્રાલય દ્વારા 2003 ની સાલમાં નવી રાષ્ટ્રીય યુવા-નીતિ ઘડવામાં આવી. આ યુવાનીતિના મુખ્ય હેતુઓ આ પ્રમાણે છે.

- વૈશ્વિક પરિસ્થિતિથી ઉદ્‌ભવેલા નવા પડકારોને ઝીલવા યુવકો તત્પર બને તે માટે તેઓને ઉત્તેજન આપી જાગૃત કરવા.
- યુવકો રાષ્ટ્રીય વિકાસના સક્રિય ભાગીદાર બને તે માટે તેઓને પ્રેરિત કરવા.

2003ની રાષ્ટ્રીય યુવાનીતિ અનુસાર 13 થી 35 વર્ષથી ઉંમર વય-જૂથનો સ્ત્રી-પુરૂષોને યુવકો ગણવામાં આવ્યાં છે. આ નવી યુવા-નીતિમાં નીચેની ચાર બાબતોને આવરી લેવામાં આવી છે.

- યુવકોનું સશક્તિકરણ
- લૈંગિક ન્યાય
- આંતરવિભાગીય અભિગમ
- માહિતી અને સંશોધનનું નેટવર્ક

રાષ્ટ્રીય યુવાનીતિ-2003 યુવાનો માટે તાલીમ રોજગારી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની બાબતોની ઓળખ આપે છે. આ રાષ્ટ્રીય યુવાનીતિની સમીક્ષા કરી રાષ્ટ્રીય યુવાનીતિ 2012નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

**રાષ્ટ્રીય યુવાનીતિ 2012**

રાષ્ટ્રીય યુવાનીતિ 2012નો લક્ષ્ય યુવા આયુષ્ય સમૂહના વર્તમાન 13-35 વર્ષની ઉંમર સમૂહને હટાવી 16-30 વર્ષ કરવાનો પ્રસ્તાવ લાવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની મુજબ યુવાની પરિભાષા 15-24 વર્ષ છે.

રાષ્ટ્રીય યુવાનીતિ 2012 મુજબ 16-30 વર્ષોની વિસ્તૃત ઉંમર વર્ગ ત્રણ સમૂહોમાં વિભાજન કરવાની યોજના છે.

(1) 16-20 વર્ષ જૂથમાં શિક્ષણ સુવિધા આપવાનો

(2) 20-25 વર્ષ, જે રોજગારીથી વંચિત છે તેને રોજગાર આપવાનો.

(3) 25-30 વર્ષ, જે સ્વરોજગાર અને ઔદ્યોગિક કૌશલ્યથી વંચિત છે, તેને પૂરી પાડવાનો.

જેમાં મુખ્ય રાષ્ટ્રીય એકતા, રોજગાર અને કૌશલ્ય દ્વારા યુવાનોનું સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, રમત તથા મનોરંજન, સામુદાયિક સેવાઓ, પર્યાવરણ અને સ્થાનિક સરકારમાં ભાગીદારી વગેરેનો સમાવેશ થાય છે. આ નીતિમાં મુખ્ય પાંચ ક્ષેત્રની દેખરેખ માટે સૂચકાંક આપેલ છે.

1) યુવા આરોગ્ય આંક

2) યુવા શિક્ષણ આંક

3) યુવા વર્ગ આંક

4) યુવા સુવિધા આંક

5) યુવા ભાગીદારી આંક

આ ઉપરાંત પણ યુવાવિકાસ આંકનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. કેન્દ્ર અને રાજ્યસ્તરે એક મજબૂત સમન્વયતંત્રની સ્થાપનાની ભલામણ કરવામાં આવી છે. દરેક રાષ્ટ્રીય વસ્તી ગણતરી પછી સમીક્ષા કરવામાં આવે.

**રાષ્ટ્રીય યુવાનીતિ 2014**

રાષ્ટ્રીય યુવાનીતિ 2014માં યુવાનોના વિકાસ માટે દૂરદર્શી દૃષ્ટિકોણ રાખવામાં આવેલ છે. જેમાં મુખ્ય પાંચ ઉદ્દેશ્યોને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. જે પાંચ ઉદ્દેશ્યોને 11 પ્રાથમિકતાના ક્ષેત્રોમાં વિભાજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તેમા નીતિલક્ષી જરૂરિયાતો આપવામાં આવી છે. જે પ્રાથમિક ક્ષેત્રોમાં અમલી બનાવવામાં આવશે. આ યુવાનીતિ અંતર્ગત ભારત સરકારી વિવિધ યોજનાઓના માધ્યમથી દેશભરના યુવાનોના સશક્તિકરણ માટે રૂા.90,000/- કરોડ થી વધુ ધનરાશી મંજૂર કરી છે.

**રાષ્ટ્રીય યુવાનીતિ 2014ના હેતુઓ**

- શિક્ષા, કુશળતા, પ્રશિક્ષણ અને ઉદ્યમશીલતા દ્વારા યુવાનોમાં વધુ ક્ષમતાનો વિકાસ કરવો.
- સ્વસ્થજીવન માટે યુવાપેઢીને રમતગમત પ્રતિ પ્રોત્સાહન આપવું.
- યુવાનોને સમાજસેવા અને માનવીય મૂલ્યોની પ્રેરણા આપવી.
- ભારત નિર્માણમાં યુવાનોની ભાગીદારી નિશ્ચિત કરવી.

- સમાન અધિકારો દ્વારા યુવાપેઢીને સામાજિક સદ્ભાવનાથી જોડવાં.

## 3.2 યુવકો અને કિશોરોનો વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમના હેતુઓ અને ઘટકો

યુવકો અને કિશોરોના વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમની યોજના પુનઃઘડતર કરવામાં આવ્યું છે. તેમા દસમી પંચવર્ષીય યોજનાના ચાર કાર્યક્રમોને વિલીન કરવામાં આવ્યાં છે. અને સુધારેલી યોજના અમલમાં મૂકવામાં આવી છે. યોજનાના હેતુ માટે રાષ્ટ્રીય યુવાનીતિમાં 13 થી 35 વર્ષના વયજૂથની વ્યક્તિઓને યુવકો ગણવામાં આવ્યા છે. 10-19 વર્ષના વયજૂથની વ્યક્તિઓને કિશોરો ગણવામાં આવ્યાં છે. હાલમાં આ પ્રમાણેની વર્ષોની વયજૂથમાં ફેરફારો સૂચવવામાં આવ્યાં છે. આ કાર્યક્રમની યોજનાના ટૂંકાગાળાના અને લાંબાગાળાના હેતુ નક્કી કરવામાં આવ્યાં છે.

**ટૂંકાગાળાના હેતુઓ**

- કિશોરો સહિત યુવકોનો તેમના સર્વાંગી વિકાસ માટેની તક પૂરી પાડવી.
- યુવકોમાં નેતૃત્વના ગુણો વિકસાવવા અને તેમના વ્યક્તિત્ત્વનો વિકાસ કરવો તેમજ તેઓની શક્તિને રાષ્ટ્રના સામાજિક-આર્થિક વિકાસ તરફ વાળવી.
- રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવું, યુવકોમાં તેમની રચનાત્મક અભિવ્યક્તિઓ દ્વારા બિનસાંપ્રદાયિક સાર-સંગ્રાહક દૃષ્ટિ મજબૂત બનાવવી.
- સાહસની ભાવના જોખમ ઊઠાવવું, ટીમવર્ક, પડકારરૂપ, સંજોગો પ્રત્યે તત્કાળ અને આવશ્યક પ્રતિભાવ દાખવવાની ક્ષમતા જેવા ગુણોના વિકાસને ઉત્તેજન આપવું.
- યુવકોમાં કિશોરોને એક વિશિષ્ટ જૂથ તરીકે સ્વીકૃતિ આપવી અને તેઓના સર્વાંગી વિકાસ માટે ઉત્તેજન તથા સાનુકુળ પર્યાવરણ પૂરું પાડવું.
- યુવકો અને કિશોરોને લગતા પ્રશ્નો અંગેના સંશોધન અને પ્રકાશનોને પ્રોત્સાહન આપવું.

**લાંબાગાળાના હેતુઓ**

- રાષ્ટ્રીય ઘડતર માટે યુવાશક્તિને પ્રવૃત રાખવી તેમજ તેમની શક્તિને ઇષ્ટ દિશામાં વાળવી.
- લોકશાહી, સમાજવાદ અને બિનસાંપ્રદાયિકતા જેવા રાષ્ટ્રીય મૂલ્યો માટે યુવકોમાં સ્વાભિમાનની ભાવના વિકસાવવી.
- યુવકોમાં સામાજિક સંવાદિતા અને રાષ્ટ્રીય એકતાને ઉત્તેજન મળે તેવી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોને પ્રોત્સાહન આપવું.
- દેશના વિભિન્ન ભાગોના યુવકોમાં રાષ્ટ્રીય અખંડિતતા, વિવિધતામાં એકતા, ભારતીયપણા માટે ગૌરવની ભાવના વિકસાવવી તેમજ યુવાનોમાં સામાજિક સંવાદિતાની ભાવના જાગૃત કરવી.
- ગ્રામીણ વિસ્તારમાં જ્ઞાન પ્રસારનું કાર્ય કરવા માટે પ્રેરિત કરવા અને તેઓને રાષ્ટ્ર ઘડતરની પ્રક્રિયામાં સામેલ કરવા.
- સમાજના આર્થિક અને સામાજિક રીતે પછાત વર્ગના કિશોરોના વિકાસ અને સશક્તિકરણ માટેની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું.
- દેશોમાં કિશોરોની ચોક્કસ જરૂરિયાતોને માન્ય કરે અને કિશોરોને મૈત્રીપૂર્ણ સેવાઓ પૂરી પાડે તેવું વાતાવરણ ઊભું કરવું.

**યોજના હેઠળ લક્ષ્ય યુવકો અને કિશોરો**

યુવાનો અને કિશોરોના વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમની યોજના હેઠળ લક્ષ્યજૂથો નક્કી કરવામાં આવ્યાં છે. નેહરૂ યુવાકેન્દ્ર સંગઠન સાથે જોડાયેલી યુથકલ્બના સભ્યો, નેશનલ સર્વિસ સ્કીમ સાથે જોડાયેલા સભ્યો, સ્ટેટ ગવર્નમેન્ટ યુથ ઓર્ગેનાઇઝેશનના સભ્યો, ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ સાથે સંકળાયેલાં સભ્યો, શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાંના વિદ્યાર્થીઓ, અન્ય યુવા સંગઠનો કે બિનસરકારી સંગઠનના નોંધાયેલા સભ્યો આ યોજનાના લાભાર્થીઓ લક્ષ્ય યુવક અને કિશોરો છે. આ ઉપરાંત વિશિષ્ટ ક્ષમતા ધરાવતા યુવકોને તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ,

લઘુમતીઓ તથા નબળા વર્ગના યુવકોને આ યોજનામાં અગ્રતા આપવામાં આવે છે. લાભાર્થીઓની પસંદગીમાં સ્ત્રીઓને ખાસ અગ્રતા આપવામાં આવે છે. કુલ લાભાર્થીઓમાં ઓછામાં ઓછા 1/3 લાભાર્થી તરીકે સ્ત્રીઓને પસંદ કરવામાં આવે છે.

**કાર્યક્રમો અને તેના ઘટકો**

યુવકો અને કિશોરોના વિકાસ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમમાં મુખ્ય પાંચ કાર્યક્રમો હેઠળ 19 જેટલા મુખ્ય ઘટકોને આવરી લેવામાં આવ્યાં છે. આથી, આ યોજનાને અમ્બ્રેલા સ્કીમ તરીકે ઓળખવામાં આવી છે.

આ કાર્યક્રમો અને તેના ઘટકો આ પ્રમાણે છે.

(1) યુવાનેતૃત્વ અને વ્યક્તિમત્તા વિકાસ કાર્યક્રમમાં આ માટેની તાલીમ આપવામાં આવે છે.

(2) રાષ્ટ્રીય એકતા વિકાસ કાર્યક્રમમાં આ અંગેના કેમ્પ યોજવામાં આવે છે. આંતર-રાજ્ય યુવા વિનિમય કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. બહુવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાઓ યુથફેસ્ટિવલ યોજવામાં આવે છે. તેમજ યુથ એવોર્ડસ એનાયત કરવામાં આવે છે.

(3) સાહસિકતા વિકાસ કાર્યક્રમમાં પાયાની, મધ્યમસરની અને એડવાન્સ કક્ષાની સાહસિકતાના વિકાસને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ માટે માન્ય સંસ્થાઓને ગ્રાન્ટ આપવામાં આવે છે.

(4) કિશોરોના વિકાસ અને સશક્તિકરણના કાર્યક્રમમાં જીવનકૌશલ્ય માર્ગદર્શન, કારકિર્દી માર્ગદર્શન, રહેઠાણ કેમ્પને લગતી પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી છે.

(5) ટેક્નિકલ અને સંશાધન વિકાસને લગતા કાર્યક્રમમાં પર્યાવરણ, યુવકોમાં પ્રશ્નો અંગે સંશોધન અને અભ્યાસો, દસ્તાવેજીકરણ અને પ્રકાશન તેમજ યુવકો કે કિશોરોના પ્રશ્નો, રાષ્ટ્રીય એકતા અને સાહસિકતાને લગતા સેમિનાર, કોન્ફરન્સ, પ્રદર્શન અને કાર્યશાળાને લગતી પ્રવૃત્તિઓ હાથ ધરવાની હોય છે.

આ કાર્યક્રમની યોજનાનો અમલ પ્રોજેક્ટ સ્વરૂપે હાથ ધરવાનો હોય છે અને પ્રોજેક્ટ હાથ ધરતી સંસ્થાને સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે છે. નાણાંકીય સહાય માટે રાષ્ટ્રીય કક્ષાના અને રાજ્યકક્ષાના કેટલાક સંગઠનોને માન્ય કરવામાં આવ્યાં છે, અર્થાત્ એ સંગઠનોને નાણાંકીય સહાય માટે પાત્ર ગણવામાં આવ્યાં છે.

## 3.3 યુવકોના વિકાસ માટેની સેવા યોજનાઓ

### (1) સ્કાઉટીંગ અને ગાઈડીંગ

આંતરરાષ્ટ્રીય શિક્ષણ ચળવળ તરીકે સ્કાઉટિંગ અને ગાઇડિં છોકરા છોકરીઓના ચારિત્ર્ય વિકાસનું ધ્યેય ધરાવે છે. તે યુવકોમાં દેશભક્તિ, બીજા પ્રત્યે સહાનુભૂતિ અને સામાજિક સેવાની ભાવના જગાડે છે. ભારતમાં ભારત સ્કાઉટ્સ અને ગાઇડ્સ તથા હિંદુસ્તાન સ્કાઉટ્સ અને ગાઇડ્સ મુખ્યત્વે આ કાર્ય કરે છે. તેમાં પ્રૌઢશિક્ષણ, વૃક્ષારોપણ, સમુદાયસેવા, આરોગ્ય, સ્વચ્છતા વગેરેનો સમાવેશ થાય છે. સરકાર આવી પ્રવૃત્તિઓ માટે આર્થિક સહાય કરે છે.

### (2) સાહસિકતા વિકાસ યોજના

યુવકોમાં જોખમ ખેડવાની ભાવના સંઘભાવના અને પડકારભર્યા સંજોગો પ્રત્યે ત્વરિત પ્રતિભાવ દાખવાની શક્તિ કેળવવાના હેતુથી યુવકો માટે સાહસિકતા વિકાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ જમીન, સમુદ્ર તથા હવામાં સાહસના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવવા બદલ આપવામાં આવતું સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન છે. આ યોજના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં યુવાનોને સાહસિકતા વિકાસની તક પૂરી પાડે છે. આ યોજના હેઠળના લાભાર્થીઓ 13 થી 35 વર્ષના વયજૂથના હોય છે. આ યોજના હેઠળ આપવામાં આવતા એવોર્ડને હવે 'તેનસિંગ નોર્વે રાષ્ટ્રીય સાહસ પુરસ્કાર' નામ આપવામાં આવ્યું છે. દરેક પુરસ્કાર મેળવનારને રોકડ રકમ, એક પ્રતિમા અને સન્માન શિલ્ડ આપવામાં આવે છે. આ પુરસ્કાર

રમતોમાં ઉત્કૃષ્ટતા માટે આપવામાં આવતા અર્જુન પુરસ્કારની સમકક્ષ છે.

**(3) રાષ્ટ્રીય યુવા મહોત્સવ**

યુવા મહોત્સવ પાછળનો મુખ્ય વિચાર દેશના યુવકોને એકત્રિત કરીને રાષ્ટ્રીય એકતા, કોમી સંવાદિતાની ભાવના, ભ્રાતૃભાવના, હિંમત અને સાહસ સબંધી કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. રાષ્ટ્રીય યુવા મહોત્સવની જેમ રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ યુવા મહોત્સવ ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય એકતા અને કોમી સંવાદિતાને સહાયક બનતા યુવા કાર્યક્રમોને નાણાંકીય સહાય પૂરી પાડવાનું છે. રાષ્ટ્રીય એકતા કેમ્પ, યુથ લીડરશીપ કેમ્પ અને આંતર રાજ્ય યુવા વિનિમય કાર્યક્રમ, બહુવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના યુવામહોત્સવ કાર્યક્રમો આયોજનના મુખ્ય કાર્યક્રમો છે.

દર વર્ષ 8 થી 12 જાન્યુઆરી(સ્વામી વિવેકાનંદ જયંતિ સુધી) આ મહોત્સવ યોજવામાં આવે છે. આ મહોત્સવ દરમ્યાન 12 જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રીય યુવા પુરસ્કાર યુવાન પુરુષો મહિલાઓ તથા સ્વયંસેવક સંગઠનોને રાષ્ટ્રીય વિકાસ અને સામાજિક સેવાના ક્ષેત્રમાં ઉલ્લેખનીય કાર્ય કરવા બદલ આપવામાં આવે છે. ભારતમાં વિભિન્ન રાજ્યો અને કેન્દ્રશાસિત રાજ્યોમાંથી 2500 થી વધુ યુવક-યુવતીઓ આ મહોત્સવમાં ભાગ લે છે. આ મહોત્સવ યુવક-યુવતીઓને તેમના કળા-કૌશલ્યોના પ્રદર્શનની તક પૂરી પાડે છે. તેમજ તે વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતાનાં દર્શન કરાવી યુવકોમાં તેમજ સમાજમાં બિનસાંપ્રદાયિકતા, સહિષ્ણુતા અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને દઢ બનાવે છે.

**(4) યુવા હોસ્ટેલ્સ**

યુવા હોસ્ટેલ્સ ઐતિહાસિક તથા સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતાં શૈક્ષણિક કેન્દ્રો, પર્યટન, મહત્ત્વ વગેરે જેવા ક્ષેત્રો જ્યાં યુવા પ્રવૃત્તિ હેતુ સુવિધાઓ અત્યંત જરૂરી હોય ત્યાં બાંધવામાં આવી છે. હોસ્ટેલ નિર્માણ યુવાનો માટે દેશમાં જ યાત્ર કરવાની પ્રવૃત્તિનો ફેલાવો કરવા માટે કરવામાં આવે છે. યુવાનોને યોગ્ય દરે આવાસની સુવિધા પૂરી પાડે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંયુક્ત સાહસથી યુથ હોસ્ટેલ બાંધવામાં આવી છે. તેનું સંચાલન રાજ્ય સરકારો દ્વારા થાય છે. સમગ્ર દેશમાં અત્યાર સુધીમાં 85 યુવા હોસ્ટેલોનું નિર્માણ થયું છે.

**(5) રાષ્ટ્રીય સેવા સ્વયંસેવક યોજના**

આ યોજનાનો હેતુ વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક ધોરણે રાષ્ટ્રઘડતરની પ્રવૃત્તિઓમાં જોડાવવાની તક પૂરી પાડવાનો છે. ખાસ કરીને જે વિદ્યાર્થીઓએ તેમનું સ્નાતક સુધીનું શિક્ષણ પૂરું કર્યુ હોય તેઓ સ્વેચ્છાથી પૂર્ણકાલીન ધોરણે અમુક ચોક્કસ સમયગાળા માટે આ યોજનામાં જોડાઈ શકે છે. જે કોઈ યુવક-યુવતિએ તેમની પ્રથમ પદવીનો અભ્યાસ પૂરો કર્યો હોય અને તેઓ 25 વર્ષથી નીચેની વયના હોય તો તેઓ નેશનલ સર્વિસ વોલન્ટીયર તરીકે એક કે બે વર્ષ માટે જોડાઇ શકે છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સ્ત્રી સ્વયંસેવકોના કિસ્સામાં વય અને શૈક્ષણિક લાયકાતમાં છૂટછાટ મળી શકે છે. નોંધાયેલા દરેક સ્વયંસેવકને દર મહિને રૂા.1000/- રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આ સ્વયંસેવકોને ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ મુખ્યત્વે વ્યક્તિત્વ વિકાસ, પબ્લિક સ્પીકિંગ, પોઝીટીવ થિંકિંગ અને ઈવેન્ટ મેનેજમેન્ટ અંગેનું પાયાનું જ્ઞાન આપવામાં આવે છે. આવા સ્વયંસેવકો માટે રીફ્રેશર કોષ પણ ચલાવવામાં આવે છે.

**(6) ઉમ્મીદ**

શહેરે વિસ્તારમાં બેરોજગાર 18 થી 35 વર્ષની વયજૂથના બેરોજગાર યુવાનોને કૌશલ્ય વર્ધક તાલીમ પૂરી પાડી વેતન રોજગારી પૂરી પાડવા માટે ઉમ્મીદ કાર્યક્રમ ઈ.સ.2007 થી શરૂ કરવામાં આવ્યો છે. 1 લાખ શહેરી ગરીબ યુવક-યુવતીઓને આજીવિકા પૂરી પાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. બી.પી.એલ. લાભાર્થીઓને અગ્રતા અને 40 % મહિલાઓને આવરી લેવાનું લક્ષ્ય પણ રખાયેલ છે. શહેરી વિસ્તારના માર્કેટની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી શહેરી ગરીબોને યોગ્ય કુશળતા કેળવવા માટેની માહિતી અને તાલીમ પૂરી પાડતો કાર્યક્રમ છે. માર્કેટ

સ્કેન દ્વારા બજારની હાલની માંગ આધારીત તાલીમ અને તાલીમાર્થીઓને યોગ્ય જગ્યાએ પ્લેસમેન્ટ તેમજ અભ્યાસક્રમમાં અંગ્રેજી ભાષાનું પાયાનું જ્ઞાન, ક્લાસરૂમ સાથે પ્રેક્ટીકલ તાલીમનું આયોજન કરવામાં આવે છે. અમલીકરણનું કાર્ય સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પ્રતિ સહભાગી પાસેથી રૂા.500/- યોગદાન લેવામાં આવે છે.

**(7) રાષ્ટ્રીય સદ્‌ભાવના યોજના**

ભારત સરકારે જૂન, 2005થી આ યોજના અમલમાં મૂકેલ છે. આ યોજના મુજબ 10 થી 20 સ્વયંસેવકોને યુવા અને સમુદાયવિકાસની કાર્યક્રમમાં ભાગ લેવા માટે મૂકવામાં આવે છે. આ સ્વયંસેવકોને 'નહેરૂ યુવા સાથી' તરીકે ઓળખવામાં આવશે. તેઓને યુવકોના સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને રોજગારીને લગતા પ્રશ્નો અંગે તાલીમ આપવાની રહે છે. આવી તાલીમ દ્વારા તેઓને સમવયસ્ક શિક્ષકો બનાવવાના રહે છે. આ નહેરૂ યુવા સાથીઓએ રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા, સામાજિક સંવાદિતા અને ભ્રાતૃભાવના માટે જાગૃતિના પ્રસાર કરવાનું કાર્ય કરવાનું હોય છે. તેઓએ લૈંગિક ભેદભાવ, જ્ઞાતિબંધનો, ધુમ્રપાન, મધપાન, નશીલા દ્રવ્યોનું સેવન જેવા સામાજિક દૂષણો પ્રત્યે યુવકો અને સમુદાયને જાગૃત કરવાની કામગીરી કરવાની રહે છે. નહેરૂ યુવા સાથીની પસંદગી યુથ ક્લબો, મહિલા મંડળો, સ્પોર્ટસ્ ક્લબો અને યુવા વિકાસ કેન્દ્રોમાંથી સ્પર્ધા દ્વારા કરવાની હોય છે. નહેરૂ યુવા સાથીને એક વર્ષ માટે માસિક રૂ.1000/- નું માનદવેતનથી રાખવાના હોય છે.

**(8) રાષ્ટ્રીય યુવા દળ (NYC)**

ભારત સરકારે વર્ષ 2010-11 થી આ યોજનાની શરૂઆત કરેલ છે. યુવાનોની ઊર્જાને નવી દિશા આપી રાષ્ટ્રનિર્માણમાં તેને લાવવા અને તેની શક્તિઓ બહાર લાવવાના હેતુ છે. રાષ્ટ્રીય સેવા સ્વયંસેવક યોજના અને રાષ્ટ્રીય સદભાવના યોજનાને જોડી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ છે. દેશના બધા જિલ્લામાં આ સ્કીમ લાગુ છે. જે હેઠળ કાર્યકર્તાઓને દર મહિને 2500/- રૂ. ની ધનરાશિ મળે છે. આ યોજના 18.25 વર્ષ યુવા સમૂહને 2 વર્ષ સુધી પૂર્ણ સમયના સ્વયંસેવક બનાવવા પાત્ર ગણે છે.

**(9) રાષ્ટ્રીય સેવા યોજના (NSS)**

**NSS** તરીકે ઓળખાતી રાષ્ટ્રીય સેવા યોજના 2 ઓક્ટોબર, 1969 ના રોજ શરૂ થઈ તેનો ઉદ્દેશ્ય સ્કૂલો અને કોલેજોના યુવા વિદ્યાર્થીઓના ચારિત્ર અને વ્યક્તિત્વના વિકાસનું નિર્માણ કરવું. વર્ષ 1969માં 37 વિશ્વવિદ્યાલયોમાં તેનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં 40 હજાર વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં સામુદાયિક સેવાના માધ્યમથી વિદ્યાર્થીઓનો વિકાસ કરવાનો છે. આજે આ સ્કીમ 299 વિશ્વવિદ્યાલયોમાં 14698 કોલેજ/ઉચ્ચતર તથા ટેક્નિકલ શિક્ષણની સંસ્થાઓમાં ફેલાયેલી છે. જેનાં 4.39 કરોડથી વધુ સ્વયંસેવક વિદ્યાર્થી છે. યોજનાનું સંચાલન રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવે છે. NSS નું આદર્શ વાક્ય : મૈં નહી; પરંતુ, તુમ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે 7.5 ના પ્રમાણમાં જ્યારે પૂર્વોત્તર ક્ષેત્ર અને પહાડી વિસ્તારોમાં 3:1 ના પ્રમાણમાં ખર્ચ કરવામાં આવે છે. જમ્મુ કશ્મીર તથા બધા કેન્દ્રશાસિત પ્રદેશોમાં તેમજ કેન્દ્રીય વિદ્યાલય અને નવોદય વિદ્યાલયમાં 100 % ભારત સરકાર દ્વારા નાણાં આપવામાં આવે છે. દર વર્ષે સ્વતંત્રતા દિવસની પરેડમાં એન.એસ.એસ. સ્વયંસેવક ભાગ લે છે. 12 દિવસની મેગાશિબિરમાં 500 જેટલા વિદ્યાર્થીઓ સાથે વર્ષમાં એ મેગા શિબિરનું આયોજન કરવામાં આવે છે. સાથો-સાથે સાહસિક શિબીર કૌશલ્ય વિકાસની તાલીમો આપવામાં આવે છે.

NSS એક મૂલ્ય આધારીત કાર્યક્રમ છે. તેનાં ભારતીય સમાના પ્રશ્નો ઉકેલવાની દિશાના સેવા કાર્યો હાથ ધરવામાં આવે છે. ધરતીકંપ, પૂર, સુનામી, દુષ્કાળ, વાવાઝોડું જેવી આફતો વખતે NSSના સ્વયંસેવકો હંમેશા આગળ આવીને સ્વૈચ્છિક સેવા પૂરી પાડે છે. દર વર્ષે NSS ના સ્પેશ્યલ કેમ્પ ખાસ પ્રશ્નોને આવરી લઈને યોજાય છે. આવા પ્રશ્નોમાં બાળલગ્ન, જેન્ડર ઈશ્યુ, દહેજ, એચઆઇવી એઇડસ, રાષ્ટ્રીય એકતા સામાજિક સંવાદિતા, વગેરેનો સમાવેશ થાય છે. યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ મંત્રાલય NSS ની હાલની વ્યવસ્થા ઉપરાંત હવે સેલ્ફ

ફાયનાન્સના ધોરણે NSS ના નવા યુનિટ્સ ખોલવાની મંજૂરી આપે છે. NSSના 25 વર્ષની સિલ્વર જ્યુબિલી પૂરી થવાથી 1993-94થી ઇન્દિરા ગાંધી NSS પુરસ્કારની શરૂઆત કરવામાં આવી. NSS સ્વયંસેવકો, કાર્યક્રમ અધિકારીઓ તથા કાર્યક્રમ સંયોજકો દ્વારા સ્વાર્થ રહિત સેવાઓના બદલામાં 'ઇન્દિરા ગાંધી NSS પુરસ્કાર' આપવામાં આવે છે. સાથે 30 જાન્યુઆરી, 2012થી ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં સાહસપૂર્ણ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલય, યુવા બાબતો અને ખેલમંત્રાલય તથા NSSના સહયોગથી 'યુથ ટુ એજ' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ સમગ્ર દેશમાંથી 2000 NSS સ્વયંસેવક સાહસિક તાલીમ કાર્યક્રમો આ ભાગ લેવા અસમ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડની યાત્રા કરે છે.

**પંચાયત યુવા-ક્રીડા અને ખેલ અભિયાન**

ભારત સરકારે માર્ચ 2008 માં પંચાયત યુવા ક્રીડા અને ખેલ અભિયાન નામની એક નવી યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનું ધ્યેય રાજ્ય સરકારો, પંચાયતો, શિક્ષણ સંસ્થાઓ, યુથકલ્બો અને સ્પોર્ટસના વિકાસ માટેની સંસ્થાઓના પ્રયાસો દ્વારા દસ વર્ષોના સમયગાળામાં પંચાયત કક્ષાએ સ્પોર્ટસના આંતરમાળખાનો આધાર પૂરો પાડવાનું છે. આ સમયગાળામાં 2,50,000 ગામડા અને બ્લોક પંચાયતો તથા તેના સમકક્ષ એકમોને તેમાં આવરી લેવામાં આવ્યાં છે. આ અભિયાન યોજના દ્વારા દેશ રમતોને પ્રોત્સાહન આપશે તેમ ગ્રામીણ સ્પોર્ટસ ટેલેન્ટ કેળવીને તથા પારખીને ગ્રામીણ સ્પોર્ટસ ટેલેન્ટનું વિતરણ કરવામાં આવશે આ યોજના હેઠળ દરેક ગ્રામપંચાયત અને દરેક બ્લોક પંચાયતને ગ્રાન્ટ આપવામાં આવશે અને તેમાં રાજ્યસરકારોને અમૂક ફાળો રહેશે. દરેક બ્લોક પંચાયતો અને દરેક જિલ્લા પંચાયતો દ્વારા યોજનાર સ્પર્ધા માટે ગ્રાન્ટ પૂરી પાડવામાં આવશે. તેમાં વિજેતાઓને ઇનામ અપાશે. આ યોજનામાં 11મી પંચવર્ષીય યોજનામાં પ્લાનિંગ કમિશને રૂા. 1500 કરોડની રકમ ફાળવી છે.

**રમત-ગમત અને યુવાવિકાસ**

સ્પોર્ટસ યુવાવિકાસનું મહત્ત્વનું પાસું છે. વર્ષ 1984માં નેશનલ સ્પોર્ટસ પૉલિસિ ઘડવામાં આવી હતી. વર્ષ 2001માં નવી નેશનલ સ્પોર્ટસ પૉલિસિ ઘડવામાં આવી. આ નવી નીતિમાં રમતગમતનો પાયો વિસ્તૃત બનાવવો, રમતગમતના ક્ષેત્રે સિદ્ધમાં વૃદ્ધિ કરવી, રમતગમતનાં આંતરમાળખાનો વિકાસ કરવો રમતગમતની સંસ્થાઓને ટેકો પૂરો પાડવો, રમતગમતને વિજ્ઞાન અને તાલીમથી મજબૂત બનાવી. રમતવીરોને પ્રોત્સાહન આપવું. રમત-ગમતના વિકાસમાં સંસ્થાગત વિચારોને સામેલ કરવા તેમજ ગ્રામીણ યુવકોને પ્રોત્સાહન આપવું. અને રમત-ગમતમાં ખેલદિલી ભાવના વિકસાવવી જેવી બાબતોને આવરી લેવામાં આવી છે. ભારત સરકારે રમતગમતના વિકાસ દ્વારા યુવકોનો વિકાસ સાધવા માટે વર્ષ 1984માં સ્પોર્ટસ ઑથૉરિટી ઑફ ઇન્ડિયાની સ્થાપના કરી છે. આ સંસ્થા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં સ્પોર્ટસના પાયાને વિસ્તૃત બનાવવાનું અને રમતવીરોને તાલીમ પૂરી પાડતી મધ્યવર્તી સંસ્થા છે. દેશમાં આ સંસ્થાનાં 6 પ્રાદેશિક કેન્દ્રો છે. આ સંસ્થાઓ રમતવીરોને તાલીમથી સજ્જ કરે છે અને રમતવીરો શ્રેષ્ઠતા સિદ્ધ કરે તે માટે તાલીમ આપે છે. આ સંસ્થા કેન્દ્ર સરકારની કેટલીક યોજનાઓનો અમલ કરે છે. તે રમતવીરોને શિષ્યવૃત્તિઓ આપીને પ્રોત્સાહન આપે છે અને સ્ત્રીઓ માટેની રમત યોજનાઓનો અમલ કરે છે. તેમજ ગ્રામીણ રમતોને પ્રોત્સાહન આપે છે. શારીરિક શિક્ષણ અને રમતગમતના ક્ષેત્રમાં યુવાવિકાસમાં મહત્ત્વનો ફાળો આપતી લક્ષ્મીબાઇ નૅશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન સંસ્થાને ભારત સરકાર નાણાભંડોળ પૂરું પાડે છે. સરકાર દ્વારા રમતગમતના આંતરમાળખા માટે ગ્રાન્ટ આપવામાં આવે છે. યુનિવર્સિટી અને રમતવીરોને પ્રોત્સાહન માટે ગ્રાન્ટ અપાય છે. રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે એવોર્ડઝ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. વર્ષ 1992માં રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય રમતો જેવી કે ઓલિમ્પિક રમતો, વર્લ્ડ કપ, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સમાં વિજેતા રમતવીર અને તેના કોચને ખાસ એવોર્ડઝથી નવાજવામાં આવે છે. આંતર-યુનિવર્સિટી ટુર્નામૅન્ટમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર યુનિવર્સિટીને મૌલાના અબ્દુલ કલામ આઝાદ ટ્રોફી એનાયત કરવામાં આવે છે અને રોકડ રકમ અપાય છે. પ્રશંસાપાત્ર રમતવીરો યુવક-યુવતી 30 વર્ષની ઉંમરે પહોંચે પછી તેમને આજીવન

પેન્શન આપવાની યોજના 1994 થી અમલમાં મૂકવામાં આવી છે. રમતગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં અને રમતવીરને સલામતી પૂરી પાડવામાં આ યોજના મહત્ત્વની છે.

આ ઉપરાંત, શાળાઓમાં રમતગમતના વિકાસ માટેની અનુદાન યોજના અમલમાં મૂકવામાં આવી છે. ગ્રામીણ રમત-ગમત કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે તેમજ રમતગમત માટે શિષ્યવૃત્તિની યોજના અમલમાં મૂકવામાં આવી છે.વર્ષ 1975માં સ્ત્રીઓ માટે નૅશનલ સ્પોર્ટસ ચેમ્પિયનશીપ શરૂ કરવામાં આવેલ છે. રમતગમતના ક્ષેત્રમાં લાઇફ-ટાઇમ સિદ્ધિ હાંસલ કરનાર માટે 2002ના વર્ષથી ધ્યાનચંદ એવોર્ડ શરૂ કરવામાં આવ્યો છે. 1961ના વર્ષથી અર્જુન એવોર્ડ અને 1985 થી દ્રોણાચાર્ય એવોર્ડ શરૂ કરવામાં આવેલ છે. રમતગમતના ક્ષેત્રે પ્રતિભા શોધ અને તાલીમ યોજના અમલમાં મૂકવામાં આવી છે. ભારતના રમતવીરોને સિદ્ધિ પ્રાપ્ત કરવા સજ્જતા કેળવવા માટે ખાસ એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે.

**આંતરરાષ્ટ્રીય સહકાર અને યુવા પ્રતિનિધિઓનો વિનિમય**

આંતરરાષ્ટ્રીય સહકારને વેગ આપવા માટે કોમનવેલ્થ યુથ પ્રોગ્રામ તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુવા પ્રતિનિધિઓના વિનિમયના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય સહકારના વિકાસ માટે 1974માં કોમનવેલ્થ યુથ પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમના હેતુ રાષ્ટ્ર સમૂહના દેશોમાં યુવાન સ્ત્રી-પુરૂષોના વિકાસને વેગ આપવાનો છે. આ કાર્યક્રમના હેતુઓ આ પ્રમાણે છે.

– રાષ્ટ્રીય વિકાસની પ્રક્રિયામાં યુવાનોની ભાગીદારીને પ્રોત્સાહન અને ટેકો પૂરો પાડવો.

– આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં યુવકોના પ્રદાનને સ્વીકૃતિ આપવી.

– બેરોજગારી નાબૂદી માટે ઉત્પાદક પ્રવૃત્તિને વેગ આપવો.

– યુવકોમાં આંતરરાષ્ટ્રીય સમજ માટેની તકો પૂરી પાડવી.

કોમનવેલ્થ યુવા પ્રોગ્રામનું હેડક્વાર્ટર લંડન છે અને એશિયા કેન્દ્રનું હેડક્વાર્ટર ચંદિગઢ છે. કોમનવેલ્થ યુથ પ્રોગ્રામ અંતર્ગત યુથ અફેર્સ મંત્રાલય એશિયા કેન્દ્રના સહયોગમાં દર વર્ષે ત્રણ-ચાર કાર્યક્રમો યોજે છે. આ કાર્યક્રમોમાં યુવકોને સ્પર્શતા પ્રશ્નો અંગે કન્સલ્ટેશન અને વર્કશોપ યોજવામાં આવે છે. આવા વધુ કાર્યક્રમો યોજવા માટેના પ્રયાસો થઈ રહ્યાં છે.

યુવકોમાં આંતરરાષ્ટ્રીય સમજ કેળવવાની દૃષ્ટિથી આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુવકોના પ્રતિનિધિ મંડળોનો વિનિમય કરવાનો કાર્યક્રમ અમલમા મૂકવામાં આવ્યો છે. આ કાર્યક્રમને વિભિન્ન દેશોના યુવકોનાં વિચાર-વિનિમયના વિકાસ માટેનું અસરકારક સાધન માનવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ યુવક પ્રતિનિધિ મંડળોને વિભિન્ન યુવા કાર્યક્રમો, મિટિંગ, સેમિનાર, કોન્ફરન્સ વગેરેમાં સહભાગી બનવા વિદેશો સાથે વિનિમય કરવામાં આવે છે. વધુ દેશો સાથે આવક વિનિમય કાર્યક્રમો માટેના એગ્રીમેન્ટ માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. આ ક્ષેત્રમાં આ એક નવી પહેલ છે.

## 3.4 યુવાનો માટેની સંસ્થાઓ

### (1) રાજીવ ગાંધી રાષ્ટ્રીય યુવાવિકાસ સંસ્થા

1993માં યુવા બાબતોમાં વિભાગ હેઠળ એક સ્વતંત્ર એકમ તરીકે શ્રી પુરુમબુદર-તમિલનાડુમાં સ્થાપિત કરવામાં આવી. માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા 23 ઓક્ટોબર,2008ના રોજ તેને 'ડીમ્ડ વિશ્વવિદ્યાલય'નું બિરૂદ મળેલ છે. આ સંસ્થાને એક રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થામાં પરિવર્તિત કરવાનો કાયદો સંસદે પસાર કરેલો છે અને 18 જૂન, 2013ના રોજ ભારતના ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ સંસ્થા દ્વારા પાંચ પ્રકારના સ્નાતક કાર્યક્રમો ચાલે છે.

1) યુવા સશક્તિકરણ

2) કેરિયર પરામર્શ

3) લૈંગિક અધ્યયન

4) સ્થાનિક સરકાર

5) જીવનકૌશલ્ય શિક્ષણ

**(2) નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન**

નહેરૂ યુવા કેન્દ્ર સંગઠનની વર્ષ 1972માં સ્થાપના કરવામાં આવી. તેનો મૂળભૂત ઉદ્દેશ્ય ગ્રામીણ સ્તરે સ્વયંસેવક કાર્યસમૂહની સ્થાપના કરવાનો છે. નહેરૂ યુવા કેન્દ્ર સંગઠનના 623 કેન્દ્ર, 28 ક્ષેત્રીય કાર્યાલય તેમજ 1 લાખથી વધુ ગ્રામીણ આધારિત યુવા ક્લબ છે. જેમાં 8 મિલિયન સ્વયંસેવક નોંધાયેલાં છે. હાલની માહિતી મુજબ નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન દ્વારા 8 મિલિયનથી વધુ યુવાનોને સંગઠિત કરી 2.62 લાખ યુવા તેમજ ખેલ ક્લબના સ્વરૂપે તેમાં એક પ્લેટફોર્મ ઉપર સંગઠિત કરેલ છે.

**યુવાનો માટેની અન્ય સંસ્થાઓ**

- લક્ષ્મીબાઈ રાષ્ટ્રીય શારીરિક શિક્ષા સંસ્થા, 1957, ગ્વાલિયર(મધ્યપ્રદેશ)
- નેતાજી સુભાષ રાષ્ટ્રીય ખેલકૂદ સંસ્થા-પટિયાલા.(ક્ષેત્રીય કેન્દ્રો : બેંગ્લોર, કલકત્તા અને ગાંધીનગર, ચંદીગઢ, ભોપાલ, ઈમ્ફાલ)
- લક્ષ્મીબાઈ નૅશનલ કૉલેજ ઓફ ફીઝીકલ એજ્યુકેશન (તિરૂવનંતપુરમ્)
- હાઈ એલ્ટીટયુડ ટ્રેઈનીગ સેન્ટર-શિલારૂ(હિમાચલપ્રદેશ)
- નૅશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ સ્પોર્ટસ- પતિયાલા(પંજાબ)
- સ્પોર્ટસ કોલેજ-લખનૌ(ઉત્તરપ્રદેશ)

## 3.5 રાષ્ટ્રીય શિક્ષણનીતિ

દેશમાં 1979માં રાષ્ટ્રીય શિક્ષણનીતિનો દસ્તાવેજ રજૂ કર્યો. તેમાં નિરક્ષરતા નિવારણ માટેના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને તેનું અમલીકરણ કરવામાં આવ્યું. જેમાં મફત ગણવેશ, પુસ્તકો અને શિષ્યવૃત્તિની જોગવાઈ કરવામાં આવી. જેનો હેતુ શિક્ષણનો વ્યાપ વધારવાનો હતો.

લોકસભાએ 1986માં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સ્વીકૃતિ આપી. એમાં એક સમાન રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. જેમાં પાઠયક્રમનું માળખું એવું બનાવવું કે જેથી સમગ્ર દેશમાં શિક્ષણનાં વિભિન્ન ચરણો દ્વારા યોગ્યતા અને સમાનતા સ્થાપિત થાય. સમાજ અને સંસ્કૃતિના પાસાંઓને સુદઢ કરે અને સમતાવાદી, લોકશાહી અને ધર્મનિરપેક્ષ સમાજ માટે જરૂરી મૂલ્ય વ્યવસ્થાને સ્થાપિત કરે. નવી નીતિની વિશેષ કાર્યવાહીમાં શિક્ષણમાં સમાનતા ઉપર ભાર મૂકવામાં આવ્યાં. શૈક્ષણિક પરિવર્તન, અસમાનતાઓ ઘટાડવી, પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ, પ્રૌઢશિક્ષણ, વૈજ્ઞાનિક અને શિલ્પ વૈજ્ઞાનિક સંશોધનને રાષ્ટ્રીય જવાબદારી માનીને તેના માટે પર્યાપ્ત સંસાધનો ઉપલબ્ધ કરવામાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાીનો નિશ્ચિત એવી અપેક્ષા રાખે છે કે, એક નિશ્ચિત કક્ષા સુધી તમામ વિદ્યાર્થીઓ માટે નાતજાત અને લિંગભેદ વગર એક સમાન શિક્ષણ મળે. જે દેશના તમામ ભાગોમાં 10 + 2 + 3 ના સમાન ઢાંચાની કલ્પના કરે છે. પ્રથમ દસ વર્ષના ગાળામાં પ્રાથમિક શિક્ષણ માટે પાંચ વર્ષ, ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે 3 વર્ષ અને હાઈસ્કુલના 2 વર્ષની હતી. પ્રાથમિક શિક્ષણ સંબંધે રાષ્ટ્રીય નીતિમાં એવો પ્રસ્તાવ રજૂ કર્યો છે કે જે બાળકોને વર્ષ 1990 સુધીમાં 11 વર્ષ પૂરા કર્યા હોય તેમને પાંચ વર્ષનું શિક્ષણ અનૌપચારીક રીતે પૂરું પાડવામાં આવશે. એમાં વર્ષ 1995 સુધીમાં 14 વર્ષ સુધીની વય ધરાવતા તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી.

નિરક્ષરતા નિવારણ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં એવો પ્રસ્તાવ રાખવામાં આવ્યો કે 15 થી 35 વર્ષના વયજૂથમાં પ્રૌઢશિક્ષણ અને નિરંતર શિક્ષણનો વિશાળ કાર્યક્રમ વિવિધ માધ્યમો દ્વારા કાર્યાન્વિત કરવામાં આવશે. વિવિધ માધ્યમોમાં નિરંતર શિક્ષણ માટે ગ્રામીણ ક્ષેત્રોમાં કેન્દ્રોની સ્થાપના, માલિકો અને સરકારના સંબંધિત સંગઠનો દ્વારા શ્રમિકોને શિક્ષણ, રેડિયો, દૂરદર્શન, ફિલ્મોનો વ્યાપક પ્રમાણમાં સામૂહિક શિક્ષણ માટે ઉપયોગ કરવો, શિક્ષણ મેળવનારાઓને જૂથમાં એકત્ર કરવા, દૂરવર્તી શિક્ષણ

કાર્યક્રમો અને સ્વશિક્ષણના આયોજનમાં સહકારનો સમાવેશ કરવામાં આયોજનમાં સહકારનો સમાવેશ કરવામાં આવ્યો. આ કાર્ય યોજનાને એવો નિર્ણય કર્યો કે પ્રૌઢ શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ વર્ષ 1990 સુધી ચાર કરોડ અને વર્ષ 1995 સુધીમાં છ કરોડ લોકોને લાભાન્વિત કરીને સાક્ષર બનાવશે.

ડિસેમ્બર, 1993માં યોજવામાં આવેલ 'સૌને માટે શિક્ષણ' શિખર મંત્રણામાં વધુ વસતી ધરાવતા નવ દેશોને ભાગ લીધો હતો. જેમાં ભારતે એક ઐતિહાસિક નિવેદન ઉપર સહી કરી હતી. જેમાં સન 2000 સુધીમાં સૌને માટે શિક્ષણનું ધ્યેય હાંસલ કરવા પર ભાર મૂકવામાં આવ્યો. આ નવ દેશોમાં 70 % પુખ્તવયના નિરક્ષરો છે. આ દેશોએ રાષ્ટ્રીય સ્તરે વિકાસ, જીવનધોરણમાં સુધારણા, અયોગ્યતા અને વસ્તીવૃદ્ધિ પર નિયંત્રણ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સહિષ્ણુતા, સદ્‌ભાવ અને શાંતિ સ્થાપવા માટે સૌને માટે શિક્ષણનું લક્ષ્ય પ્રાપ્ત કરવું. જરૂરી છે. પ્રજાની પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત ઝડપથી પૂરી કરવા માટેની જવાબદારી હતી. આ શિખર મંત્રણામાં વિચાર વિમર્શ કર્યા બાદ પ્રાથમિક શિક્ષણ સાર્વત્રિક બનાવવા તથા બાળકો યુવાનો અને પ્રૌઢો માટે શિક્ષણની તકો વિસ્તારવા ઉપર ભાર મૂક્યો હતો. વર્ષ 1990ને આંતરરાષ્ટ્રીય સાક્ષરતા વર્ષ તરીકેની ઘોષણા કરવામાં આવી.

## 3.6 શિક્ષણનીતિને અમલીકૃત કરતાં કાર્યક્રમો

### (1) રાષ્ટ્રીય પ્રૌઢશિક્ષણ કાર્યક્રમ

આ કાર્યક્રમનો પ્રારંભ 2 ઓક્ટોબર, 1978ના રોજ થયો. જેનો હેતુ 15 થી 35 વર્ષની વયજૂથના લોકોને શિક્ષણ આપીને સાક્ષરતા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ કાર્યક્રમ કેન્દ્ર સરકાર, રાજ્યસરકાર, કેન્દ્રશાસિત પ્રદેશો, સ્વયંસેવી સંગઠનો, સ્વૈચ્છિક સંસ્થાનો, શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ યુવક કેન્દ્રોનો સહકારી પ્રયાસ છે. આ કાર્યક્રમ અંતર્ગત નિરક્ષર લોકોને સાક્ષર બનાવીને કલા-કૌશલ્યો શીખવવા એમનો વિકાસ કરવો તથા તેમને ઉચિત ન્યાય મળે તેવી રણનીતિઓ કાર્યાન્વિત કરવાનો સરકારના કાનૂનો અને નીતિઓ વિશે જાગૃતિ કરવાનો વિશેષ કરીને સ્ત્રીઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, સમાજના નબળા વર્ગોના શિક્ષણનો અભાવ છે, તેના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

### (2) ગ્રામીણ પ્રકાર્યવાદી સાક્ષરતા કાર્યક્રમ

આ કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર ઉપાડે છે; પરંતુ, એનું સંચાલન કરવાની જવાબદારી રાજ્ય સરકારોની છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોમાં લખવા, વાંચવાની ક્ષમતાને વિકસિત કરવાનો તથા શીખનાર લોકોમાં એની જાગૃતિ ઉત્પન્ન કરવાનો તથા એમને સરકાર દ્વારા કંઇ-કંઇ યોજનાઓ કાર્યાન્વિત છે. વિવિધ સામાજિક, આર્થિક વિકાસની યોજનાઓથી એમને શું લાભ થશે ? તેની જાણકારી આપવાનો છે. આ કાર્યક્રમનો પ્રારંભ વર્ષ 1986ના મે માસમાં થયો અને તેમાં કૉલેજ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવ્યાં. એનું સૂત્ર હતું. પ્રત્યેક એક વ્યક્તિ, એક વ્યક્તિને ભણાવે. વર્ષ 1990માં 4.50 લાખ સ્વયંસેવકોએ 4.20 લાખ લોકોને ભણવા લખવાનું શીખવ્યું હતું.

### (3) રાષ્ટ્રીય સાક્ષરતા મિશન

રાષ્ટ્રીય શિક્ષણના નિર્દેશો અને કાર્ય યોજનામાં વિચારવામાં આવેલી રણનીતિઓ અનુસાર સરકારે પ્રૌઢશિક્ષણ ક્ષેત્રે એક વ્યાપક કાર્યક્રમ બનાવ્યો જેને રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના નામે ઓળખે છે. આ કાર્યક્રમનો પ્રારંભ વર્ષ 1988 માં કર્યો. એનું લક્ષ્ય ક્રિયાત્મક સાક્ષરતા 15 થી 35 વર્ષની વયજૂથના નિરક્ષરોને પ્રદાન કરવાનું હતું.

### (4) જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ

આ કાર્યક્રમને 1993માં સૈદ્ધાંતિક મંજૂરી મળી અને વર્ષ 1999માં આયોજન પંચે એક કેન્દ્ર પુરસ્કૃત યોજના તરીકે મંજૂરી આપી. આ યોજના અંતર્ગત શૈક્ષણિક રીતે પછાત જીલ્લાઓ જ્યાં મહિલા સાક્ષરતાનો આંક રાષ્ટ્રીય સાક્ષરતા કરતા નીચો હોય તથા જે જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની વધતી જતી માંગનું સંપૂર્ણ સાક્ષરતા અભિયાન ઝુંબેશનું સફળતાપૂર્વક સંચાલન થતું હોય તેવા જીલ્લાઓને પસંદ કરવામાં આવ્યાં. આ જીલ્લાઓમાં આયોજન પ્રક્રિયા સઘન છે અને સહભાગીતા

વધુ છે. તેમાં સિદ્ધાંત અને પ્રયોગનો સમન્વય થયેલો છે. રાષ્ટ્રીય શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ, શૈક્ષણિક આયજન અને વહીવટની રાષ્ટ્રીય સંસ્થા જેવી સંસ્થાઓ સહાયક બની છે. ઉચ્ચતમ ધ્યેય, આયોજન પ્રક્રિયા અને તેની સઘનતા તથા ક્ષમતાલક્ષી ઘડતર ઉપર આ કાર્યક્રમમાં વધુ ભાર મૂકવામાં આવ્યો છે. વિકાસલક્ષી ક્ષેત્રો સાકાર થતી એક નવી તરાહ છે. જે સાતત્ય સમાનતા અને સ્થાનિક સમાજની સામેલગીરી ઉપર ભાર મૂકે છે. આ કાર્યક્રમ દ્વારા પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે શાળાઓની ભૌતિક સુવિધાઓથી સુસજ્જ કરવી, ગુણવત્તા સુધારવી, બાળકોની ક્ષમતાઓનો વિકાસ કરીને શ્રેષ્ઠ ઘડતર કરવું અને બાળકને ઉન્નત જીવન જીવવા માટે સક્ષમ બનાવવા ઉપર ભાર મૂકવામાં આવે છે.

**(5) રાષ્ટ્રીય પ્રતિભા ખોજ યોજના**

**NCERT** એ 1963માં ધોરણ-10ના સ્તર ઉપર વિશેષ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની શોધ કરવા માટે દિલ્હી માટે એક પ્રાયોગિક પરીક્ષા, રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રતિભા ખોજ શરૂ કરી હતી. વર્ષ 1964માં 350 વિદ્યાર્થીઓની સાથે તેને સમગ્ર દેશમાં ફેલાવી. વર્ષ 1977માં તેનું નામ બદલી 'રાષ્ટ્રીય પ્રતિભા ખોજ' રાખવામાં આવ્યું.

**(6) જનશાળા કાર્યક્રમ**

આ સમાજ ઉપર આધારિત પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ છે. તેને ભારત સરકાર અને પાંચ સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓ UNDP, UNICEF, UNESCO, ILO અને UNFPA દ્વારા મળીને ચલાવાય છે. આ કાર્યક્રમનો હેતુ સમાજના વંચિત અને પછાતવર્ગો ખાસ કરીને છોકરીઓ અને બાળકો અનુસૂચિત જાતિ/જનજાતિ, લઘુમતી, કામ કરવાવાળા બાળકો અને ખાસ સારસંભાળની જરૂરિયાત હોય તેવા બાળકોને પ્રાથમિક શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો છે

**(7) સાક્ષર ભારત**

રાષ્ટ્રીય સાક્ષરતા મિશનના સ્વરૂપમાં સાક્ષર ભારતની શરૂઆત ડૉ. મનમોહન સિંહે 8 સપ્ટેમ્બર 2009માં કરી હતી. 31 માર્ચ 2012 સુધી અમલમાં હતી. હવે આ કાર્યક્રમને 12મી પંચવર્ષીય યોજના(2012-17)માં સમાવી લેવામાં આવેલ છે. સાક્ષર ભારત અંતર્ગત નિરક્ષરો અને સંખ્યા જ્ઞાન ન ધરાવનાર પ્રૌઢને કાર્યાત્મક સાક્ષરતા અને અંકજ્ઞાન પુરૂ પાડવું. નવા સાક્ષરપ્રૌઢ વ્યક્તિઓને બુનિયાદી શિક્ષણ આપ્યા બાદ પણ અભ્યાસ ચાલુ રાખવામાં અને ઔપચારીક શિક્ષણ પ્રણાલીમાં સમાનતા પ્રાપ્ત કરવામાં મદદ કરવી. નિરક્ષરો અને નવા-સાક્ષરને પોતાના રોજગાર અને જીવન પરિસ્થિતિઓમાં સુધારા માટે સંગીન કૌશલ્ય વિકાસ કાર્યક્રમ પુરો પાડવો. નવા શિક્ષિત પ્રૌઢ વ્યક્તિઓને શિક્ષણ ચાલુ, રાખવા માટે તક આપવાની સાથે એક શિક્ષિત સમાજનો વધારો કરવો.

**(8) ઓપરેશન બ્લેક બોર્ડ**

દેશની તમામ પ્રાથમિક વિદ્યાલયોમાં લઘુતમ અનિવાર્ય શિક્ષણ ઉપલબ્ધ કરાવવાના હેતુથી NPEPOAના સહયોગથી આ કાર્યક્રમો ઇ.સ.1987 માં પ્રારંભ કરવામાં આવ્યો. ઑપરેશન બ્લેક બોર્ડ કાર્યક્રમના ત્રણ પેટા કાર્યક્રમ છે. 1) વર્તમાન ઑપરેશન બ્લેકબોર્ડને ચાલુ રાખવાની સાથે અનુસૂચિત જાતિ/જનજાતિ ક્ષેત્ર સહિત બાકી તમામ પ્રાથમિક વિદ્યાલયોમાં તેને લાગુ કરવી.2) જે પ્રાથમિક વિદ્યાલયમાં વિદ્યાર્થીનો પ્રવેશ નિશ્ચિત છે. ત્યાં પ્રત્યેક વિદ્યાલયમાં ત્રણ શિક્ષક અને ત્રણ રૂમ હોવા જોઈએ. 3) ઓપરેશન બ્લેક બોર્ડનો વિસ્તાર અપર-પ્રાયમરી વિદ્યાલય સુધી નીચે મુજબના કાર્ય માટે થવો જોઈએ.

- દરેક વર્ગ/ખંડ માટે ઓછામાં ઓછો એક રૂમ.
- શિક્ષકખંડ સહકાર્યાલય.
- બાળકી અને બાળકો માટે અલગ શૌચાલય.
- અભ્યાસ અને વાંચન માટે પુસ્તકાલય સહિત અન્ય ઉપકરણ
- પ્રત્યેક વર્ગ ખંડ માટે ઓછામાં ઓછો એક શિક્ષક

આઠમી પંચવર્ષીય યોજનામાં બાકી રહેલ તમામ વિદ્યાર્થીઓને વર્ષ 2000 સુધીમાં આ કાર્યક્રમ હેઠળ લાવવાનો ધ્યેય હતો.

**(9) મહિલા સામાખ્ય કાર્યક્રમ**

રાષ્ટ્રીય શિક્ષણનીતિને અનુરૂપ મહિલા સામાખ્ય યોજના ગ્રામીણ ક્ષેત્રોમાં ખાસ કરીને સામાજિક અને આર્થિક રૂપથી પછાત સમૂહોની મહિલાઓના શિક્ષણ અને તેના સશક્તિકરણ માટે ઇ.સ. 1989થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં સમાનતા પ્રાપ્ત કરવા મહિલાઓને શિક્ષિત બનાવવી. તેમજ નિરાશ અને ઉદાસ થયેલી મહિલાઓમાં સામૂહિક ચેતના પેદા કરવા માટેની છે.

**(10)સર્વશિક્ષા અભિયાન**

ઑક્ટોબર, 1998માં રાજ્યોના શિક્ષણમંત્રીઓનું એક સંમેલન મળ્યું. જેના નિર્ણય પરથી આ યોજનાનો વિકાસ રજૂ થયો અને વર્ષ 2001થી તેમની શરૂઆત કરવામાં આવી. આ અભિયાન અંતર્ગત 6 થી 14 વર્ષની ઉંમરના બધા બાળકોને ઇ.સ. 2003 સુધીમાં સ્કૂલો શિક્ષા ગેરંટી યોજનામાં પ્રવેશ આપવો. 6 થી 14 વર્ષની ઉંમરના બધા બાળકો ઇ.સ. 2007 સુધીમાં પાંચ વર્ષનું શિક્ષણ પાડવું. ઇ.સ. 2010 સુધીમાં આવા તમામ બાળકો 8 વર્ષનું શિક્ષણ પ્રાપ્ત કરે. જીવનમાં શિક્ષણ ઉપર ભાર દેવા માટે સંતોષકારક ગુણવત્તાનું પ્રાથમિક શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવે. વર્ષ 2010 સુધીમાં બધાને સાક્ષર બનાવવા તથા આ કાર્યક્રમ મુજબ જે વિસ્તારમાં શાળાઓ નથી ત્યાં નવી શાળાઓ સ્થાપવી, નવા રૂપ, સંડાસ, પીવાનું પાણી તેમજ સ્કૂલ ગ્રાન્ટ દ્વારા નવી શાળાઓ સ્થાપવી. નબળા વર્ગોને મફત પાઠયપુસ્તકો આપવા. દસમી પંચવર્ષીય યોજનામાં કેન્દ્ર અને સરકારો વચ્ચે 75 : 25ના આધારે અને ત્યારબાદ 50 : 50ના આધારે ખર્ચની ફાળવણી કરવામાં આવે છે.

**(11) NPECEL કાર્યક્રમ (National Programme for Education of Girls at elementary)**

2003માં સર્વ શિક્ષા અભિયાનના એક ભાગ તરીકે શરૂ કરવામાં આવેલ. આ કાર્યક્રમ શૈક્ષણિક સ્વરૂપે પછાત બ્લોકમાં લાગુ કરવામાં આવેલ છે. જ્યાં છોકરીઓ સ્કૂલમાં પ્રવેશ તો લે છે. પરંતુ, સ્કૂલે જતી નથી તેવી છોકરીઓ માટે આ કાર્યક્રમ ચલાવવામાં આવ્યો છે. NPECEL 442 જિલ્લાનો શૈક્ષણિક સ્વરૂપે પછાત 3353 બ્લોકની 4.12 કરોડ છોકરીઓનો સમાવેશ કરેલ છે, જેની હેઠળ 41779 આદર્શ સમૂહ સ્કુલ ચાલે છે.

**(12) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષણ અભિયાન**

માર્ચ, 2004માં પઢે ચલો, બઢે ચલો સૂત્ર દ્વારા અભિયાન શરૂ થયેલ. માધ્યમિક શિક્ષણ સુધી પહોંચવા અને તેમાં શિક્ષકોની ગુણવત્તા સુધારવી. આ યોજનાનો ઉદ્દેશ્ય કોઈ વિસ્તારમાં તર્ક સંગત કરીને અંદર માધ્યમિક સ્કૂલ પૂરી પાડવી અને માધ્યમિક સ્તરે નામાંકન 100 % કરવાની પરિકલ્પના છે. બધી માધ્યમિક સ્કૂલોના નિર્ધારિત માપદંડોનું પાલન કરવાવાળી બનાવી માધ્યમિક સ્તર ઉપર પ્રદાન કરવામાં આવતી શિક્ષણની ગુણવત્તા સુધારવી, જાતિય, સામાજિક, આર્થિક અને વિકલાંગતાની અડચણો દૂર કરવી. 2012 સુધીમાં માધ્યમિક અને શિક્ષણને સર્વસુલભ બનાવવું અને વર્ષ 2020 સુધીમાં બધા બાળકોને સ્કૂલમાં દાખલ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવું.

**(14) છોકરીઓને માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહનની રાષ્ટ્રીય યોજના**

માધ્યમિક કક્ષાએ 14 થી 18 વર્ષની છોકરીઓના પ્રવેશને પ્રોત્સાહન આપવા તેમજ ખાસ કરીને જે છોકરીઓએ વર્ગ 8 પાસ કરેલ છે. તેમને માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા મે, 2008માં આ યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ. ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની તમામ ધોરણ-8 પાસ છોકરીઓ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાંથી ધોરણ-8 પાસ(કોઇપણ સમાજની) અને ધોરણ-9માં રાજ્ય/કેન્દ્ર શાસિત સરકારમાં, સરકારી અનુદાનિક અથવા સ્થાનિક સ્કૂલમાં એકેડેમીક વર્ષ 2008-09 પછી પ્રવેશ મેળવેલ છોકરીઓ તથા છોકરીઓ ધોરણ-9માં જોડાય ત્યારે 31 માર્ચના રોજ 16 વર્ષથી નાની હોવી જોઈએ. પરણિત છોકરીઓ

અને જે છોકરીઓ બિન અનુદાનિક સ્કૂલમાં ભણતી હોય અને કેન્દ્ર સરકાર સંચાલિત સ્કૂલમાં દાખલ થયેલ હોય તે લાભને પાત્ર નથી. રૂ.3000/- થી બાંધી થાપણ પાત્રતા ધરાવનાર છોકરીઓના નામે મૂકવામાં આવે છે. આ છોકરીઓ ધોરણ-10મું પાસ કરે અને 18 વર્ષ પૂર્ણ કરે ત્યારે વ્યાજ સાથે આ રકમ ઉપાડી શકે છે. વર્ષ 2011-12માં 25 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશની 5,43,532 પાત્ર છોકરીઓ માટે 16,306 કરોડ રૂપિયા સ્વીકારવામાં આવેલ છે.

**(15) મધ્યાહન ભોજન યોજના**

પ્રાથમિક સ્કૂલના બાળકોને પોષણ સહાયતા આપતો રાષ્ટ્રીય કાર્યક્રમ છે. પ્રાથઈમક સ્કૂલમાં વિદ્યાર્થીના પ્રવેશને પ્રોત્સહન, બાળકોને ટકી રહેલા તથા પોષણ સ્તર સુધારવાનો આ યોજનાનો હેતુ રહેલો છે. ધોરણ 1 થી 8 સુધીનો અભ્યાસ કરનાર બાળકોનો આ યોજના અંતર્ગત સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં 12.12 લાખ પ્રાથમિક સ્કૂલ 10.44 કરોડ બાળકોનો સમાવેશ કરવામાં આવેલ છે. રાંધેલા ભોજનમાં 100 ગ્રામ ઘઉં/ચોખા, 20 ગ્રામ દાળ, 50 ગ્રામ શાકભાજી અને 5 ગ્રામ તેલનો સમાવેશ થાય છે. જે પ્રાથમિક સ્તરે 450 કેલરી ઊર્જા અને 12 ગ્રામ પ્રોટીન પૂરું પાડે છે. ઉચ્ચ પ્રાથમિક બાળકો માટે 150 ગ્રામ ઘઉં/ચોખા, 30 ગ્રામ દાળ, 75 ગ્રામ શાકભાજી અને 7.5 ગ્રામ તેલ હોય છે. જે 700 કેલરી ઊર્જા અને 20 ગ્રામ પ્રોટીન પૂરું પાડે છે. દાળ, શાકભાજી, તેલ, મસાલા, ઈંધણ વગેરે જેમાં છેલ્લા ચાર વર્ષમાં દર વર્ષ આ ખર્ચમાં 7.5% નો વધારો થયો છે. જેમાં કેન્દ્ર અને પૂર્વોત્તર રાજ્યો 90 : 10 અને અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 75 : 25 ના આધારે ખર્ચની ભાગીદારી છે. જો સ્કૂલમાં રસોઈની વ્યવસ્થા ન હોય તો દરેક લાયક વિદ્યાર્થીને 3 કિલો અનાજ દર મહિને આપવામાં આવે છે. આ યોજનાના કારણે બાળ પોષણ, સ્કૂલના વિદ્યાર્થીઓની હાજરી, જાતિ સમાનતા, સામાજિક સમાનતા વગેરે જેવી બાબતો જોવા મળશે. સમગ્ર દેશમાં રાજસ્થાન મધ્યાહન ભોજન લાગુ કરવાવાળું પ્રથમ રાજ્ય છે. સુપ્રિમ કોર્ટ ઇ.સ. 2001 માં બધા રાજ્યોને આ યોજના ફરજિયાત લાગુ કરવાનો નિર્દેશ આપ્યો છે.

**(16) ઉચ્ચ શિક્ષણ ધિરાણ યોજના**

ઉચ્ચ શિક્ષણ મેળવવાના હેતુથી વધુમાં વધુ 5 વર્ષના અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવે છે. ટૂંકા ગાળાના ઉચ્ચ અભ્યાસક્રમ માટે એક વર્ષ રૂા.3.00 લાખ અને જે અભ્યાસક્રમમાં નોકરીની તકો વધારે હોય તેવા અભ્યાસક્રમ માટે વાર્ષિક મહત્ત્વ મર્યાદા રૂા.2.00 લાખ અને વધુમાં વધુ 10,00,000 રૂપિયાની લોન અપાય છે. પાંચ વર્ષના અભ્યાસક્રમ માટે તથા વિદેશ અભ્યાસક્રમ વાર્ષિક મહત્તમ મર્યાદા રૂા.4.00 લાખ અને વધુમાં વધુ રૂ.20.00 લાખની મર્યાદામાં અપાય છે. લોન આપવા માટેની વય મર્યાદા 15 થી 32 વર્ષ છે. શહેરી વિસ્તાર માટે કૌટુંબિક વાર્ષિક આવક રૂ.1,03,000/- ની મર્યાદામાં તથા ગ્રામ્ય વિસ્તાર માટે કૌટુંબિક વાર્ષિક આવક રૂા.81,000/- ની તથા વ્યાજનો દર વાર્ષિક 3 % રાખવામાં આવેલ છે. 90 % લોન રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ નિગમ, દિલ્હી દ્વારા તથા 10 % લોન રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. લોન શિક્ષણ પૂર્ણ થયાના 6 માસ પછી 60 સરખા માસિક હપ્તામાં નિગમને પરત ભરપાઈ કરવાની જોગવાઈ છે.

## 3.7 ભારતમાં શિક્ષણનું નિયંત્રણ અને નિયમન કરનારી સંસ્થાઓ

સ્કૂલના શિક્ષણ અને શિક્ષકોના શિક્ષણમાં શ્રેષ્ઠતા અને ગુણવત્તામાં સુધારો લાવવાના હેતુથી સપ્ટેમ્બર, 1961માં NCERT ની સ્થાપના કરવામાં આવી. સૌપ્રથમ સંસ્થાની સ્થાપના સ્વતંત્ર એકમ તરીકે કરવામાં આવી. જેનું મુખ્ય સૂત્ર 'વિદ્યા મૃત મનુશતે' રાખેલ. સ્કૂલના શિક્ષણમાં ગુણાત્મક સુધારા માટે એકડેમીક અને ટૅક્નિકલ મદદ આપે છે અને સ્કૂલ શિક્ષણની બાબતમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોને સહાયતા અને સલાહ આપે છે. NCERT શિક્ષણ સંશોધન, વિકાસ, તાલીમ, આંતરરાષ્ટ્રીય સહયોગ વિસ્તાર, પ્રકાશન અને શૈક્ષણિક જાણકારી આપે છે. પરિષદ હેઠળ અજમેર, ભોપાલ, મૈસુર અને ભુવનેશ્વરમાં ચાર ક્ષેત્રીય સંસ્થા છે. શિલોંગમાં પૂર્વોત્તર ક્ષેત્રીય સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

**(1) કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)**

વર્ષ 1929માં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની સ્થાપના કરવામાં આવી. ધોરણ 10 અને 12ની વાર્ષિક પરીક્ષાઓનું સંચાલન કરવું. મેડિકલ અને એન્જીનિયરીગ કૉલેજોમાં પ્રવેશ માટે વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે પ્રવેશ પરીક્ષાઓનું આયોજન કરવું. અભ્યાસક્રમ તૈયાર કરવો તેમજ અદ્યતમ બનાવવો. શિક્ષકોને વધુ જાણકારી પૂરી પાડવી. આ સંસ્થા વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂરી કરે છે. જેના માતાપિતા બદલીપાત્ર નોકરી કરે છે.

**(2) વિશ્વવિદ્યાલય અનુદાન પંચ (UGC)**

વર્ષ 1956માં સંસદના કાયદા હેઠળ 28 ડિસેમ્બર 1953ના રોજ UGCની સ્થાપના થઈ. જેનું મુખ્ય સૂત્ર Quality Higher Education for All (જ્ઞાન વિજ્ઞાન વિમુક્તે) આ પંચ યુનિવર્સિટી શિક્ષણનું સમન્વય અને શિક્ષણ માટે ઉપાય શોધવા. યુનિવર્સિટી શિક્ષણ, પરીક્ષા, તેમની શોધનું સ્તરનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવું. યુનિવર્સિટીઓને આર્થિક ગ્રાન્ટ આપવી તથા ફાળવણી કરવી. યુનિવર્સિટીઓની સેવા અને સુવિધાઓ પૂરી પાડવી. યુનિવર્સિટીઓના શિક્ષણ સ્તરમાં ઉત્થાન માટે ઉપાય પ્રસ્તુત કરવો. અનુદાનની ફાળવણી અને નવા વિશ્વ વિદ્યાલયોની સ્થાપના માટે સહાય કરવાના મુખ્ય કાર્યો કરે છે.

**(3) રાષ્ટ્રીય જ્ઞાનપંચ**

ભારતના વડાપ્રધાન દ્વારા 13 જૂન 2005માં રાજકીય જ્ઞાનપંચની સ્થાપના કરવામાં આવી. શરૂઆત 3 વર્ષ માટે તેની રચના ભારતના વડાપ્રધાને શિક્ષણ અંગેની નીતિ માટે ઉચ્ચ સલાહ આપની બોડીના સ્વરૂપે થઈ હતી. તેને શિક્ષણ અને વિજ્ઞાન અને કળા, ખેતી, ઉદ્યોગ, ઇ-ગર્વનન્સ વગેરે તંત્રો જે ચાવીરૂપ હોય તેવા સુધારા અને નીતિ માર્ગદર્શન આપવાનું મેન્ડેટ આપવામાં આવેલું છે. આરોગ્ય, કૃષિ અને ઉદ્યોગ વગેરે સેક્ટરમાં જ્ઞાન એપ્લીકેશન લાગુ કરવી તેમજ પ્રાદેશિક સંશોધન અને નવસર્જનનો વિસ્તાર કરવો અને શિક્ષણ પ્રવૃત્તિ સુધારવી. શાસનનો વ્યાપ અને કનેક્ટીવીટી સુધારવા માહિતી અને માહિતી સંચારનું કવરેજ કરવું. વિશ્વ સાથે જ્ઞાનના આદાન-પ્રદાનનું મિકેનીઝમ ઊભું કરવું રાષ્ટ્રીય જ્ઞાનપંચે 24 મહત્ત્વના ક્ષેત્રોમાં લગભગ 200 જેટલી ભલામણો આપેલ છે.

આ ઉપરાંતની અન્ય સંસ્થાઓ નીચે મુજબ છે.

- કેન્દ્રીય વિદ્યાલય સંગઠન-1962.
- જવાહર નવોદય વિદ્યાલય-1985-1986
- ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી-1985
- કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-2004
- રાષ્ટ્રીય બાલભવન-1956
- વાસ્તુશાસ્ત્ર પરિષદ-1972
- ભારતીય સામાજિક વિજ્ઞાન સંશોધન પરિષદ-1969
- નૅશનલ બુક ટ્રસ્ટ-1957
- રાષ્ટ્રીય પુસ્તક પ્રોત્સાહન પરિષદ
- કેન્દ્રીય હિન્દી નિદર્શાલય-1960
- ભારતીય દર્શનશાસ્ત્રી સંશોધન પરિષદ-1977
- રાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ પરિષદ-1995
- ભારતીય ટૅક્નૉલૉજી સંસ્થા-1961
- I.I.M. (Indian Institute of Management)-1959
- નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન-1961

- રાષ્ટ્રીય ઉચ્ચ શિક્ષણ અને સંશોધન આયોગ-2010
- રાષ્ટ્રીય પ્રખરતા શોધ કસોટી-1963

**શિક્ષણનીતિ અને કાયદો**

**(1) શિક્ષણનો અધિકાર(બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009)**

ભારતમાં 86માં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણના અધિકારનો કાયદો ઘડવામાં આવ્યો. ભારતીય બંધારણના અનુચ્છેદ-21(A) માં 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરવામાં આવેલ છે તથા રાજ્યના નીતિ, માર્ગદર્શક સિદ્ધાંતના સરકારની જવાબદારી છે કે 0 થી 6 વર્ષ સુધીના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ(બાળવાડી) મફત અને ફરજિયાત આપે તેમ છતાં ભારતમાં અશિક્ષણ(નિરક્ષરતા)નું પ્રમાણ ખૂબ જ જોવા મળે છે. જેમાં મોટાભાગે બાળમજૂરી, પોતાના ગામથી શાળા દૂર હોવાથી, સ્થાળાંતર, શાળામાં રસપ્રદ વાતાવરણ અને સુવિધાઓનો અભાવ, શિક્ષણનો ખર્ચ વગેરે બાબતો જવાબદાર છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં લઈ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 પસાર કરવામાં આવેલ છે. જે 1 એપ્રિલ, 2010થી અમલમાં મૂકેલ છે.

## 3.8 રાષ્ટ્રીય આરોગ્ય નીતિ

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, મુખ્ય રોગોના નિવારણ અને પરંપરાગત દેશી ચિકિત્સા પદ્ધતિ માટે રાષ્ટ્રીય સ્તરે વિવિધ કાર્યક્રમોનો અમલ કરવા ઉત્તરદાયી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં ચાર વિભાગો છે. જેના દરેકના પ્રમુખ ભારત સરકારનો સચિવ હોય છે. (1) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (2) આયુષ વિભાગ (3) આરોગ્ય સંશોધન વિભાગ (4) એઇડ્સ નિયંત્રણ વિભાગ

**રાષ્ટ્રીય આરોગ્ય નીતિ-1983**

રાષ્ટ્રીય આરોગ્ય નીતિનું નિર્માણ 1983માં કરવામાં આવ્યું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય 2000 સુધીમાં બધા માટે આરોગ્યની સુવિધા પૂરી પાડવાનો હતો. જેમાં દેશના દૂરવર્તી વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સેવા કેન્દ્રોની સ્થાપના કરવી. સામાજિક આર્થિક વિકાસ માટે આરોગ્ય અને માનવસંશાધન ઉપર ભાર મૂકવો. સામુદાયિક અને વ્યક્તિગત આત્મનિર્ભરતા અને સહકાર યુક્ત આરોગ્ય સેવાઓનું વિકેન્દ્રીકરણ કરવું. સાથો-સાથ 5000ની વસતી(જનજાતિ અને પહાડી વિસ્તારમાં 3000)ની વસ્તીએ એક આરોગ્યકેન્દ્રની સ્થાપના કરવી. જેમાં એક પુરૂષ અને એક મહિલા કર્મચારીઓ હોય. 3000ની ગ્રામીણ વસ્તી(જનજાતિ અને પહાડી વિસ્તારમાં 2000ની)માં એક પ્રાથઈમક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવી. 1 લાખથી વધુ વસ્તીવાળા વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રની સ્થાપના કરવી. દરેક ગામમાં પરંપરાગત આયા અથવા દાયણને તાલીમ આપવી. અન્ય શ્રેણીના કર્મચારીઓને તાલીમ આપવી. આ રીતે ભારતમાં આ નીતિ પ્રાથઈમક આરોગ્ય સેવાની બાબતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા પૂરી પાડી.

**રાષ્ટ્રીય આરોગ્ય નીતિ-2002**

1995માં ભારતીય આરોગ્ય ઉપર એક સ્વતંત્ર પંચની રચના કરવામાં આવી. આ પંચે યોજના પંચ વડાપ્રધાન કાર્યાલય અને આરોગ્ય મંત્રાલય સહયોગથી ઇ.સ.1999માં રાષ્ટ્રીય આરોગ્ય નીતિનો નવો મુસદ્દો ઘડયો, જે 2002 સ્વરૂપે બહાર આવી.

**2002ની આરોગ્ય નીતિના મુખ્ય મુદ્દા :**

1) રાષ્ટ્રીય આરોગ્ય નીતિ, 2002

2) રાષ્ટ્રીય વસતી નીતિ, 2002

3) રાષ્ટ્રીય એઇડ્સ નિયંત્રણ અને નિવારણ

4) રાષ્ટ્રીય બ્લડ નીતિ

5) મહિલા સશક્તિકરણ માટેની નીતિ

6) રાષ્ટ્રીય પોષણ નીતિ

**લક્ષ્યાંકો**

- વર્ષ 2010 સુધીમાં આરોગ્ય ક્ષેત્રના ખર્ચને વધારીને જી.ડી.પી. 6% સુધી કરવો.
- વર્ષ 2005 સુધીમાં રાજ્યો પોતાના બજેટ સંશાધનોમાં 7 % આરોગ્ય પાછળ ખર્ચ કરશે. જ્યારે બીજા ચરણમાં વર્ષ 2010 સુધીમાં બજેટના 8 % સુધી ખર્ચ થશે. આરોગ્યમાં રાજ્યોને ભાગીદાર બનાવવા.
- વર્ષ 2010 સુધીમાં આરોગ્ય રોકાણમાં કેન્દ્ર સરકારનું વર્તમાન રોકાણ 15 % થી વધારી 25 % કરવામાં આવશે.
- નવી આરોગ્ય નીતિમાં કુલ આરોગ્ય રોકાણનું 55 % રોકાણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે કરવાનું નક્કી કરેલ.

## 3.9 આરોગ્યનીતિ વિષયક યોજનાઓ અને કાર્યક્રમો

### (1) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન

આ મિશનની શરૂઆત આરોગ્ય મંત્રાલય દ્વારા 12 એપ્રિલ, 2005 ના રોજ કરવામાં આવી. જેના મુખ્ય ઉદ્દેશ્યો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં આરોગ્ય સેવાના ક્ષેત્રે સુવિધાની દૃષ્ટિએ રહેલી અસમતુલા દૂર કરવી. વિકેન્દ્રીકરણના ધોરણે દરેકને સારું આરોગ્ય મળે તેવી પ્રણાલી વિકસાવવી. ગ્રામીણ ક્ષેત્રમાં ગુણવત્તાસભર અને સગવડયુક્ત આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવવી. દેશમાં જુદા-જુદા વિસ્તારોએ ચાલતી(જિલ્લા, રાજ્ય, તાલુકા) લોક આરોગ્યની પ્રણાલીને મજબૂત કરવી. બાળમૃત્યુદર દર હજારે 30થી નીચે લાવવો. પ્રજનન, બાળ હેલ્થ યોજના, મલેરિયા, ક્ષય, કુષ્ટરોગ, અંધત્વ વગેરે રોગ માટે એક જ સ્થળે બધી સેવા પૂરી પાડવી. કુલ પ્રજનન દરની સંખ્યામાં ઘટાડો કરવો. NRHM હેઠળ નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

### (અ) આશા (Accredited Social Health Activist)

સમાજ અને આરોગ્ય પદ્ધતિ વચ્ચે સંપર્ક કરનાર સમાજ આરોગ્ય સ્વયંસેવક જેને સમાજ આરોગ્ય કાર્યકર્તા આશા કહેવામાં આવે છે. આશા, એવી વસતી કે જે વંચિત વર્ગો ખાસ કરીને મહિલાઓ અને બાળકો જેને આરોગ્ય સેવા મળવી મુશ્કેલ છે. તેના આરોગ્ય વિષયક જરૂરિયાત પ્રથમ પૂરી પાડે છે.

### (બ) રોગી કલ્યાણ સમિતિ

રોગી કલ્યાણ સમિતિ એક નોંધાયેલ સમિતિ છે. અત્યાર સુધી 31694 રોગી કલ્યાણ સમિતિની સ્થાપના થઈ છે. આ સમિતિ ગરીબી રેખા નીચે જીવતા દર્દીને મદદરૂપ થવા, સેવાઓનું મૂલ્ય નિર્ધારણ અને નવીનીકરણ યોજનાઓમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

### (ક) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ પ્રત્યેક ગ્રામીણ આરોગ્ય સ્વચ્છતા પોષણહાર સમિતિને રૂ.10,000 એકીકૃત વાર્ષિક અનુદાન આપવામાં આવે છે.

### (ડ) આરોગ્ય દેખભાળ સેવા

આરોગ્ય દેખભાળ સેવા આપવા માટે ખાસ માનવ સંસાધન રોકાણની જરૂરિયાત છે. રાષ્ટ્રીય ગ્રામીણ આપવાનો ધ્યેય છે. જેમાં 8871 ડોક્ટર, 2025 સ્પેશિયાલિસ્ટ, 76643 ANH, 41609 સ્ટાફનર્સ ઘણા બધા બિનસેવા ક્ષેત્રોમાં મોબાઇલ મેડિકલ યુનિટના માધ્યમથી આ સેવામાં સમાવવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં દેશના 459 જિલ્લામાં 2024 મેડિકલ યુનિટ કાર્યરત છે. આ ઉપરાંત ઘરે-ઘરે સમગ્ર દેશમાં મફત એમ્બ્યુલન્સ સેવા આપવા માટે ટોલ ફ્રી નંબર આપવામાં આવેલ છે. જે કોલની 30 મિનિટની અંદર તે સેવા મળે છે. NRHM હેઠણ 12000 પાયાના અને ઈમરજન્સી રોગ પરિવહન વાહન આપવામાં આવેલ છે.

### (ઈ) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન

રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ 33 % ગ્રાંટ ઉચ્ચ પ્રાથમિકતા રાજ્યો તથા 25 % બિન-પ્રાથમિકતાવાળા રાજ્યોને અનુદાન વિકાસ માટે આપી શકાય છે.

**(ફ) જનની સુરક્ષા કાર્યક્રમ**

જનની સુરક્ષા કાર્યક્રમ હેઠળ ગર્ભાવસ્થાયી પ્રસૂતિ થાય ત્યાં સુધીની સંપૂર્ણ આરોગ્યની સારવાર, બાળક જન્મથી 1 વર્ષનું થાય ત્યાં સુધી સરકારી ખર્ચે પૂરી પાડે છે.

આ મિશન અંતર્ગત કેન્દ્રીય સ્વાસ્થય મંત્રી અધ્યક્ષ તરીકે, આયોજન પંચ, ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ અને માનવસંશાધન તથા ચાર રાજ્યોમાં આરોગ્ય સાથે સંબંધિત સચિવ તથા પ્રધાનમંત્રી દ્વારા નિમાયેલી સ્વાસ્થ્ય સાથે સંબંધિત પ્રતિનિધિ મિશનનાં સંચાલન સમિતિના સભ્યો તથા રાજ્ય સ્તરે મુખ્યમંત્રી આ મિશનના વડા રહેશે. જિલ્લા સ્તરે જિલ્લા પરિષદના અધ્યક્ષ અને આરોગ્ય વિભાગના પ્રમુખ સંચાલન કરશે. આ ઉપરાંત ખાનગી સ્વયંસેવી સંગઠનોના પ્રતિનિધિઓ; જેમાં સહાયક, નર્સ, દાયણો, આંગણવાડી સેવકો વગેરેનો પણ સહયોગ લેવામાં આવશે.

**(2) રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન**

રાષ્ટ્રીય આરોગ્ય મિશનની એક ઉપયોજના છે જે શહેરી ગરીબોને ધ્યાનમાં રાખી તેમને આરોગ્ય વિષયક જરૂરિયાતો પૂરી પાડે છે. આ મિશન અંતર્ગત શહેરી ગરીબોને જરૂરી પ્રાથમિક આરોગ્ય સેવાઓ અને ઉપચાર માટેનો ખર્ચ ઘટાડવો. શહેરી ક્ષેત્રોમાં ખાસ કરીને ગરીબોમાં આરોગ્ય સમસ્યાઓના ઉકેલ માટે સંશાધન ઉપલબ્ધ કરાવવું. આરોગ્ય વિષયક જરૂરિયાતો પૂરી પાડવી, સ્વાસ્થ્ય પ્રક્રિયા ઉપર દેખરેખ રાખવી. ખાનગી સમુદાય સાથે ભાગીદારી અને બિનસરકારી સંગઠનો સાથે ભાગીદારીથી સેવા પૂરી પાડવી. રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન હેઠળ 50,000 થી વધુ વસતીવાળા બધા શહેરોનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે 50,000 થી ઓછી વસતીવાળા શહેરોને રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ લાવવામાં આવેલ છે.

**(3) કુટુંબ નિયોજન વિમા યોજના**

આ યોજનાની શરૂઆત 29 નવેમ્બર, 2005થી કરવામાં આવેલ છે. આ યોજના ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપનીની સાથે શરૂ કરવામાં આવી. આ યોજના વ્યંધીકરણની અસફળતા, વ્યંધીકરણ પછીની મેડિકલ જટિલતાઓ અથવા મૃત્યુ તેમજ વ્યંધીકરણની પ્રક્રિયામાં સમાવેશ થયેલ ડોક્ટરો, આરોગ્ય સેવકોની, ક્ષતિપૂર્તિ પ્રદાન કરે છે.

**(4) જનની સુરક્ષા યોજના**

આ યોજના રાષ્ટ્રીય ગ્રામીણ મિશનનો એક ભાગ છે. જેની શરૂઆત 1 જૂન, 2011થી કરવામાં આવેલ છે. ગરીબી રેખા નીચે જીવતી ગ્રામીણ સગર્ભા મહિલા જે રાજ્યના PHC કે સરકારી હોસ્પિટલમાં સુવાવડ કરાવે તેને રૂ.500/-ની સહાય આપવામાં આવે છે. 1 ઓગસ્ટ 2013થી આ લાભ ગ્રામીણ વિસ્તારમાં રૂ.700 અને શહેરી વિસ્તારમાં રૂ.600 સર્ગભાને પ્રસૂતિ પહેલા 8 થી 12 અઠવાડિયા અગાઉ ચૂકવવામાં આવે છે. આ યોજનાનો હેતુ ગ્રામીણ ગરીબોમાં સંસ્થાકીય સુવાવડમાં પ્રેરણા આપવાનો છે. સભ્યો સાથે બાળમૃત્યુદર ઘટાડવા અને માતાને પ્રસુતિની યોગ્ય સારવાર આપવાની મુખ્ય નેમ છે. આ કાર્યક્રમ હેઠળ 2011-12 માં રૂા.1437/- કરોડ ફાળવ્યાં હતાં. જ્યાં આરોગ્યની સેવાઓ નહીવત હોય એવા પછાત વિસ્તાર કે જ્યાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસતી વધુ હોય એવા દેશના 21 રાજ્યોના 264 જિલ્લાને જનની સુરક્ષા યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યાં છે.

**(5) આરોગ્ય વીમા યોજના**

ભારત સરકારે ગરીબી નીચે જીવતા કુટુંબો માટે આરોગ્ય વીમા યોજનાના વિકાસ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન હેઠળ આ ઘડેલ છે. આ યોજના હેઠળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગા વાર્ષિક પ્રિમિયમના 75 % સુધી અનુદાન આપે છે અને દરેક બી.પી.એલ. પરિવાર વધુમાં વધુ 300 રૂપિયાની રકમ આપે છે. શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા લાગું કરવામાં

આવેલ રાષ્ટ્રીય સ્વચ્છતા વીમા યોજના પરિવારોને દર વર્ષે 30,000 રૂપિયાનું સ્માર્ટકાર્ડ આધારિત કેશલેસ આરોગ્ય વીમો આપે છે. આ યોજના વર્તમાનમાં 25 રાજ્યો અને કેન્દ્રશાસિત દેશોમાં કાર્યરત છે.

**(6) EMRI**

EMRI ભારત સરકાર દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મૉડલ દ્વારા દેશમાં 1 એપ્રિલ, 2005 થી શરૂ કરવામાં આવેલી ઈમરજન્સી મેડિકલ સેવા છે. દેશનાં 11 રાજ્યોમાં EMRI ની સેવા કાર્યરત છે. જેનો મુખ્ય હેતુ ઈમરજન્સી સમયે તાત્કાલિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં મદદરૂપ થવું. ગુજરાતમાં 108 એમ્બ્યુલન્સ સેવા 29 ઓગસ્ટ, 2007થી શરૂ કરવામાં આવેલ છે. EMRI એ આજ સુધી 26 લાખ કરતા વધુ ઈમરજન્સી કોલ એટેન્ડ કરેલા છે, તેમાંથી 1,24,479 વ્યક્તિઓની જિંદગી બચી છે.

**(7) રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ**

કેન્દ્ર સરકાર દ્વારા ફેબ્રુઆરી 2013માં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ હેઠળ જન્મથી જ રોગી હોય તેવા મંદ બુદ્ધિના બાળકો, અપંગ, માંદલાપણું હોય તેવા બાળકો તેમજ જન્મથી જ ખોડખાંપણ હોય તેવા 0 થી 18 વર્ષના બાળકોને સરકારી આરોગ્ય કેન્દ્રમાં મફત સારવાર તથા મફત શસ્ત્રક્રિયાની સેવા પૂરી પાડવામાં આવે છે. તાજેતરમાં આ કાર્યક્રમ હેઠળ 0 થી 18 વર્ષના 27 કરોડ બાળકો સાંકળી લેવામાં આવેલ છે.

**(8) રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ**

ભારતમાં એચ.આઈ.વી. એઈડ્સ નિયંત્રણ અને દૂર કરવાના ઉદ્દેશથી 1992માં શરૂ કરવામાં આવેલ છે. 1992માં શરૂ થયેલ કાર્યક્રમને 1994માં બીજીવાર અને 2007 થી ત્રીજીવાર અને છેલ્લે 201 માં ચોથીવાર વિસ્તૃત કરેલ છે. એચ.આઈ.વી. એઈડ્સના દર્દી સાથે વ્યવહારમાં પરિવર્તન અંગે જાગરૂપતા ફેલાવવામાં આવે છે. આ માટે બિનસરકારી સંગઠન અને અન્ય સંગઠનોની મદદ લેવામાં આવેલ છે.

**(9) રાષ્ટ્રીય આરોગ્ય ભંડોળ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ 1997 થી શરૂ થયેલ છે. ગરીબી રેખા નીચે જીવતા એવા દર્દીઓને નાણાંકીય સહાય આપવા માટે કરવામાં આવેલ છે. જે સૌથી ગંભીર પીડાય છે. તેવા દર્દીઓને સહાય અપાય છે. જેથી તેઓ સરકારી હોસ્પિટલોમાં સારવાર કરાવી શકે. રાજ્ય સરકારોને રાજ્યમાં બિમારી સહાયતા ફંડ રચવા માટે અનુદાન આપવામાં આવે છે. આરોગ્યમંત્રી કેન્સર રોગ નીધિની સ્થાપના પણ 2009માં RAN હેઠળ કરવામાં આવેલ છે.

**(10) વ્યાપક ટીપ્પાનો કાર્યક્રમ**

ભારતમાં વર્ષ 1978થી વ્યાપક ટીપ્પાનો કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવેલ છે. પરંતુ, 1985માં વ્યાપક ટીપ્પાના કાર્યક્રમ ઉપર ખાસ ભાર દેવામાં આવ્યો છે. વર્ષ 1997માં ટીપ્પા પીવડાવવાનો કાર્યક્રમ રાષ્ટ્રીય પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમનો એક મહત્ત્વપૂર્ણ ઘટક હતો. આથી જ 2005માં શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનના હેઠળ ટીપ્પાનો કાર્યક્રમ મુખ્ય રાખવામાં આવેલ છે. વ્યાપક ટીકાકરણ કાર્યક્રમ હેઠળ ભારત સરકારે સાત રોગ જેવા કે, ડેપ્થેરીયા, ઉંટાટિંયુ, ધનુર, પોલિયો, ક્ષય, ખસરા તેમજ હિપેટાઈટીસ-બી જેવા રોગ માટે ટીપા પીવડાવવામાં આવે છે. સરકાર દ્વારા વર્ષ 2012ને ટીપાનું તીવણ વર્ષ જાહેર કરવામાં આવ્યું. ટીપા પીવડાવવા માટેનું સપ્તાહની ઉજવણી દેશના 16 રાજ્યોમાં ઉજવાય છે. પેટાવિલેટ વેક્સીનનો કાર્યક્રમ, ડિસેમ્બર, 2011થી શરૂ છે. વર્ષ 2002-03થી દેશના 33 જિલ્લા અને 15 શહેરોમાં હિપેટાઈટીસ બી ની વેક્સિન આપવાની શરૂઆત કરવામાં આવે છે. પલ્સ પોલિયો અભિયાન વર્ષ 1995થી ભારતમાં શરૂ કરવામાં આવેલ છે. દર વર્ષે 0-5 વર્ષના બાળકોને રાષ્ટ્રીય ટીપા રાઉન્ડમાં પોલિયોના ટીપા પીવડાવવામાં આવે છે. ભારતમાં પોલિયોના ટીપા

પીવડાવવામાં આવે છે. ભારતમાં પોલિયોનો છેલ્લો કેસ 17 જાન્યુઆરી, 2011નાં રોજ પશ્ચિમ બંગાળના હાવડા જિલ્લામાં માલૂમ પડેલ ત્યાર પછી કોઈ કેસ માલૂમ પડલે નથી. ભારતમાં પોલિયોના વર્ષ 2005માં 56 કેસ હતા. જે વર્ષ 2011માં ઘટી 1 અને વર્ષ 2012માં શૂન્ય થયો.

**(11) રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ**

તમાકુની ઓળખ મૃત્યુ અથવ મોત માટેની બીમારી સાથે છે. વિશ્વમાં છ મિલિયન લોકોનું મૃત્યુ માટે તમાકુનો ઉપયોગ જવાબદાર છે. વિશ્વ આરોગ્ય સંગઠનના મત મુજબ જો આ ક્રમ ચાલુ રહ્યો તો વર્ષ 2030 સુધીમાં 8 મિલિયનથી વધુ લોકો પ્રતિવર્ષ તમાકુના ઉપયોગથી મૃત્યુ પામશે. ભારતમાં દર વર્ષે 8 થી 9 લાખ લોકો તમાકુથી થતી બીમારીઓથી મૃત્યુ પામે છે. ICMR મુજબ ભારતનાં પુરૂષોમાં લગભગ 50 % કેન્સર અને મહિલાઓમા 25 % કેન્સરનું સીધું કારણ તમાકુ છે. 2003 માં સરકારે સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન(જાહેરાત અને તેના વેપાર, વાણિજ્ય, ઉત્પાદન અને વેપાર પર પ્રતિબંધ) અધિનિયમ-2003 નામનો કાયદો લાગુ કરેલ છે.

**(12) આમ આદમી વીમા યોજના**

ભારતમાં આમ આદમી વીમા યોજનાની શરૂઆત 20 ઓક્ટોબર, 2007થી સિમલાથી શરૂ કરવામાં આવેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ જમીન વિહોણા લોકોને કુદરતી અને આકસ્મિક અથવા ઘર્ષણમુક્ત આફતો સામે રક્ષણ આપવા આ યોજના અમલી બનવામાં આવી છે. જેમાં કુટુંબનો વડો અથવા કમાતો એક સભ્ય આ પ્લાન હેઠળ કવર થાય છે. વાર્ષિક 200 નું પ્રિમિયમ જે કેન્દ્ર અને રાજ્ય સરકારની વચ્ચે વહેંચાય છે. કુટુંબનો સભ્ય 18 થી 29 વર્ષની વયમો હોવો જોઇએ. આ માટે કેન્દ્ર સરકારે આમ આદમી વીમા યોજના પ્રિમિયમ ફંડની રચના કરી છે. જેની ફાળવણી એલ.આઇ.સી. દ્વારા કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત કુદરતી રીતે મૃત્યુ થવાથી રૂ.3000/- નો વીમો તથા અકસ્માતથી મૃત્યુ થવાથી/અકસ્માતથી કાયમી અક્ષમતા ઊભી થવાથી(બે આંખો અથવા બે અંગ) ને રૂ.75,000/- નો વીમો તથા અકસ્માતથી અંશતઃ કાયમી અક્ષમતા ઊભી થાય (એક આંખ કે એક અંગ) ને રૂ.37,500/- નો વીમો આપવામાં આવે છે.

**(13) પોષણયુક્ત ચોકલેટ(ન્યુટ્રીકેન્ડી)**

આંગણવાડીમાં આવતાં 3 થી 6 વર્ષની વયજૂથનાં બાળકોમાં પોષણનું પ્રમાણ વધારવા માટે પોષણયુક્ત ચોકલેટ આપવામાં આવે છે. આ ચોકલેટમાં આયર્ન, વિટામિન-એ, ફોલિકએસિડ અને વિટામિન-સી જેવા સુક્ષ્મ પોષક તત્ત્વો ઉમેરેલા હોય છે. જે બાળકોના પોષણમાં વધારો કરે છે. આ ચોકલેટ 3 ગ્રામ વજનની હોય છે.

**(14) બાળભોગ(ફોર્ટીફાઇડ બ્લેન્ડેડ ફૂડ)**

6 માસથી 3 વર્ષનાં બાળકોને પૂરક પોષણ આપી કુપોષણના પ્રમાણને ઘટાડવા માટે આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોને બાલભોગ આપવામાં આવે છે. આ બાલભોગ ઓછામાં ઓછા સમયમાં તૈયાર થઈ જતી હોવાથી રેડી ટુ ઇટ કહેવાય છે. બાલભોગ બાળક દીઠ 500 ગ્રામના પેકેટમાં આંગણવાડી દ્વારા આપવામાં આવે છે. આ ખોરાકમાં આવશ્યક એવા પ્રોટીન અને કેલેરી ઉપરાંત અન્ય નવ સૂક્ષ્મ પોષણ તત્ત્વો ઉમેરવામાં આવેલ છે.

**(15) આશા**

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા સોસાયટી આરોગ્ય કર્મચારીને 'આશા' નામ આપવામાં આવ્યું. આશા એ રાષ્ટ્રીય ગ્રામીણ હેલ્થ મિશનનો એક ભાગ છે. 2012 સુધીમાં આ મિશન હેઠળ 10 રાજ્યોમાં ચાલે છે. વર્ષ 2012 સુધીમાં આ મિશન હેઠળ દરેક ગામમાં એક આશાના ધ્યેય સાથે 25000 આશા કાર્યકરો નિમવાનો ધ્યેય રાખવામાં આવેલ છે. આશા ધોરણ-8 અથવા ઉચ્ચ શિક્ષણ ફરજિયાત(જો મેળવી શક્યા ન હોય તો તેનાથી ઓછી લાયકાત) શક્ય હોય ત્યાં સુધી 25 થી 45 વર્ષ સુધીની મહિલાઓને પસંદ કરવામાં આવે છે. જે ગ્રામ પંચાયતને

જવાબદાર રહે છે. પરિણિત વિધુર અથવા ત્યક્તા સ્ત્રીને અગ્રતા આપવામાં આવે છે. જો કે આશા કાર્યકરને સ્વૈચ્છિક ગણવામાં આવે છે; પરંતુ, તેમના કાર્યને અનુલક્ષીને તેમને અમુક રકમ મળવાપાત્ર છે. જો હોસ્પિટલમાં માતા પ્રસૂતિ કરાવે તો આશા કાર્યકરને રૂ.600/- અને રસીકરણ બેઠક પૂર્ણ કરે તો આશા કાર્યકરને રૂ.150/- મળે છે. આશા કાર્યકરને દરેક કુટુંબ નિયોજન કરનાર વ્યક્તિ દીઠ રૂ.150/- મળે છે. આશા કાર્યકરોએ દર બુધવારે માન્ય પ્રાથમિક કેન્દ્રની તેમને મુલાકાત લેવી જરૂરી છે. એવી સ્વાસ્થ્ય મહિલા કાર્યકર જે સમાજમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવી પ્રવર્તમાન આરોગ્ય સંશોધનોના ઉપયોગથી લોકોને આરોગ્યલક્ષી તત્કાલ પ્રાથમિક સેવા પૂરી પાડે મહિલાઓને દવાખાનામાં પ્રસૂતિ કરાવવા પ્રોત્સાહન આપવું. બાળકોને દવાખાનામાં રસીકરણ અપાવવું. કુટુંબ નિયોજનનો પ્રચાર કરવો. પ્રાથમિક આરોગ્ય સેવા પૂરી પાડવી. ભૌગોલિક હિસાબ રાખવો. આરોગ્ય સંગઠન અને ગ્રામીણ રહીશો વચ્ચે આરોગ્યની બાબતમાં કડીરૂપ થવું.

**(16) મમતા અભિયાન**

માતૃ-મરણ, બાળ મૃત્યુદરનું પ્રમાણ ઘટાડવાના ઉમદા હેતુથી આ અભિયાન શરૂ કરેલ છે. મમતા અભિયાન ચાર ભાગમાં વહેંચાયેલ છે.

1) મમતા દિવસ(સ્વાસ્થ્ય અને પોષણદિવસ)

2) મમતા મુલાકાત

3) મમતા સંદર્ભ

4) મમતા નોંધ

**1) મમતા દિવસ**

દર મહિને ગામડામાં બાળક અને માતાની કાળજી અને હેલ્થ માટે અમુક સ્થાને નક્કી કરેલ દિવસ હોય છે. આ સત્રનો કાયદો દરેક ગર્ભવતી સ્ત્રી, સ્તનપાન કરાવતી માતા અને પાંચ વર્ષથી નીચેના બાળકોને મળે છે. આ દિવસે સ્વાસ્થ્ય અને વૃદ્ધિ ચેકઅપ, રોગપ્રતિકારક શક્તિ, પ્રાથમિક સારવાર, સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ સેવા હેલ્થ ટીમના સભ્યો, ICDS ના વર્કરો, કિશોરી શક્તિ યોજના ગર્લ્સ, મહિલા સ્વાસ્થ્ય સંઘના પ્રતિનિધિઓ વગેરે દ્વારા પૂરી પાડવામાં આવે છે. મમતા આપવામાં આવે છે અને રજીસ્ટર નિભાવવામાં આવે છે. પ્રેગનેન્ટ સ્ત્રી અને બાળકોનું વજન માપવામાં આવે છે અને નોંધવામાં આવે છે. દરેક પ્રકારની જરૂરી રસી આપવામાં આવે છે.

**2) મમતા મુલાકાત**

મમતા મુલાકાત હેઠળ પ્રસૂતિના પ્રથમ ત્રીજા અને સાતમા દિવસે સ્વાસ્થ્ય કાળજી અને બિમાર માતા અને બાળકની સારવાર અર્થે તેમના ઘરની મુલાકાત લેવામાં આવે છે. મમતા મુલાકાત એક એવા માઇક્રો પ્લાન છે. જે ICDSની ટીમ હેલ્થ અને આશા વર્કરોને બનાવેલ છે. જેમાં નવજાત શિશુનું વજન માપવાની, માતાના ધાવણ અંગેની સલાહ સૂચન, મેડિકલ કાળજી વગેરે બાબતો પણ આવરી લે છે.

**3) મમતા સંદર્ભ**

અમુક ચોક્કસ દિવસ, ચોક્કસ સ્થળે ANC, PNC, ENBC અને RTI-STI માટે વિકાસ અને સ્થળ નક્કી કરવામાં આવે છે. આ દરેક બ્લોકમાં એવું સેન્ટર ઊભું કરવામાં આવે છે. જ્યાં જાહેર કે ખાનગી સલાહ વિમર્શના સહયોગથી પૂરતી દવાઓ પૂરી પાડવામાં આવે છે.

**4) મમતા નોંધ**

રેકર્ડ અને નોંધનો સમાવેશ થાય છે. મમતા કાર્ડની નોંધ, 3 વર્ષથી નાના બાળકોની નોંધ, માતાને લગતી જરૂરી અન્ય બાબતોનો પણ રેકર્ડ રાખવામાં આવે છે.

**(17) મમતા તરુણી અભિયાન**

ગ્રામીણ વિસ્તારની 10 થી 19 વર્ષના ગ્રુપની તરૂણી છોકરીઓને પૂરતું પોષણ આપવાના હેતુથી આ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ગામની વસ્તીની 10 થી 19 વર્ષની તરૂણીની શાળામાંથી નોંધણી કરવામાં આવે છે. નોંધણીની પ્રક્રિયા AWW અને ASHA દ્વારા સામૂહિક ધોરણે કરવામાં આવે છે અને દર જાન્યઆરીમાં આ રજીસ્ટર અપડેટ કરવામાં આવે છે અને દર ક્વાર્ટરની(જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બર) જે તરૂણીનું વજન 35 કિ.ગ્રા.થી ઓછું હોય, તેને પોષણ પૂરું પાડવામાં આવે છે. વિટામિન-એ નો ડોઝ, ટીટી વેક્સીનેશન(10 થી 16) વર્ષનાને વગેરે પૂરું પાડવામાં આવે છે.

**(18) પૂર્વોત્તર રાજ્યોમાં આરોગ્યની યોજનાઓ**

**1) રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન**

2005માં શરૂ કરાયેલ NRHM 18 રાજ્યોને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી હતી. જેમાંથી 8 પૂર્વોત્તર રાજ્યોનો સમાવેશ થાય છે.

**2) અંધત્ત્વ નિયંત્રણ કાર્યક્રમ**

ભારતમાં અંધત્વને રાષ્ટ્રીય કાર્યક્રમ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. 1976 થી અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ આયોજિત છે. એક અંદાજ પ્રમાણે ભારતમાં 25 થી 30 લાખ કરતાં વધુ લોકો અંધાપાના ભોગ બની રહ્યા છે. જે વ્યક્તિનું વ્યક્તિત્વ સામાજિક દ્દષ્ટિએ જોખમાય છે. તેને હંમેશા અન્યના સહારે જીવવું પડે છે. વ્યક્તિ સમાજમાં ગૌરવપૂર્વક જીવન જીવી શકતી નથી. એટલું જ નહી તેને હંમેશ માટે અન્યનાં સહારાની જરૂરી રહેતી હોવાથી તેનું સ્વાભિમાન ઘવાતું રહે છે. આ રોગના કારણોમાં મુખ્યત્વે ખોરાકની અસમતુલા હોવી, આંખની કાળજી ન લેવી, સમયસરની સારવાર ન લેવી અને ગરીબી જોવા મળે છે. કેટલાંક અન્ય કારણોમાં જન્મજાત રોગો, અકસ્માત કે દવાઓ લેવામાં કે આપવામાં આવતી બેદરકારી પણ જવાબદાર બને છે. ભારતમાં ગરીબી અને અજ્ઞાનનતાને કારણે લીલા શાકભાજી, ખોરાકમાં ઓછા લેવાય છે. આંખોની માવજત માટે જરૂરી પગલાંનો અભાવ, વિટામિનનો અભાવ અને દૂષિત પીણાઓના ઉપયોગથી અંધત્વ આવતું હોય છે. વર્ષ 2010માં રાષ્ટ્રીય આરોગ્ય નિયંત્રણ કાર્યક્રમમાં આ રોગનું પ્રમાણ 0.03 % કરવું તેનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જેની સફળતા ખૂબ ઓછી પ્રાપ્ત થયેલ છે.

**3) રાષ્ટ્રીય રક્તપિત્ત નિવારણ કાર્યક્રમ**

રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી માટે વર્ષ 1955થી સરકારે કાર્યક્રમ હાથ ધર્યો છે. વર્ષ 2000 સુધી રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમના એક ભાગ તરીકે રક્તપિત નાબૂદીનો કાર્યક્રમ આપવામાં આવેલ છે. વર્ષ 2000 સુધીમાં રક્તપિત નિવારણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ લેવામાં આવ્યો અને છતાં વર્ષ 2001માં 43 લાખ લોકો આ રોગથી પીડાતા હતા. જે વ્યક્તિને રક્તપિત્ત થાય છે તેના શરીરમાંથી લોહીનું પાણી થઈને વહન થાય છે તે ચામડીની બહાર ટપક્યાં કરે છે જે તે ભાગ કોહવાઈને નાશ પામે છે. એટલે શારીરિક વિકૃતિ આવે છે. આ પ્રકારનો રોગ આસામ સિવાય બધા રાજ્યોમાં ઓછાવત્તા પ્રમાણમાં બધા પ્રદેશોમાં જોવા મળે છે. રક્તપિત નિવારણ કેન્દ્રો સરકાર દ્વારા તથા સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. રક્તપિતના રોગીની સારવાર મફત કરવામાં આવે છે. રક્તપિત અંગે પ્રવર્તતી ખોટી માન્યતાને દૂર કરવા સરકાર Mass Media ના અસરકારક માધ્યમ ટેલિવિઝન દ્વારા સતત તેની જાહેરાત કરે છે, તેના નિવારણના ઉપાયો બતાવે છે.

**4) રાષ્ટ્રીય આયોડિન ઉપર નિયંત્રણ કાર્યક્રમ**

વર્ષ 1962માં કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી તથા આયોડિનની ઊણપને પરિણામે પ્રવર્તતા તમામ રોગો પર નિયંત્રણ મૂકવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. મુખ્યત્વે પાંડુરોગ પર નિયંત્રણ મૂકવાના સઘન પ્રયત્નો કરવામાં આવ્યા. આ કાર્યક્રમના પ્રસરણ માટે તથા આયોડિન આધારીત રોગો પર નિયંત્રણ મૂકવા માટે સરકાર માસમીડિયાનો પણ ઉપયોગ કરીને લોકોમાં

જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરે છે. પૂર્વાતરના બધા રાજ્યોમાં લાગુ છે. આ રાજ્યોમાં આયોડિનયુક્ત મીઠાના ઉપયોગને પરિણામે આયોડિનની ઊણપના કેસમાં ઘટાડો થયેલ છે.

**5) રાષ્ટ્રીય ફ્લુરોસિસ નિયંત્રણ કાર્યક્રમ**

વર્ષ 2009-10 આસામના નાગૌન જિલ્લમાં શરૂ કરવામાં આવ્યો. 2010-11ના આસામના અન્ય બે જિલ્લામાં વ્યાપ વધારવમાં આવ્યો.

**(6) કેન્સર, ડાયાબિટીસ, હદયરોગના નિયંત્રણ અને બચાવનો રાષ્ટ્રીય કાર્યક્રમ**

વર્ષ 2010-11 થી 2012 સુધીના દેશમાં 21 રાજ્યો અને 100 જિલ્લામાં અમલમાં છે. પૂર્વોત્તરના બે રાજ્યો આસામ અને સિક્કિમનો પણ સમાવેશ થાય છે. જિલ્લાની પસંદગી પછાતપણું, દુર્ગમસ્થિઈત, કમજોર આરોગ્ય સૂચકોની ગણતરી ધ્યાને લઈ કરવામાં આવે છે.

**(19) મલેરિયા**

ભારતમાં આઝાદી પહેલા ભયંકર ગણાતા રોગોમાં મલેરિયા મુખ્ય રોગ હતો. વર્ષ 1921 થી 1941 સુધીના સમયગાળામાં મલેરિયાને ભારતના લોકો કોગળિયા તરીકે ઓળખાતા હતા. કારણ કે આ સમયગાળા દરમ્યાન દર 10માંથી 8 મૃત્યુ કોગળિયાને કારણે થતા હતા. દર વર્ષે લાખોની સંખ્યામાં મલેરિયા ને કારણે મૃત્યુ થયા હતા. ભારત સરકારે આ રોગને નાબૂદ કરવા માટે મલેરિયા નાબૂદીની ઝૂંબેશ ચલાવી. સન 1953માં સૌપ્રથમ રાષ્ટ્રીય મલેરિયા નિયંત્રણ કાર્યક્રમ હાથ ધર્યો હતો. તેમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ડી.ટી.ડીના છંટકાવની ઝૂંબેશ હાથ ધરીને મલેરિયાના મચ્છરોનો નાશ કરવામાં આવ્યો હતો. તેને પરિણામે સન 1952માં 75 લાખ મલેરિયાના કેસ નોંધાયા હતા. વર્ષ 1970થી મલેરિયાને પુનઃ માથું ઉચક્યું હતું. વર્ષ 1976માં 6.5 કરોડ મલેરિયાના કેસ નોંધાયા હતા. વર્ષ 1970થી ભારત સરકારે નિષ્ણાંતોની કમિટિની સલાહ મૂજબ મલેરિયા નાબૂદીની ઝૂંબેશમાં જરૂરી સુધારા-વધારા કરીને કાર્યક્રમને પુનઃહાથ ધર્યો હતો. પરિણામે મલેરિયાના કેસમાં ઘટાડો નોંધાયો હતો, જેમ કે, વર્ષ 1976માં 1.7 કરોડ કેસ નોંધાયા હતા; પરંતુ, મલેરિયાએ તેનું સ્વરૂપ બદલ્યુ હતું. મલેરિયા નાબૂદી કાર્યક્રમમાં આદિવાસી વિસ્તારોને પણ આવરી લેવામાં આવ્યા છે.

**(20) ટયુબરક્યુલોસીસ(ટી.બી.)**

ભારત સરકારે ટી.બી. નિયંત્રિત કરવા માટે 1962 થી રાષ્ટ્રીય ટી.બી. નિયંત્રણ કાર્યક્રમ એન.ટી.પી. અપનાવેલ છે. ભારતમાં લગભગ 14 લાખ લોકો આ રોગથી પીડાય છે. ભારતમાં ટી.બી.ના વિશિષ્ટ દવાખાના ખોલવામાં આવ્યા છે. આ ઉપરાંત દરેક PHC સેન્ટર પર ટી.બી.ની દવાઓનું મફત વિતરણ કરવામાં આવે છે. ટી.બી. ભારતમાં અતિ વ્યાપક અસરકર્તા રોગ છે. ભારતમાં ટી.બી.નું પ્રમાણ વધુ હોવાના અનેક કારણો જવાબદાર છે. ભારતીય સમાજમાં કેટલાક સંજોગોમાં બીડી અને સિગારેટ સેવન કરવું એ સામાજિક રિવાજ થઈ ગયો છે. સમાજમાં ધુમ્રપાન કરવું એ પ્રતિષ્ઠા ગણાય છે. પુરૂષવર્ગમાં નાની ઉંમરથી બીડી કે સિગારેટની આદત પડે છે. જેને સ્ટેટસ સિમ્બોલ તરીકે ઓળખવામાં આવે છે. બીડી અને સિગારેટમાં નિકોટીન હોય છે. જે શ્વાસનળી અને ફેફસાની આંતરિક દિવાલને ખતમ કરી નાખે છે. ગરીબ લોકો અશુદ્ધ દારૂનું સેવન વધુ કરે છે. ભારતમાં કેટલાંક ઔદ્યોગિક ક્ષેત્રોમાં ઉદ્યોગ દ્વારા પ્રદુષણ ફેલાય છે. કેટલાંક ઉદ્યોગોમાં સતત રજકણો ઊડતી હોય છે. આ સંજોગોમાં કામ કરતા મજૂરોને ટી.બી. થતો હોય છે.

ટી.બી. એક ટયુબરક્યુલોસીસ બેક્ટેરિયાથી થતો ચેપીરોગ છે. ઉધરસ કે છીંક ખાવાથી તેમજ હવા મારફતે એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં ફેલાય છે. ક્ષય રોગને અંકુશમાં લેવા માટે રાષ્ટ્રીય સ્તરે 1962 થી N.T.P. ચાલુ કરાયો. 1993માં સુધારેલ રાષ્ટ્રીય ટી.બી. નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લઘુ કોર્સ સ્ટ્રેટરજી 1997 થી શરૂ કરવામાં આવ્યો. રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમનો મુખ્ય હેતુ મૃત્યુદર ઘટાડવો અને રોગિષ્ઠ વ્યક્તિની મનોવૃત્તિમાં બદલાવ, લાવવાનો છે. લાંબાગાળાના ધ્યેય તરીકે ટી.બી. મુક્ત ભારત ઉદ્દેશ્ય હાંસલ કરવાનો છે. ટી.બી. ગ્રસ્ત

દર્દીની વિકૃત મનોદશામાં ઘટાડો કરી ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર આપવી તેમજ ખાનગી ક્ષેત્રોની સેવાઓ વધારવી. વર્તમાન સમયમાં 'ડોટ' સારવારથી ક્ષય રોગ ઉપર નિયંત્રણ લાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે. 2012-2017 દરમ્યાન દેશને સંપૂર્ણ ટી.બી. મુક્ત કરવાનો ધ્યેય ધરાવે છે. દેશને સંપૂર્ણ ટી.બી. મુક્ત કરવાનો ધ્યેય ધરાવે છે.

ટી.બી. અને એચ.આઇ.વી ની સહયોગી પ્રવૃત્તિઓ માટે સમગ્ર રાજ્યોમાં સઘન કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. રાષ્ટ્રીય આરોગ્ય નિયંત્રણના કાર્યક્રમમાં ટી.બી.ના રોગને અગ્રિમતા આપી હોવા છતાં તેમના દર્દીઓની સંખ્યામાં વધારો થતો રહે છે.

**(21) પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના**

પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના આરોગ્ય મંત્રાલય દ્વારા વર્ષ 2003 થી શરૂ કરવામાં આવેલ છે. જેનો ઉદ્દેશ્ય દેશમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવો અને સુવિધાઓમાં વધારો કરવો. પ્રથમ તબક્કામાં બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરાંચલ જેવા રાજ્યોમાં શરૂ કરવામાં આવેલ છે. તબીબી સેવાઓના માળખાંમાં 620 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી તેમજ તબીબી સાધનો અને આધુનિક ઑપરેશન થીયેટરો માટે 200 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી.

**(22) રાષ્ટ્રીય વૃદ્ધ આરોગ્ય સંભાળ કાર્યક્રમ**

રાષ્ટ્રીય વૃદ્ધ આરોગ્ય સંભાળ કાર્યક્રમ વર્ષ 2011થી શરૂ કરેલ છે. જેમાં 60 વર્ષથી ઉપરના વૃદ્ધ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. 'વરિષ્ઠ નાગરિક એક્ટ 2007' અંતર્ગત આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. વૃદ્ધ લોકો માટે મફત અને વિશિષ્ટ આરોગ્ય સંભાળ સુવિધાઓ આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલ છે. જેમાં ખર્ચ પેટે 75 % કેન્દ્રસરકાર અને 25 % રાજ્ય સરકાર દ્વાર ફંડ આપવામાં આવે છે.

## 3.10 આરોગ્ય અંગે નિયંત્રણ અને નિયમન કરનારી સંસ્થાઓ

**વિશ્વ આરોગ્ય સંસ્થા World Health Organization(WHO)**

યુનાઇટેડ નેશન્સના સભ્યો 1945માં મળ્યાં. જેમાં એક વિશ્વ લેવલની આરોગ્ય સંસ્થા સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. 7 એપ્રિલ 1948 ના રોજ વિશ્વ આરોગ્ય સંસ્થાની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ દર વર્ષે 7 એપ્રિલ 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સંસ્થાનું વડું મથક જીનીવા(સ્વિટ્ઝર્લેન્ડ) આવેલુ છે. વિશ્વ આરોગ્ય સંસ્થા આરોગ્યની બાબતમાં મહત્ત્વની નેતાગીરી પૂરી પાડવી અને જ્યાં સંયુક્ત કાર્ય જરૂરી હોય ત્યાં ભાગીદારીથી કામ કરવું. સંશોધન એજન્ડ ઘડવા અને તેના અમલનું મોનીટરીગ કરવું. ટૅક્નિકલ સ્પોર્ટ, બદલાવ અને સંસ્થાઓની ઘડતરમાં ભૂમિકા ભજવવી. હેલ્થની પરિસ્થિતિની દેખરેખ રાખવી અને આરોગ્યના વલણો તપાસવા જેવી અનેક ભૂમિકાઓ વિશ્વ આરોગ્ય સંસ્થા ભજવે છે.

**ભારતમાં આરોગ્ય વિષયક સંસ્થાઓ**

(1) પૂર્વાત્તર ઇન્દિરા ગાંધી કેન્દ્રીય આરોગ્ય અને મેડિકલ વિજ્ઞાન સંસ્થા, શિલોંગ(મેઘાલય)

(2) મેડિકલ વિજ્ઞાન ક્ષેત્રીય સંસ્થા, ઇમ્ફાલ(મિઝોરમ)

(3) ગોપીનાથી બોરડોલોઇ માનસિક આરોગ્ય ક્ષેત્રીય સંસ્થા, તેજપુર(આસામ)

(4) પેરા મેડિકલ અને નર્સિંગ વિજ્ઞાન કેન્દ્રીય સંસ્થા, એજલ(મિઝોરમ)

(5) સેન્ટ્રલ ડ્રગ્સ લેબોરેટરી, કોલકત્તા(પશ્ચિમ બંગાળ)

(6) ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઑફ હાઇજીન એન્ડ પબ્લિક હેલ્થ, કલકત્તા(પશ્ચિમ બંગાળ)

(7) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ આયુર્વેદ, જયપુર(રાજસ્થાન)

(8) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ સિદ્ધ, ચેન્નઇ(તમિલનાડુ)

(9) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ યુનાની, બેંગ્લોર(કર્ણાટક)

(10) મોરારજી દેસાઇ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ યોગ, નવી દિલ્હી.

(11) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ નેચરોપથી, પુને(મહારાષ્ટ્ર)

(12) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ હોમિયોપેથી, કલકત્તા(પશ્ચિમ બંગાળ)

(13) રાષ્ટ્રીય આયુર્વેદિક વિદ્યાપીઠ, નવી દિલ્હી

(14) ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડીકલ સાયન્સ, નવી દિલ્હી

(15) જવાહરલાલ ઇન્સ્ટિટ્યુટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએશન એન્ડ રિસર્ચ, પોંડિચેરી.

(16) નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેન્ટલ હેલ્થ એન્ડ બ્યૂરો સાયન્સ, બેંગ્લોર(કર્ણાટક)

(17) વિવેકાનંદ યોગા અનુસંધાન સંસ્થા, બેંગ્લોર(કર્ણાટક)

(18) કેવલ્ય ધામ, લોનાવા, પુણે(મહારાષ્ટ્ર)

## 3.11 ઉપસંહાર

યુવા એ દેશનું ભવિષ્ય છે. તે માટે જ યુવા કલ્યાણની નીતિ રાષ્ટ્રીય સ્તરે ઘડીને તેના વિવિધ કાર્યક્રમોને અમલીકૃત કરવામાં આવે છે. વિશ્વ સ્તર પર યુવા વિકાસ માટે કામ કરતી વિવિધ સંસ્થાઓનો પરિચય કરાવવામાં આવ્યો છે. જરૂરીયાત મંદોને મફત શિક્ષણ મળી રહે તે માટેની વિવિધ યોજનાઓ ઘડવામાં આવી છે. મફત શિક્ષણ દ્વારા ભારતના શિક્ષણનો સ્તર સુધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ''પહેલુ સુખ તે જાતે નર્યા'' આરોગ્યના મહત્વની સાથે રાષ્ટ્રીય આરોગ્ય નીતિ ઘડવામાં આવી છે. તેની સાથે સાથે આ બધી યોજનાઓ અમલીકૃત કરવાના કાર્યક્રમો પણ આ એકમમાં દર્શાવવામાં આવ્યા છે. જેથી વિવિધ કાર્યક્રમો અને સંસ્થાઓ ની માહિતીથી વાકેફ થાય્ ને વધારે જાણી શકે. આમ, ભારતમાં વિભાગીય સામાજિક વિવિધ નીતિઓ તતા અમલીકરણ યોજનાઓ એટલે કે યુવાનીતિ, સિક્ષણનીતિ અને ારોગ્યનીતિ વગેરે વિશે વીસ્તૃતમાં જાણી શકાસે.

## 3.11 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતમાં સૌપ્રથમ યુવાનીતિ કંઇ સાલમાં ઘડવામાં આવી ?

   (A) 1988 (B) 1989

   (C) 1986 (D) 1987

2. યુવાનોની કંઇ યોજનામાં વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક ધોરણે રાષ્ટ્રઘડતરની પ્રવૃતિઓમાં જોડાવવાની તક પૂરી પાડવામાં આવે છે ?

   (A) રાષ્ટ્રીય યુવા મહોત્સવ (B) રાષ્ટ્રીય સદભાવના યોજના

   (C) ઉમ્મીદ (D) રાષ્ટ્રીય સેવા સ્વયંલેવક યોજના

3. રાષ્ટ્રીય સેવા યોજના (NSS) કયારે શરૂ કરવામાં આવી ?

   (A) 2 ઓકટોબર, 1969 (B) 2 ઓકટોબર, 1968

   (C) 2 ઓકટોબર, 1970 (D) 2 ઓકટોબર, 1965

4. રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડની શરૂઆત ક્યારે થઇ ?

   (A) 1991 (B) 1992

   (C) 1990 (D) 1995

5. ભારતમાં ક્યાં બંધારણીય સુધારા દ્વારા શિક્ષણના અધિકારનો કાયદો ઘડવામાં આવ્યો ?

   (A) 76 મો (B) 86 મો

   (C) 80 મો (D) 85 મો

6. રાષ્ટ્રીય આરોગ્ય નિતીનું નિર્માણ કયારે થયું ?

   (A) 1991 (B) 1980

(C) 1983 (D) 1985

7. 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવે છે ?

(A) 7 એપ્રિલ (B) 7 જૂન

(C) 7 મે (D) 7 જુલાઈ

## 3.13 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 1988
2. (D) રાષ્ટ્રીય સેવા સ્વયંસેવક યોજના
3. (A) 2 ઓકટોબર, 1969
4. (B) 1992
5. (B) 86 મો
6. (C) 1983
7. (A) 7 એપ્રિલ

## 3.14 ચાવીરૂપ શબ્દો

- યુવા - 13 થી 35 વર્ષના યુવક-યુવતીઓ
- NRHM - National Rural Health Mission
- ICDS - Intregrated Child Development Scheam

## 3.15 સ્વાધ્યાય લેખન

**(1) રાષ્ટ્રીય યુવા નીતિ શું છે ? તેના હેતુઓ અને તે માટેની યોજનાઓ લખો**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(2) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ શું છે ? તેને અમલ કરવા માટે કાર્યરત યોજનાઓ વિસ્તૃતમાં સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(3) રાષ્ટ્રીય આરોગ્ય નીતિ શું છે ? તેના અમલીકરણનાં કાર્યક્રમો વિસ્તૃતમાં સમજાવો.**

.....................................................................

.....................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

**(4) તમારા જીલ્લામાં કાર્યરત યુવા કલ્યાણ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે કામકરનારી સંસ્થાઓની યાદી બનાવો.**

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 3.16 પ્રવૃતિ

1. તમારા જીલ્લામાં શિક્ષણ, યુવા કત્યાન અને આરોગ્યની સવલતો પૂરી પાડનર સરકારી માળફાનો ચાર્ટ બનાવો.
2. રાષ્ટ્રીય યુવા નીતિને જાણીને, જરૂરીયાત મંદ યુવાનોને યોગ્ય માર્ગદર્શન ાપવું અને તેનો રીપોર્ટ બનાવવો.
3. જીલ્લાના દસ ડ્રોપ આઉટ બાળકો સોધીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત શાળામાં ભરતી કરાવવી.

## 3.17 કેસ સ્ટડી

1. કોઇ પણ ત્રણ સેવાર્થી જે આરોગ્યની દષ્ટ્રિએ પીડાતા હોય તેમની કેસ સ્ટડી કરી રીપોર્ટ બનાવવો ઉ.દા. એઇડ્રસ, કેન્સરગ્રસ્ત.
2. યુવાનોની મુખ્ય સમસ્યા જાણી, પાંચ યુવાનોની યુવાનીતિ અંતર્ગત સમસ્યા નિવારણ પ્રક્રિયા કરવી.

## 3.18 સંદર્ભગ્રંથ


(1) અજુડિયા પ્રવિણ, પારખીયા સંગીતા, સામાન્ય અભ્યાસ(2014), અસર પબ્લિકેશન, અમદાવાદ

(2) आहुजा राम, 'भारतीय समाज'(२००७), राउत पब्लिकेशन, जयपुप

(3) પ્રા. દવે. જે.કે., 'સામાજિક સમસ્યાઓ'(2010-11), અનડા પ્રકાશન, અમદાવાદ

# એકમ–4 સામાજિક આયોજનનો અર્થ અને ઉદ્દેશ્યો

**: એકમનું માળખું :**

**4.0 એકમના હેતુઓ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 સામાજિક આયોજનનો અર્થ**

**4.3 સામાજિક આયોજનની વ્યાખ્યાઓ**

**4.4 સામાજિક આયોજનના ઉદ્દેશ્યો**

**4.5 મેનહીમ દ્વારા અપાયેલ સામાજિક આયોજનના ઉદ્દેશ્યો**

**4.6 ઉપસંહાર**

**4.7 તમારી પ્રગતિ ચકાસો**

**4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**4.9 ચાવીરૂપ શબ્દો**

**4.10 સ્વાધ્યાય લેખન**

**4.11 પ્રવૃતિ**

**4.12 કેસ સ્ટડી**

**4.13 સંદર્ભગ્રંથ**

## 4.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાલ પરથી વિદ્યાર્થીઓ જાણી શકશે કે,

1. સામાજિક આયોજનનો ખ્યાલ શું છે ? તે જોઉશું
2. સામાજિક આયોજનનો મુખ્ય ઉદેશ્યો કયાં છે. તે જામી શકાશે.
3. મેનહીમ દ્વારા અપાયેલ સામાજિક આયોજનના ઉદેંશ્યો જાણીશું.

## 4.1 પ્રસ્તાવના

આયોજન એ માનવજીવનનો એક ભાગ છે. આદિકાળથી માનવી પોતાની શક્તિ પ્રમાણે અને સાધનો અનુસાર આયોજન કરતો આવ્યો છે. તે કદાચ આધુનિક વિકસિત સમાજની જેમ વૈજ્ઞાનિક પદ્ધતિની રીતે નહી હોય; પરંતુ, આયોજન વ્યક્તિગત રીતે કે સમુદાય રીતે તો હતુ જ આથી આયોજન એ માત્ર આધુનિક ખ્યાલ છે એ અર્થ પૂર્ણ નથી. મનુષ્યમાત્ર પોતાની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે કંઇક ને કંઇક વિચારણા કરતો હતો અને તેમાંથી ક્રમશઃ જરૂરિયાતો વધતા અને સંશાધનો મર્યાદિત બનતા આયોજનનો ખ્યાલ ઉદ્ભવ્યો છે. ભારતીય આયોજનનો ઇતિહાસ ટૂંકો છે; પરંતુ, તેનો ભૂતકાળ લાંબો છે. આયોજનનો ખ્યાલ એ વિસ્તૃત અને વ્યાપક ખ્યાલ છે. આધુનિક સમયની સૌથી તાતી જરૂરિયાત હોય તો તે છે આયોજન.

ભારતમાં સૌપ્રથમ આયોજનનો પદ્ધતિસર છે. વિચાર વિલેશ્વરૈયાએ રજૂ કર્યો હતો. તેમણે વર્ષ 1934માં રાષ્ટ્રીય આવક બે ગણી કરવાના ઉદ્દેશ્યવાળી દશવર્ષીય યોજના રજૂ કરી હતી. વર્ષ 1937માં પંડિત જવાહરલાલ નહેરૂના અધ્યક્ષ સ્થાપે અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ આયોજન સમિતિની રચના કરી હતી. 1938માં કોંગ્રેસ પ્રમુખ સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે મળેલી પ્રાંતોના ઉદ્યોગ પ્રધાનોની પરિષદે

ગરીબી અને બેકારી નિવારણ માટે તથા આર્થિક પુનરુત્થાન અને સંરક્ષણને મજબૂત બનાવવા માટે ઉદ્યોગીકરણની જરૂરિયાત દર્શાવીને આયોજન પંચની રચના કરવાનો ઠરાવ કર્યો. પંડિત જવાહરલાલ નહેરૂ સમિતિએ ભારતના આર્થિક વિકાસ માટે યોજના કરી. પંડિત જવાહરલાલ નહેરૂએ કહ્યું કે, ''પ્રજાની કારમી ગરીબી દૂર કરવી એ જ આયોજનનો મૂળભૂત હેતુ છે.'' આ સમિતિએ આયોજનપંચ નીમવા ભલામણ કરી; પરંતુ તે સમયની ભારતીય રાજકીય પરિસ્થિતિના કારણે આયોજન અંગેની કાર્યવાહી આગળ વધી શકી નહી. 1941માં અંગ્રેજ સરકારે એક યોજના સમિતિનું નિર્માણ કર્યું તથા વર્ષ 1943માં વાઈસરોયની અધ્યક્ષતામાં તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું. વર્ષ 1944માં તેના માટે અલગ વિભાગ ખોલવામાં આવ્યો. ભારતમાં વ્યાપક ગરીબી, અસમાનતા, બેકારી, નિરક્ષરતા અન્ય દેશોની તુલનામાં ભારતનું આર્થિક પછાતપણું વગેરે સમસ્યાઓના નિવારણ માટે ભારતમાં આયોજન જરૂરી છે. એવી પ્રતીતિ રાષ્ટ્રીય નેતાએને થઈ ચુકી હતી. વર્ષ 1947માં ભારત સ્વતંત્ર બનતાં અને વર્ષ 1950માં ભારતનું બંધારણ અમલમાં આવતાં આયોજન અંગેના વિચારને મૂર્તિમંત કરવાની સોનેરી તક સાંપડી. સ્વતંત્ર ભારતની સરકારે ભારતના બંધારણમાં પ્રસ્તુત થયેલા સિદ્ધાંતોને લક્ષમાં રાખીને નીતિનું ઘડતર કરવા માટે 29 માર્ચ, 1950માં આયોજન પંચની રચના કરી. આયોજન પંચને દેશના સાધનોનો અસરકારક અને સંતુલિત ઉપયોગ કરવા માટે યોજનાઓ ઘડવાનું કાર્ય સોંપવામાં આવ્યું.

## 4.2 આયોજનનો અર્થ

શરૂઆતમાં આયોજન એટલે 'આર્થિક આયોજન' એવો મર્યાદિત અર્થ કરવામાં આવતો. આ દૃષ્ટિએ ''આર્થિક પ્રવૃત્તિ પર નિયંત્રણ મૂકવું અને તેને દિશા આપવી એટલે આયોજન એવો મર્યાદિત અર્થ ઘટાડવામાં આવતો.''

આયોજનનો અર્થ સૌપ્રથમ પ્લેટોએ The Republic પુસ્તકમાં આપ્યો છે. તેમાં તેણે આર્થિક નિયમન કેવી રીતે કરી શકાય તેનો ઉલ્લેખ કર્યો છે. આયોજન એટલે સર્વે પાસાંની ચર્ચા કરવી. પ્લેટો દ્વારા આપવામાં આવેલ આ ખ્યાલને વિશ્વકક્ષાએ સ્વીકૃત કરવામાં આવ્યો છે.

સામાજિક આયોજનનો શ્રેય રશિયાના ફાળે જાય છે. રશિયાએ વર્ષ 1922માં આયોજનના ધ્યેય દ્વારા પ્રગતિ કરી હતી. રશિયામાં સૌપ્રથમ આયોજન દ્વારા વિકાસ કરવાની શરૂઆત થઈ. આર્થિક બાબતનું વ્યવસ્થિત આયોજન કરવું. જેના દ્વારા મોટાભાગના લક્ષ્યાંકો સિદ્ધ કરવા. સમાજમાં કઇ રીતે સંસાધનોનો ઉપયોગ કરી શકાય. તે અંગે દિશાસૂચન કરવાનું કામ રશિયામાં કરવામાં આવ્યું.

ભારતમાં આયોજનનો ખ્યાલ ઘણો મોડો આવ્યો છે. બ્રિટિશ શાસન દરમ્યાન ત્યારના નેતાઓએ રાષ્ટ્રીય ચળવળ દ્વારા સામાજિક અસમાનતાઓ દૂર કરવાનો પ્રયત્ન કર્યો. ભારતમાં વર્ષ 1934માં વિશ્વસરૈયાએ પોતાના પુસ્તક ''The Planned Economics for India'' પ્રકાશિત કર્યુ. તેમાં આયોજનનો ખ્યાલ આપેલ છે. વર્ષ 1947માં ભારત સ્વતંત્ર થયું અને આયોજન તરફ ધ્યાન કેન્દ્રીત કરવામં આવ્યું. વર્ષ 1955માં ભારત સરકારે કેન્દ્રીય યોજનાની સ્થાપના કરી. બોટોમોર લખે છે કે, ''દરેક આધુનિક સમાજમાં કંઇક ને કંઇક રીતે આપણને સામાજિક આયોજન જોવા મળે છે. આયોજન કરતી વખતે ધ્યેયો નક્કી કરવામાં આવે છે.'' આયોજનનો મર્યાદિત અર્થ આર્થિક આયોજન અથવા આર્થિક પ્રવૃત્તિ પર નિયંત્રણ મૂકવું અથવા તેને યોગ્ય દિશા આપવી એવો થાય છે. શબ્દકોષમાં ''આયોજન એટલે વર્તમાન તેમજ ભવિષ્યની સર્વ જરૂરિયાતોને લક્ષમાં રાખીને દલીલયુક્ત વિચારણાપૂર્વક તેમજ વ્યાવસાયિક રીત ગોઠવવામાં આવે ત્યારે તેને આયોજન કહેવામાં આવે છે. આયોજનમાં કોઇપણ પ્રકારના ફેરફારો કરી શકાય છે. કારણ કે તે એક પ્રક્રિયા છે અને આયોજના દ્વારા સમાજનો અપેક્ષિત વિકાસ કરી શકાય છે. સામાજિક આયોજનમાં સામાજિક ક્ષેત્રે સમાજના વિકાસ માટે, સમાજની પ્રવર્તમાન સમસ્યાઓના નિરાકરણ માટે, પ્રગતિ માટે, ઉન્નતિ માટે, સામાજિક આયોજનની શરૂઆત 20મી સદીમાં જોવા મળે છે.''

## 4.3 આયોજનની વ્યાખ્યાઓ

પ્રો. અમીન નોંધે છે તેમ શબ્દકોશ અનુસાર, ''કોઇપણ બાબત, વર્તમાનની તેમજ ભવિષ્યની સર્વ

જરૂરિયાતોને લક્ષમાં રાખીને તાર્કિક વિચારણાપૂર્વક તેમજ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવે ત્યારે તેને 'આયોજન' કહેવાય."

- **વી.ટી. ક્રિષ્ણમાચારી :** "આયોજન એટલે સમાજનાં સાધનોનો ઉપયોગ વિકાસ માટે કેવી રીતે કરવાનો છે ? કોણ કરશે ? તે અગાઉથી નક્કી કરવાની પ્રક્રિયા છે."
- **ભટ્ટાચાર્ય** : "આયોજન અને વ્યવસ્થિત અને હેતુપૂર્વક સારા ધ્યેયો હાંસલ કરવા માટેનું સાધન ક્રિયા માટેની પદ્ધતિ છે."
- **રોખર :** "આયોજનને પરિવર્તન લાવવાના વિવેકપૂર્વકના પ્રયાસ તરીકે ગણાવી શકાય."
- **કિકસન :** "આયોજન એ એવી પ્રક્રિયા છે કે, જે વિસ્તૃત અને ઊંડી તપાસ પછી શું ઉત્પન્ન કરવામાં આવે છે ?, કેવી રીતે કરવામાં આવે છે ? અને વહેંચણી કેવી રીતે થાય છે ? તેના પછી કહી શકાય."
- **રેન્જર ફિંચ :** "આયોજન એ વૈજ્ઞાનિક હોવું જોઇએ. વૈજ્ઞાનિકતા ન હોય એ વ્યવસ્થાનો અભિગમ છે કે, જેમાં દરેક કાર્ય ઉપર અસર પડે છે અને દરેક કાર્ય દ્વારા અસર પામે છે."
- **પ્લાનિંગ કમિશન :** "આયોજન રાષ્ટ્રીય કક્ષાએ ધ્યેય પ્રાપ્ત કરવાની બૌદ્ધિક પદ્ધતિ છે. એટલે કે વર્તમાન પદ્ધતિએ ભવિષ્યની પદ્ધતિમાં આયોજન કરવું."
- **ગુન્નાર મિર્દાલ :** "આયોજન એ મહત્તમ સામાજિક પ્રગતિ માટે આયોજન દ્વારા બજારમાં જે દરમ્યાનગીરી કરવામાં આવે તેને આયોજન કહેવાય."
- **એન્ડરસન :** "સામાજિક આયોજન એવો કાર્યક્રમ રે કે જેમાં દ્વારા પૂર્વ નિર્દેશીત હેતુઓને એક ચોક્કસ સમયમાં જ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થાય છે."
- **રોબર્ટ :** "સામાજિક આયોજન દ્વારા સમાજમાં સમજી વિચારીને કરેલો વિકાસ હોય છે અને તેના દ્વારા માનવી પોતાની ઇચ્છાને અનુરૂપ પરિવર્તનને નિયંત્રિત કરે છે. તેના પર સ્વામિત્વ પ્રાપ્ત કરે છે."

આયોજનની ઉપરોક્ત વ્યાખ્યાઓ ઉપરથી આપણે એમ કહી શકીએ કે આયોજન એક પ્રક્રિયા છે. જેમાં નિશ્ચિત ધ્યેય પૂર્ણ કરવા માટે પ્રાપ્ત સાધનોનો ઉપયોગ કોણ કરશે અને કેવી રીતે કરશે તે માટેના વ્યવસ્થિત હેતુપૂર્વકના સભાન પ્રયત્નો થાય છે તેને આયોજન કહે છે.

### ઉપસંહાર

આયોજનમાં સંશાધનો આર્થિક સામાજિક ધ્યાનમાં લેવામાં આવે છે. આયોજનમાં લોકોની સંશાધનો વાપરવાની તરાહ, રોકાણની તરાહ વગેરેને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. આયોજનમાં વસ્તુઓ કે ઘટનાઓનું ઉદ્દેશ્યપૂર્ણ વ્યવસ્થા કરવી જેથી ભવિષ્યની ઘટનાઓ સંબંધી પહેલેથી જાણકારી મેળવી શકાય. આયોજન એ સામાજિક ધ્યેયો પ્રાપ્ત કરવાનું અને તેની સાથોસાથ આર્થિક અને સામાજિક સંસ્થાઓનું પુનઃનિર્માણ કરવાનું સાધન છે. એટલું જ નહી પરંતુ, રાષ્ટ્રીય વિકાસના આ કાર્યમાં પ્રજાની શક્તિઓને પણ જોડવાની એક પદ્ધતિ અને સાધન છે.

### સામાજિક આયોજનના ઉદ્દેશ્યો

#### પ્રસ્તાવના

આઝાદી બાદ ભારતનો સર્વાંગી વિકાસ કરવા માટે આયોજન દ્વારા સમાજનો સર્વાંગી વિકાસનું ધ્યેય સ્વીકારવામાં આવ્યું છે. સામાજિક આયોજનના મુખ્ય ત્રણ હેતુઓ છે.

(1) સામાજિક હેતુ

(2) આર્થિક હેતુ

(3) રાજકીય હેતુ

સ્વતંત્રતા બાદ ભારતના બંધારણમાં રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નક્કી થવા. આ માર્ગદર્શક

સિદ્ધાંતોને ચરિતાર્થ કરવા માટે રાષ્ટ્રીય કક્ષાએ 'આયોજન પંચ'ની રચના વર્ષ 1950માં કરવામાં આવી. આ આયોજન પંચને વિવિધ પંચવર્ષીય યોજના માધ્યમ દ્વારા રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ઉપરથી પંચવર્ષીય યોજનાઓના વ્યુહદ મુખ્ય ઉદ્દેશ્યો તૈયાર કરી, તેવા ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે વિવિધ યોજનાઓ, કાર્યક્રમો, પ્રાયોજનાઓ તૈયાર કરી તેનો અસરકારક અમલ કરી બતાવી. પ્રત્યેક ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે ખૂબ જ નિષ્ઠાપૂર્વક કાર્યરત રહેવા આયોજન પંચને સૂચવ્યું અને 1951 થી ભારતમાં આયોજન યુગની શરૂઆત થઈ. ભારતના પ્રખર અર્થશાસ્ત્રીઓ જેવા કે, ડૉ. જે.જે. અંજારિયા, પ્રો. કે.ટી. શાહ, પ્રો. પી.સી. મહાલનોબીસ, વી.કે.આર.રાવે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાંથી ભારતના સર્વાંગી અને શ્રેષ્ઠ વિકાસ માટેના આયોજનના બૃહદ્ મુખ્ય ઉદ્દેશ્યો નક્કી કર્યા.

આયોજન પંચની પ્રથમ બેઠકને સંબોધતા તાત્કાલિક વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ જણાવ્યું કે, "આજે હું ભારતમાં વિકાસ ક્રાંતિનું ઉદ્‌ઘાટન કરું છું. ભારતે ગુલામીમાં આઝાદી મેળવવાની એક લડત પૂર્ણ કરી છે અને હવે દેશના કરોડો બાંધવોના ઉત્કર્ષ માટે તથા ભારતના સર્વાંગી વિકાસ માટેની પુરૂષાર્થ કરી બીજી ક્રાંતિકારી લડતની શરૂઆત કરીએ છીએ."

## 4.4 સામાજિક આયોજનના ઉદ્દેશ્યો

### (1) આર્થિક વૃદ્ધિ

ભારતીય પંચવર્ષીય યોજનાઓનાં આર્થિક વૃદ્ધિનો ઉદ્દેશ્ય હંમેશા મોખરે રહ્યો છે. ભારતની દરેક પંચવર્ષીય યોજનાઓનાં અન્ય ઉદ્દેશ્યોની સરખામણીમાં આર્થિક ઉદ્દેશ્યને એટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આર્થિક વૃદ્ધિ સિવાય કોઈપણ દેશની પ્રગતિ શક્ય બનતી નથી અને તેના માટે જરૂરી બાબત છે. રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરવી અને જ્યાં સુધી પૂરતા પ્રમાણમાં રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ ન થાય ત્યાં સુધી તે દેશના લોકોની જરૂરિયાતોની પરિપૂર્તી થઈ શકતી નથી. જ્યાં સુધી લોકોની પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ થાય ત્યાં સુધી દેશના વિકાસની ગતિ ધીમી રહે છે. દેશનો વિકાસ ઝડપી બની શકતો નથી. આથી, રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવક વધારવાના તથા ખેતી અને ઉદ્યોગોના વિકાસનો હેતુ એ આર્થિક વૃદ્ધિનું એક એકમ બની જાય છે. ઘણા દેશોમાં આર્થિક વૃદ્ધિ અને સમાનતાની દષ્ટિએ વિભિન્ન વર્ગોને તેનાથી થયેલા ફાયદાની સરખામણી કરતાં મહ્‌દઅંશે સમાજના ઉપલા વર્ગની તરફેણમાં તેનું ઢળવાનું વલણ જણાય છે. આમ, છતાં આર્થિક વૃદ્ધિના લક્ષ્યાંકો નક્કી કરવા, તેનું મૂલ્યાંકન કરવું વગેરે બાબતોથી આર્થિક વૃદ્ધિનું મહત્ત્વ સ્પષ્ટ દેખાય આવે છે.

### (2) ઝડપી ઔદ્યોગીકરણ

સ્વતંત્રતા સમયે ભારતની ગ્રામીણ અર્થ વ્યવસ્થા તૂટી પડી હતી. ગ્રામીણ ઉદ્યોગો પડી ભાંગ્યા હતા તથા કૃષિ અર્થવ્યવસ્થામાં પણ બ્રિટિશરોની નીતિને કારણે લોકોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે ભારતના આયોજનમાં ઔદ્યોગીકરણ ઉપર ભાર મૂકવામાં આવ્યો. જેમાં મોટા અને પાયાના ઉદ્યોગો જેવા કે લોખંડ, પોલાદ, સિમેન્ટ, સ્ટીલ, જેવા ઉદ્યોગોની જરૂરિયાતો જણાઈ, તેમજ બેરોજગારીની સમસ્યાને હલ કરવામાં વર્ષ 1938ના સમયથી જ શ્રી જવાહરલાલ નહેરૂએ ઔદ્યોગીકરણની પ્રક્રિયા ઉપર ભાર મૂક્યો હતો. તેના અનુસંધાને નવા નવા મોટા ઉદ્યોગોની સ્થાપના કરી. ઔદ્યોગીકરણની પ્રક્રિયા ઝડપી કેવી રીતે બનાવવી, તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો.

### (3) બેરોજગારી દૂર કરવી.

વર્ષ ભારતમાં 1938થી ગરીબી અને બેરોજગારીને ગંભીર સમસ્યાને હલ કરવાના પ્રયાસો થઈ રહ્યાં હતાં; પરંતુ, સ્વતંત્રતા બાદ ભારતીય આર્થિક આયોજનના એક મહત્ત્વના ધ્યેય તરીકે બેરોજગારી દૂર કરવાનું છે. ભારતમાં બેરોજગારીનું પ્રમાણ દિન-પ્રતિદિન વધતું જાય છે. તેથી

તેને ઝડપથી દૂર કરવાનો હેતુ રાખ્યો છે. બેરોજગારીને લીધે સમાજજીવન પર તેની વિપરીત અસર પડતી જોવા મળે છે. સમાજમાં સભ્યોનું જીવનધોરણ કે પ્રાથમિક જરૂરિયાતો પણ તેઓ સંતોષી શકતા નથી. આ બાબતોને ધ્યાનમાં રાખી, સમસ્યાઓન હલ કરી શકાય. તે આધારે આયોજનમાં બેરોજગારી દૂર કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે.

**(4) આવક અને સંપત્તિની અસમાનતામાં ઘટાડો**

ભારતની યોજનાઓમાં સંપત્તિની અસમાનતાઓ ઘટાડવાનો ઉદ્દેશ્ય રજૂ થયો હોવા છતાં તેની અગ્રતા ઘણી નીચી છે. સ્વતંત્રતા સમયે ભારતમાં આવક-સંપત્તિના સંદર્ભમાં સમાજનાં બે વર્ગો-સમૂહો અસ્તિત્ત્વ ધરાવતા હતા. એક વર્ગ જમીનદારો, ખેડૂતોનો વર્ગ અને બીજો મજૂરો, શ્રમીકોનો વર્ગ. આમ, સમાજમાં આર્થિક અસમાનતા વધી ગઈ હતી. શ્રીમંતો વધુને વધુ ગરીબ બનતા હતા. જેથી આ આર્થિક અસમાનતા દૂર કરવા અને આવક અને સંપત્તિની સમાન વહેંચણી થઈ શકે તે માટે ભારતીય આયોજનના મુખ્ય ઉદ્દેશ્યોમાંના એક ઉદ્દેશ્ય તરીકે તેને સ્વીકારવામાં આવ્યું હતું.

**(5) ગરીબી નાબૂદ કરવી.**

ભારતમાં ગરીબી અને બેકારીને દૂર કરવા 1934માં પંડિત જવાહરલાલ નહેરૂના અધ્યક્ષ સ્થાને ભરાયેલાં પ્રાંતીય સરકારે અને ઉદ્યોગપતિઓની આગેવાની હેઠળ ભરાયેલ પરિષદમાં ચર્ચા કરી. યોજનાઓ બનાવવામાં આવી અને ત્યારબાદ જુદા-જુદા પ્રાંતોમાં વર્ષ 1938થી મુંબઈ યોજના, મહાસયોજના જેવી મર્યાદિત ક્ષેત્રની યોજના બનાવી, આ સમસ્યાઓ હલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. ભારતની યોજનાના ઉદ્દેશ્યોમાં બેકારી અને ગરીબીને મહત્ત્વ આપવામાં આવ્યું હતું; પરંતુ સૌથી વધુ ધ્યાન ગરીબી દૂર કરવાના ઉદ્દેશ્યને પાંચમી પંચવર્ષીય યોજનામાં આપવામાં આવ્યું. શરૂઆતના આર્થિક આયોજનથી આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ વધ્યું અને ફુગાવાની વૃદ્ધિ થઈ આ બંને બાબતો એ ગરીબો ઉપર ગંભીર અસર કરી શરૂઆતમાં એવું જણાતું હતું કે આર્થિક આયોજનના લાભો મળવાના શરૂ થતાં આ ગરીબીની સમસ્યા હલ થઈ જશે; પરંતુ, આ ક્ષેત્રે આપોઆપ ગરીબી દૂર થવાની સંભાવના નહિવત હોવાથી આયોજનમાં ગરીબી દૂર કરવા માટે નિર્ણાયક પગલાંઓ લેવા તેમ નક્કી થયું.

**(6) શિક્ષણનો પ્રસાર કરવો**

સ્વતંત્ર ભારતમાં ફક્ત આર્થિક સમસ્યાઓ જ અસ્તિત્વ ધરાવતી હતી. તેમ ન હતું; પરંતુ, નિરક્ષરતા, અસમાનતા, આરોગ્ય, અંધશ્રદ્ધા, રાષ્ટ્રીય એકતા જેવી અનેક સામાજિક-સાંસ્કૃતિક સમસ્યાઓ અસ્તિત્વ ધરાવતી હતી. આ સમસ્યાઓના નિરાકરણ માટે શિક્ષણનો પ્રસાર પ્રચાર કરવો એ એક આવશ્યક બાબત બની ગઈ હતી. ભારતના સામાજિક વિકાસ માટે નિરક્ષરતા એ પ્રથમ પગથિયું હતું. બીજું, આ સમય દરમ્યાન ભારતમાં મોટાભાગના લોકો નિરક્ષર હતાં. જો આર્થિક સામાજિક વિકાસ સાધવો હોય તો લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ, લોકો જાગૃત બની સરકારની નીતિઓ કાર્યક્રમો સમજે અને તેનો અમલ કરે તે જરૂરી બની ગયું હતું અને તેના માટે આવશ્યક હતું. લોકોમાં શિક્ષણનો પ્રસાર પ્રચાર કરવો અને તેથી જ પ્રથમ પંચવર્ષીય યોજનાથી જ ભારતના આયોજનના અનેક મહત્ત્વના ઉદ્દેશ્યોમાં કેળવણીના વિકાસનું ધ્યેય રાખવામાં આવ્યું. ત્યારબાદ બ્રિટિશ શાસન દરમ્યાન ગાંધીજી, એનીબેસન્ટ, જ્યોતિબા ફૂલે, મહર્ષિ કર્વે જેવાઓને શિક્ષણના પ્રચાર માટેના પ્રયત્નો કર્યા હતા.

**(7) જ્ઞાતિના વાડાઓ દૂર કરવા**

સમગ્ર વિશ્વમાં ભારત જ એક એવો દેશ છે કે, જેનું સામાજિક માળખું જ્ઞાતિવ્યવસ્થા ઉપર આધારીત છે. આ જ્ઞાતિ વ્યવસ્થા કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે તે બંધ સમાજવ્યવસ્થા છે અને વ્યક્તિને અર્પિત દરજ્જો અર્પે છે. આ વ્યવસ્થાએ સમાજમાં જુદાં-જુદાં વર્ણો અને જ્ઞાતિઓમાં

વહેંચાયેલી છે. તેના પરિણામે સમાજમાં સામાજિક અસમાનતા પ્રવર્તે છે; પરંતુ, સ્વતંત્રતા બાદ ભારતના બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં આપણે લોકશાહીના મૂલ્યો સ્વીકાર્યા છે. જેમાં દરેક વ્યક્તિને સમાનતા, સ્વતંત્રતા પ્રાપ્ત થાય તેવા અધિકારો આપવામાં આવ્યાં છે; પરંતુ જ્ઞાતિવ્યવસ્થા તેમાં અવરોધરૂપ પરિબળ બની રહ્યું છે. જેથી લોકશાહીના મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે અસમાનતાના પાયા ઉપર રચાયેલા જ્ઞાતિના વાડાઓ દૂર કરવા જરૂરી હોય ભારતના આયોજનમાં એક મહત્ત્વના ઉદ્દેશ્ય તરીકે તેનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે.

**(8) રાષ્ટ્રીય એકતા તથા લોકશાહીના મૂલ્યોની સ્થાપના કરવી**

ભારતીય સમાજવ્યવસ્થા એ વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે; પરંતુ, બ્રિટિશ શાસન દરમ્યાન બ્રિટિશરોની નીતિને કારણે ભારતની એકતા અને અખંડિતતાને તોડવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને અંખિડતતાને તોડવાના પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં અને 200 વર્ષની ગુલામી અવસ્થાને કારણે લોકો પોતાનું અસ્તિત્વ ગુમાવી બેઠા હતા. પ્રદેશવાદ, ભાષાવાદ, જેવી અનેક સમસ્યાઓ ઊભી થઈ હતી. આવી પરિસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા જાળવવા અને રાષ્ટ્રીય સુરક્ષા માટેની જાળવણીની જરૂરિયાત ઊભી થઈ હતી તથા ઉપર ચર્ચા કર્યા પ્રમાણે બંધારણમાં સમાજવાદી સમાજ નવરચનાની લોકશાહી મૂલ્યોવાળી સમાજવ્યવસ્થા સ્વીકારેલ હોવાથી સામાજિક સંસ્થાઓમાં રાષ્ટ્રીય એકતાના અને લોકશાહીના મૂલ્યો સ્વીકૃત થાય તે જરૂરી હતું અને તેથી જ ભારતના આયોજનના અનેક ઉદ્દેશ્યોમાંનો એક મહત્ત્વનો ઉદ્દેશ્ય આ પણ ગણવામાં આવે છે.

**(9) સ્વાવલંબન**

ભારત જેવા દેશને સ્વાવલંબનની જરૂર હોય તે દેખીતું છે; પરંતુ, આયોજનનાં સ્વાવલંબનની વિભાવનાનો ઘણો સંકુચિત અર્થ કરવામાં આવ્યો છે. તેમાં વિદેશી સહાયની જરૂરિયાતો પહોંચી શકાય એવી મતલબની બાબતને સ્વાવલંબન ગણાવ્યું છે. આપણો સ્વાવલંબનનો ઉદ્દેશ્ય ખેતીની અર્થવ્યવસ્થામાં કૃષિના ઉત્પાદનને કેન્દ્રમાં રાખી સ્વાવલંબનને પ્રાપ્ત કરવાનું છે. કારણ કે ભારતની ગ્રામીણ અર્થવ્યવસ્થાની ધરોહર કૃષિ અર્થવ્યવસ્થા છે અને દેશના મોટાભાગના લોકો જે વ્યવસાય ઉપર આધારીત હોય તેનો વિકાસ સાધવો એ જરૂરી બાબત ગણી શકાય અને આ સંદર્ભમાં સૌ પ્રથમ કૃષિક્ષેત્રે ઉત્પાદન વધારી અનાજમાં સ્વાવલંબન પ્રાપ્ત કરવું એ આવશ્યક મનાવા લાગ્યું હતું. આમ, આયોજનમાં કૃષિ અને ઔદ્યોગીક ક્ષેત્રે સ્વાવલંબન પ્રાપ્ત કરવાનો એક ઉદ્દેશ્યનો સમાવેશ કરવામાં આવે છે. પરંતુ, ટૂંકમાં ભારતીય આયોજનમાં સામાજિક પાસાંનો જુદી-જુદી બાબતોમાં સુધાર લાવવા સ્વાવલંબનનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે.

## 4.5 મેનહીમ દ્વારા આપવામાં આવેલ સામાજિક આયોજનના ઉદ્દેશ્યો

**(1) સ્વતંત્રતા**

મેનહીમના મત મુજબ, આપણે સ્વતંત્રતા આયોજન કરવું છે. જેનું નિયંત્રણ લોક સમુદાય દ્વારા થવું જોઈએ. આયોજન એટલા માટે થવું ન જોઈએ કે તે વિશેષ સમૂહો કે વર્ગોને વિશેષ અધિકાર પ્રાપ્ત થઈ જાય. આયોજનમાં પૂર્ણ રોજગાર અને ઉપલબ્ધ સામગ્રી(સાધન)નો પૂર્ણ ઉપયોગ થવો જોઈએ. સાથો-સાથ આયોજન દ્વારા સામાજિક ન્યાય થવો જોઈએ. સમાજમાં આપણે અત્યંત ગરીબી કે અત્યંત શ્રીમંતનો બહિષ્કાર કરવાનો છે.

**(2) સાંસ્કૃતિક મૂલ્યોની સ્થાપના**

આયોજનનો ધ્યેય સાંસ્કૃતિક મૂલ્યોની સ્થાપના કરવાનો પણ છે. સંસ્કૃતિને આ ઉન્નતિ તરફ જતી રોકવાની છે. રૂઢિઓમાં નિશ્ચિત મહત્ત્વપૂર્ણ મૂલ્યોને પસંદ કરવાના છે. શક્તિનું કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણની વચ્ચે સમાનતાની સ્થાપના કરવી જોઈએ. સામાજિક પરિવર્તનને એ પ્રકારે પ્રોત્સાહન આપવાનું કે જેથી વ્યક્તિનો સંપૂર્ણ વિકાસ કરી શકાય.

**(3) સ્થાનિક અને રાષ્ટ્રીય સ્થિઈતમાં સુધારો**

મેનહીમના મત અનુસાર, આયોજન અર્થ છે કે, વસ્તુઓ અને ઘટનાઓની ઉદ્દેશ્યપૂર્ણ વ્યવસ્થા હોવી જોઈએ. જેથી આપણે ભવિષ્યમાં આવનારી ઘટનાઓ વિશે પહેલેથી જાણી શકીએ. આદિકાળથી જ માનવ તેમના સ્વભાવ પ્રમાણે જુદાં-જુદાં પ્રકારના પ્રયત્નો કરી રહ્યો છે. આ દૃષ્ટિકોણથી આયોજન માનવ સમાજ માટે કશું જ નવું રહ્યું નથી; પરંતુ, આયોજનનો અર્થ અહીયાં એવા આયોજનથી છે કે, જેનું નિયંત્રણ અને સંચાલન રાજ્ય દ્વારા થતું હોય અને તેમનો ઉદ્દેશ્ય સ્થાનિક રાજ્ય અને રાષ્ટ્રીય સ્થિઈતમાં સુધારો લાવવાનો છે.

**(4) ઈચ્છિત પરિવર્તન**

આયોજન એક યોજના છે. જેમનો ઉદ્દેશ્ય એક ઈચ્છિત સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનોનું સંચાલન કરવાનું છે. આયોજનનો પ્રયોગ સૌપ્રથમ અર્થશાસ્ત્રીઓએ કરેલ. એક કારણ એવું પણ છે કે, ઘણા લોકો આયોજનને આર્થિક આયોજનના સમાનાર્થી તરીકે જુએ છે.

**(5) વ્યક્તિગત સ્વતંત્રતા**

લોકશાહી આયોજનનો ઉદ્દેશ્ય સંપૂર્ણ આયોજનની સાથો-સાથે વ્યક્તિને વધારેમાં વધારે સ્વતંત્રતા પ્રદાન કરવાનો છે. એટલા માટે એમની મુખ્ય સમસ્યા વ્યક્તિગત સ્વતંત્રતા અને સામાજિક નિયંત્રણમાં એકરૂપતા સંભવ બની શકે કે નહી. આયોજનની અવધારણા સામૂહિક દર્શનની ભાવના પર આધારિત છે. જેનો અર્થ વ્યક્તિના જીવનને નિશ્ચિત ઉદ્દેશ્યો અનુસાર સંચાલિત કરવાનો છે. જ્યાં વ્યક્તિના જીવનને કોઇ બાહ્યશક્તિ દ્વારા સંચાલિત કરવાનો પ્રશ્ન આવે છે. તથા વ્યક્તિગત સ્વતંત્રતાનો વિનાશ સંભવ છે. પછી વ્યક્તિગત સ્વતંત્રતાનું રક્ષણ પણ આયોજનનું લક્ષ્ય છે.

**(6) સ્વાધિનતા અને ત્યાગ**

સ્વતંત્રતાની પ્રજાતાંત્રિક પૂર્વધારણામાં નકારાત્મક અને સકારાત્મક એમ બંને પ્રકારની સ્વતંત્રતાનું મિશ્રણ છે. અહીયા વ્યક્તિને પોતાના અધિકારો વ્યક્ત કરવાની સ્વતંત્રતા રહે છે. સાથો સાથે સમાજની જવાબદારી હોય છે કે, એમને આ પ્રકારના પર્યાવરણનું નિર્માણ કરવું. જેથી વ્યક્તિ એમની સ્વતંત્રતાનો સંપૂર્ણ સક્રિય ઉપયોગ કરવા માટે સમર્થ બને. સાથે જ્યાં સમૂહ અથવા અન્ય લોકોના હિતોનો પ્રશ્ન છે. ત્યાં વ્યક્તિ હંમેશા તેમની સ્વતંત્રતાને ત્યાગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર રહે એટલે કે, સામૂહિક હિત માટે વ્યક્તિગત સ્વતંત્રતાનો સ્વૈચ્છિક ત્યાગ લોકશાહી આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

**(7) વિઘટનાત્મક પ્રવૃત્તિઓ પર નિયંત્રણ**

આયોજન અંતર્ગત નિયંત્રણ દ્વારા સ્વતંત્રતાની પૂર્વધારણાને વ્યાવહારિકરૂપ પ્રદાન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. સામાજિક નિયંત્રણનો વાસ્તવિક અર્થ માનવીની પ્રવૃત્તિઓ પર નિયંત્રણ છે જે લોકોના હિત પર આઘાત કરી શકે છે; પરંતુ, આયોજન અને નિયંત્રણનો કોઇ વાસ્તવિક સ્વાભાવિક વિરોધ નથી. એટલા માટે લોકશાહી આયોજન યુગમાં નિયંત્રણ દ્વારા આ બધી પરિસ્થિતિઓ ઉપર નિયંત્રણ રહે છે. જે વ્યક્તિની હકારાત્મક સ્વતંત્રતામાં અવરોધક છે.

## 4.6 ઉપસંહાર

ટૂંકમાં, ભારતીય આયોજનના ઉદ્દેશ્યોમાં સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, રાજનૈતિક સમાનતાના પાસાંઓને કેન્દ્રમાં રાખીને ભારતીય આયોજન કરવામાં આવ્યું છે. આયોજનનો મૂળભૂત ઉદ્દેશ્ય દેશના સંશાધનોનો મહત્તમ ઉપયોગ કરીને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય વિકાસ કરવો જેથી લોકો સમૃદ્ધ બને. ભારતના બંધારણીય સિદ્ધાંતોમાં દરેક વ્યક્તિને સમાન તક, દરેકને કામ કરવાનો સમાન હક્ક અને નબળા વર્ગનું સમૃદ્ધ વર્ગ દ્વારા શોષણ ન થાય અને આવક અને સંપત્તિની

અસમાનતાની સમાન વહેંચણી કરી સામાજિક, આર્થિક અંતર દૂર કરવું. સામાજિક આયોજનમાં સામાજિક ક્ષેત્રે સમાજના વિકાસ માટે સમાજની પ્રવર્તમાન સમસ્યાઓના નિરાકરણ માટે, પ્રગતિ માટે, ઉન્નતિ માટે, સામાજિક આયોજનની શરૂઆત થઈ એવું મનાય છે.

## 4.7 તમારી પ્રગતિ ચકાસો

1. આયોજનનો અર્થ પ્લેટોએ એના ક્યાં પુસ્તકમાં આપ્યો છે ?

   (A) The Republic (B) The Planned Economics for India

   (C) A અને B બંન્ને (D) એક પણ નહી

2. ''આયોજનને પરિવર્તન લાવવાના વિવેકપૂર્વકના પ્રયાસ તરીકે ગણાવી શકાય.'' આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) ભટ્ટાચાર્ય (B) ક્કિસન

   (C) રોખર (D) રેન્જર ફ્રિંચ

3. સામાજિક આયોજનના મુખ્ય કેટલા હેતુઓ છે ?

   (A) ચાર (B) બે

   (C) એક (D) ત્રણ

4. મેનહિમ દ્વારા આપવામાં આવેલ સામાજિક આયોજનના કેટલા ઉદેશ્યો છે ?

   (A) સત્તર (B) સાત

   (C) પાંચ (D) નવ

5. રાષ્ટ્રીય કક્ષાએ ''આયોજન પાંચ''ની રચના ક્યાં સાલમાં કરવામાં આવી ?

   (A) 1950 (B) 1949

   (C) 1951 (D) 1952

6. નીચેનામાંથી ક્યાં ઉદેશ્યોનો સમાવેશ મેનહીમ દ્વારા અપાવેલ ઉદેશ્યોમાં થતો નથી ?

   (A) સ્વતંત્રતા (B) સ્વાધિનતા અને ત્યાગ

   (C) ઈચ્છિત પરિવર્તન (D) સ્વાવલંબન

7. મેનહિમના સામાજિક આયોજનનાં ઉદેશ્યમાં સમાવેશ થાય છે ?

   (A) ઔધોગિકરણ (B) આર્થિક વૃદ્ધિ

   (C) આવક અને સંપતિ અસમાનતા (D) વ્યક્તિગત સ્વતંત્રતા

8. આયોજનનો અર્થ સૌપ્રથમ કોણે આપ્યો હતો ?

   (A) પ્લેટો (B) વોટ્સન

   (C) વિશ્વ સરૈયા (D) એક પણ નહિ

9. ભારત સરકારે કેન્દ્રિય યોજનાની સ્થાપના ક્યારે કરી ?

   (A) 1956 (B) 1955

   (C) 1959 (D) 1960

10. ''આયોજન અને વ્યવસ્થિત અને અને હેતુપૂર્વક સારા ધ્યેયો હાંસલ કરવા માટેનું સાધન ક્રિયા માટેની પધ્ધતિ છે.'' આ વ્યાખ્યા ક્યાં અર્થશાસ્ત્રીએ આપી છે ?

    (A) ભટ્ટાચાર્ય (B) રોખર

    (C) કિકસન (D) રેજજર ફ્રિંચ

## 4.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) The Republic
2. (C) રોખર
3. (D) ત્રણ
4. (B) સાત
5. (A) 1950
6. (D) સ્વાવલંબન
7. (D) વ્યક્તિગત સ્વતંત્રતા
8. (A) પ્લેટો
9. (B) 1955
10. (A) ભટ્ટાચાર્ય

## 4.9 ચાવીરૂપ શબ્દો

- આયોજન- પરિવર્તન માટેનો વિવેકપૂર્વક
- સ્વતંત્રતા- બંધન મુક્ત

## 4.10 સ્વાધ્યાય લેખન

**(1) સામાજિક આયોજનનો અર્થ આપી, વ્યાખ્યાઓ સાથે સ્પષ્ટ કરો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(2) સામાજિક આયોજનના ઉદ્દેશ્યોની છણાવટ કરો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(3) સામાજિક આયોજન એટલે શું ? મેનહીમ દ્વારા અપાયેલ સામાજિક આયોજનના ઉદ્દેશ્યોનું વર્ણન કરો.**

.....................................................................

.....................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 4.11 પ્રવૃત્તિ

1. સામાજિક આયોજનનો ચાર્ટ બનાવી પ્રેઝનટેશન કરવું.

## 4.12 કેસ સ્ટડી

1. ભારતના આયોજન પંચનાં પ્રવર્તમાન ઉદ્દેશ્યો અને પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

## 4.13 સંદર્ભગ્રંથ


(1) પ્રા. દવે. જે. કે., 'સમાજશાસ્ત્ર'(2008-09), લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.

(2) તિલાશ કુંવરસિંહ, 'સામાજિક આયોજન અને પ્રશાસન'(2005), પ્રકાશન કેન્દ્ર, લખનૌ.

(3) પ્રો. ડૉ. રાવ હેમીસા, 'વિકાસનું સમાજશાસ્ત્ર'(2009), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

# એકમ–5 સામાજિક નીતિના સ્ત્રોત અને સાધન તરીકે આયોજન

## : એકમનું માળખું :


**5.0 એકમના હેતુઓ**

**5.1 પ્રસ્તાવના**

**5.2 સામાજિક નીતિના સ્ત્રોત અને સાધન તરીકે આયોજન**

**5.3 આયોજનનો સામાજિક હેતુ**

**5.4 સામાજિક આયોજનની સિદ્ધિઓ**

**5.5 ઉપસંહાર**

**5.6 તમારી પ્રગતિ ચકાસો**

**5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**5.8 ચાવીરૂપ શબ્દો**

**5.9 સ્વાધ્યાય લેખન**

**5.10 પ્રવૃતિ**

**5.11 કેસ સ્ટડી**

**5.12 સંદર્ભગ્રંથ**


## 5.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ પરથી વિદ્યાર્થીઓ જાણી શકશે કે,

1. સામાજિક આયોજન માટે સામાજિક નીતિના વિવિધ સ્ત્રોત અને સાધનો.
2. સામાજિક આયોજન ની અનેક સિધ્ધિઓની વિદ્યાર્થીઓને જાણકારી પ્રાપ્ત થશે.

## 5.1 પ્રસ્તાવના

સામાજિક નીતિની અસરકારકતાનો આધાર એ કેવા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. તેના પર નિર્ભર છે. કારણ કે નીતિના ઉદ્દ્ભવ સ્થાન તરીકે આયોજન છે અને તેના અમલીકરણ માટે તે સાધનરૂપ સહાયક બનીને સમાજ તેની અસરકારકતા ઊભી કરે છે.

ભારતમાં સામાજિક પરીવર્તન લાવવાના અનેક પ્રયત્નો થયા છે. સામાજિક પરીવર્તનમાં આયોજન એ મહત્વનું પરીબળ છે.

શરૂઆતમાં આયોજન એટલે ‘‘આર્થિક પ્રવૃતિ પર નિયંત્રણ મૂકવું અને તેને દિશા આપવી’’ એવો આયોજનનો સંકુચિત અર્થ કરવામાં આવતો હતો. કોઇ પણ બાળતમાં ભવિષ્ય અને વર્તમાનની સર્વ જરૂરિયાતોને લક્ષમાં રાખીને દલીલયુક્ત, વિચારપૂર્વક તેમજ વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ ત્યારે તેને આયોજન કહેવાય છે. આ એકમમાં સામાજિક નિતિના ઘડતર અને અમલીકરણ માટે એક મુખ્ય સ્ત્રોત અને સાધન તરીકે ઉપયોગી એવા આયોજનની ચર્ચા કરવામાં આવી છે. અને સામાજિક આયોજનના ક્ષેત્રમાં મળેલ સિધ્ધિઓનું વર્ણન કરવામાં આવ્યુ છે.

## 5.2 સામાજિક નીતિના સ્ત્રોત તરીકે આયોજન

સામાજિક નીતિના સ્ત્રોત તરીકે આયોજનની કામગીરીને જોઈએ તો આયોજન એ તે સમાજનું મૂલ્યાંકન કરે છે એટલે કે તે પ્રવર્તમાન સ્થિઈતમાં સમાજની અંદર કોણ વિકાસ કરી રહ્યું છે અને કોને વિકાસના લાભોથી વંચિત રહેવા પામ્યું છે. શા માટે તેમને વિકાસના લાભો મળ્યાં નથી. શા માટે અમુક વર્ગ વધારે વિકાસ કરી શક્યો છે. વગેરે પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયત્ન થાય છે અને સાથે સાથે જેમને લાભ મળ્યો નથી અથવા તો વિકાસ કરી શક્યા નથી. તેને માટે શું કરવાનથી વિકાસ થઈ શકે માટે આયોજનરૂપી પગલાંઓ નક્કી કરે છે કે જેનાં આધારે તેનો વિકાસ થઈ શકે એટલે કે તે સામાજિક નીતિને નીચે પ્રમાણે અસર કરે છે.

**(1) આયોજન નવી સામાજિક નીતિ બનાવે છે**

આયોજનમાં કરવામાં આપેલ મૂલ્યાંકનના આધાર પર તેમને લાગે છે કે, જે સમાજ વંચિત રહી જાય છે તેના માટે અન્ય સમાજ કરતા અલગ જોગવાઈ હોવી જોઈએ તો તેના આધારને લઈને જે તે સમાજ માટે તે અલગથી સામાજિક નીતિ જાહેર કરે છે કે, જેની મદદથી સમાજનો વિકાસ કરી શકાય એ રીતે આયોજન સમાજમાં નવી સામાજિક નીતિ લાવીને એક સ્ત્રોત રૂપ કામગીરી કરે છે.

**(2) આયોજન સામાજિક નીતિમાં ફેરફાર સૂચવે છે.**

આયોજનમાં કરવામાં આવતા મૂલ્યાંકનમાં એવી બાબતો બહાર આવે કે પ્રવર્તમાન સામાજિક નીતિમાં કેટલીક અડરૂપ જોગવાઈ છે કે, જેના આધારે તેની સમાજમાં અસરકારકતા ઊભી કરી શકવામાં મુશ્કેલી પડે છે તો તેવી સામાજિક નીતિમાં ફેરફાર લાવનારી કામગીરી પણ આયોજન કરે છે. એટલે કે આયોજન એ નવા ફેરફાર સાથેની સામાજિક નીતિ બહાર પાડે છે. તેથી આયોજન દ્વારા થતા નીતિના ફેરફાર તે નવી કે સુધારા વધારા સાથેની સામાજિક નીતિને જન્મ આપે છે તેથી તે સ્ત્રોત છે.

**(3) આયોજન સામાજિક વિકાસના લક્ષ્યાંકો આપે છે**

આયોજનમાં આવતા વર્ષોમાં સામાજિક ક્ષેત્રમાં શું હાંસલ કરવાનુ છે. તેના લક્ષ્યાંકો બનાવે છે. જેના આધારે સામાજિક વિકાસ શક્ય બને છે. જે લક્ષ્યાંકો તે સામાજિક નીતિનો ભવિષ્યરૂપ આધાર છે. એટલે કે આ લક્ષ્યાંકો ને સામાજિક નીતિના ધ્યેય બને છે. સામાજિક નીતિને આયોજન છે તે લક્ષ્યાંકો નક્કી કરી આપતું હોવાથી લક્ષ્યાંકરૂપ સ્ત્રોત તરીકે કામ કરે છે.

**સામાજિક નીતિના સાધન તરીકે આયોજન**

સામાજિક નીતિનું અમલીકરણ કરવાનું કામ આયોજન કરતું હોવાથી તે સાધન તરીકે ગણી શકાય. એટલે કે સામાજિક નીતિને વાસ્તવિક જગતમાં લઈ જઈને તે સામાજિક વિકાસ કરવાનું કામ કરે છે. તો સામાજિક નીતિના અમલીકરણરૂપ સાધન તરીકે આયોજનને સમજીએ.

**(1) આયોજન સામાજિકનીતિ અમલીકરણ માટે માળખું ઘડી આપે છે.**

આયોજન એ સમાજના વિકાસ માટે જે પ્રવર્તમાન વ્યવસ્થારૂપ સંસ્થાઓ કામગીરી કરે છે. તેનું આયોજનનું મૂલ્યાંકન કરે છે અને તેમાં પણ જરૂરી ફેરફાર લાવીને સારી બનાવવા સૂચનો કરે છે. જેના આધાર ઉપર નક્કી કરેલા લક્ષ્યાંકોની પ્રાપ્તિ થઈ શકે. એટલે કે તે સામાજિક નીતિમાં જે નક્કી કરવામાં આપેલા લક્ષ્યાંકોના આધારે કેવી માળખાંકીય વ્યવસ્થા હોવી જોઈએ તે ભલામણ કરી અમલી બનાવે છે.

**(2) આયોજન સામાજિક નીતિ માટે નાણાંકીય જોગવાઈ કરાવે છે.**

આયોજન એ સમાજમાં વિકાસ માટે કેટલી નાણાંકીય જોગવાઈ જોઈશે. તે પણ નક્કી કરે છે તે આપતા પાંચ વર્ષો પ્રમાણે અને એક વર્ષ પ્રમાણે ક્યાં-કેટલાં નાણાંની જરૂરિયાત રહેશે ? તેના આધાર પર નાણાંકીય ફાળવણી થાય છે. એટલે કે સામાજિક નીતિના અમલ કરવામાં જરૂરી એવી નાણાંકીય જોગવાઈ કરી સાધનરૂપ કામ કરે છે.

## 5.3 આયોજનનો સામાજિક હેતુ

આયોજન એ નક્કી કરેલા ધ્યેયને પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. આ હેતુ દ્વારા સામાજિક પરિવર્તન ક્ષેત્રે આયોજનની મુખ્ય જરૂરીયાત આપણે જાણી શકીએ છીએ.

આયોજનનો હેતુ સામાજને ઉભો કરવાનો છે. જેના થકી આપણે કલ્યાણકારી રાજ્યની સ્થાપના કરી શકીએ છીએ. સમાજમાં ખૂબજ વધતી સમસ્યાઓને ટાળવા માટેનું આયોજન જ સામાજિક પરિવ્રતન કરી શકે.

**1. સમાજ કલ્યાણ :-**

સમાજકલ્યાણનો હેતુ સમાજના દરેક વર્ગના લોકોની સામાજિક સુરક્ષા તથા સહાયતા વડે સામાજિક ઉત્કર્ષ અને વિકાસ કરવાનો છે. બીમારી, બેકારી, વૃદ્ધાવસ્થા, મૃત્યુ, ઔદ્યોગિક ખતરાઓ, વિદ્યાવા સહાય, વિકલાંગોનું સશક્તિકરણ વગેરે સામાજિક સુરક્ષા યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. સમાજકલ્યાણમાં લોકોના શારિરીક, માનસિક, આર્થિક, સાંવેગિક, આધ્યાત્મિક એમ સાર્વત્રીક ઉત્કર્ષ પણ સમાયેલો છે.

**2. સામાજિક પુનઃ નિર્માણ :-**

સામાજિક પનઃ નિર્માણ કરવું એ પણ એક આયોજનનો હેતુ છે. અનિચ્છનીય સામાજિક સમસ્યાઓ જે સમાજ માટે દુષણ સમાન છે. તેનું નિરાકારણ કરીને સમાજનું પુનઃ નિરાકારણ કરવાનું હોય છે. તદઉપરાંત સામાજિક પુનઃ નિર્માણનો હેતુ સાંસ્કૃતિક, રાજનૈતિક તથા અન્ય પાસામોનો વિકાસ રાજનૈતિક તથા અન્ય પાસામોનો વિકાસ કરવાનો પણ હોય છે.

**3. સામાજિક સમાનતા :-**

સમાજવાહી રાષ્ટ્રોમાં આયોજનનો હેતુ સમાજમાં સમાનતા લાવવાનો પણ છે. કોપિણ સમાજમાં સંપૂર્ણ સમાનતા તો સંભવ નથી પરંતું જો અવસરની સમાનતા સ્થાપાય તો સામાજિક સમાનતા આવી શકે છે.

## 5.4 સામાજિક આયોજનની સિદ્ધિઓ

વર્ષ 1951 થી શરૂ થયેલી અને અમલમાં મૂકવામાં આવેલી બધી પંચવર્ષીય યોજનામાં રાષ્ટ્રીય આવક અને ઘરેલું ઉત્પાદન અંગેના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યાં હતાં. કૃષિ, સિંચાઇ, વિજળી, ઉદ્યોગ, શિક્ષણ, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સામાજિક કલ્યાણ વગેરે ક્ષેત્રોના સામાજિક વિકાસ માટેના કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં હતાં. આજ સુધીમાં 11 પંચવર્ષીય યોજનાઓ પૂર્ણ થયેલ છે અને બારમી પંચવર્ષીય યોજના(2012-17) અમલમાં છે. આ બધી પંચવર્ષીય યોજનાઓની ભારતીય સમાજ પર વ્યાપક અસરો પડી છે.

**(1) રાષ્ટ્રીય અને માથાદીઠ આવકમાં વૃદ્ધિ**

વર્ષ 1950-51 થી વર્ષ 2002-03 ના સમયગાળા દરમ્યાન રાષ્ટ્રીય આવક-ચોખ્ખા ઘરેલું ઉત્પાદનમાં 8.7 ગણો વધારો થવા પામ્યો છે. સરેરાશ વાર્ષિક વિકાસ દર 4.2 રહ્યો છે. માથાદીઠ વાર્ષિક આવકમાં ત્રણ ગણો વધારો થયો છે. બીજી યોજનાની સિદ્ધિ લક્ષ્યાંકની નજીક

છે. ત્રીજી અને ચોથી યોજનાની સિદ્ધિ મર્યાદિત રહેવા પામી છે. તેમાં દુષ્કાળ અને ભારત-પાકિસ્તાન યુદ્ધ જેવાં કારણોએ ભાગ ભજવ્યો છે. ચોથી યોજનાના ગાળા દરમ્યાન ઉપરા-ઉપરી ત્રણ દુષ્કાળ પડયા હતાં. ચોથી યોજના પછીથી આર્થિક વિકાસ દરમાં સુધારો જોવા મળે છે; પરંતુ, નવમી યોજનાનું લક્ષ્યાંક સિદ્ધ થઈ શક્યું નથી. 1951ની સરખામણીમાં ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.

**(2) કૃષિ વિકાસ**

પંચવર્ષીય યોજનાઓમાં કૃષિ વિકાસ ઉપર ભાર મુકાતો રહ્યો છે. કૃષિનું આધુનિકીકરણ કરવા ઉપર ભાર મૂકાય છે. યોજનાઓ દ્વારા ખેડૂતોને નવી ટૅક્નૉલૉજી ઉપલબ્ધ થતાં નોંધપાત્ર કૃષિ વિકાસ થવા પામ્યો છે. કૃષિ વિકાસ થતાં અનાજની બાબતમાં ભારત સ્વાવલંબી બન્યું છે. કૃષિક્ષેત્રે નવી ટૅક્નૉલૉજી અને વૈજ્ઞાનિક ખેતપદ્ધતિ દાખલ થતાં નિર્વાહલક્ષી, કૃષિ નફાલક્ષી અને બજારલક્ષી બની છે. હરીયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિ શક્ય બની છે. આ ઘટનાને ગ્રામીણ સમાજમાં સમૃદ્ધ અને મધ્યમ કિસાનવર્ગનું સર્જન કર્યુ છે. ગ્રામીણ સ્તરીકરણમાં પરિવર્તન આવ્યુ છે અને સ્ત્રીઓની પરંપરાગત ભૂમિકા અને દરજ્જામાં સમાનતાલક્ષી પરિવર્તન આવવા લાગ્યું છે. દેશના કુલ ઘરેલું ઉત્પાદનમાં કૃષિક્ષેત્રનો ફાળો 22 % છે અને તે દેશની 65 % વસતિને આજીવિકા માટે ટેકો પૂરો પાડે છે. દેશના 58 % કાર્યદળને તે રોજગારી પૂરી પાડે છે. કૃષિવિકાસ દેશની કુલ નિકાસ આવકમાં 10 % જેટલો ફાળો આપે છે અને દેશના અસંખ્ય ઉદ્યોગોને કાચી સામગ્રી પૂરી પાડે છે. કૃષિવિકાસ ગરીબી નિવારણમાં સીધો ફાળો આપે છે. કૃષિ યંત્રવિજ્ઞાનના પ્રસાર માટે કૃષિ વાણિજ્ય કેન્દ્રો, કૃષિ ચિકિત્સા કેન્દ્રો તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં છે. રાષ્ટ્રીય કિસાન પંચ કિસાનોના પ્રશ્નો તપાસે છે. તેમજ કિસાનોની આવકમાં સુધારો કરવામાં સહાયભૂત થાય છે. કૃષિ ઉત્પાદકતા વધારવા રાષ્ટ્રીય એક્શન પ્લાન અમલમાં મૂક્યો છે. ખેડૂતોને તજજ્ઞોનું માર્ગદર્શન મળી રહે તે માટે કિસાન કોલ સેન્ટર સ્થાપવામાં આવ્યાં છે. કૃષિ કાર્યક્રમો અને ખેડૂતોના પ્રશ્નો અને સમસ્યાઓના પ્રસારણ માટે કૃષિદર્શન ટી.વી. ચેનલ અને કૃષિવાણી રેડિયો ચેનલ શરૂ થઈ છે.

**(3) સિંચાઈ વિકાસ**

પ્રથમ યોજનાથી જ સિંચાઈ વિકાસ થતો આવ્યો છે. ભારતની સિંચાઈ ક્ષમતા લગભગ 140 મિલિયન હેક્ટરની છે. પ્રથમ યોજના પહેલાં આ ક્ષમતા 23 મિલિયન હેક્ટરથી પણ ઓછી હતી. નવમી યોજના સુધીમાં આ ક્ષમતા વધીને લગભગ 94 મિલિયન હેક્ટરની થવા પામી છે. દેશની મુખ્ય સિંચાઈ યોજનાઓ લગભગ 38 મિલિયન હેક્ટર જમીનને સિંચાઈથી આવરી લે છે અને ગૌણ સિંચાઈ યોજનાઓ લગભગ 57 મિલિયન હેક્ટર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડે છે. દસમી યોજનામાં દેશની સિંચાઈ રાખવામાં આવ્યો છે. સિંચાઈ વિકાસ કૃષિ વિકાસને વેગ આપે છે. તેમજ તે નિર્વાહલક્ષી કૃષિનું ફાર્મિંગ કૃષિમાં રૂપાંતર કરવામાં તેમજ ગરીબી અને બેરોજગારીની સમસ્યાઓ હલ કરવામાં ફાળો આપે છે.

**(4) ગામડાનું વીજળીકરણ**

વર્ષ 1950માં 2301 મેગાવોટ વીજળી ઉત્પન્ન થતી હતી. તે માર્ચ, 2003 સુધીમાં 1,26,240 મેગાવૉટ થવા પામી છે. ગ્રામીણ વીજળીકરણ કાર્યક્રમ હેઠળ માર્ચ 2004 સુધીમાં ભારતના 5.94 લાખ ગામડામાંથી 4.38 લાખ ગામડાનું વીજળીકરણ થયું છે. ગ્રામ વીજળીકરણ ગ્રામોદ્યોગના વિકાસમાં, સિંચાઈમાં, તેમજ ગામડામાં શહેરી સુવિધાઓ ટી.વી., પંખા, ઘરઘંટી વગેરે વિકસાવવામાં અને તે દ્વારા ગામડાની જીવનશૈલીમાં પરિવર્તન લાવવામાં મહત્ત્વનો ફાળો

આપે છે. ગ્રામ વીજળીકરણથી ગ્રામીણ મહિલાઓને સુવિધાજનક જીવન પ્રાપ્ત થવા લાગ્યું છે.

**(5) ઉદ્યોગોનો વિકાસ**

પંચવર્ષીય યોજનાઓમાં ઉદ્યોગીકરણ, ઉપર ભાર મૂકાતો રહ્યો છે. બીજી પંચવર્ષીય યોજનામાં ઝડપી ઉદ્યોગીકરણનો અભિગમ અપનાવવામાં આવ્યો. ભારતમાં વિભિન્ન રાજ્યોના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિભિન્ન પ્રકારના ઉદ્યોગોનો વિકાસ થવા લાગ્યો. ગ્રામોદ્યોગીકરણને વેગ મળવા લાગ્યો. વીજળી, કોલસો, સ્ટીલ, પેટ્રોલિયમ, સિમેન્ટ, કાગળ વગેરે ચીજોનું ઉત્પાદન વધતું રહ્યું છે. ટેક્ષટાઇલ, કોટનજ્યુટ, સિલ્ક, હેન્ડલૂમ, પાવરલૂમ્સ, હેન્ડીક્રાફ્ટને ફાઇબર તથા ફિલામેન્ટ યાર્ન, હેવી ઇલેક્ટ્રીક ઇન્ડસ્ટ્રીઝ, ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ, રાસાયણિક ખાતર, દવાઓ, રસાયણો, ખનીજો, ખનીજતેલ વગેરે અનેકવિધ ઉદ્યોગોનો વિકાસ થયો છે. આ ઉપરાંત અનેક વિધ લઘુ ઉદ્યોગો સ્થપાયા છે. આમ, ભારતમાં ઉદ્યોગોના વિકાસનો વ્યાપ-વિસ્તાર વધતો જાય છે. આ રીતનું ઔદ્યોગીકરણ રોજગારીની તકો પૂરી પાડે છે. ઔદ્યોગિક શહેરો વિકસાવે છે. બજારને વિસ્તૃત બનાવે છે. સ્થળાંતરની પ્રક્રિયા વિકસાવે છે. ગ્રામીણ શહેરી અંતર ઘટાડે છે અને ઉદ્યોગીકરણ લોકોના જીવનસ્તરમાં સુધારો કરે છે. ગ્રામીણ અર્થવ્યવસ્થાને નફાલક્ષી અને બજારલક્ષી બનાવે છે તેમજ કૃષિ સમાજનું ઔદ્યોગિક સમાજમાં રૂપાંતર કરે છે. ઔદ્યોગિક વિકાસે ઉપભોક્તાવાદ અને તેની સમસ્યાઓ પણ પેદા કરી છે.

**(6) ગ્રામીણ વિકાસ**

ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અને યોજનાઓને લીધે ગ્રામીણ સમાજમાં નવા નેતૃત્ત્વનો ઉદ્ભવ થયો છે. સહકારી પ્રવૃત્તિ અને ડેરી વિકાસે શ્વેતક્રાંતિ સર્જવામાં અને કૃષિના આધુનિકીકરણ હરિયાળી ક્રાંતિ સર્જવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. વિકાસ કાર્યોમાં લોકોની ભાગીદારી વધતી જાય છે. સ્વ-સહાયજૂથો ગરીબી નિવારણમાં ફાળો આપે છે. રોજગારીની તકોનું વિસ્તરણ થતું જાય છે. ગ્રામકક્ષાએ નવી ટૅક્નૉલૉજી વાળા સ્થાનિક સાધનો સાથેના નાનાં સાહસો વિકસવા લાગ્યાં છે. સાંસદોના સ્થાનિક વિસ્તારના વિકાસની યોજનાઓને લીધે ગ્રામીણ વિસ્તારોમાં જાહેર સુવિધાઓ વિકસવા લાગી છે. ગામડાંને રસ્તાં મળતાં તેમના સામાજિક સંપર્કો ઝડપી અને સરળ બનવા લાગ્યા છે. 73મો બંધારણીય સુધારો પંચાયતો અને ગ્રામસભાને બંધારણીય દરજ્જો આપે છે તેની સાથે આ સંસ્થાઓને આયોજન, તેનો અમલ તથા નાણાંકીય સ્ત્રોતો અને અસ્કયામતો ઊભી કરવાની સત્તા અને જવાબદારી મળી છે તેમજ ગ્રામસભાને ગ્રામીણ વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા મળી છે. આથી ઝડપી અને ટકાઉ વિકાસ શક્ય બનશે તેમજ લોકસશક્તિકરણની પ્રક્રિયાને વેગ મળવા લાગ્યો છે. 11મી પંચવર્ષીય યોજનાના ઘડતર માટે ગ્રામસ્તરેથી આયોજનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી અને તેમાં બંધારણીય જોગવાઈઓને અનુરૂપ વિકેન્દ્રિત આયોજનનો અભિગમ અપનાવવામાં આવ્યો .

**(7) શિક્ષણ વિકાસ**

વિભિન્ન પંચવર્ષીય યોજનાઓમાં શિક્ષણ વિકાસ ઉપર ભાર મૂકાતો રહ્યો છે. આથી સાક્ષરતામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. વર્ષ 1951માં સાક્ષરતા 18.3 % હતી, તે વર્ષ 2001ના 65.38 % થવા પામી છે. પ્રાથઈમક કક્ષાએ કુલ નોંધણી પ્રમાણ 42.6 % હતું. તે વર્ષ 2001માં 96.3 % થયુ છે. પ્રાથમિક શાળાઓ 2.10 લાખ હતી તે વધીને 1.12 લાખ થઈ છે. ઉચ્ચ પ્રાથમિક શાળાઓ 13,600 હતી તે વધીને 2.60 લાખ થઈ છે. સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા 1 લાખથી ઓછી હતી તે હવે લગભગ 14.88 લાખ થવા પામી છે. પ્રાથમિક કક્ષાએ અધવચ્ચેથી શાળા છોડી દેનાર બાળકોનું પ્રમાણ 1960-61 માં 78.3 % હતું તે ઘટીને 2003-04માં 52.32 % થયું છે. નવમી યોજનામાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ શરૂ થયું છે. દસમી યોજનામાં સાર્વત્રિક શિક્ષણનું

ધ્યેય પ્રાપ્ત કરવા માટે સમગ્રદર્શી અભિગમ અપનાવવામાં આવ્યો છે. 1995 થી શરૂ કરવામાં આવેલી મધ્યાહન ભોજન યોજના પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. 2002-03 માં દસમી પંચવર્ષીય યોજનામાં 41765 લાખ રૂપિયા બજેટ રાખવામાં આવે. જે 2007-12માં પંચવર્ષીય યોજનામાં 85000 કરોડ રૂપિયા કરેલ છે. આજ સુધી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ખર્ચ કરવાની રકમમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવ્યો છે. એટલે કે ઉચ્ચ શિક્ષણને વધારે ધારદાર બનાવવા માટે તોતીગ ખર્ચ કરવામાં આવ્યો છે અને આવી રહ્યો છે. આથી પહેલાંની સરખામણીએ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધરતી જાય છે.

**(8) આરોગ્ય અને કુટુંબ કલ્યાણમાં વૃદ્ધિ**

સામાજિક વિકાસ કાર્યક્રમોમાં વસતિની આરોગ્ય અને પોષણની સ્થિઈત સુધારવા ઉપર ભાર મૂકાતો રહ્યો છે. છેલ્લા પાંચ દાયકામાં આરોગ્ય ક્ષેત્રમાં આંતરમાળખામાં અને માનવશક્તિમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. પરિણામે મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે આરોગ્ય સેવાઓની બાબતમાં દેશમાં અને રાજ્યોમાં પ્રાદેશિક વિષયના પ્રવર્તે છે. આ વિષમતા દૂર કરવા માટે બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ એમ છ રાજ્યોમાં ખાસ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના, રોગ નિયંત્રણ કાર્યક્રમો, ચેપ નિયંત્રણ અને સફાઈ સંચાલન, ઊંચો જન્મદર અને ઊંચા મૃત્યુદર વાળા પછાત રાજ્યોમાં આરોગ્ય સુધારણા માટેના ખાસ કાર્યક્રમો તેમજ પોષણ યોજના દ્વારા દેશમાં સ્વાસ્થ્ય અને પોષણની સ્થિઈત સુધારા મફત અનાજ પૂરું પાડવામાં આવે છે. દેશના ગ્રામીણ વિસ્તારમાં અસરકારક આરોગ્ય સંભાળ માટે 2005માં નૅશનલ રૂરલ હેલ્થ મિશનની સ્થાપના કરવામાં આવી છે.

**(9) સ્થિર વસ્તીની દિશામાં**

ભારતની વર્ષ 2000ની વસ્તીનીતિનું ધ્યેય વર્ષ 2045 સુધીમાં સ્થિર વસ્તીનું ધ્યેય હાંસલ કરવાનું છે. આ માટે જન્મદર ઘટાડવા માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે. ઊંચો જન્મદર ધરાવતા રાજ્યો અને જિલ્લાઓમાં રાષ્ટ્રીય કુટુંબ કલ્યાણ કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. સ્થિર વસ્તી ટકાઉ વિકાસ માટેની એક મહત્ત્વની જરૂરિયાત છે. કુટુંબ કલ્યાણ પદ્ધતિઓ સ્વીકારનાર લોકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. વસ્તી વૃદ્ધિના ટકા ઘટતા જાય છે. જન્મદર, મૃત્યુદર, માતૃમરણ દર અને બાળમરણ દર ઘટતા જાય છે.

**(10)સામાજિક કલ્યાણમાં વૃદ્ધિ**

સામાજિક કલ્યાણમાંથી વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો અને હવે સશક્તિકરણ ઉપર ભાર મૂકાય છે અને તેમાં સમગ્રદર્શી અભિગમ અપનાવવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય સમાજના પ્રતિકૂળ સંજોગોમાં મૂકાયેલા અને સર્વસામાન્ય તકોથી વંચિત રહેલા તેમજ સીમાંત જનોને મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટે આયોજનપંચ અને રાજ્યસરકારો સાથે સંકલન સાધીને કાર્ય કરે છે. આવા લોકોના કલ્યાણ પાછળનો મુખ્ય હેતુ લક્ષ્યસમૂહોનું સશક્તિકરણ કરવાનો છે. આ લક્ષ્ય સમૂહોનું સશક્તિકરણ તેઓનો શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ સાધીને તેઓને સમાનતાના ધોરણે સમાજનાં બંધબેસતા કરવામાં આવે છે. આ લક્ષ્ય સમૂહોમાં વિકલાંગો, બાલ-અપરાધીઓ, ભટકતાં બાળકો, નિરાધાર અને ત્યજી દેવામાં આવેલા બાળકો, વૃદ્ધો, દુર્દશા ભોગવતાં શેરીના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ લક્ષ્ય સમૂહોના સામાજિક કલ્યાણ માટે વિભિન્ન કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યાં છે. દેશની વસતિ 12 % આદિવાસી વસતિ છે. તે પૈકી 1.8 મિલિયન આદિમ સમૂહના લોકો છે.

સરકારે અનુસૂચિત જાતિઓના કલ્યાણ અને વિકાસ માટેના પ્રયાસો ચાલુ રાખ્યાં છે. દસમી યોજનામાં અનુસૂચિત આદિજાતિનું સશક્તિકરણ કરવા માટે સામાજિક સશક્તિકરણ, આર્થિક સશક્તિકરણ અને સામાજિક ન્યાયના વ્યૂહ અપનાવ્યાં છે. પાંચમી પંચવર્ષીય યોજનામાં વિભિન્ન યોજનાઓ દ્વારા કેન્દ્ર અને રાજ્ય સરકારોએ આદિવાસી કલ્યાણ માટે આદિવાસી પેટા યોજનાનો વ્યૂહ અપનાવ્યો હતો. આ યોજના અંતર્ગત આદિવાસી કલ્યાણ અને વિકાસ માટે ખાસ યોજનાઓ અમલમાં મૂકવા માટે રાજ્ય સરકારોને વધારાની ખાસ કેન્દ્રીય સહાય આપવામાં આવી છે. રાષ્ટ્રીય અનુસૂચિત આદિજાતિ નાણાં અને વિકાસ નિગમ આદિવાસીઓના આર્થિક વિકાસ માટે ખાસ ધ્યાન આપે છે. આ સંસ્થાએ વર્ષ 2004-05ની વાર્ષિક યોજના માટે 33.50 કરોડ રૂપિયા ફાળવ્યા છે. સામાજિક રીતે વંચિત સમૂહો જેવાં કે અનુસૂચિત જાતઓ અન્ય પછાતવર્ગો અને લઘુમતીઓના સશક્તિકરણની પ્રક્રિયા વર્ષ 2004-05ની વાર્ષિક યોજનાથી વધુ ઘનિષ્ઠ અને અસરકારક બનાવવામાં આવી છે. પ્રવર્તમાન અસમાનાતાઓ, વિષમતાઓ દૂર કરીને તેમજ અન્ય મૂળભૂત લઘુમત સેવાઓ પૂરી પાડીને આ વંચિત સમૂહોને સશક્તિકરણ કરવામાં આવે છે. શિષ્યવૃત્તિઓ, છાત્રાલયો અને તાલીમ યોજનાઓના અમલથી વિકાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

**(11) સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ**

પંચવર્ષીય યોજનાઓના અમલથી વિકાસની પ્રવૃત્તિ ઝડપી બની છે અને તેમાં લોકોની સામાજિક ગતિશીલતામાં વૃદ્ધિ થવા પામી છે. આજીવિકાનાં નવાં સાધનો પ્રાપ્ત થતાં વ્યાવસાયિક ગતિશીલતા વધી છે. રોજગારીની તકો અને વાહનવ્યવહારની સુવિધાઓ વધતા ભૌગોલિક ગતિશીલતા - સ્થળાંતર વધવા પામેલ છે. શિક્ષણ વિકાસથી શૈક્ષણિક ગતિશીલતા વધી છે. લોકશાહી પ્રક્રિયા અને રાજકીય અનામત પ્રથાથી રાજકીય ગતિશીલતા વધી છે. બધી જ્ઞાતિઓ અને આદિજાતિઓમાં વ્યાવસાયિક, શૈક્ષણિક, ધંધાકીય, રાજકીય અને ભૌગોલિક ગતિશીલતા વધવાથી સામાજિક સ્તરરચના બદલાવા લાગી છે. સમાજના બધા વિભાગોમાં ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગ વિકસવા લાગ્યાં છે.

**(12) સંસ્થાકીય પરિવર્તનો**

આયોજિક વિકાસના કાર્યક્રમોએ વ્યક્તિવાદ, સમાનતા, ન્યાય જેવા મૂલ્યોને પુષ્ટિ અને પ્રોત્સાહન પૂરા પાડયાં છે. આવી કુટુંબ, લગ્ન, સ્ત્રીજીવન, જ્ઞાતિ, ગ્રામસમુદાય અને નગર સમુદાયોમાં સમાનતાવાદી અને સ્વાતંત્ર્યવાદી પરિવર્તનો આવ્યાં છે. આવા પરિવર્તનોને લીધે જ્ઞાતિના બંધનો નબળાં પડયાં છે. કુટુંબનું વિઘટન થવા લાગ્યુ છે, નાના કુટુંબોનું પ્રચલન વધ્યું છે. આંતરપેઢીય સંઘર્ષ વધ્યો છે. પંચાયતી રાજ, સહકારી પ્રવૃત્તિ, જેવી લોકશાહી સંસ્થાઓના વિકાસે ગ્રામીણ એકતા નબળી પાડી છે. સાથો-સાથ ભારતમાં આધુનિકીકરણની પ્રક્રિયા ઝડપી અને સર્વવ્યાપક બની છે.

**(13) સામાજિક રાજકીય જાગૃતિ**

વિકાસ કાર્યક્રમોને લીધે લોકો પોતાની પરિસ્થિતિ, વિકાસ અને હક્કો પ્રત્યે વધુ જાગૃત બન્યાં છે અને સગંઠનો રચી ચળવળો પણ થવા લાગી છે. આ બાબત લોકસશક્તિકરણનો નિર્દેશ કરે છે. કિસાન ચળવળ, દલિત ચળવળ, આદિવાસી ચળવળ, નારી ચળવળ વગેરે તેનાં ઉદાહરણો છે. લોકોની અપેક્ષાઓ અને મહત્ત્વકાંક્ષામાં ઉછાળો આવ્યો છે અને સામાજિક જવાબદારીમાં ઓટ આવવા લાગી છે.

**(14) વાહનવ્યવહાર અને સંચાર સાધનોનો વિકાસ**

ધોરીમાર્ગો અને એપ્રોચ રોડનું દેશમાં નેટવર્ક ઊભું થવા પામ્યું છે. જળમાર્ગો, રેલ્વેના વિકાસ સાથે હવાઈમાર્ગો વિકસ્યાં છે. આ સાધનોની આંતરિક અને બાહ્યસંપર્કોનું ક્ષેત્ર વ્યાપક અને ઝડપી બન્યું છે. તેમજ વેપાર, ઉદ્યોગ અને સ્થળાંતરને વેગ મળ્યો છે. દૂરસંચાર, આકાશવાણી, મીડિયા વગેરે સંચારસાધનોના વિકાસથી સંપર્ક ઝડપી બન્યો છે. ફેક્સ, ઇ-મેઇલ, ટેલિફોન, મોબાઇલ, કમ્પ્યૂટર અને ટી.વી.એ માહિતી સંકલન અને પ્રસારણ ઝડપી બનાવ્યું છે. આથી સાંસ્કૃતિક તફાવતો ઘટવા લાગ્યાં છે. આથી સાંસ્કૃતિક તફાવતો ઘટવા લાગ્યાં છે. સાંસ્કૃતિક આદાનપ્રદાન વધ્યું છે. જેણે લોકોના વિચારો, વલણો અને માન્યતાઓમાં પરિવર્તનો નિપજાવ્યાં છે.

**(15) શહેરી વિકાસ**

દેશની આર્થિક સામાજિક, શૈક્ષણિક અને આંતરમાળખાની જરૂરિયાતો પૂરી પાડવામાં શહેરો મહત્ત્વનો ફાળો આપે છે. શહેરી સ્થાનિક સમુદાયો માટે સમાન માળખું પૂરું પાડવા તેમજ સ્થાનિક સ્વરાજ્યના અસરકારક એકમ તરીકે શહેરી સમુદાયોની કામગીરીને મજબૂત, અસરકારક અને ફળદાયી બનાવવામાં સહાયરૂપ થવાના હેતુથી 74મો બંધારણીય સુધારાનો કાયદો 1993 થી અમલમાં મૂકવામાં આવ્યો છે. નગરજનોને વૈશ્વિકકક્ષાની જીવનની ગુણવત્તા પૂરી પાડવાના હેતુથી શહેરોના આંતરમાળખાને અપગ્રેડ કરવા પ્રયત્નો થયા છે. તેમજ અર્બન ડેવલપમૅન્ટ ઑથૉરિટીઝ તરફથી ઘણા પ્રોજેક્ટ અમલમાં મૂક્યાં છે. દેશના પાંચ પસંદગીના શહેરો માટે મેગાસીટી પ્રોજેક્ટ, નાના અને મધ્યમ કદનાં નગરોનો સંકલિત વિકાસ કાર્યક્રમ તેમજ શીઘ્ર શહેરી પેયજળ વિતરણ કાર્યક્રમ વગેરે શહેરોને કેટલીક જરૂરિયાતો પૂરી પાડવામાં ઠીક ઠીક સફળ રહ્યાં છે. શહેરી વિકાસ માટે નવો સુધારણા અભિગમ અપનાવવામાં આવ્યો છે. તેમાં દેશના પસંદગીનાં 63 શહેરોમાં આંતરમાખળાનો વિકાસ કરવામાં આવે છે. નાના અને મધ્યમ કદનાં નગરોમાં આંતર માળખાના વિકાસ માટેની યોજના અમલમાં મૂકવામાં આપી છે.

## 5.5 ઉપસંહાર

વિભિન્ન પંચવર્ષીય યોજનાઓની સમાજજીવનના દરેક ક્ષેત્ર ઉપર અસર ઉપજાવી છે અને સામાજિક પરિવર્તન ઝડપી, સર્વાંગી અને સર્વવ્યાપક બન્યું છે. કેટલાંક પરિવર્તનો ઇચ્છિત દિશાનાં છે તો કેટલાક પરિવર્તનો વિકાર્યાત્મક છે. જે સાંપ્રત પરિસ્થિતિ સ્વરૂપે જોવા મળે છે. મૂલ્યોની કટોકટી, પર્યાવરણનું અવપતન અને પ્રદૂષણની સમસ્યા, ભ્રષ્ટાચાર, ઉપભોક્તાવાદ જેવી સમસ્યાઓ વિકાસ પ્રક્રિયાની આપેધરા તરીકે જોવા મળે છે. ખાસ કરીને લોકો હકો પત્યે વધુ જાગ્રત રહ્યાં છે; પરંતુ ગેરમૂલ્યો પ્રભાવી બનતા જાય છે. યોજનાઓના લક્ષ્યાંકો અમુક અંશે સિદ્ધ થયા છે તે ખરું પરંતુ, દેશમાં હજુ 26 % લોકો ગરીબ છે. 35 % લોકો નિરક્ષર છે અને વ્યાપક બેકાર છે. આયોજનના ધ્યેયોની યોગ્ય દિશામાં સિદ્ધિઓ ઘણી છે તેમ છતાં હજુ ઘણું સિદ્ધ કરવાનું બાકી છી. કૃષિ કટોકટી, પરિવર્તન પામતી રોજગારીની ઢબ, ગરીબોને મૂળભૂત જાહેર સેવાઓ પૂરી પાડવી, ઉત્પાદન ક્ષેત્રે વધતી જતી સ્પર્ધાત્મકતા, માનવ સંશાધનોનો વિકાસ સાધવો, પર્યાવરણનું જતન કરવું, વિસ્થાપિતોના પુનઃસ્થાપનની સુધારણા કરવી, શાસનમાં સુધારણા કરવી, વિભાજનો અને સમાનતા વગેરે મુખ્ય પડકારોનો સામનો કરવાનો રહે છે.

## 5.6 તમારી પ્રગતિ ચકાસો

1. પંચ વર્ષીય યોજનાની શરૂાત ક્યારે થઇ હતી ?

   (A) 1951 (B) 1953

(C) 1950 (D) 1960

2. સામાજિક નીતિના અમલીકરણ સાધન તરીકે શેને સમજવામાં આવે છે ?

(A) સામાજિક સુરક્ષા (B) સામાજિક નિતિ

(C) આયોજન (D) ઉપરોક્ત તમામ

3. ભારતની સિંચાઇ ક્ષમતા લગભગ કેટલા નિલિયન હેકટમાં છે ?

(A) 140 (B) 184

(C) 142 (D) 180

4. ક્યાં બંધારણીય સુધારણામાં પંચાયતો અને ગ્રામ સભાને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે ?

(A) 73 મો (B) 72 મો

(C) 70 મો (D) 75 મો

5. કઇ પંચવર્ષીય યોજનાના ઘડતર માટે ગ્રામ સ્તરેથી આયોજનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ?

(A) 5 મી પંચવર્ષીય યોજના (B) 10 મી પંચવર્ષીય યોજના

(C) 8 મી પંચવર્ષીય યોજના (D) 11 મી પંચવર્ષીય યોજના

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 1951
2. (C) આયોજન
3. (A) 140
4. (A) 73 મો
5. (D) 11 મી પંચવર્ષીય યોજના

## 5.8 ચાવીરૂપ શબ્દો

- પુનઃ નિર્માણ - સામાજિક સમસ્યાઓનું નિરાકરણ કરીને સમાજનું નવું ઘડતર કરવું.
- આયોજન - કોઇપણ કાર્યની નિયમબધ્ધ પક્રિયા

## 5.9 તમારી પ્રગતિ ચકાસો

**(1) સામાજિક નીતિનો સ્ત્રોત અને સાધન તરીકે આયોજન રહેલું છે, તે સ્પષ્ટતા કરો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(2) સામાજિક આયોજનની સિદ્ધિઓ વિસ્તૃત રીતે છણાવટ કરો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 5.10 પ્રવૃતિ

1. સામાજિક આયોજનની પ્રર્વતમાન સિદ્ધિઓને ધ્યાનમા લઅ ને પ્રેઝન્ટેશન તૈયાર કરવું.

## 5.11 કેસ સ્ટડી

1. કોઈ પણ એક સામાજિક નીતિના આયોજનના ઘડતરમાંજ ભાગીદારી દાખવી અને તેનું અવલોકન કરવું.

## 5.12 સંદર્ભસૂચિ


1. પ્રા. દવે. જે.કે, 'સમાજશાસ્ત્ર'(2008-09), લિબર્ટી પ્રકાશન, અમદાવાદ.
2. 'યોજના'(જાન્યુઆરી-2012)(અંક-20), યોજના કાર્યાલય, અમદાવાદ.
3. 'યોજના'(એપ્રિલ-2014)(અંક-1), યોજના કાર્યાલય, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-302

## સમાજ કલ્યાણ પ્રબંધ

વિભાગ

# 3

## સામાજિક નીતિને અસર કરતાં પરિબાળો


**એકમ-1 સામાજિક નીતિ ભાગ-1**

**એકમ-2 સામાજિક નીતિ ભાગ-2**

**એકમ-3 સામાજિક નીતિ ભાગ-3**

**ISBN : 978-81-937666-7-5**

| **લેખક** | |
|---|---|
| **ડૉ. તેજલ અધ્વર્યુ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સંશોધન મદદનીશ,<br>આદિવાસી સંશોધન કેન્દ્ર,<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **શ્રીમતી બીજલ દવે** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્ર પંચોલી** | નિવૃત પ્રોફેસર અને વિભાગીય અધ્યક્ષ<br>ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |

**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

વિદ્યાર્થી મિત્રો, આપણે અગાઉના એકમોમાં જોયું કે સમાજ કલ્યાણ વહીવટી પદ્ધતિએ સમાજકાર્યની દ્વિતીય / ગૌણ પદ્ધતિ છે. પરંતુ ખૂબ જ અગત્યની પદ્ધતિ છે. કોઈપણ વિકસિત /વિકાસશીલ દેશનો પાયો તેની વહીવટી પદ્ધતિમાં રહેલો હોય છે. સમાજકાર્યના અભ્યાસક્ષેત્રમાં ઈ.સ. ૧૯૪૪થી સમાજકલ્યાણ પ્રબંધ એક મુખ્ય વિષય તરીકે અભ્યાસમાં દાખલ કરવાનું સ્વીકારવામાં આવ્યું. સમાજકલ્યાણ પ્રબંધને સરળ શબ્દોમાં સમજીએ તો સમાજકલ્યાણ પ્રબંધ દ્વારા સામાજિક સંસ્થાઓ પોતાની નિર્ધારિત નીતિ અને ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે વ્યાવસાયિક કુશળતાઓનો ઉપયોગ કરી સમાજકલ્યાણના વિવિધ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરે છે. આમ, સમુદાયના જરૂરિયાતમંદ અને છેવાડાના માનવીઓ સુધી આયોજનબદ્ધ રીતે અસરકારક અને સુદૃઢ કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા માટે સમાજકલ્યાણ વહીવટી પદ્ધતિ ખૂબ જ ઉપયોગી છે.

પ્રસ્તુત ઘટકનાં એકમ-૧માં આપ સામાજિક નીતિ વિશે વિસ્તૃતમાં સમજ મેળવશો. સામાજિક નીતિ વ્યક્તિઓ અને સમુદાયોને સહભાગીતા માટે પ્રોત્સાહિત કરે છે. જેના દ્વારા સામાજિક લક્ષ્યની પ્રાપ્તિ થઇ શકે છે. આ સિવાય સમાજકલ્યાણ સંબંધિત રાષ્ટ્રીય નીતિ અને સામાજિક નીતિના મૂલ્યો વિશે વિસ્તૃત માહિતી મેળવી શકશો. ઘટકના અભ્યાસથી સામાજિક સેવાઓ જેવી કે, શિક્ષણ, આરોગ્ય, આવાસ, પર્યાવરણ અને સામાજિક સલામતી તથા સામાજિક સલામતીના કાર્યક્રમો વિશે વિસ્તૃતમાં જાણકારી પ્રાપ્ત કરી શકશો.

પ્રસ્તુત ઘટકનાં એકમ-૨માં આપ માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય હેઠળ ચાલતા વિવિધ કલ્યાણકારી કાર્યક્રમો, એમાં પણ મુખ્યત્વે મહિલા, બાળકો, યુવાનો અને વૃદ્ધો માટેનાં કાર્યક્રમો વિશે જાણકારી મેળવી શકશો. સમાજકલ્યાણ વહીવટી પદ્ધતિઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ ખૂબ અગત્યનો ફાળો રહેલો છે. ભારત દેશના વિકાસમાં સમાજકલ્યાણ વહીવટી પદ્ધતિ અને તેનું સરળતાથી અમલીકરણ કરવામાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા વિશે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

**ઘટકના હેતુઓ :**

1) સામાજિક નીતિનો અર્થ અને તેનું આયોજન સમજવું.

2) સમાજકલ્યાણ પ્રબંધ સંબંધિત રાષ્ટ્રીય નીતિઓ વિશે જ્ઞાન મેળવવું.

3) ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ અને વિકાસ સમજવો.

4) સમાજકલ્યાણ વહીવટ દ્વારા સામાજિક સેવાઓની ઉપલબ્ધી સમજવી.

5) સામાજિક સલામતીનો અર્થ અને સામાજિક સલામતીના કાર્યક્રમો સમજવા.

6) મહિલા કલ્યાણના કાર્યક્રમો વિશે માહિતી મેળવવી.

7) યુવાનો અને વૃદ્ધો માટે ચાલતાં કલ્યાણકારી કાર્યક્રમો વિશે માહિતી મેળવવી.

8) સમાજકલ્યાણમાં સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો સમજવો.

# એકમ–1 સામાજિક નીતિ ભાગ-1

: એકમનું માળખું :


1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 સામાજિક નીતિ : વિભાવના અને અર્થ

1.3 સમાજલ્યાણ સંબંધિત રાષ્ટ્રીય નીતિ

1.4 સામાજિક નીતિના મૂલ્યો

1.5 ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ

1.6 સામાજિક સલામતીના કાર્યક્રમો

1.7 ઉપસંહાર

1.8 તમારી પ્રગતિ ચકાસો

1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.10 ચાવીરૂપ શબ્દો

1.11 સ્વાધ્યાય લેખન

1.12 પ્રવૃતિ

1.13 કેસ સ્ટડી

1.14 સંદર્ભગ્રંથો


## 1.0 એકમના હેતુઓ

આ અભ્યાસ પછી તમે સમજી શકવાને સમર્થ હશો કે,

1. સામાજિક નીતિનો ખ્યાલ જાણી શકશો.
2. સામાજિક નીતિના મૂલ્યોને જાણી અને સમજી શકશો.
3. ભારતમાં સમાજકલ્યાણની ઉત્કાંતિ કેવી રીતે અને કયારે થઇ તે જાણી શકશો.
4. વિવિધ સરકારી સેવાઓની જાણકારી મેળવી શકશો.

## 1.1 પ્રસ્તાવના

કોઇ પણ દેશના સ્થાયી વિકાસનો મુખ્ય આધાર તેની સામાજિક નીતિ પર રહેલો છે. તેના દ્વારા દેશના નાગરિકો ભેગા મળીને સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકે છે. સામાજિક નીતિનું આયોજન કરવું તે પણ એટલો જ અગત્યનો ભાગ છે. સ્વતંત્રતા બાદ દેશમાં પ્રવર્તતી ગરીબી, બેકારી જેવી સમસ્યાઓને નાથવા માટે એક નક્કર આયોજનની જરૂરિયાત વર્તાઇ. ઉપરાંત દેશના વિકાસના લાભોને દેશના દરેક નાગરિક સુધી એક સમાન રીતે પહોંચાડવા માટે પણ એક સુદઢ આયોજિત નીતિની જરૂરિયાત જણાઇ તેને કારણે રાષ્ટ્રીય સામાજિક નીતિનું નિર્માણ થયું. આ એકમમાં આપણે

સામાજિક નીતિનો અર્થ, વિભાવના અને મૂલ્યો તથા ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ વિશે અભ્યાસ કરીશું. આ ઉપરાંત સામાજિક સેવાઓ અને સામાજિક સલામતી તથા તેના કાર્યક્રમો વિશે પણ વિસ્તૃતમાં જાણકારી મેળવીશું.

## 1.2 સામાજિક નીતિ : વિભાવના અને અર્થ

સમાજકલ્યાણની વિભાવના જે પ્રકારે વૈભવ, વિકસિત અને આધુનિક દેશોમાં સૈદ્ધાંતિક અને વ્યવહારું દૃષ્ટિએ સમજવામાં અને આચરણમાં મુકવામાં આવે છે, તે અનુસાર તેઓની સમગ્ર વસ્તીના કલ્યાણક્ષેત્ર માટેની શક્ય તેટલી વ્યાપક શ્રેણીના કલ્યાણલક્ષી કાર્યક્રમને આવરી લેવામાં આવે છે. એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકમાં કલ્યાણરાજ્યની વ્યાખ્યા આપવામાં આવી છે તે, "કાયદાઓ અને સંસ્થાઓની એવી વ્યવસ્થા છે જેના થકી સરકાર બેરોજગારી, અકસ્માત, વૃદ્ધાવસ્થા અને પોતાના નાગરિકોના આર્થિક અને સામાજિક સ્વ-કલ્યાણને સુરક્ષિત રાખવા અને તેને વિકસાવવા માટેના સરકારી પ્રયાસને આધારિત સામાજિક વીમા યોજનાના વિવિધ સ્વરૂપો છે". સમાજકલ્યાણ ઉપર દર્શાવેલી વિભાવના આ વ્યાખ્યા સાથે સુસંગત છે. એનસાઈક્લોપીડિયા ઑફ એશિયન સર્વિસ પણ કલ્યાણરાજ્યની આ વ્યાખ્યાનું સમર્થન કરે છે. તેમના કથન અનુસાર કલ્યાણરાજ્યએ પોતાના તમામ નાગરિકો માટેની કાનૂની અને તેથી જ ઔપચારિક અને સુસ્પષ્ટ જવાબદારીની ધારણાનું સંસ્થાકીય પરિણામ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ પણ આધુનિક રાજ્યની કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓની આ સ્વરૂપે જ ભલામણ કરે છે. તેની માનવ અધિકારોની ઘોષણામાં જણાવવામાં આવ્યું છે કે, દરેક વ્યક્તિને એવું જીવન ધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે જેમાં તેના પોતાના માટે તેમજ પોતાના સમગ્ર પરિવાર માટે આરોગ્ય અને કલ્યાણક્ષેત્ર માટે ખાતરી આપવામાં આવી હોય. આવાં ખોરાક, કપડાં, આવાસ, તબીબી સહાય તેમજ બેરોજગારી, બીમારી, અશક્તતા, વિધવાપણુ, વૃદ્ધાવસ્થા કે આજીવિકાની અન્ય કોઈપણ ખામીની સામે સુરક્ષા મેળવવાનો અધિકાર અભિપ્રેત છે. માતૃત્વ અને બાળપણ સવિશેષ સંભાળ અને સહાયને પાત્ર છે. દરેક બાળક લગ્ન દ્વારા કે લગ્ન સંસ્થાની બહાર જન્મેલ તમામ બાળકને એક સમાન સામાજિક સુરક્ષા પ્રાપ્ત થવી જોઈએ.

દેશની સામાજિક અને કલ્યાણલક્ષી સેવાઓ દેશની સામાજિક જાતિઓની નીપજ છે અને તેમાં તેના સામાજિક લક્ષ્યો અને ઉદ્દેશોનું પ્રતિબિંબ ઝિલાય છે. સમાજકાર્યનો ઉદ્દેશ વ્યક્તિઓ, પરિવારો, જૂથો અને સમુદાયોનાં મનોવૈજ્ઞાનિક અને સામાજિક કાર્યોને આગળ ધપાવવાનો, પુનઃસ્થાપિત કરવાનો અને તેમાં ફેરફાર લાવવાનો છે. આમ, સમાજકલ્યાણમાં સામાજિક સેવાઓ, સામાજિક કાયદાઓ, સમાજકાર્ય, સામાજિક સુરક્ષા અને તેના બે અભિગમો; સામાજિક વીમો અને સામાજિક સહાય, આ બધું જ સમાવિષ્ટ છે.

સમાજકલ્યાણના હેતુઓ અને ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે સરકાર સામાજિક નીતિઓ ઘડે છે અને તે નીતિને અનુસરવા માટે સામાજિક કાયદાઓ બનાવે છે; જુદી જુદી યોજનાઓ પ્રયોજનાઓ અને કાર્યક્રમો બનાવે છેઃ તેને માટે નાણાંકીય ફાળવણી કરે છે. તેમજ મંત્રાલયો, વિભાગો, કોર્પોરેશનો, સંસ્થાઓ સ્વરૂપે સંગઠનીય માળખું અને વહીવટીવ્યવસ્થા ઉપલબ્ધ કરે છે તેમજ વિવિધ કાર્યક્રમોના અમલ માટે બિનસરકારી(સ્વૈચ્છિક) સંગઠનોનો સહકાર અને સહયોગ માંગે છે.

સંબંધિત લોકોના કલ્યાણ માટેના કાર્યક્રમોનો અમલ અને વિવિધ નીતિઓના ઘડતરને સરળ બનાવવા માટે સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસો જુદી જુદી સામાજિક સમસ્યાઓનાં વિવિધ પરિમાણોની ઉપયોગી માહિતી ઉપલબ્ધ કરે છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, મહિલા અને બાળકલ્યાણ વિભાગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ, રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર બોર્ડ યુનિવર્સિટીઓને, સ્વૈચ્છિક સંગઠનોને, સમાજ વિજ્ઞાન સંશોધન સંસ્થાઓને, અનુસૂચિત જાતિઓના વિકાસ, અનુસૂચિત જનજાતિઓના વિકાસ, સમાજકલ્યાણ અને સમાજ સુરક્ષા તથા સામાજિક નીતિઓ અને સામાજિક વિકાસના ક્ષેત્રે સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસો હાથ ધરવા માટે નાણાંકીય સહયોગ ઉપલબ્ધ કરે છે.

## 1.3 સમાજલ્યાણ સંબંધિત રાષ્ટ્રીય નીતિ

જો કે સરકારે આજ દિન સુધી કોઈ સરકારી ઠરાવ સ્વરૂપે અથવા કોઈ એક દસ્તાવેજ સ્વરૂપે પોતાની સમાજકલ્યાણ સંબંધિત નીતિ પ્રગટ કરી નથી; પરંતુ, દલિતો, વંચિતો અને બિન-લાભાન્વિત લોકો પ્રત્યેની તેની નિસબત ભારતના બંધારણના આમુખમાં મૂળભૂત અધિકારોમાં, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેમજ પંચવર્ષીય યોજનાઓનાં નીતિવિષયક નિવેદનોમાં તેમજ જુદી જુદી યોજનાઓ અને કલ્યાણલક્ષી કાર્યક્રમે ઘડતી વખતે તેની સાથે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકાઓમાં અભિવ્યક્ત થાય છે. ઉપરાંત વર્ષ 1983માં સરકારી વર્ષ ૨000 સુધી સૌને માટે આરોગ્યના ઉદ્દેશ્યથી આરોગ્ય નીતિ જાહેર કરી હતી; અને એ પછી વર્ષ 2001માં નવી આરોગ્ય નીતિ જાહેર કરી હતી. વર્ષ 2000 સુધીમાં દેશની વસ્તીમાં નેટ રિ-પ્રોડક્શન રેટ પ્રાપ્ત કરી વસ્તી સ્થિરતા અંગેની કુટુંબ નિયોજન નીતિ; 1986માં રાષ્ટ્રીય શિક્ષણનીતિ દ્વારા નિરક્ષરતા નાબૂદી, સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની ઉપલબ્ધિ અને શિક્ષણના વ્યવસાયીકરણ અંગેની પણ નીતિ જાહેર કરવામાં આવી હતી. વર્ષ 1974માં દેશની સર્વોચ્ચ અગત્યની અસકયામતરૂપ બાળકોને પૂરતી સેવાઓ ઉપલબ્ધ કરવા સંબંધિત રાષ્ટ્રીય બાળનીતિ, 1988ની રાષ્ટ્રીય યુવાનીતિ તેમજ ૨00૨ના યુવાઓના વ્યક્તિત્ત્વના તેમજ તેમની કાર્યદક્ષતાના વિકાસ દ્વારા મહત્ત્વપૂર્ણ, ઉજ્જવળ માનવ સંસાધન માટે તકો વિકસાવવાની નીતિ જાહેર કરવામાં આવી હતી.

વિકાસના રાજકીય અને આર્થિક-સાંસ્કૃતિક અંશો જેવા પ્રદાનો પર ચર્ચા કરવાની અનિચ્છાની પ્રવર્તમાન પરિસ્થિતિનું મૂળ તો વ્યવસ્થામાં રહેલું છે; જે સ્વયં એક અધુરું અને અપૂર્ણ જ્ઞાનનું માળખું છે. વ્યૂહરચનાઓમાં જે પ્રકારે પ્રસાર કરવામાં આવે છે તે હંમેશા ભૌતિક બાબતો વિશે હોય છે; પરંતુ, વિકાસના સામાજિક-આર્થિક અંશોનું જ મહત્ત્વ છે. ઔદ્યોગિક ક્રાંતિઓથી નિષ્પક્ષ થતી સામાજિક પરિવર્તનની વિચારધારા આવી પૂર્વગ્રહયુક્ત વિચારણામાંથી જ જન્મી અને તેણે સમાજ અને માનવનાં આર્થિક અભિપ્રાયોને ફગાવ્યાં.

## 1.4 સામાજિક નીતિના મૂલ્યો

સામાજિક નીતિનો મુખ્ય ઉદ્દેશ સામાજિક ન્યાય દ્વારા સમાજનો સર્વાંગી વિકાસ સાધવાનો છે. તેથી સામાજિક નીતિમાં નૈતિક મૂલ્યો નિશ્ચિત વિચારધારા હોવી આવશ્યક છે. સમાજકાર્યના મૂલ્યોના મૂળ લોકશાહી સામાજિક વ્યવસ્થામાં રહેલા છે. આ મૂલ્યોમાં એવા ઉદ્દાત વિચારો રહેલા છે. જે સમાજકાર્યમાં સંકળાયેલ કોઈપણ વ્યક્તિ માટે મૂલ્યવાન છે. આવા મૂલ્યોના અભાવને કારણે જ ચીન જેવા સમાજવાદી દેશોમાં સમાજકાર્યનો વ્યવહાર પ્રતિબંધિત છે. અહીં આપણે સામાજિક નીતિના કેટલાંક મૂલ્યોનો અભ્યાસ કરીએ.

1. કોઇ પણ પ્રજાસત્તાક રાષ્ટ્રને તેના નાગરિકોના કલ્યાણ માટે સુયોગ્ય સામાજિક નીતિનું ઘડતર કરવું આવશ્યક છે.

2. સામાજિક નીતિના યોગ્ય અમલીકરણ માટે સામાજિક સર્વેક્ષણ અને યોજનાઓનું મૂલ્યાંકન થવું ખૂબ જ જરૂરી છે.

3. શિક્ષણ, સ્વાસ્થ્ય અને આવાસ જેવી સામાજિક સેવાઓ તથા શોષિત કે વંચિત સમુદાય માટે ઉપલબ્ધ સેવાઓ વચ્ચે યોગ્ય સંતુલન સ્થપાવવું જોઈએ. જેથી, સમાજના દરેક સમુદાયને વિકાસના લાભો એકસમાન રીતે મળી શકે.

5. દેશને સામાજિક પરિવર્તનની પ્રક્રિયાના પરિણામે ઊભી થતી પરિસ્થિતિ કે નવી ઉદ્ભવેલી સમસ્યાઓ વિશે સંશોધન અને નિરાકરણ કરવાના હેતુથી કાર્યકર્તાઓના પ્રશિક્ષણની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

6. સામાજિક નીતિ બનાવતી વખતે એ ન ભૂલવું જોઈએ કે, સમાજની સામાજિક પરિસ્થિતિમાં યોગ્ય પરિવર્તન આવશે તો જ આર્થિક પરિસ્થિતિમાં પરિવર્તન શક્ય બને છે.

## 1.5 ભારતમાં સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ

સમાજકલ્યાણ તેમજ સામાજિક સેવાઓ, સામાજિક સુધારા, સામાજિક સલામતી વગેરે સ્વરૂપે વ્યક્ત થતી બાબતો વીસમી સદીમાં વ્યાપક અને વપરાતા શબ્દો છે; પરંતુ, મૂળ સ્વરૂપે સમાજકલ્યાણનું તો અસ્તિત્વ પ્રાથમિક અવસ્થાના અસમંજસમાં પણ હતું; કારણ કે અન્ય વ્યક્તિને તેમની જરૂરિયાતના સમયે, દુઃખના સમયે મદદરૂપ થવાની ભાવના તો દરેક વ્યક્તિમાં માનવીય પ્રકૃતિરૂપે પડેલી હોય છે. ઉપરાંત વિશ્વના દરેક ધર્મો પોતાના અનુઆયીઓને અને ભક્તોને દુઃખ, દર્દ કે વંચિતતાવાળા વ્યક્તિઓને માટે દયા-કરુણા રાખવાનો તેમજ પોતાની આવકમાંથી અમુક હિસ્સો પરોપકારાર્થે વાપરવાનો અનુરોધ કરે છે. આવા યુગોથી વિશ્વના તમામ વિસ્તારોમાં માનવીય લાગણીઓ મારફતે સમાજકલ્યાણનો પ્રાર્દુભાવ થયેલો જોવા મળે છે.

એ હકીકતનો ઈનકાર કરી શકાય નહી કે બ્રિટન, જર્મની, અમેરિકા, સ્કેન્ડીનેવિયન દેશો(ડેનમાર્ક, નોર્વે, સ્વીડન)માં વીસમી સદીના પ્રારંભથી જ આધુનિક વિભાવના અનુસારની આદર્શ કલ્યાણરાજ્યની લાક્ષણિકતાઓ જેવી કે સામાજિક અને આર્થિક સલામતી, લઘુત્તમ ન્યૂનતમ જરૂરિયાતોની પરિપૂર્તિ વગેરે પ્રકારે અસ્તિત્ત્વમાં હતી અને આવા કલ્યાણરાજ્યની સમાજકલ્યાણ પ્રવૃત્તિઓમાં બ્રિટનનું સ્થાન મોખરાનું હતું. તો અન્ય વિકસતાં રાષ્ટ્રો સહિતના કેટલાંક દેશો પણ પોતાની રીતે સમાજકલ્યાણની વિકાસ અને વૃદ્ધિની વિભાવનાને વધાવતાં હતાં. ભારતમાં તો એક યા બીજા પ્રકારે, સમાજકલ્યાણની પરંપરા ખૂબ લાંબા સમયથી અસ્તિત્ત્વમાં હતી. દાન, પરોપકાર, ત્યાગ, ઉદારતા, માનવ પ્રત્યે સેવાભાવના જેવાં મૂલ્યોની ભારતીય પરંપરા વિશ્વભરમાં જાણીતી છે, ખૂબ પ્રાચીન સમયથી જ ભારતમાં આ સેવાભાવની અથવા સાથી માનવ વ્યક્તિને સહાયક બનવાની તત્પરતા જેવા ગુણો જે આધુનિક સમાજકાર્યની પાયારૂપ ગણાય તે અસ્તિત્ત્વમાં હતા. વળી સંયુક્ત કુટુંબ તેમજ જ્ઞાતિ સમુદાયમાં પણ પોતાની વંચિત સભ્યને સહાય કરવાની જવાબદારી અનિવાર્યપણે સ્વીકારાયેલી હતી. પાછળથી રાજ્યે પણ પોતાના નાગરિકોના કલ્યાણલક્ષી કાર્યક્રમોની જવાબદારી લેવા માંડી. આને છેક પ્રાચીન સમયથી આધુનિક સમમય સુધીની સમાજકલ્યાણની ઉત્ક્રાંતિ અને વૃદ્ધિના વિકાસ ભારતમાં રહેલો છે જેનો વ્યવસ્થિતરૂપે અભ્યાસ કરવા માટે તેને પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક સમયગાળામાં વહેંચી શકાય.

પ્રાચીન સમયમાં અશોક અને હર્ષ જેવા હિન્દુ રાજાઓએ જાહેરમાર્ગો, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય માટેનાં દવાખાનાં, આનંદ-પ્રમોદના સ્થળો લાંબી મુસાફરી દરમ્યાન આરામ લેવા માટે વીશી/સરાઈ

જેવાં સ્થાનો, અનાથાશ્રમો, નિરાધારોને નાણાંકીય સહાય જેવી કલ્યાણલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરી હતી. શેરશાહ સૂરી અને ફીરોઝ તઘલખ જેવા મુસ્લિમ શાસકો પણ પ્રજાવાત્સલ્ય હતા. તેમણે પણ મુસાફરખાનાં બંધાવ્યાં, વૃક્ષો ઉગાડ્યાં જેની છાયામાં પણ આરામ કરી શકાય, જાહેર કૂવા ખોદાવ્યા અને અન્ય કલ્યાણલક્ષી સેવાઓ ઉપલબ્ધ કરી, અકબર જેવા બિનસાંપ્રદાયિક શાસકે પોતાની પ્રજા માટે, તે જ્ઞાતિ/જાતિ કે ધર્મ પાયાની હોય તો પણ તેમને સમાન રીતે જાળવી તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી અને જુદી-જુદી ચિકિત્સા પદ્ધતિ પ્રમાણેના આરોગ્ય કેન્દ્રો પણ શરૂ કર્યાં; જહાંગીર તેના સામાજિક ન્યાય માટે જાણીતો હતો અને ગરીબો તથા સમાજના નીચલા વર્ગના લોકો માટે તેને સાચી લાગણી અને સહાનુભૂતિ હતી.

અજ્ઞાનતા, નિરક્ષરતા અને વહેમ જેવાં સામાજિક અનિષ્ટો સમાજમાં પ્રવર્તતા હતાં તે અંગે બ્રિટીશ સરકાર ખરેખર નાખુશ હતી. તેથી તેઓએ લોકોનાં વલણ, વિસ્તારો અને મૂલ્યોમાં પરિવર્તન લાવી સામાજિક દૂષણો દૂર કરવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. આ દિશામાં ખ્રિસ્તી મિશનરીઓએ ભજવેલી ભૂમિકા નોંધપાત્ર હતી. દેશના રાષ્ટ્રીય નેતાઓ જે સ્વતંત્રતાતાની લડતમાં જોડાયેલા હતા તો પણ સામાજિક સુધારા માટે પણ તેઓએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો. તેઓએ માનવતા, માનવીય અભિગમ અને સ્વૈચ્છિકતાથી પ્રેરાઈને ભક્તિ, સમર્પણભાવ અને પ્રતિબદ્ધતાની ભાવનાથી દેશના અસંખ્ય પીડિતો, વંચિતો અને સમાજના બિન-લાભાન્વિત જૂથોની દયનીય સ્થિતિ સુધારવા માટે સામાજિક કાર્યકરોને સંગઠિત કર્યો. બ્રિટીશ સરકારે સતી થવાનો રિવાજ નાબુદ કરવા, બાળલગ્નો અટકાવવા અને વિધવા પુનઃલગ્નને પ્રોત્સાહન આપવા સામાજિક કાયદા-કાનૂનનો માર્ગ અપનાવ્યો. આપ બ્રિટીશ શાસનના સમયગાળા દરમ્યાન સમાજકલ્યાણ તરફનો અભિગમ સામાજિક સમસ્યાઓ અને સામાજિક સુધારાલક્ષી કહી શકાય. કલ્યાણલક્ષી કાર્યક્રમોના અમલ અને રાજ્ય સરકારોની ભૂમિકા લગભગ નહીવત હતી.

સ્વાતંત્ર્ય બાદ સમાજકલ્યાણનો વિકાસ વહીવટી તંત્રની જોગવાઈ, નાણાંકીય ફાળવણી અને સમાજકલ્યાણ કાર્યક્રમોને સમાજના અસંખ્ય બિનલાભાન્વિત, વંચિત અને નીચલા અનામત લોકો સુધી વિસ્તરણ અને બધા ક્ષેત્રે નોંધપાત્ર બની રહ્યો. સમાજકલ્યાણનું અલાયદુ મંત્રાલય શરૂ કરવામાં આવ્યું અને અનુસૂચિત જાતિ/જનજાતિ માટેનાં રાષ્ટ્રીય કમિશનો, અનુસૂચિત જાતિ/જનજાતિ માટેની રાષ્ટ્રીય કમિશન, લઘુમતી કમિશન, નેશનલ ઈન્સ્ટટ્યૂટ એક સોશ્યિલ ડિફેન્સ, દિવ્યાંગો માટેનાં રાષ્ટ્રીય સંસ્થાનો વગેરે સંસ્થાઓ આ મંત્રાલય અંતર્ગત શરૂ કરવામાં આવી તેમજ માનવ સંસાધન મંત્રાલયના હિસ્સા તરીકે મહિલા અને બાળ વિકાસ વિભાગ શરૂ કરીને કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ તેમજ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક કો-ઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટને તેના વહીવટી નિયંત્રણ નીચે મૂકવામાં આવ્યાં, જે તમામ બાબતો સમાજકલ્યાણની વિકાસના મહાન સીમાસ્તંભ રૂપ છે.

અસંખ્ય બહુ-પરિમાણીય પ્રયોજનાઓ અને કાર્યક્રમો બાળકલ્યાણના હેતુઓ શરૂ કરવામાં આવી તેમજ વિકસાવવામાં આવી. તેમાંય સંકલિત બાળ વિકાસ યોજના ICDS મહિલા કલ્યાણક્ષેત્રે સતત વધતા જતા અને વિસ્તરતા જતા વિવિધ કાર્યક્રમો, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના તેમજ પછાતવર્ગો માટેની અને સમાજની નબળા વર્ગો માટેના; દિવ્યાંગને અને વિકલાંગો પોતાના યુવકો અને વૃદ્ધજનોની વિવિધ કલ્યાણલક્ષી કાર્યક્રમો પણ સમાજકલ્યાણ વ્યવસ્થાની ઉત્ક્રાંતિના અન્ય મહત્ત્વપૂર્ણ સીમાસ્તંભો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટેની રાષ્ટ્રીય નીતિ, શિક્ષણ માટેની

રાષ્ટ્રીય નીતિ, યુવકો અને બાળકો માટેની રાષ્ટ્રીય નીતિ, યુવા-તાલિમ અને શહેરીકરણ પણ આ સમસ્યાઓને ઉજાગર કરે છે.

કલ્યાણ મંત્રાલય, પરિવાર અને બાળવિકાસ વિભાગ, કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ, આયોજન પંચ વગેરે દ્વારા પ્રવર્તમાન તેમજ નવી નવી ઉભરાતી જતી સામાજિક સમસ્યાઓ અંગે અભ્યાસ કરી તેને માટે કારગત લાગે તેવા ઉપાયો સૂચવવા માટેની જુદા જુદા કમિશનો સમિતિઓ, કાર્યજૂથો અને અભ્યાસ રીતો પણ એક મહત્ત્વપૂર્ણ વિકાસ સોપાન છે.

સમાજકલ્યાણ ક્ષેત્રે કાર્યરત કાર્મચારીગણની તાલીમની તત્કાલીનતા કલ્યાણ કાર્યક્રમ વિશેનું સંશોધન, મૂલ્યાંકન અને સુનિયંત્રણની જરૂરિયાતરૂપે સરકારે યોગ્ય રીતે પ્રમાણીત કરવો અને તેનો અમલ કર્યો તે પણ એક નોંધપાત્ર વિકાસ કદમ છે. સામાજિક કલ્યાણના કાર્યક્રમોના અમલ માટે સ્વૈચ્છિક સંગઠનોની ભૂમિકા સ્વીકારીને તેવી સંસ્થાઓને માતબર રકમની સહાયક ગ્રાન્ટ ચૂકવી તે પણ એક સરાહનીય પગલું છે; કારણ કે, જુદા જુદા પ્રકારના વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો માટે સરકાર પોતે જ કંઈ સમગ્ર વ્યવસ્થા ગોઠવી ન શકે તેમજ તે કાર્યક્રમોનો અમલ માટેનો કર્મચારીગણ પણ નિયુક્ત ન કરી શકે. છેલ્લે, નાણાંકીય સહાય સ્વરૂપે તેમજ ટૅક્નિકલ સહાય સ્વરૂપે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગ અને સહાય પણ કલ્યાણલક્ષી કાર્યક્રમોની પોષણ ક્ષમતા અને સફળતા આવશ્યક અને અનિવાર્ય છે અને સરકાર શક્ય તેટલા પ્રમાણમાં તેનો પણ વિનિયોગ કરી રહેલ છે.

## 1.6 સામાજિક સેવાઓ

કોઈપણ સેવા, જો તેનો ઉદ્દેશ વ્યક્તિગત પ્રથાઓ દ્વારા અથવા સંયુક્ત કવાયત દ્વારા વ્યક્તિ કે સમુદાયના કલ્યાણક્ષેત્રને આગળ ધપાવવાનો હોય તો તેવી સેવાને 'સામાજિક સેવા'નું લેબલ લગાડાય છે. સામાજિક સેવાનો સાચો અર્ક વ્યક્તિ પ્રત્યેની લાગણીમાં રહેલો છે. આવી સામાજિક સેવાનાં કાર્યો કોઈપણ વ્યક્તિ કે જૂથ કોઈ ખાસ હેતુ માટે સ્વયંભુ કરી શકે; પરંતુ આવા બિનઔપચારિક અભિગમે અલબત્ત હવે ઓછેવત્તે અંશે કાયમી સ્વરૂપનાં કાર્યો હાથ ધરીને વધુ સંગઠિત માળખામાં કામ કરવાનું વલણ દાખવ્યું છે. તેથી હવે સામાજિક સેવાઓને આપણા માનવ કલ્યાણની વિકાસાર્થે પ્રયોજાતી સંગઠિત પરોપકારી પ્રવૃત્તિ તરીકે ગણી શકીએ. આનો ઉદ્દેશ, જે લોકો અંગત પરીણામોને કારણે અથવા તેમની સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક વાતાવરણના અંદરના પરિબળોને કારણે પોતાની સંપૂર્ણ સક્ષમતા હાંસલ કરી શકતા નથી તેમને સહાયરૂપ બનાવાનો છે. એક વ્યાવસાયિક શાખા અને સેવા તરીકે સામાજિક સેવા મૂળ તો સૌકાઓ જૂના માનવી જ અને બીજા લોકો સહાયક બને તેવા ભાવમાંથી વિસ્તરેલી અને ઉદ્દભવેલી ઉત્ક્રાંતિ છે.

જુદા જુદા દેશોમાં સામાજિક સેવાઓના જુદા જુદા અર્થ થાય છે. યુરોપના દેશોમાં તે કદાચ તેનું ક્ષેત્ર રાહત સેવાઓ પૂરતું જ સીમિત છે; પરંતુ બ્રિટન અને અન્ય કોમનવેલ્થ દેશોમાં તેવાં ઘણાં ક્ષેત્રો આવરી લેવાયાં છે. જેમ કે આરોગ્ય, શિક્ષણ,, આવાસ, ઔદ્યોગિક વિકાસના સંદર્ભે પ્રયોજાયેલી અન્ય સમાજલક્ષી સેવાઓ તેમજ કુદરતી આપત્તિ સમયે યોજાતી રાહત કામગીરીની સેવાઓ. યુ.કે.માં સામાજિક સેવાઓનો ઉલ્લેખ કરીએ ત્યારે તેમાં સામાજિક સલામતી, આરોગ્ય સેવાઓ, શિક્ષણ, આવાસ, વૃદ્ધજનો અને અશક્ત લોકોની સારસંભાળ અને બાળસંભાળ સેવાઓ વગેરેનો સમાવેશ થાય છે. ભારતમાં સામાજિક સેવાઓ સંદર્ભે એવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવે છે. જે લોકોના કલ્યાણ અર્થે પ્રયોજાતી હોય જેમ કે, શિક્ષણ, જાહેર આરોગ્ય, સામાજિક સલામતીની પદ્ધતિઓ, સામાજિક વીમા યોજના અને સામાજિક સહાય. આમ આ વ્યાખ્યા વિશાળ વ્યાપને આવરી લે છે

અને તેથી તેવાં સામાજિક સલામતીની સેવાઓ પણ આવરી લેવાઈ છે; જે ખરેખર સામાજિક સેવાઓ નહીં; પરંતુ સમાજકલ્યાણ સેવાઓનો હિસ્સો ગણી શકાય. ભારતીય સંદર્ભમાં જો સામાજિક સેવાઓની સુયોગ્ય વ્યાખ્યા કરવી હોય તો સામાન્ય જનતાને વ્યાપક સ્તર પર જરૂરી એવી સેવાઓનો તેમાં સમાવેશ કરવો જોઈએ. જેમાં લોકોની પાયાની જરૂરિયાતો પરિપૂર્ણ થતી હોય; અને તેમાં આરોગ્ય, શિક્ષણ, આવાસ વગેરેનો સમાવેશ થઈ શકે. આવી સામાજિક સેવાઓના આ ત્રણ સ્થંભરૂપ અંશો- શિક્ષણ, આરોગ્ય અને આવાસની અહીં વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી છે.

**(અ) શિક્ષણ**

શિક્ષણ હંમેશા માનવીય વિકાસના કેન્દ્રસ્થાને રહેલું છે. કોઈપણ સુયોગ્ય આર્થિક કે સામાજિક વિકાસ માટે તે વાજબી વ્યૂહરચનાનું મુખ્ય કેન્દ્ર છે. જો દેશભરમાં સાર્વત્રિક સાક્ષરતા હોય તો ઊંચો જન્મદર, આરોગ્ય સંભાળનો અભાવ, અજ્ઞાન અને ગરીબી જેવી સામાજિક સમસ્યાઓનો ઝડપથી ઉકેલ આવી શકે. ભારતે સાર્વત્રિક સાક્ષરતા હાંસલ કરવા માટે પૂરતા પ્રયાસો કર્યા છે. દેશની પ્રાથમિક શિક્ષણ પદ્ધતિને યોગ્ય દિશાએ વાપરીને સાર્વત્રિક સફળતા, સાર્વત્રિક ભાગીદારી શાળાએ જવા યોગ્ય ઉંમરના તમામ બાળકોની ન્યૂનતમ શૈક્ષણિક જરૂરિયાતોની પ્રાપ્તિ હાંસલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ વ્યૂહરચનાની અંદર મહિલાઓ પ્રત્યે તેમજ સમાજના સૌથી વધુ વંચિત જૂથો પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવ્યું.

યુનેસ્કોએ ભારતમાં આ પ્રયાસોની સરાહના કરતાં કેરાલા અને પશ્ચિમ બંગાળને 'સાક્ષરતા એવોર્ડ' આપીને નવાજ્યા. ભવિષ્યમાં ભારતમાં સાર્વત્રિક સાક્ષરતાની પ્રાપ્તિ તો જ શક્ય બનશે, જો આંતરરાષ્ટ્રીય સમુદાય તેને સંસાધનો ઉપલબ્ધ કરશે.

ભૂતકાળમાં શિક્ષણની જવાબદારી વ્યક્તિગત દાનવીરો, ધાર્મિક સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને શિર હતી અને રાજ્યની ભૂમિકા તો ઘણાં પાછળના તબક્કે માત્ર પૂરા પ્રયાસો તરીકે જોવા મળી. આજે પણ રાજ્ય સરકાર દ્વારા સ્થાપવામાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓ કરતાં ખાનગીક્ષેત્રે કાર્યરત શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા ઘણી વધારે છે. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે એટલે કે કોલેજો અને યુનિવર્સિટીઓમાં નાણાંકીય રોકાણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણક્ષેત્રની જરૂરિયાતો કરતાં ખાસ્સુ ઊંચું છે. આ અસમતુલાનો ઈલાજ કરવો જરૂરી છે. હજી તો ઘણા મોટા પ્રમાણમાં ભારતની વસ્તી નિરક્ષર છે તેમને શિક્ષિત બનાવવાના પ્રયાસો પણ સઘન બનાવવા પડશે.

ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986માં જાહેર કરીને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ 14 વર્ષ સુધીના તમામ બાળકો માટે હાંસિલ કરવાનું ધ્યેય રાખ્યું. આ ધ્યેય ભારતના બંધારણના રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સ્વીકારવામાં આવ્યું હતું. તેમાં તમામ કક્ષાએ શિક્ષણની સામગ્રી અને પ્રક્રિયાની પુનઃઅભિમુખતા, શૈક્ષણિક સ્તરમાં સુધારો, શિક્ષણને સામાજિક પરિવર્તનનું, આધુનિકીકરણનું અને આર્થિક વૃદ્ધિવિકાસનું મુખ્ય હથિયાર બનાવવું તેમજ તેને સામાજિક, નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોની હિફાજત માટેનું જોરદાર સાધન બનાવવાનું ધ્યેય પણ રાખવામાં આવ્યું હતું. આ ઉપરાંત શિક્ષણ માટેની રાષ્ટ્રીય નીતિમાં સમગ્ર રાષ્ટ્ર તમામ જનસમુદાયમાંથી અને વિશેષ ૧૫ થી ૩૫ની વયજૂથના તમામ લોકોમાંથી નિરક્ષરતા નાબૂદ કરવાના અભિયાનમાં પોતાની પ્રતિબદ્ધતાની પ્રતિજ્ઞા લે તેવું પણ ઠરાવવામાં આવ્યું હતું. ઉપરાંત આ નીતિનો ઉદ્દેશ સાક્ષરતાના કાર્યક્રમોને વધારે અર્થપૂર્ણ બનાવી તેને અધ્યેતાઓના

રોજબરોજના જીવનમાં ઉપયોગી જરૂરિયાતો અને કૌશલ્યો સાથે સાંકળવાનો પણ હતો. ઉપરાંત, આ નીતિમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, પછાતવર્ગો તેમજ મહિલાઓ સહિત સમાજના તમામ નબળા વર્ગને શિક્ષણની પ્રાપ્તિમાં સહાયભૂત બનવા માટે વિવિધ રાહતો પણ જાહેર કરવામાં આવી હતી. આ ઉદ્દેશો ભલે આપણને અતિ મહત્ત્વકાંક્ષી લાગે; પરંતુ, જો રાજકીય ઈચ્છાશક્તિ હશે, સમુદાયનો સહયોગ હશે અને આંતરરાષ્ટ્રીય સમુદાયોની સહાય પ્રાપ્ત થશે તો ચોક્કસ તે ફળીભૂત કરી શકાશે.

**(બ) આરોગ્ય**

ભારતની વસ્તી વિષયક અને આરોગ્ય વિષયક સમસ્યાઓ હંમેશા ચિંતાનો વિષય રહી છે. ભારતમાં ચિકિત્સા વિજ્ઞાનનો પુરાણો સદીઓ જુનો વારસો રહેલો છે. ભૂત્કાળમાં ભારતના તમામ પ્રકારની આરોગ્ય અને તબીબી સેવાઓ વ્યક્તિગત કે સામુદાયિક દાન-ભેટથી ચાલતી સંસ્થાઓ અને ખાનગી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી હતી અને રાજ્યની ભૂમિકા, ભારત સ્વતંત્ર થયુ તે પહેલા તેણે જે જવાબદારી વહન કરવી જોઈએ તે પ્રમાણમાં ઘણી સીમિત હતી. ભારતના બંધારણમાં, દેશમાંથી ગરીબી, અજ્ઞાન અને બિન-આરોગ્યની સ્થિતિને નાબૂદ કરવાની ઘોષણા કરવામાં આવી છે અને રાજ્યોને ફરમાન કરવામાં આવ્યું છે કે તેઓ દેશના નાગરિકોનું પોષણ-સ્તર જીવનધોરણ ઊંચુ લાવે તેમજ જાહેર આરોગ્યની સ્થિતિમાં સુધાર લાવવામાં આવે, મહિલાએ તેમજ પુરુષો જેઓ મહેનતનું કામ કરે છે તેમની ક્ષમતામાં સુધારા લાવવામાં આવે અને બાળકોનો વિકાસ આરોગ્યપ્રદ સ્થિતિમાં થાય તે સુનિશ્ચિત કરવામાં આવે તેવી તક અને સુવિધા તેમને આપવામાં આવે. આમ જ, ઉત્તરોત્તર ઘડાતી પંચવર્ષીય યોજનાઓમાં એવું ચાબખું ઉપલબ્ધ કરવામાં આવ્યું જેવાં રાજ્યો તેમની આરોગ્ય સેવાઓ અને તેનું માળખું વિકસાવી શકે તેમજ તબીબી શિક્ષણ અને સંશોધનનો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકે. આથી, સ્વતંત્રતા બાદ લોકોના આરોગ્ય સ્તરમાં સુધારો લાવવા માટે અને નોંધપાત્ર પ્રયાસો હાથ ધરી શકાયા. બળિયાનો રોગ નાબૂદ થયો, પ્લેગની હવે કોઈ સમસ્યા જ રહી નહીં, કોલેરા અને તેને સંબંધિત રોગો દ્વારા તેમજ મલેરિયા જેવા મચ્છરજનક રોગો દ્વારા થતાં મૃત્યુ પર નિયંત્રણ આવ્યું. છેલ્લા બે દસકાઓમાં જન્મદર હજારે 1981માં 33.9 હતો તે ઘટીને ૨011માં દર હજારે ૩૨ થયો; મૃત્યુ દર, દર હજારે ૧૨.૫ હતો તે ઘટીને 8.1 થયો અને અપેક્ષિત વયમર્યાદા 69.૨ વર્ષની થઈ.

આવો પ્રભાવક પ્રગતિ છતાંય ઝાડાના રોગથી તેમજ અન્ય ચેપી રોગોથી થતાં બાળમૃત્યુ અને શિશુ મૃત્યુ, પીવાના શુદ્ધ પાણીની અછત, બિન-આરોગ્યપ્રદ સ્વાસ્થ્ય સ્થિતિ, ગરીબી અને અજ્ઞાનને કારણે પણ રોગ અને મૃત્યુનું પ્રમાણ ઠીકઠીક ઊંચું છે.

ભારતમાં ૨000 સુધીમાં એને માટે આરોગ્ય પ્રાપ્તિનું લક્ષ્ય સ્વીકારેલું હતું અને જન્મદરને પણ વસ્તીની સ્થગિતતાના સ્તર સુધી લાવવાનો હતો. જેને માટે પ્રાથમિક આરોગ્ય સંભાળ સેવાઓ, ચેપી રોગો ઉપર નિયંત્રણ લાવવા માટે સાર્વત્રિક રસીકરણ, માતૃ-બાળ કલ્યાણ સેવાઓ, પૂરતી સ્વાસ્થ્ય સેવાઓ, 'નાના પરિવાર'નો આદર્શ સ્વીકારીને કુટુંબ નિયોજન માટે વિવિધ જન્મ-નિયંત્રણ પદ્ધતિઓની સ્વીકૃતિ; સંકલિત બાળ વિકાસ યોજના વગેરે અમલી બનાવવામાં, જો કે હજી પૂરતું લક્ષ્ય હાંસલ કરી શકાયું નથી તે ખેદની વાત છે.

આરોગ્ય સંભાળ સેવાઓ ક્ષેત્રે અસંખ્ય સમસ્યાઓ છે. જેમાં મુખ્ય પડકારરૂપ સમસ્યા છે, વસ્તી વધારાની. આમ તો કુટુંબ માટે વધુમાં વધુ બે બાળકોનું સૂત્ર સ્વીકૃત બનાવાયું છે; પરંતુ, હવે તો કદાચ 'અમે બે, અમારું એક' એવું એક જ બાળકનું સૂત્ર રજૂ કરવું પડશે. આમ છતાં, અજ્ઞાન અને વહેમી પરિવારો નાના કુટુંબના આદર્શને સ્વીકારે એ ખરેખર ખૂબ જ પડકારરૂપ બાબત છે. નિરક્ષરતા અને વસ્તીવૃદ્ધિ વચ્ચે સ્પષ્ટપણે સીધો સંબંધ છે. તેથી જ વસ્તી વિસ્ફોટનો પ્રશ્ન હલ કરવા માટે દેશે નિરક્ષરતા નાબૂદીનો કાર્યક્રમ હાથ ધરવો પડશે. જો કે લખાયેલું કુપોષણનું સ્તર ઘટ્યું છે; પરંતુ, રાષ્ટ્રીય પોષણ સંસ્થા, હૈદરાબાદના મત અનુસાર દેશની નાણાકીય પરિસ્થિતિ અને દેશની વિશાળ વસ્તીને ધ્યાનમાં લેતાં, વિકસિત દેશોની જેમ આપણે આપણા નાગરિકોને સમગ્ર પોષણ પરિસ્થિતિ જોતાં તેમાં ઘણા સુધારાનો અવકાશ છે. આપણા દેશના નાગરિકોને માટે આરોગ્ય વીમો કે મફત તબીબી સારવાર જેવી તબીબી અને આરોગ્ય સેવાઓને ઉપલબ્ધ કરી શકીએ તેમ નથી. ગમે તેમ પણ આપણી સરકાર તેમજ ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ દેશની જાહેર આરોગ્યની સ્થિતિ સુધારવા માટે પોતાનાથી શક્ય તેટલા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યાં છે.

**(ક) આવાસ**

આવાસએ પાયાનો માનવ અધિકાર છે. તે એક ખૂબ અગત્યની જરૂરિયાત પણ છે. વિશ્વભરમાં તમામ દેશો પોતાના નાગરિકોને વ્યાજબી આવાસ સુવિધા ઉપલબ્ધ કરવા પ્રયત્નશીલ છે; પણ, દરેક સ્થાને આવાસની અપર્યાપ્તતાની સમસ્યા છે. અમેરિકા અને યુ. કે. જેવા દેશો પણ આવાસની અછતથી મુક્ત નથી. આવા વૈભવી દેશોમાં પણ કેટલાક એવા લોકો છે જેમને ઝુંપડપટી જેવા ગીચ ગંદા વિસ્તારોમાં નિવાસ કરવો પડે છે; કેમ કે તેઓને નાનકડું પણ સુંદર ઘર પોષાય તેમ નથી તો બીજા, ત્રીજા વિશ્વના દેશોમાં સ્થિતિ સાવ ચિંતા પ્રેરક છે. ભારતમાં ૨૫% લોકો ગરીબી રેખાની નીચે જીવી રહ્યા છે અને દસ લાખ કરતાં વધુ લોકોને રહેવા માટે ઘર નથી. 19૫1ના વર્ષમાં આવાસોની તંગી 90 લાખ હતી; જે વધીને 198૫માં ૨.૫ કરોડ જેટલી થઈ ગઈ છે. 1971માં 1.40 કરોડ આવાસી એકમો રહેવા લાયક ન હતાં; પરંતુ, બીજો વિકલ્પ ન હોવાથી તેવાં આવાસોનો વપરાશ ચાલુ જ રહે છે.

બીજો ચિંતાનો વિષય છે અમાનવીય પ્રકારની ઝુંપડપટ્ટીઓ(સ્લમ); જેવાં પીવાના પાણીની કે શૌચાલયની પૂરતી સુવિધાઓ હોતી નથી. પાયાની રહેણાંકીય સેવાઓનો અભાવ હોય છે. એવાં આવાસો બાંધવાની જરૂર છે જે પ્રમાણમાં સસ્તાં હોય અને આપણા આર્થિક વાતાવરણ અને અનુકૂળ હોય.

સંયુક્ત રાષ્ટ્રસંઘે 1987ના વર્ષને ઘર વિહોણા માટે આંતરરાષ્ટ્રીય આવાસ વર્ષ જાહેર કર્યું હતું. તેમણે તમામ રાષ્ટ્રોને યાદ અપાવ્યું હતું તેમજ ચેતવણી પણ આપી હતી કે જો આવાસોની બાબતમાં સહેજ પણ આળસ કરવામાં આવશે તો એવી ભયાનક પરિસ્થિતિ પેદા થશે જે દેશની સામાજિક અને રાજકીય સ્થિરતાને જોખમમાં મૂકી દેશે. ભારત સરકારે દેશની રાષ્ટ્રીય આવાસ નીતિ 1991ના અંતમાં જાહેર કરી અને ખાસ કરીને, ગરીબ અને નબળા વર્ગના લોકોના હિતમાં તેનો ભારપૂર્વક અમલ કરવાનું નક્કી કર્યું. આવાસોની વધતી જતી માંગને પહોંચી વળવા માટે આયોજન પંચે પ્રથમ પંચવર્ષીય યોજનામાં જ કેન્દ્ર સરકારે એવી સંસ્થાઓ સ્થાપવા ભલામણ કરી હતી; જે મકાન બાંધકામમાં સબસીડી આપે. બાદમાં દરેક રાજ્યોમાં

હાઉસીંગ બોર્ડની રચના થઈ. ભારત સરકારે 1971માં HUDCO હાઉસીંગ અને અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરી હતી. આવાસક્ષેત્રે આ દેશની મુખ્ય ટેકનો-નાણાંકીય સંસ્થા છે. રાજ્યમાં હાઉસીંગ બોર્ડ; આવાસ અંગેની સરકારી મંડળીઓ વગેરે દ્વારા આવાસોની સમસ્યા હળવી કરવા પોતાની કક્ષાએ પ્રયોગ કરી રહેલ છે. ભારતની રિઝર્વ બેંક હસ્તકની નેશનલ હાઉસીંગ બેંકે મકાન બાંધકામની પ્રવૃત્તિને વેગ આપ્યો. તેમની સ્વૈચ્છિક થાપણ યોજના અંતર્ગત તેમણે વ્યક્તિઓ પાસેથી થાપણ સ્વીકારતી વખતે તે થાપણનું સ્રોત નહીં જણાવવાની યોજના મૂકી અને આમ થાપણની રકમ પૈકી 40% રકમ સ્લમ ક્લીયરન્સ યોજના અને ગરીબો માટે નીચા મૂલ્યમાં મકાનોના બાંધકામ પાછળ ધીરાણ કરવામાં આવ્યું.

આમ, નોંધપાત્ર પ્રમાણમાં રોકાણ અને શ્રેણીબદ્ધ પંચવર્ષીય યોજનાઓમાં કરવામાં આવેલા પ્રયાસો છતાંય આવાસની સમસ્યા હજી જેમની તેમ છે અને હવે નીચલા આવક જૂથના લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે ભૌતિક આયોજનમાં ધરખમ ફેરફારો કરવાની જરૂર છે. ૨૦મી સદીના અંતે દેશમાં 4.1 કરોડ આવાસી એકમોની તંગી હતી. અહીં આપણે એ સમજી લેવાનું છે કે, આવાસ એટલે માત્ર માથે છાપરાનું છત્ર એવી માન્યતા બરાબર નથી. આવાસની સાથે બહેતર આરોગ્ય, સ્વચ્છતા, સ્વાસ્થ્ય, શિક્ષણ, કુટુંબકલ્યાણ, બહેતર ઉત્પાદન ક્ષમતા અને સૌંદર્યશાસ્ત્ર વગેરેને સાંકળવાની જરૂર છે. જો કે રોજગારીની શોધમાં શહેરોમાં જાય છે; પરંતુ, શહેરોમાં પણ નોકરી રોજગારીની પૂરતી ઉપલબ્ધિ નથી. તેથી હવે શહેરો તરફથી હિઝરત રોકવી જોઈએ. આમ કરવા માટે ગ્રામ્ય વિકાસ ઔદ્યોગીકરણની સુવિધાઓ સુયોગ્ય વાતાવરણ તેમજ આવાસો ઉપલબ્ધ કરવા પડશે. વળી લોકો જ્યાં વસે છે ત્યાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવી જોઈએ. જ્યાં આવી માળખાકીય સુવીધા હોય ત્યાં માનવો હોય. આમ, ''સૌને માટે આવાસ''નું ધ્યેય હાંસલ કરી શકાય તેમ નથી; પરંતુ તે દિશામાં કરવામાં આવતા પ્રયાસોની કદર કરવી જોઈએ; અને જેટલા જલ્દીથી આ ધયેયને હાંસલ કરી શકાય તેટલા પ્રમાણમાં આ પ્રયાસોને સઘન બનાવવા જોઈએ.

**(ડ) પર્યાવરણ :**

ભારતના પર્યાવરણીય સંસાધનો ઉપરનો બોજો, અન્ય વિકાસશીલ દેશોના પ્રમાણમાં વધુ છે; કારણ કે ઝડપથી વધતી જતી વસ્તી માટે પાયાની માનવીય સુવિધાઓ ઉપલબ્ધ કરવા માટેનું દબાણ વધતું રહ્યું છે. હાલના વસ્તી વધારાનાં દરનાં દબાણો જોઈએ તો 1983ની 69.9 કરોડની વસ્તી ર011માં 7૨.૨ કરોડ થઈ છે. વસ્તી વિષયક આ વલણો તેમજ પશુ પ્રાણીઓની વસ્તીનો વિચાર કરીએ તો હાલના અને ભવિષ્યના પર્યાવરણ પરના બોજની માત્રા કેટલી ઓછી છે તેનો ખ્યાલ આવી શકે. આ બોજો અવિશેષનો રિન્યુ કરી શકાય તેવાં કુદરતી સંસાધનો પર છે જેમાં સૌરઊર્જા સંસાધન પણ સમાવિષ્ટ છે. સાતત્યપૂર્ણ વિકાસ માનવને ટકી રહેવા માટેનાં જીવંત સંસાધનો સતત ઘસાંતાં જાય છે અને વળી માનવોની આ સંસાધનો માટેની માંગ સતત વિસ્તરતી જાય છે. આઝાદી પછીનાં ૩૫ વર્ષના આયોજનબદ્ધ વિકાસનાં વર્ષો દરમ્યાન આપણે વધુ 10 કરોડના અનાજની પ્રાપ્તિ કરી છે. 1984-૮૫માં આ વૃદ્ધિ ૧૫ કરોડ જેટલી હતી; તોય વીસમી સદીના અંત સુધીમાં વધતી વસ્તીને પહોંચી વળવા વધુ 10 કરોડ ટન અનાજનું ઉત્પાદન જરૂરી બનશે. પરંતુ, વન અને જંગલો નાશ પામતાં હવે ભારતમાં પૂર વધ્યાં છે, જમીનને સતત ઘસારો લાગતો જાય છે અને જમીનનું ધોવાણ પણ વધતું રહ્યું છે; વરસાદના દિવસોમાં જમીન ઘસી પડવાના બનાવો વધ્યાં છે. આ બધાને કારણે ખેત

ઉત્પાદન પર અવળી અસર પડી છે. સાવ ગણતરી મૂકીએ તોય ૫ કરોડ હેકટર જમીનને પવન કે વંટોળિયાથી અને 10 કરોડ હેકટર જમીનને પાણીથી ઘસારો પહોંચ્યો છે. આ ઉપરાંત હવા, પાણી વગેરેના પ્રદૂષણથી જમીન પર, વનસ્પતિ સૃષ્ટિ પર, જીવંત સૃષ્ટિ પર અવળી અસર થયાના પૂરતા પુરાવા ઉપલબ્ધ છે. IUCN પ્લાન્ટ રેડ ડેટાબુક(1978) દર્શાવે છે કે ફળફૂલ પ્રજાતિમાંથી લગભગ ૨૫000 પ્રજાતિઓ એટલે કે કુલ પ્રજાતિઓમાંથી લગભગ એક તૃતીયાંશ પ્રજાતિઓ નાશ પામવાના તબક્કે છે. તોય આપણા દેશમાં તો આપણને એ પણ સ્પષ્ટ માહિતી નથી કે કેટલી વનસ્પિત પ્રજાતિઓ અને કેટલી પશુ-પ્રાણી પ્રજાતિઓ ભયજનક સ્થિતિમાં છે. એટલું તો ચોક્કસ કે છેલ્લાં કેટલાંક વરસોમાં આપણી કુદરતી પર્યાવરણ વ્યવસ્થા બહુ જ ખરાબ રીતે ખોરવાઈ ગઈ છે. ભારતમાં લગભગ ૨.3% ભૌગોલિક વસ્તીમાં આપણે 19 રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨0૨ વન્ય પ્રાણી અભ્યારણો બનાવ્યાં છે; પરંતુ, યોગ્ય અને અસરકારક વૈજ્ઞાનિક વ્યવસ્થાપનને અભાવે આપનાં મોટા ભાગના વન્ય પ્રાણીસૃષ્ટિનાં જોખમમાં મુકાયેલા નિવાસ્થાને અને નષ્ટ થતી વન્યસૃષ્ટિની  પર્યાવરણીય વિવિધતાને આવરી લઈ શક્યાં નથી.

તામિલનાડું, કેરાલા, કર્ણાટકના નીલગીરી વનના જૈવિક સૃષ્ટિ માટેનાં અરૂણાચલ પ્રદેશનાં નામદાફા અને મેઘાલયના તુયારીઝના સૂચિત આરક્ષિત વિસ્તારોનો ઉદ્દેશ જો તે પ્રદેશની જૈવિક વિવિધતાની જાળવણી કરવાનો અને પર્યાવરણીય જાગૃતિ અને પર્યાવરણના પુનઃસંસ્થાપન માટે કુદરતી અને કૃત્રિમ ઈકો-સિસ્ટિમ માટેની બેન્સમાર્ક અભ્યાસ માટેની સામગ્રી ઉપલબ્ધ કરવાનો છે. સાતત્યપૂર્ણ વિકાસ ત્યારે જ શક્ય બનશે જ્યારે વિકાસના ટૂંકા અને લાંબાગાળાનાં લક્ષ્યોને કુદરતી સંસાધનો વ્યવસ્થાપન સાથે અભિમુખ બનાવવામાં આવશે. પર્વતીય વિસ્તારો તેમજ મેદાની પ્રદેશોના લોકો માટેના ભાવિ કલ્યાણક્ષેત્ર માટેની વ્યૂહરચનાના આયોજનમાં સહ્યાદ્રી અને હિમાલયના પર્યાવરણની અસર ક્યાંય દષ્ટિગોચર થતી નથી. ગ્રામીણ વિસ્તારના ઘન કચરાના શુદ્ધિકરણ અને જુદા જુદા વિસ્તારોમાં તેના નિકાલની પર્યાવરણીય કક્ષાના જૈવિક દર્શકો સૂચવતા સંશોધન કાર્યક્રમો લાગતી વપરાતી સંસ્થાઓએ હાથ ધરવા જોઈએ; જેમાં પર્યાવરણીય અશુદ્ધિ, પાણીમાં જૈવિક પ્રદૂષકોનું પૃથક્કરણ, શુદ્ધિકરણની પ્રક્રિયા, ઉદ્યોગોમાં અમર્યાદીત રીતે વપરાંતા રસાયણોની અસરો તેમજ ખેતીવાડીમાં પણ વપરાતા જંતુનાશકોની પાક પર થતી અવળી અસરો વગેરે બાબતોને આવરી લઈ શકાય. જો આપણે જ આપણી પ્રાકૃતિક ધરતીનું વ્યવસ્થાપન કરવામાં નિષ્ફળ જઈશું તો સમગ્ર વિશ્વને ન નિવારી શકાય તેવું નુકસાન થશે.

## 1.7 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં આપ સામાજિક નીતિનો અર્થ વિસ્તૃતમાં સમજ્યા. સામાજિક નીતિનું આયોજન કેવી રીતે થાય છે તે વિસ્તૃતમાં સમજ્યા. ભારતમાં સમાજકલ્યાની ઉત્ક્રાંતિ કઇ રીતે થઇ અને સામાજિક નીતિઓ કઇ રીતે બની તે સમજ્યા. સામાજિક સેવાઓ અને સામાજિક સલામતીના કાર્યક્રમો વિશે વિસ્તૃતમાં જાણકારી મેળવી.

પ્રસ્તુત એકમમાં આપ સામાજિક નીતિનો અર્થ વિસ્તૃતમાં સમજયાં. સામાજિક નીતિનું કાર્યક્ષેત્ર તેના મુખ્ય હેતુઓ / ઉદ્દેશ્યો વગેરે વિશે વિસ્તૃતમાં સમજ્યા. સમાજકલ્યાણના હેતુઓને પરિપૂર્ણ કરવા માટેજ સરકાર સામાજિક નિતીઓ ઘડે છે. આ ઉપરોત સામાજિક નીતિના મૂલ્યો વિશે પણ જાળવા મળ્યું કે સામાજિક નીતિના મૂલ્યોના મૂળ લોકશાહી સામાજિક વ્યવસ્થામાં રહેલા છે. ત્યારબાદ

ભારતમાં સમાજકલ્યાણ ની ઐતિહાસિક પ્રષ્ઠભૂમિ વિશે પણ જાણકારી મેળવી સમાજ કલ્યાણ અને સમાજિક સેવાઓ એક સિક્કી બે બાજુ છે. આમ, આ એકમમાં ખૂબજ અગત્યની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. બાળકોને પૂરતી સેવાઓ ઉપલબ્ધ કરવા સંબંધિત રાષ્ટ્રીય બાળનીતિ ક્યારે ઘડવામાં આવી ?

   (A) 1973 (B) 1975

   (C) 1974 (D) 1971

2. ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ક્યારે જાહેર કરી ?

   (A) 1983 (B) 1986

   (C) 1984 (D) 1985

3. ભારતની પડકાર રૂપ સમસ્યા કઇ છે ?

   (A) વસ્તી વધારો (B) આવાસ

   (C) શિક્ષણ (D) આરોગ્ય

4. ભારત સરકારે રાષ્ટ્રીય આવાસ યોજના ક્યારે અમલમાં મૂકી ?

   (A) 1998 (B) 1985

   (C) 1989 (D) 1991

5. HUDCO હાઉસીંગ અને અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશનની રચના ક્યારે કરી હતી ?

   (A) 1971 (B) 1975

   (C) 1976 (D) 1973

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) 1974
2. (B) 1986
3. (A) વસ્તી વધારો
4. (D) 1991
5. (A) 1971

## 1.10 ચાવીરૂપ શબ્દો

- ICDS - Integrated Child Development Scheme
- આવાસ - રહેઠાણ

## 1.11 સ્વાધ્યાય લેખન

**1. સામાજિક નીતિનો અર્થ અને સમાજ કલ્યાણ સંબંધિત રાષ્ટ્રીય નીતિ સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**2. ભારતમાં સમાજ કલ્યાણની ઉત્ક્રાંતિ તબક્કાવાર રીતે સમજાવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

**3. ભારતમાં ચાલતી વિવિધ સામાજિક સેવાઓ જણાવો.**

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 1.12 પ્રવૃતિ

1. જરૂરીયાત મંદોને સામાજિક સેવાઓ વિશે જાણકારી આપી આ બધી યોજનાનો લાભ લેવડાવો.

## 1.13 કેસ સ્ટડી

1. ભારતમાં ચાલતી મુખ્ય પાંચ સામાજિક સેવાઓ જાણાવો.
2. સામાજિક કલ્યાણની પ્રવૃતિ સાથે જોડાયેલ હોય તેવા પાંચ લોકોને સામાજિક નીતિના મૂલ્યો સમજાવવા.

## 1.14 સંદર્ભગ્રંથો


1. એનસાયક્લોપીડિયા ઑફ સૉશ્યલ વર્ક : મિનિસ્ટ્રી ઑફ વૅલ્ફેર, ગર્વમેંન્ટ ઑફ ઇન્ડિયા
2. JRF/NET માહિતી પુસ્તક : શ્રી અચલેન્દ્ર કુમાર, ઉપકાર પ્રકાશન.

| એકમ–2 | સામાજિક નીતિ ભાગ-2 |
| --- | --- |

**: એકમનું માળખું :**

**2.0 એકમના હેતુઓ**

**2.1 પ્રસ્તાવના**

**2.2 સામાજિક સલામતી**

**2.3 સામાજિક સલામતીના કાર્યક્રમો**

**2.4 ઉપસંહાર**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.7 ચાવીરૂપ શબ્દો**

**2.8 સ્વાધ્યાય લેખન**

**2.9 પ્રવૃતિ**

**2.10 કેસ સેટડી**

**2.11 સંદર્ભગ્રંથો**

## 2.0 એકમનાં હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓને જાણવા મળશે કે,

(1) સામાજિક નીતિમાં સામાજિક સલામતી શું છે ? જાણી શકશે.

(2) સામાજિક સલામતીના વિવિધ કાર્યક્રમો ક્વાં છે તે જાણી શકાય.

## 2.1 પ્રસ્તાવના

આઝાદી સમયે આર્થીક નીતિ અમલમાં આવી સામાજિક આયોજનને ધ્યાનમાં લેવામાં આવ્યું ન હતું. સામાજિક નીતિના મુખ્ય ત્રણ સ્ત્રોત જોવા મળે છે. (1) સામાજિક જીવનની વાસ્તવિક્તા (2) વૈશ્વિક સ્તરે ચાલતા આંદોલનો કે કાયદાઓ. (3) સમાજમાં થતાં પરિવર્તનો આ એકમમાં સામાજિક નિતી ભાગ-2 માં આપણે જાણિશુ કે સામાજીક સલામતી અને તેના વિવિધ કાર્યક્રમો. કેટલીક વાર આકસ્મિક સંજોગોમાં ઉભીથતી સમસ્યા સામે રક્ષણની વાત કે પછી આધુનિક આકસ્મિકતા સામે અશકત લોકોને સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો ઘડીને તેને સલામતી આપવાની વાત આ એકમમાં કરવામાં આવી છે. આના અભ્યાસ પછી વિદ્યાર્થીઓ સામાજિક સલામતીના તમામ પાસાઓને જાણી અને સમજી લેશે.

## 2.2 સામાજિક સલામતી

સામાજિક સલામતીએ ગતિશીલ વિભાવના છે. સંસ્કૃતિ, પરંપરા, આદર્શો, માનવીય મૂલ્યો, સામાજિક કાનૂનો, આર્થિક વિકાસનો તબક્કો(સવિશેષ પણે ઔદ્યોગિક ક્ષેત્રોમાં) વસ્તીનું કદ અને લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવામાં તેનાં આર્થિક સંસાધનોની ક્ષમતાની આધાર પર તેના અનેક અર્થઘટનો થઈ શકે છે. આમ જુદા જુદા દેશોમાં સામાજિક સલામતી જુદા જુદા અર્થમાં સમજાતી હોય

છે. કેટલાંક દેશોમાં તેનો અર્થ થાય આવકનું સ્તર જાળવી રાખવાના સરકારના તમામ પ્રકારના પ્રયાસો; બીજા દેશોમાં તેનો અર્થ થાય સામાજિક વીમા કાર્યક્રમો, તો અન્ય દેશોમાં તેનો અર્થ થાય વિવિધ આરોગ્યલક્ષી અને કલ્યાણલક્ષી કાર્યક્રમો. આ શબ્દ સૌ પ્રથમવાર અમેરિકા દ્વારા વપરાશમાં આવ્યો અને 193પમાં સામાજિક સલામતી ધારો બનતાં તે શબ્દ જનસમુદાયમાં પ્રસિદ્ધિ પામ્યો. જો કે ત્યાં પણ તેનો અર્થ તો જુદા જ પ્રકારે થતો હતો. કેટલાંક લોકો તેને વૃદ્ધાઅવસ્થામાં ચૂકવાતા લાભ, બેરોજગાર લોકોને ચુકવાતું બેકારી ભથ્થું(બેરોજગારી વીમા) અને ઔદ્યોગિક અકસ્યામત(કર્મચારીઓને ચુકવાતું વળતર), જરૂરિયાતમંદ વસ્તીઓને રોકડ ચુકવવું(જાહેર સહાય) તેમજ સામાજિક સલામતી ધારા માટેની અનેકવિધ આરોગ્ય અને વ્યક્તિલક્ષી સહાય સાથે સાંકળે છે.

સ્પષ્ટ રીતે સામાજિક સલામતી એ અશક્તતા, વૃદ્ધતા, બેકારી, ઘરની કમાનાર વ્યક્તિનું અવસાન થતાં સર્જાયેલી પરિસ્થિતિ અથવા વ્યક્તિની કાબુ બહારના સંજોગો વગેરેને કારણે પોતાની આવકનું સાધન ગુમાવતી વ્યક્તિઓ સરકારના સુરક્ષા પ્રયાસો છે. અમેરિકામાં સર્જાયેલાં આ શબ્દ સરકાર દ્વારા સંકલિત સામાજિક વીમા યોજના જેનું ચુકવણું નોકરીદાતા અને નોકરી કરનાર વ્યક્તિના ખાસ ખાતામાંથી કરવામાં આવે છે તેને માટે વપરાય છે. આ વીમામાંથી બેરોજગાર વ્યક્તિના કુટુંબને સહાય ચૂકવાય છે. તેમજ વૃદ્ધ વ્યક્તિઓ અથવા મૃત વ્યક્તિને કુટુંબને સહાય ચૂકવાય છે. કાયદાઓ માટેનું વળતર(એટલે કે કામકાજ દરમ્યાન ઈજા પહોંચી હોય અથવા નોકરીને કારણે બીમારી થઈ હોય તેમને ચુકવવાનું વળતર)એ તેમજ વૃદ્ધો પોતાનો મેડિકેર ઈન્સ્યોરન્સ એ પણ સામાજિક સલામતીનો અન્ય પ્રકાર છે. અન્ય કેટલાક દેશોમાં સામાજિક સલામતી કાર્યક્રમોમાં સમગ્ર કુટુંબ અને બાળાઓ માટે કેશ એલાઉન્સ તથા બીમારીના કિસ્સામાં સારવારનો સંપૂર્ણ ખર્ચ સાવિષ્ટ છે.

આમ, સામાજિક સલામતીનો ઉદ્દેશ પાયાના જીવંત ધોરણો નિભાવવાનો તેને સુરક્ષા આપવાનો અને તેને વિકસાવવાનો છે. આમ આનો અર્થ જાહેર નાણાંભંડોળની સહાયથી અને સરકાર દ્વારા સંચાલિત સેવા કાર્યક્રમો સંબંધિત થાય છે જેનાથી સગર્ભાવસ્થા, બીમારી, અકસ્માત, અશક્તતા, મૃત્યુ અથવા કુટુંબની કમાનાર વ્યક્તિના મૃત્યુ, બેકારી, વૃદ્ધાવસ્થા અથવા નિવૃત્તિ કે અન્ય કોઈપણ કારણોસર આવકનું સાધન ગુમાવનારને વળતર ચુકવવાનો થાય છે.

સર વિલિયમ બેવરીજે સામાજિક સલામતીની વ્યાખ્યા આપવાં તેને વંચિતતા, બીમારી, અજ્ઞાન, કંગાલિયત અને રોગ જેવા પાંચ દૈત્યો સામેના હુમલા તરીકે ઓળખાવી છે. ઍરિસ સ્ટોકના મત અનુસાર "સામાજિક સલામતી એટલે બીમારી, બેકારી, વૃદ્ધાવસ્થા, ઔદ્યોગિક અકસ્માત અને અશક્ત વગેરે વિપત્તિજન્ય પરિસ્થિતિ જેને કારણે વ્યક્તિ પોતાની ક્ષમતાથી અથવા દીર્ઘદષ્ટીથી પોતાની જાતનું કે પોતાના કુટુંબનું રક્ષણ ન કરી શકે તેમને માટે સમાજ દ્વારા ઉપલબ્ધ કરાતા રક્ષણનો કાર્યક્રમ" આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા(ILU)ના મત અનુસાર સામાજિક સલામતી એટલે સમાજના સભ્યો જે જોખમો અનુભવે છે તેની સાથે યોગ્ય તે સંસ્થા સંગઠન દ્વારા ઉપલબ્ધ કરાતી સલામતી. આવાં જોખમો વ્યક્તિ માટે ખરેખર વિપત્તિજનક હોય છે. જેની સાથે ટાંચા સાધન ધરાવતી વ્યક્તિ પોતાની ક્ષમતા કે દષ્ટિથી એકલ પડે અથવા તો અમુક સાથીદારોની મદદથી પણ ઝઝૂમી શકે નહીં. આ એવી વિપત્તિઓ છે જેને કારણે કામ કરતી વ્યક્તિ પોતાની જાત માટે કે તેને આધારિત કુટુંબના સભ્યો માટે આરોગ્યની કે સુઘડ જીવનની વ્યવસ્થા ઉપલબ્ધ કરી શકે નહીં.

**સામાજિક સલામતી કાર્યક્રમની મુખ્ય લાક્ષણિકતાઓ**

ઉપર દર્શાવેલી સામાજિક સલામતીની વ્યાખ્યાઓ પરથી એ સ્પષ્ટ થાય છે કે સામાજિક સલામતી કાર્યક્રમે જુદા જુદા દેશોમાં જુદા જુદા હોવા છતાં તેમનામાં નીચેની કેટલીક સામાન્ય લાક્ષણિકતાઓ

રહેલી છે : (1) તે કાયદા દ્વારા પ્રસ્થાપિ છે (૨) તેના દ્વારા વ્યક્તિઓને વૃદ્ધાવસ્થા, અશક્તતા, મૃત્યુ, બીમારી, માતૃત્વ, ઈજા કે બેરોજગારી જેવી પરિસ્થિતિને કારણે આવકમાં થતા નુકસાન પેટે સંપૂર્ણ નહી તો આંશિક રોકડ મદદ વળતર તરીકે ચૂકવવામાં આવે છે. જે કાર્યક્રમો દ્વારા કુટુંબોને બાળકોના નિભાવ માટે અથવા શિશુ કે પરિવાર ભથ્થા તરીકે નિયમિત ધોરણે રોકડ સ્વરૂપે જે સહાય ચૂકવાય છે તે પણ સામાજિક સલામતી કાર્યક્રમનો જ હિસ્સો છે. તે જ રીતે તબીબી સારસંભાળ માટે અથવા તેવી સારસંભાળ પેટે જે સહાય ચૂકવાય છે તે પણ સામાજિક સલામતીનો જ હિસ્સો છે. (3) સેવાઓ અથવા લાભ મુખ્યત્ત્વે ત્રણ પ્રકારે ચુકવાય છે – સામાજિક વીમો, સામાજિક સહાય અને જનસામાન્ય સહાય.

**સામાજિક સલામતીના અભિગમ**

ઉપર જણાવ્યું તેમ, જુદા જુદા દેશોમાં સામાજિક સલામતી જે પદ્ધતિથી અથવા જે અભિગમથી કે જે સાધનોથી ઉપલબ્ધ કરાય છે તેમાં સામાજિક વીમો, સામાજિક સહાય અને જનસામાન્ય(પબ્લિક) સહાય મુખ્ય છે. આ ત્રણે અભિગમની ચર્ચા નીચે કરવામાં આવે છે.

સામાજિક વીમો શબ્દ એવી યોજનાના વર્ણન માટે વપરાય છે જે અંતર્ગત લાભ એવી વ્યક્તિઓ કે તેમના આશ્રિતોને ચૂકવાય છે જેમનો વીમો લેવામાં આવ્યો હોય. આવી સહાય વૃદ્ધાવસ્થા દરમ્યાન, વિધવા હોવાની સમય દરમ્યાન, ભીખારી કે બેરોજગારીની કે મૃત્યુ પછીના સમયગાળા દરમ્યાન ચુકવાય છે. આવી સહાય મેળવવા માટે જે વીમો લેવામાં આવ્યો હોય તેનું પ્રિમિયમ આ લાભાર્થી અથવા તેમના નોકરીદાતા અથવા બંનેએ સંયુક્ત રીતે ભર્યું હોય છે. સામાજિક વીમાની લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે : (1) તેમાં કોઈ ચોક્કસ નાણાં-નિધિની રચના કરવામાં આવી હોય છે; જેમાંથી આ તમામ લાભ ચુકવાય છે. આ નાણાં નિધિ કર્મચારીઓના, તેમના નોકરીદાતાના અને સરકારના એમ ત્રણના સંયુક્ત ફાળામાંથી બને છે. (૨) આવાં કર્મચારીઓનો ફાળો બહુ ઓછો કે પ્રતીકાત્મક હોય છે; જે તેની આર્થિક ક્ષમતા ઉપર આધાર રાખે છે. નોકરીદાતા અને રાજ્યનો ફાળો સવિશેષ પ્રમાણમાં હોય છે. (3) જે લાભ ચુકવવામાં આવે છે તે અમુક ચોક્કસ રકમની મર્યાદામાં હોય છે. જેના થકી લાભાર્થી પોતાની સંપૂર્ણ કે અંશતઃ આવક ગુમાવી હોય તે સંજોગોમાં, સહાયની રકમમાંથી ન્યૂનતમ જીવન ધોરણ અનુસાર પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવી શકે છે. (4) જે લાભ ચુકવવામાં આવે છે તે લાભાર્થીના હકની રૂએ ચુકવાય છે અને તે માટે કોઈ પરીક્ષણ હોતાં નથી. (૫) સામાજિક બળો એક ફરજિયાત ધોરણે દાખલ કરેલી વ્યવસ્થા છે. જેથી તેમને આવરી લેવાયા છે તે તમામ જરૂરિયાતમંદ વ્યક્તિઓએ તેના લાભ પ્રાપ્ત થતા રહે.

સામાજિક વીમા યોજનામાં એવું અભિપ્રેત નથી કે દેશની સમગ્ર વસ્તીને તેમાં આવરી લેવાયાં અથવા એવું પણ નથી કે દરેક વીમાદારના કિસ્સામાં તેને મળેલો લાભ તેના ફાળાના સમાન પ્રમાણમાં હોય. ફાળાની રકમનો આધાર તો વીમેદાર વ્યક્તિની આવક પર આધાર રાખે છે.

**રોજગાર અને તાલીમના મહાનિયામકની કચેરી (DGET)**

આ કચેરીનું કાર્ય દેશભરમાં વ્યાવસાયિક તાલીમના ક્ષેત્રે નીતિઓ, ધોરણો, માપદંડો અને માર્ગદર્શિકાઓ નક્કી કરવાનું તેમજ રોજગારીની સેવાઓના સુસંકલનનું છે.

**મુખ્ય શ્રમ કમિશનર(કેન્દ્ર સરકાર)ની કચેરી**

આ કચેરીનું કાર્ય (અ) કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા ઔદ્યોગિક વિવાદોને અટકાવવાનું, તપાસવાનું તેમજ તેનો ઉકેલ લાવવાનું (બ) લવાદ સંબંધિત ચુકાદા જાહેર કરવાનું અને લવાદ દ્વારા ઉકેલ લાવવાનું

(ક) જ્યાં જ્યાં કેન્દ્ર સરકારનું કાર્યક્ષેત્ર બનતુ હોય તે તે ઉદ્યોગો અને ઔદ્યોગિક પ્રતિષ્ઠાઓમાં ઔદ્યોગિગક કાયદાઓનો અમલ કરવાનું (ડ) કર્મચારીઓનાં કેન્દ્રીય સંગઠનો સાથે જોડાયેલાં ટ્રેડ યુનિયનોનાં સભ્યપદની ચકાસણી કરવાનું; જેથી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પરિષદો અને સમિતિઓમાં તેમને પ્રતિનિધિત્વ આપવાનું વિચારી શકાય; (ઈ) અનુસૂચિ પ્રમાણેની રોજગારીમાં ન્યૂનતમ વેતન ધારો, 1948 નીચે જાહેરનામું બહાર પાડી ન્યૂનતમ વેતનના દર સુધારવાનું તેમજ મોંઘવારી ભથ્થાનો આંક જાહેર કરવાનું છે.

**કારખાનાની સલાહકાર સેવા અને શ્રમ સંસ્થાઓના મહાનિયામકની કચેરી (DGFASLI)**

આ કચેરી કારખાનાઓમાં તેમજ પર કામ કરતા મજૂરોની સલામતી, આરોગ્ય અને કલ્યાણક્ષેત્ર માટેની નીતિ ઘડવાનું કાર્ય કરે છે. તે રાજ્ય સરકારો દ્વારા અમલમાં મુકતા ફેક્ટરીમાં અધિનિયમ, 1948 હેઠળના પગલાં તેમજ તે અધિનિયમ હેઠળ બનાવેલા સિદ્ધાંતરૂપ નિયમોના સંકલનનું કાર્ય બજાવે છે. વળી તે ઉપર કામ કરતા મજૂરો(સલામતી, આરોગ્ય અને કલ્યાણક્ષેત્ર) અધિનિયમ, 1986નો અમલ કરવાનું કાર્ય બજાવે છે. તે કચેરી ઔદ્યોગિક સલામતી, એક્યુ પેશનલ આરોગ્ય, ઔદ્યોગિક સ્વાસ્થ્ય, ઔદ્યોગિક માનસશાસ્ત્ર અને ઔદ્યોગિક શરીરશાસ્ત્ર બાબતોમાં સંશોધન હાથ ધરે છે. તે મુખ્યત્વે ઔદ્યોગિક માનસશાસ્ત્ર, ઔદ્યોગિક સલામતી અને આરોગ્યના ક્ષેત્રે તાલીમ આપવા ઉપરાંત ઔદ્યોગિક સલામતીનો એક વર્ષના સમયગાળાનો ડિપ્લોમા અભ્યાસક્રમ પણ ચલાવે છે. આ ડિપ્લોમા અભ્યાસક્રમ કોઈપણ કારખાનામાં સલામતી અધિકારી તરીકેની નોકરી મેળવવા માટેની આવશ્યક લાયકાત છે. આ ઉપરાંત ફેકટરી ઈન્સ્પેકટરની નોકરી દરમ્યાન અપાતી તાલીમ એ પણ આ કચેરીની એક મહત્વપૂર્ણ કમાણી છે.

## 2.3 સામાજિક સલામતીના કાર્યક્રમો

### 1. કુટુંબકલ્યાણ

પરિવાર કલ્યાણની પ્રવૃત્તિઓનો ઉદ્દેશ વ્યક્તિઓ તેમ જ પરિવારોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવાનો, ઊભા થયેલા તનાવને શાંત કરવાનો, અંદરોઅંદરના સંબંધોને સંવાદિતાપૂર્ણ બનાવવાનો તેમજ પરિવારના કાર્યોમાં સુધારણા લાવવાનો છે. જુદા જુદા દેશોમાં આ કાર્યક્રમ અલગ અલગ વિભાગો દ્વારા અને અલગ અલગ પદ્ધતિઓ હાથ ધરાય છે. કેટલાક દેશોમાં તે સ્વતંત્રપણે હાથ ધરાય છે તો અન્ય દેશોમાં સામુદાયિક કેન્દ્રોના વ્યાપક માળખામાં તેને સંકલિત કરવામાં આવે છે. મોટાભાગના વિકસિત દેશોની અંદર કુટુંબકલ્યાણ કાર્યક્રમનાં ભાગરૂપે રોકડ સ્વરૂપની સહાયનો કાર્યક્રમ અચૂક રીતે જોડાયેલો હોય છે. પરંતુ વિકસતા દેશોની અંદર વ્યાપક ગરીબી અને સંસાધનોની કમીને કારણો આવી રોકડ સહાય યોજના શક્ય નથી; અથવા ખૂબ મર્યાદિત પ્રમાણમાં જ શક્ય બને છે. ભૌતિક સહાય ઉપરાંત કુટુંબકલ્યાણ યોજના અંતર્ગત સમસ્યાના સામાજિક મનોવૈજ્ઞાનિક ઉકેલ માટે કેસવર્ક સેવા પણ ઉપલબ્ધ કરાય છે. આ યોજનામાં મુખ્યત્વે સમાવિષ્ટ કાર્યક્રમોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

### (અ) લગ્નસંબંધોમાં પરામર્શન સેવા(મેરેજ કાઉન્સેલિંગ)

કુટુંબકલ્યાણની સંસ્થાઓ લગ્નના બે ભાગીદાર સભ્યોને લગ્નની જવાબદારી ઉપાડવા માટે તેમજ લગ્ન સંબંધમાં પેદા થયેલ સંઘર્ષોના ઉકેલ માટે સહાય કરે છે. વિકસતા દેશોમાં જેટલી ઝડપથી લગ્નવિચ્છેદ અને છૂટાછેડાના કિસ્સાઓ વધતા જાય છે તે જોતાં આવી સેવાની જરૂરિયાત સહેજે સમજી શકાય તેમ છે. કમભાગ્યે, આ દૂષણ વિકસતા દેશોમાં પણ ધીમે ધીમે ફેલાતું

જાય છે. વિકસિત દેશોમાં, કેનેડામાં કુટુંબ પરામર્શન સેવાઓ સરકાર મારફતે જ વ્યાપક ધોરણે આવે છે. જાપાનમાં નાગરિક પરામર્શન સેવાઓનું નિરીક્ષણ સમાજકલ્યાણ મંત્રાલય કરે છે. અમેરિકાનાં રાજ્યોમાં, યુ. કે.માં તેમજ અન્ય પશ્ચિમ યુરોપીય દેશોમાં લગ્નસંબંધ પરામર્શન અને કેસવર્ક સેવાઓ સરકાર દ્વારા તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા કુટુંબકલ્યાણ સેવાઓ ભાગરૂપે વ્યાપક પણે ઉપલબ્ધ છે. તેથી ઉલ્ટું, સોવિયેટ યુનિયન(રશિયા)માં લગ્નસંબંધ પરામર્શનની સેવાનો સદંતર અભાવ છે. જરૂર જણાય તો, છૂટાછેડાની અદાલતોના જજને બેઉ પક્ષકારોએ સમર્થનથી ઉકેલ લાવવાની જવાબદારી સોંપાઈ છે અને જો તે પ્રયાસ નિષ્ફળ જાય તો, તેઓ છૂટાછેડાની મંજૂરી આપે છે, કેટલાક વિકસતા દેશોમાં તેમજ પશ્ચિમના કેટલાક રૂઢિચુસ્ત દેશોમાં આ લગ્નસંબંધ પરામર્શનની સેવા એ પ્રમાણમાં નવી સેવાઓ છે અને મુખ્યત્વે તેનો પ્રસાર શહેરી વિસ્તારોમાં જોવા મળે છે. આ દેશોની અંદર, સંયુક્ત કુટુંબના વડીલો જ બિન-ઔપચારિક રીતે લગ્ન-પરામર્શન અંગેની સલાહ અને માર્ગદર્શન પૂરું પાડે છે. ભારતમાં, આવી પરામર્શન(કાઉન્સેલિંગ) સેવાઓ મોટાં મોટાં શહેરોમાં શરૂ થયેલી જોવા મળે છે.

**(બ) માતૃસંભાળ અને કુટુંબ નિયોજન**

શિશુઓને છેક ગર્ભાવસ્થા દરમ્યાન અને માતાઓને ગર્ભધાનથી શરૂ કરીને આપવામાં આવતી માનસિક અને શારીરિક આરોગ્ય માટેની સેવાઓને પ્રોત્સાહિત કરવા માટેની બાબત પણ માતૃસંભાળ કાર્યક્રમમાં સમાવિષ્ટ છે. મોટાભાગના તમામ દેશોમાં આ સેવાઓ આજે જાહેર આરોગ્ય કાર્યક્રમોનો અંતરંગ હિસ્સો બની ગયેલ છે અને તેને સામાજિક વીમા યોજના સાથે તેમજ માતૃકલ્યાણ યોજના સાથે જોડી દેવામાં આવી છે. વિકસતા દેશોમાં માતૃ-મૃત્યુદર અને શિશુ મૃત્યુદરના ઊંચા આંકને જોતાં એમ લાગે છે કે માતૃ અને બાળ આરોગ્ય કાર્યક્રમોની ગુણવત્તા તેમજ તેનું પ્રમાણ બંને અપૂરતા છે. વિકસતા દેશોમાં માતૃ અને બાળ આરોગ્ય સેવાઓની કોપી અને કેવી જરૂર છે તેનો અંદાજ તમને આના ઉપરથી આવશે કે આપણા દેશમાં 0.૫ વર્ષની વયમાં શિશુઓની સંખ્યા 9,૫0,00,000 છે તેમજ અપેક્ષિત અને ધાત્રી માતાઓની સંખ્યા પણ ૫,00,00,000ની છે. આટલી મોટી સંખ્યાને પહોંચી વળવા માટે વિશાળ પાયા પર સંસાધનોની જરૂર પડે; જે અત્યારે ઉપલબ્ધ નથી. આવી જરૂરિયાતો અને સંસાધનો વચ્ચેની ખાઈએ મોટાભાગના વિકસતા દેશોની ખાસિયત છે.

વિકસતા દેશો પૈકી જેમણે પોતાની પંચવર્ષીય યોજનાઓ અંતર્ગત દેશના વિકાસ કાર્યક્રમો પૈકી કુટુંબ નિયોજન કાર્યક્રમ શરૂ કરનારાઓમાં ભારત અને પાકિસ્તાન આગળ પડતા દેશો હતાં. જાપાન એક માત્ર એવો દેશ છે જેણે ગર્ભપાતને કાયદેસર બનાવીને પોતાના દેશના વસ્તી વધારામાં નોંધપાત્ર રીતે ઘટાડો કર્યો છે. કુલ જેટલા જન્મ થાય છે તે કરતાં ત્યાં ગર્ભપાત વધારે પ્રમાણમાં થાય છે.

**(ક) કુટુંબ જીવન શિક્ષણ (Family Life Education)**

પશ્ચિમ યુરોપના દેશો અને ઉત્તર અમેરિકામાં કુટુંબ કલ્યાણ સંસ્થાઓ દ્વારા ઉપલબ્ધ કરાતી એક આપતકાલીન સેવા છે કુટુંબજીવન શિક્ષણ. તેમાં ચર્ચાઓ, વ્યાખ્યાનો, રેડિયો અને ટી. વી. કાર્યક્રમો મારફતે તંદુરસ્ત કૌટુંબિક સંબંધો અને અસરકારક ગૃહ-અર્થશાસ્ત્રના પાઠ શીખવાય છે. ભારતમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમોના ભાગરૂપે આવા પ્રકારના કાર્યક્રમો મહિલાઓની ક્લબો દ્વારા હાથ ધરાય છે.

### (ડ) ગૃહ-સહાય (Home Help) કાર્યક્રમો

‘હોમ-મેકર’ સેવાઓ અને “હોમ-હેલ્પ” સેવાઓ જાહેર કે ખાનગી કલ્યાણલક્ષી સંસ્થાઓ મારફતે ચલાવાય છે; જેમાં કુટુંબોને/પરિવારોને કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાનું તેમજ ગંભીર લાંબી બીમારી વિકલાંગતા અન્ય પ્રકારની કૌટુંબિક કટોકટી હોય તોય કુટુંબ એકજૂટ રહીને તેનો સામનો કેવી રીતે કરી શક તે શીખવાય છે. કુટુંબમાં માતા ટૂંકાગાળા માટે પોતાના કુટુંબની સંભાળ લઈ શકે તેવી સ્થિતિમાં ન હોય ત્યાં કુટુંબ સેવા સંસ્થાઓ અગર બાળકોની સંસ્થાઓ દ્વારા “હોમ-મેકર”ને મુકવામાં આવે છે. તેઓ ને પોતાના કૌશલ્ય અને વ્યક્તિત્વ માટે ચુનંદા હોય છે અને ઉપરોક્ત સંસ્થાઓ તેમની દેખરેખ રાખે છે. મોટાં શહેરોમાં જ્યાં ઘણા બધા પરિવારોમાં નજીકનું કોઈ સગા સંબંધી હોય નહી અથવા ધ્યાન રાખનાર ઉપકારક પડોશી પણ ઉપલબ્ધ ન હોય ત્યાં આવી સેવાઓની વધુ ને વધુ જરૂર રહેતી હોય છે; કારણ કે સંબંધિત પરિવારોને ત્યાં તદ્દન ‘પારકા’ વાતાવરણમાં (inpersional) રહેવું પડતું હોય છે. હવે તે આવી સેવાઓનું વિસ્તૃતીકરણ થવા લાગ્યું છે અને તેવા અસહાય સ્થિતિવાળી વયસ્ક વ્યક્તિઓની, શારીરિક કે માનસિક રીતે બીમાર વ્યક્તિઓની સંભાળ માટે આવી સેવાઓ મળતી થઈ છે. યુરોપના સ્કેન્ડીનેવિયમ દેશો(હોલેન્ડ, ડેન્માર્ક, સ્વીડન)માં ખૂબ મોટા પાયા પર આ સેવાઓ વિસ્તરી છે અને અન્ય કોઈપણ દેશ કરતાં તે દેશોમાં આવી સેવાઓની ઉપલબ્ધિ ખૂબ વધારે છે.

### (ઈ) વૃદ્ધાવસ્થાની સંભાળ (Old age Care)

વિકસેલા દેશોમાં આયુષ્ય રેખા ઊંચી જતાં વધતી જતી વૃદ્ધોની સંખ્યા અને ત્યાં સામાજિક વીમા અને જાહેર સહાય જેવા ઉપયોગી સરકારી કાર્યક્રમ દ્વારા વૃદ્ધજનોની લેવાતી નોંધપાત્ર સારસંભાળને કારણે તે દેશોમાં વૃદ્ધાવસ્થાની સારસંભાળ સેવાઓની અગત્ય ખૂબ ખૂબ વધી છે અને સંસ્થાકીય અને બિનસંસ્થાકીય પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાય છે. વિકસેલા દેશોએ પેન્શન યોજના, વૃદ્ધાવસ્થા સહાય, વૃદ્ધાશ્રમ જેવી સંસ્થાઓ, વરિષ્ઠ નાગરિકો માટેની ક્લબો, ઘેર-ઘેર ભોજન કે નાસ્તો પહોંચાડતી હરતી ફરતી કેન્ટીન (mealson wheel) મૈત્રીભરી મુલાકાતો વગેરે વિવિધ કાર્યક્રમો પ્રયોજાય છે. વિકસતાં દેશોની અંદર અગાઉ તો સંયુક્ત કુટુંબપ્રથાની અંદર જ ઘરની વૃદ્ધવ્યક્તિની સારસંભાળ લેવાની હતી. જ્યાં કામકાજને કારણે યુવાવર્ગને ઘરથી અલગ રહેવું પડે છે ત્યાં પણ વૃદ્ધજનો થોડેઘણે અંશે, પોતાના નિવૃત્તિકાળમાં પણ ઘર કે પડોશી સાથેના સંબંધો નિભાવી શકે છે. પરંતુ હવે પરિસ્થિતિ ઝડપથી બદલાતી આવી છે અને તૂટતી જતી કુટુંબવ્યવસ્થામાં, ઘરના વડીલ વ્યક્તિ માટે અગાઉના જેવી સલામત સુવિધા પ્રાપ્ય નથી તો બીજી તરફ પૂરતાં સંસાધનોના અભાવે તેઓ વિકસેલા દેશોની જેમ વૈવિધ્યપૂર્ણ સારસંભાળ સેવાઓ પણ ઉપલબ્ધ કરી શકે તેમ નથી. કેટલાંક રાજ્યોએ 60 કે ૬૫ વર્ષ પછી વૃદ્ધજનો માટે નજીવી રકમના પેન્શનની યોજના શરૂ કરી છે.

## ૨. બાળકલ્યાણ

બાળકલ્યાણનું ક્ષેત્ર બધે જ ખૂબ અગત્યનું ક્ષેત્ર ગણવામાં આવ્યું છે. બાળકોના તંદુરસ્ત વૃદ્ધિ વિકાસ માટે તેમજ સીધી રીતે સહાયક બની શકે તે પ્રકારે અથવા તેમનાં માતા-પિતાને કે કુટુંબને સહાય ઉપલબ્ધ કરીને બાળકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેનું ધ્યેય રખાય છે. આવી સેવાઓ પૈકી સૌ પ્રથમ પ્રકારની સેવામાં માતા-પિતાને, કુટુંબને તેમની આવકમાં કંઈક

ઉમેરો થાય તે પ્રકારે સહાય ચુકવવામાં આવે છે; જેથી તેઓ બાળકનો ઉછેર વધુ સારી રીતે કરી શકે. આવી સહાય જાહેર સેવા કાર્યક્રમના ભાગરૂપે અનાજ, દવા કે કપડાં ઉપલબ્ધ કરવાથી માંડી, સામાજિક વીમાની કોઈ જટિલ યોજના મારફતે આપવામાં આવે છે. કુટુંબને ચુકવાતી સામાન્ય રાહત ઉપરાંત કોઈવાર ભગ્ન કુટુંબો માટે વિશેષ સહાય પણ ચૂકવાય છે. જ્યાં માતા-પિતાની સારસંભાળ કામચલાઉ કે કાયમી ધોરણે પ્રપ્ય ન હોય તેવા કિસ્સામાં બાળકને પાલક માતા-પિતાની તેને અન્ય પરિવારમાં દત્તક આપવાની કે સંસ્થાકીય સંભાળ પૂરી પાડવાના વિકલ્પો વિચારાય છે. વિકસતા અને વિકસિત બંને પ્રકારના દેશોમાં બાળકલ્યાણ કાર્યક્રમો એકસરખા જ છે; પરંતુ, વિકસતા દેશોમાં આવી સેવાઓ અપર્યાપ્ત હોય છે જ્યારે તે દેશોમાં બાળકોનું પ્રમાણ વિપુલ છે દુનિયાના તમામ દેશોની સંખ્યાના 3/4 લાખ કલ્યાણ સેવાઓનાં સ્વરૂપ નીચે પ્રમાણે હોઈ શકે :

**(અ) માતૃ અને બાપ આરોગ્ય સંભાળ**

જો કે બાળકલ્યાણની અંદર સામાજિક સંવાઓ ઉપર વિશેષ ઝોક રાખવામાં આવે છે તો પણ જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓનું મહત્ત્વ નવા વિકસિત દેશોમાં વિશેષપણે રહેલું છે. આમાં એ સત્યની સ્વીકૃતિ રહેલી છે કે બાળકલ્યાણમાં રાષ્ટ્રની પ્રપ્તિના મુખ્ય સૂચકાંકો શિશુ મૃત્યુદર અને માતૃ મૃત્યુદરમાં ઘટાડો છે. ભારતમાં પણ બાળકલ્યાણના મુખ્ય કાર્યક્રમોમાં શિશુ આરોગ્ય કેન્દ્રો, રસીકરણની વ્યવસ્થા વગેરે છે. ઘણા દેશોમાં પ્રથમ સોપાન તરીકે ટી.બી., મલેરીયા, કુષ્ઠરોગ જેવા રોગો ઉપર જાહેર આરોગ્ય કાર્યક્રમો દ્વારા હુમલો અને બાળકોના પોષણમાં સુધારો વગેરે અગ્રસ્થાને હતાં. યુનિસેફ અને વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ શિશુ અને માતૃકલ્યાણ કાર્યક્રમો માટે ખૂબ નોંધપાત્ર સહાય ઉપલબ્ધ કરી. જો કે ઔદ્યોગિક રીતે વિકસિત દેશો તો આનાથી ખૂબ આગળ નીકળી ગયા અને દરેક માતા માટે, તેમની ગમે તેવી આર્થિક સ્થિતિ હોય તો પણ, તેમની સગર્ભાવસ્થા દરમ્યાન, પ્રસૂતિ દરમ્યાન અને પ્રસૂતિ પછીની તમામ પ્રકારની વ્યાવસાયિક કક્ષાની સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરી. ગ્રેટ બ્રિટન, જ્યાં દેશમાં 80 જેટલાં શિશુઓ શિશુકલ્યાણ કેન્દ્રોમાં સેવાઓ મેળવે છે તે દેશ સહિત તમામ વિકસિત દેશોએ બાળકલ્યાણ માટેની તજજ્ઞ માર્ગદર્શક સેવાઓ માટે આવાં શિશુકલ્યાણ કેન્દ્રો વિકસાવ્યાં છે. આ ઉપરાંત ત્યાં જે સેવાઓ ઉપલબ્ધ છે તેમાં શાળાએ જતાં તમામ બાળકો માટે આરોગ્ય સેવાઓ, દાંતની, કાનની, આંખોની સારવાર, રસીકરણ, રોગ-નિદાન સેવાઓ તેમજ મંદબુદ્ધિવાળા બાળકો માટે કાઉન્સેલિંગ સેવાઓ સહિત અનેક સેવાઓનો સમાવેશ થાય છે.

**(બ) સુરક્ષા સેવાઓ**

આઘાત લાગે હકીકત એ પણ છે કે કેટલાંક માતાપિતાને પોતાનાં બાળકો માટે લેશમાત્ર પ્રેમ કે લાગણી હોતા નથી અને કેટલાંક માતાપિતા પોતાનાં બાળકોની સંભાળ લેવા માટે પણ પૂરતાં સક્ષમ હોતા નથી; તો કેટલાંક પોતાની આ ફરજની ધરાર અવજ્ઞા કરે છે. આવાં માતાપિતાના બાળકોને વિશેષ સુરક્ષા સેવાઓની જરૂર પડે. છેક 19મી સદીના મધ્ય ભાગથી ચાલતી સ્વૈચ્છિક ક્ષેત્રની સંસ્થા-બાળકો પ્રત્યેની ક્રુરતા નિવારણ માટેની સંસ્થા- આજે પણ જુદા જુદા નામે કાર્યરત છે. જો કે હવેનું વલણ એવું રહ્યું છે કે આવાં બાળકોની સંભાળ જાહેર બાળકલ્યાણ સંસ્થાઓને સોંપવી. જ્યારે કોઈ પાડોશી તરફથી અથવા જાગૃત નાગરિક તરફથી

માહિતી કે ફરિયાદ દ્વારા આવાં બાળકો સંબંધિત જાણકારી મળે કે બાળકોને તેમનાં માતાપિતા યોગ્ય રીતે જાળવતાં/સાચવતાં નથી/તેમને ત્રાસ આપે છે ત્યારે સુરક્ષા સેવાઓ તેવાં બાળકોની મદદે આવે છે. હકીકત એ છે કે માતાપિતાઓને તો પોતાના બાળકો માટે આવી સુરક્ષા સેવા જરૂરી લાગતી નથી. તેઓ આવી સેવાઓની માંગણી કરતા નથી અને તેવી સેવા ઉપલબ્ધ કરાય ત્યારે તેનો પ્રતિકાર પણ કરે છે. તેવા વખતે સામાજિક કાર્યકરોએ કુશળતાપૂર્વક પોતાના કૌશલ્ય અને કેસવર્ક સેવાની અસરકારકતાનો ઉપયોગ કરવો પડે છે. ખરેખર તો બાળકને તેના પ્રાકૃતિક કુટુંબથી, ભલે તે કુટુંબનું વાતાવરણ પ્રદુષિત અને બાળકના વિકાસ માટે પ્રતિકૂળ હોય તો પણ, અલગ કરવાની બાબત અતિગંભીર છે; તેથી આવું અંતિમ પગલું લેતાં પહેલાં તમામ વાજબી પ્રયાસો દ્વારા તેવું પગલું અટકાવવા કોશિશ કરાય છે. જે બાળકો ત્રાસ, બેદરકારી અને બરહેમીનો ભોગ બન્યાં છે અને પ્રથમ નજરે જ તેમની આ સ્થિતિ જોઈ, જાણી શકાય છે. તેઓ તો અલગથી આવી સુરક્ષા સેવાઓ મેળવવા ખાસ હકદાર છે; પરંતુ તે સિવાય પણ આવી વિશેષ સેવાઓની જરૂરિયાતવાળાં અન્ય બાળકોની સંખ્યા પણ ઓછી નથી. શારીરિક ત્રાસ કરતાંય માનસિક ત્રાસના ઘા વધારે ઊંડા હોય છે, ભલે તે નજરે જોઈ શકતા ન હોય. માતાપિતા ઘણીવાર જાણે અજાણે પણ પોતાનાં સંતાનો પર આવો જુલ્મ ગુજારતા હોય છે. ટૂંકમાં, ખૂબ જ આત્યંતિક (extreme) કિસ્સાઓ, જેમાં બાળક માતાપિતાના કે અન્ય કોઈના ત્રાસ કે શોષણનો ભોગ બન્યું હોય તેમને કાનૂની દખલગીરી દ્વારા તેમના પરિવારમાંથી દૂર કરવાની જરૂર રહે છે. અદાલતોએ આ ચેતવણી એવી દઢ માન્યતાના આધારે ઉચ્ચારી છે કે કુટુંબ ગરીબ હોય અથવા અન્ય પ્રકારની તકલીફોનો ભોગ બન્યઓ હોય તો ય બાળકના વૃદ્ધિ વિકાસ માટે તે શ્રેષ્ઠ સ્થાન છે.

**(ક) કુંવારી માતાઓ અને તેમના સંતાનોની સંભાળ**

જે બાળકો લગ્ન સંસ્થાની બહાર જન્મ્યાં છે તેમની સંભાળ અને સુરક્ષાની સમસ્યા વિશિષ્ટ પરિમાણ ધારણ કરે છે. કારણ કે, કુંવારા માતૃત્વ તરફ સમાજનું વલણ હજી જુનવાણી જ રહ્યું છે. કેટલાક આદિવાસી સમુદાયોમાં કુંવારી માતા માટેનું વલણ કુમાશભર્યું છે અને તેઓ આવી પરિસ્થિતિને વાસ્તવિક ગણીને સ્વીકારી લે છે. પરંતુ એની વિરુધ્ધ સમાજમાં એવા પણ કેટલાક સમુદાયો છે જે કુંવારી માતાના પ્રશ્ને તીવ્ર પ્રતિભાવ દાખવે છે, ગમે તેવાં મહેણાં ટોણાં મારે છે, ધિક્કારની ભાવના રાખે છે અને ક્યારેક તો તેવી માતા અને તેના બાળક પ્રત્યે હિંસક વલણ પણ દાખવે છે. આમ છતાં મોટાભાગનો આધુનિક સમાજ એમ માનતો થયો છે કે કુંવારી માતાઓને કંઈક સહાય પ્રાપ્ત થવી જોઈએ. કુંવારી માતાઓ માટે જે સહાય/સેવાઓ ઉપલબ્ધ કરી શકાય તેમાં નિભાવ, તબીબી સારવાર, હોસ્પિટલમાં સારવારનો ખર્ચ તેમજ સૌથી વધુ અગત્યની બાબત તો પોતાના જીવનમાં ઊભી થયેલી કટોકટીભરી સામાજિક સ્થિતિમાં તે પોતાના ભાવિ માટે તેમજ સંતાન માટે સકારાત્મક નિર્ણય લઈ શકે અને આવી કટોકટીભરી પરિસ્થિતિમાં પોતે ટકી રહી શકે તે માટે કેસવર્ક પદ્ધતિએ તેનું પરામર્શન-આ બધી સેવાઓનો સમાવેશ કરી શકાય. જ્યાં કુટુંબકલ્યાણ સંસ્થાઓ કાર્યરત છે ત્યાં તો તે સંસ્થાના કેસવર્કર કુંવારી માતાના પરામર્શન દરમ્યાન એ નિર્ણય લેવામાં તેને સહાયક બને છે કે બાળકની સારસંભાળ તે પોતે લઈ શકશે કે પછી બાળકને દત્તક આપવું વિશેષ ઉપયોગી બનશે. પશ્ચિમના દેશોમાં કુંવારી માતાઓને ખાનગી સંસ્થાઓ તરફથી વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાતી હોય છે તેમજ સરકાર દ્વારા પણ રોકડ સહાય ચૂકવાય છે; જ્યારે પૂર્વ યુરોપના

સમાજવાદી (સામ્યવાદી) દેશોની અંદર રાજ્ય સરકાર જ તમામ ખર્ચ ભોગવે છે; અને માતા ઈચ્છે ત્યાં સુધી બાળકને સરકારી ખર્ચે બાળગૃહમાં ઉછેરવામાં આવે છે. યુરોપના સ્કેન્ડિનેવિયન દેશો-હોલેન્ડ, નોર્વે, સ્વીડન-માં રાજ્ય જ કુંવારી માતાને તમામ પ્રકારની સહાય ઉપલબ્ધ કરે છે. વિકસતા દેશોની અંદર કુંવારી માતાઓને તેમજ તેમનાં સંતાનોને માટેની સેવાઓ હજી તદ્દન પ્રારંભિક તબક્કામાં છે અને ક્વચિત સેવાભાવી કે ખાનગી સંસ્થાઓ તે બાબત હાથ ધરે છે.

**(ડ) દિન-સંભાળ સેવાઓ (DGT Care Services) ઘોડિયા ઘર :**

માતાઓને જ્યારે કામ પર જવાનું હોય ત્યારે તેમના નાનાં બેથી પાંચ વરસ સુધીના બાળકોની સંભાળ માટે દિન-સંભાળ સેવાઓ ઉપલબ્ધ કરાય છે. વિકસિત તેમજ વિકસેલા એમ બંને પ્રકારના દેશોમાં જ્યાં મહિલાઓ વધુ ને વધુ સંખ્યામાં પૂરા સમયની કે ખંડ સમયની કામગીરી કરવા લાગી છે ત્યારે બાળકોની સારસંભાળ માટે દિન સંભાળ સેવાઓની જરૂરિયાત બધે જ વરતાય છે. જો કે શરૂઆતમાં જેને માત્ર બાળકોને સાચવવા પૂરતી જ આ સેવાઓ સીમિત હતી. તે કાર્ય, ખાસ કરીને પશ્ચિમના વિકસિત દેશોમાં વિસ્તરીને હવે અન્ય બાળ/કુટુંબકલ્યાણ સંસ્થાઓની સાથે સંલગ્ન રહીને બાળકો માટેની આરોગ્ય અને શૈક્ષણિક સેવાઓ સુધી વિસ્તર્યું છે. વિકસતા દેશોની અંદર, ખાસ કરીને શહેરી અને ઔદ્યોગિક વિસ્તારોની અંદર ઘોડિયા ઘર સ્વરૂપે બાળકો માટેની દિન સંભાળ સેવાઓની વિશેષ જરૂર જણાય છે. કાયદાકીય જોગવાઈ નીચે કેટલાક ઉદ્યોગોની અંદર આવાં ઘોડિયા ઘર અનિવાર્ય બન્યાં છે. જેમ કે, ભારતમાં ઔદ્યોગિક એકમમાં ૫૦ કરતાં વધુ મહિલાઓ કાર્ય કરતી હોય ત્યાં ઘોડિયાઘર હોવું ફરજિયાત છે.

**(ક) ફોસ્ટર કેર(પાલક માતાપિતાની યોજના) :**

ફોસ્ટર કેર(પાલક માતાપિતાની) યોજના એવાં આશ્રિત કે ઉપેક્ષિત બાળકો માટે છે જેમને પરિવારની કે સંસ્થાની સુરક્ષા સેવાઓ ઉપલબ્ધ નથી. હવે જો કે એમ સ્વીકારાવા લાગ્યું છે કે, બાળકલ્યાણ સંસ્થાઓએ સંસ્થાકીય અને પાલક માતાપિતાની એમ બંને પ્રકારની સેવાઓના વિકલ્પો તૈયાર રાખવા જોઈએ; કારણ કે બધા જ બાળકોને પાલક માતાપિતાની યોજના અનુકૂળ આવે તેવું ધારી લઈ શકાય નહી. ઉદાહરણ તરીકે, જે બાળકોને પોતાના પરિવારમાં પોતાના નૈસર્ગિક અને જૈવિક માતાપિતા સાથે સતત તનાવભરી પરિસ્થિતિમાં જીવવું પડ્યું હોય છે. તેઓ કદાચ પાલક માતાપિતા સાથે પણ ભાવનાત્મક અનુકૂળતા સ્થાપવામાં નિષ્ફળ જાય અને કદાચ તેમને માટે ભલે તદ્દન પારકું ગણાય તેવું સંસ્થાકીય જીવન વધુ માફક આવે! પાલક માતાપિતાની પસંદગી માટે હવે આધુનિક માપદંડો વધુ કડક બન્યાં છે જેમાં ઘરની પસંદગી પણ ખૂબ કાળજીપૂર્વક કરવાની રહે છે; તેમાં પાલન-પોષણ માટે મોકલાયેલાં બાળકોનું ઝીણવટભર્યું નિરીક્ષણ સતત ચાલુ રહે છે અને બાળકને તેમાં મૂકનાર સંસ્થા, આ બાળકોની રહેવા, જમવા, શિક્ષણ તબીબી સારવાર માટે નિયત રકમ ચૂકવે છે. વળી સંબંધિત બાળ કલ્યાણ સંસ્થાના કેસવર્કર આ પાલક માતાપિતાઓને સતત કાઉન્સેલિંગ પૂરું પાડે છે; કેમ કે આવી અર્થપૂર્ણ અભિમુખતા વિના, પાલક માતાપિતાઓ જો બાળકોને પૂરતો ન્યાય ન આપી શકે તો બાળકોના ભાવિને જ નુકસાન પહોંચે.

**દત્તકવિધાન :**

ફોસ્ટર કેર કરતાં અલગ જ એક એવો કાર્યક્રમ છે જેમાં સામાજિક અને કાનૂની પ્રક્રિયા મારફતે બાળકને કાયમી ધોરણે તેને દત્તક લેનાર પરિવારના સભ્ય તરીકે સ્થાયી કરવામાં આવે છે અને ત્યાં તેને કૌટુંબિક વારસો પ્રાપ્ત કરવા સહિતના તમામ કાનૂની હક-અધિકાર પ્રાપ્ત થાય છે. બાળ સંભાળના કાર્યક્રમ તરીકે જ, જેનાં માતાપિતા મૃત્યુ પામ્યાં હોય અથવા કોઈ વિશેષ કારણસર પોતાના બાળકનો ઉછેર કરી શકે તેવી સ્થિતિમાં ન હોય તેવાં માતાપિતાનાં બાળકોને વૈકલ્પિક માતાપિતા ઉપલબ્ધ કરાવી તેને કુટુંબનું તંદુરસ્ત વાતાવરણ મેળવી આપવામાં આવે છે. જુદા જુદા દેશોમાં દત્તકવિધાન અંગેની કાર્યપદ્ધતિ અલગ અલગ હોય છે. તેમ છતાં પાયાની હકીકતનો દરેક દેશના કાનૂનમાં સ્વીકાર કરવામાં આવેલ છે કે બાળકને તેના નૈસર્ગિક/જૈવિક માતાપિતાથી તો જ અને ત્યારે જ અલગ કરવામાં આવે છે કે જો તે અત્યંત અનિવાર્ય હોય તેમજ જો માતા/પિતા હયાત હોય તો તે પ્રક્રિયામાં તેમની સંપૂર્ણ સંમતિ હોય. સામાજિક સંસ્થા અથવા જે સંસ્થા દત્તકવિધાનની કાર્યવાહી સાથે સંકળાયેલી હોય તે બાળકના સંભવિત દત્તક માતાપિતા સાથેના સમાયોજન સંબંધિત વિસ્તૃત તપાસ અહેવાલ તૈયાર કરે છે જેમાં તેમની ઉંમર, ચારિત્ર્ય, દત્તક લેવા પાછળનો હેતુ સહિતની અનેકવિધ સામાજિક-આર્થિક-મનોવૈજ્ઞાનિક બાબતોને આવરી લેવામાં આવે છે.

(6) 0 થી 6 વર્ષના બાળકો તથા સગર્ભા સ્ત્રી અને ધાત્રી માતાઓને પૂરતું પ્રોટીન મળી રહે તે માટે વર્ષમાં 300 દિવસ માટે ખાસ પોષક આહાર પૂરો પાડવાની યોજના.

(7) કુટુંબ અને બાળકલ્યાણ પ્રાયોજના મારફતે ગ્રામીણ વિસ્તારોમાં પાંચ વર્ષની ઉંમર સુધીમાં બાળકોને તેમજ મહિલાઓને વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. 0.૫ વર્ષનાં બાળકોને બાલવાડીયાં પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને નાસ્તો આપવામાં આવે છે. કન્યાઓ અને મહિલાઓ માટે ગ્રામીણ વિસ્તારમાં શિબિરો યોજવામાં આવે છે જ્યાં તેમને ઘરગથ્થું કલા-કારીગરી, માતૃત્વના પાઠો, મરઘાં ઉછેર, પશુ ઉછેર/દૂધ ઉદ્યોગ વગેરેની તાલીમ આપવામાં આવે છે.

(8) સંકલિત બાળવિકાસ યોજના (ICDS) મારફતે છ વર્ષ સુધીના બાળકો માટે વિવિધ સેવાઓનો સંપુટ-જેમ કે પોષક આહાર, રસીકરણ, આરોગ્ય અને પોષણ-શિક્ષણ, આરોગ્ય ચિકિત્સા, બિનઔપચારિક શિક્ષણ, પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અને રેફરલ સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. આ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને તેનો પ્રારંભ નુરપુર બેડી તાલુકામાં 197૫-76માં કરવામાં આવતો હતો. તે પછી ક્રમશઃ પંજાબ રાજ્યના બીજા જિલ્લાઓમાં તેને વિસ્તારવામાં આવ્યા. હવે તો દેશભરમાં સાર્વત્રિક ધોરણે તે કાર્યરત છે. આ યોજનાથી ગ્રામીણ વિસ્તારો તેમજ શહેરી સ્લમ વિસ્તારોમાં છ વરસથી નાના બાળકો તેમજ તેમની માતાઓને ખૂબ ફાયદો થયો છે. આ યોજનાથી શિશુ મૃત્યુદરમાં ઘટાડો નોંધાયો છે અને બાળકોના આરોગ્ય અને પોષણમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે.

## 2.4 ઉપસંહાર

ઉપરોકત એકમમાં સામાજિક નીતિમાં સામાજીક સલામતી વિશે સમજાવવામાં આવી છે. અને તેના વિવિધ કાર્યક્રમો વિશે પણ વિસ્તૃતમાં કહેવામાં આવ્યું છે. બાળ આરોગ્યની સમસ્યા, બીમારી, વૃધ્ધાવસ્થા, અશકત વગેરે જેવી કપરી સ્થિતી જેના કારણેથી વ્યક્તિ પોતાની રીત કે દીર્ઘ દૃષ્ટિથી પોતાની જાતનું અને પોતાના કુંટુંબનું રક્ષણ ન કરી શકે તેમના માટે સરકાર દ્વારા ઉપલબ્ધ કરતા

વિવિધ કાર્યક્રમો દર્શાવવામાં આવ્યા છે. જે સમાજકાર્ય અને સમાજસેવા કરવામાં, સમાજમાં જાગૃતતા ફેલાવવા વિદ્યાર્થીઓને સમજવું જરૂરી છે.

આમ, સામાજિક વીમો, સામાજિક સહાય અને જનસામાન્ય સહાય આ ત્રણેય મુખ્ય સલામતીના અભિગમ છે. અને આજ અભિયાસ દ્વારા સમાજમાં જરૂરીયાતમંદ અને અશકત લોકોને બધીજ જરૂરીયાતો પરીપૂર્ણ કરવા માટેનું ધ્યેય રાજય છે. ઔધ્યોગિક અકસ્માત અંર્તગત પણ કારખાના ધારામાં જણાવેલ જાજૂર કલ્યાણની પ્રવૃતિ અમલ કરવાનું કાર્ય બજાવે છે. આ બધાજ સલામતીના કાર્યક્રમો વિશે આ એકમમાં જાણરકારી મેળવી.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. સામાજિક સલામતી ધારો ક્યારે અમલમાં આવ્યો ?

   (A) 1935 (B) 1932

   (C) 1936 (D) 1939

2. સામાજિક સલામતી એટલે બીમારી, બેકારી, વૃધ્ધાવસ્થા, ઔધ્યોગીક અકસ્માત અને અશકત વગેરે વિપત્તિજન્ય પરિસ્થિતી જેને કારણે વ્યક્તિ પોતાની ક્ષમતાથી પોતાના કુટુંબનું રક્ષણ ન કરી શકે તેમને માટે સમાજ દ્વારા ઉપલબ્ધ કરાતા રક્ષણનો કાર્યક્રમ આ વ્યાખ્યા કોણે આપી છે ?

   (A) સર વિલિયમ (B) એરિસ સ્ટોક

   (C) ILO (D) ટ્રેકર

3. સમાજિક સલામતીના લાભ મુખ્ય કેટલા પ્રકાર છે ?

   (A) ચાર (B) પાંચ

   (C) ત્રણ (D) બે

4. આ એકમમાં સામાજિક સલામતીની કેટલા કાર્યક્રમો દર્શાવવામાં આવ્યા છે ?

   (A) પાંચ (B) ચાર

   (C) ચૌદ (D) આઠ

5. સામાજિક સલામતીના ક્યાં કાર્યક્રમમાં બાળકોના તંદુરસ્ત વૃદ્ધિ, વિકાસ માટે સીધી સહાય અને બાળકોના ધયેય પૂર્ણ કરવાનું ધ્યેય છે ?

   (A) સુરક્ષા સેવાઓ (B) કુટુંબ કલ્યાણ

   (C) બાળ કલ્યાણ (D) દિન-સંભાળ સેવાઓ

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (A) 1935
2. (B) એસ્સિ સ્ટોક
3. (C) ત્રણ
4. (D) આઠ
5. (C) બાળ કલ્યાણ

## 2.7 ચાવીરૂપ શબ્દો

- સામાજિક સલામતી - જીવેત ધોરમ નિભાવવા માટેની સુરક્ષા.

- ILO - International Labour Organization આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા
- બાળ કલ્યાણ - બાળકો માટે કરવામાં આવતાં સહાય કાર્યક્રમો.

## 2.8 સ્વાધ્યાય લેખન

**1. સામાજિક સલામતીનોક્રૂથ સમજાવી તેની મુખ્ય લાક્ષણિકતાઓ અને અભિગમ વિસ્તૃતમાં જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**2. સામાજિક સલામતીના વિવિધ કાર્યક્રમો વર્ણવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 2.9 પ્રવૃતિ

1. સામાજિક નીતિમાં સામાજિક સલામતીની લાક્ષણિકતા સાથે અભ્યાસ કરો.
2. તમામ સામાજિક સલામતીના કાર્યક્રમોની બિનાવો અને તમે ક્યાં ક્યાં ક્ષેત્રોમાં આ કામ કરી શકો છો તે જણાવો

## 2.10 કેસ સ્ટડી

1. કોઇ પણ પાંચ સેવાર્થી જેમને સામાજિક સલામતીની જરૂર છે. જેઓ અશક્ત છે તેવા લોકોની સ્ટડી કરવી અને સરકારી કાર્યક્રમો લાભ અપાવવો.

## 2.11 સંદર્ભગ્રંથો

1. એનસાયક્લોપીડિયા ઑફ સૉશ્યલ વર્ક : મિનિસ્ટ્રી ઑફ વેલ્ફેર, ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા
2. JRF/NET માહિતી પુસ્તક : શ્રી અચલેન્દ્ર કુમાર, ઉપકાર પ્રકાશન.

| એકમ–3 | # સામાજિક નીતિ ભાગ-3 |
|---|---|

**: એકમનું માળખું :**

**3.0 એકમના હેતુઓ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 મહિલા કલ્યાણ અને તે માટેના કાર્યક્રમો**

**3.3 યુવા કલ્યાણના કાર્યક્રમો**

**3.4 વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ**

**3.5 સમાજ કલ્યામાં સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો**

**3.6 સમાજ કલ્યાણની સંસ્થાઓનું વ્યવસ્થાપન**

**3.7 ઉપસંહાર**

**3.8 તમારી પ્રગતિ ચકાસો**

**3.9 તમારી પ્રગતિ ચકાસો જવાબો**

**3.10 ચાવીરૂપ સબ્દો**

**3.11 સ્વાધ્યાય લેખન**

**3.12 પ્રવૃત્તિ**

**3.13 કેસ સ્ટડી**

**3.14 સંદર્ભગ્રંથો**

## 3.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ એ સમજવવા માટે સમર્થ હશે કે,

(1) મહિલા કલ્યાણ શું છે ? તેના વિવિધ કાર્યક્રમો વિશે જાણી શકાસે.

(2) યુવા કલ્યાણના કાર્યક્રમો ક્યાં છે તે પણ જાણી શકાસે.

(3) વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ જાણી શકશે.

(4) સમાજ કલ્યાણમાં સ્વૈચ્છીક સંસ્થાઓનો કેવો ફાળો છે. તે સમજી શકશે.

(5) સમાજ કલ્યાણની સંસ્થાઓનું વ્યવસ્થાપન વિશે પણ જાણી શકશે.

## 3.1 પ્રસ્તાવના

અગાઉના એકમમાં તમે સામાજિક નીતિ વિશે વિસ્તૃત માહિતી મેળવી તથા સામાજિક સેવા અને સામાજિક સલામતીના વિવિધ કાર્યક્રમોની પણ જાણકારી મેળવી. પ્રસ્તુત એકમમાં આપણા દેશમાં ચાલતી કલ્યાણકારી યોજનાઓ ખાસ કરીને, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધો માટે ચાલતી યોજનાઓ વિશે વિસ્તૃતમાં જાણકારી મેળવીશું.

## 3.2 મહિલા કલ્યાણ અને તે માટેના કાર્યક્રમો

**માનવ સંસાધન વિકાસ મંત્રાલય હેઠળની મહિલા અને બાળવિકાસ વિભાગ**

મહિલા અને બાળવિકાસ વિભાગોને મહિલા કલ્યાણ અને વિકાસની અને સંકલનની નોડલ જવાબદારી સોંપવામાં આવી છે. કેન્દ્ર અને રાજ્યકક્ષાએ તે જુદા જુદા વિભાગો/મંત્રાલયો જે મહિલા કે બાળકલ્યાણ અને વિકાસના કાર્ય સાથે સંકળાયેલા હોય તેમને સજાગ રાખે છે. વળી, મહિલા વિકાસ ક્ષેત્રે તે સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસોને પ્રોત્સાહિત કરે છે કે નવા પ્રયાસો આરંભે છે. નોડલ જવાબદારી બજાવવા ઉપરાંત આ વિભાગ મહિલા કલ્યાણ અને વિકાસની વિવિધ યોજનાઓનો અમલ કરે છે.

**કેન્દ્ર અને રાજ્ય કક્ષાએ મહિલા કલ્યાણના કાર્યક્રમો**

પાછળથી, વિશ્વભરની મહિલાઓએ પોતાના હક-અધિકાર પ્રાપ્ત કરવા માટેની ચળવળ અને લડત ચલાવી અને સમાજમાં પોતાના હક અનુસારનું સ્થાન મેળવવા માટે મહિલા મુક્તિ ચળવળ શરૂ કરી. સંયુક્ત રાષ્ટ્રસંઘે 197૫નું વર્ષ આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ તરીકે જાહેર કર્યું અને 197૫-198૫ ને આંતરરાષ્ટ્રીય મહિલા દસકો જાહેર કર્યો. આપણા દેશમાં દર વચ્ચે 8મી માર્ચનો દિવસ મહિલા દિન તરીકે ઉજવાય છે. આવી તમામ ઉજવણીઓનો હેતુ સરકાર અને સમાજનું ધ્યાન મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે દોરવાનો છે અને તેઓને પણ સમાનતાનો, પોષણનો, આરોગ્યનો, શિક્ષણનો, તકોનો અરે! જીવન જીવવાનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે તેમને પ્રયત્નશીલ બનાવવાનો છે. આ તમામ બાબતો મહિલાઓ માટે અને તેઓ જે સમાજમાં/સમુદાયમાં રહે છે તેના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વની છે.

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ મહિલાઓના સામાજિક-આર્થિક દરજ્જામાં સુધારો લાવવા માટે ઘણા કાર્યક્રમો શરૂ કરેલ છે; અને તે સતત ચાલુ રહે તે માટે પોતાના પ્રયાસોને ઘનિષ્ટ બનાવ્યા છે.

(1) ઘણી રાજ્ય સરકારોએ શરૂઆતની બાલ્યવયની સેવાઓને સંકલિત રીતે ઉપલબ્ધ કરવાની જરૂરિયાત ઓળખીને સંકલિત બાળવિકાસ યોજના શરૂ કરી છે. જેની અસર જન્મ સમયે બાળકોનાં વજનમાં થયેલો વધારો, કુપોષણની માત્રામાં થયેલો ઘટાડો, શિશુ મૃત્યુ દરમાં થયેલો ઘટાડો, રસીકરણનું વધેલું પ્રમાણ તેમજ જન્મ અને મૃત્યુ દરમાં થયેલા ઘટાડા જેવાં કેટલાંક મહત્ત્વના સૂચનો પરથી જોઈ શકાય છે.

(૨) મહિલા કલ્યાણ ઉપર વિશેષ ઝોક, સગર્ભા મહિલાઓ માટેનો તેમજ ધાત્રી માતાઓ માટે પોષણ કાર્યક્રમ-સવિશેષપણે આદિજાતિ, પર્વતીય અને પછાત વિસ્તારોમાં ૨૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત શરૂ કરવામાં આવ્યાં.

(3) મહિલા અને બાળ વિકાસ નિગમો સ્થાપવામાં આવ્યાં.

(4) કેન્દ્ર અને રાજ્ય સરકારે આપેલી સહાયથી ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓએ કામ કરતી મહિલાઓ માટે છાત્રાલયોનાં મકાનો બાંધ્યાં.

(5) આવા છાત્રાલયોમાં અથવા તેની સાથે સંલગ્ન ઘોડિયાઘરો શરૂ કરાયાં.

(6) સરકારી નોકરીમાં જોડાવા માટે ઉંમરમાં છૂટછાટ, વિશિષ્ટ પ્રકારની રજાઓના લાભ જેવી રાહતો અને સુવિધાઓ વધારવામાં આવી.

(7) કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ, રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર બોર્ડ, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વિમેન વેલ્ફેર, અખિલ હિંદ મહિલા પરિષદ, ભારતીય ગ્રામીણ મહિલા સંઘ, રેડક્રોસ, સામાજિક સ્વાસ્થ્ય સંઘ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ તો આવા દિન/દસકાની ઉજવણી પૂર્વે જ અસ્તિત્વમાં હતાં; પરંતુ, આ વર્ષો દરમ્યાન આ તમામ સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વેગ આવ્યો, તેમના કાર્યક્રમોને નવી દિશા મળી, અને મહિલા કલ્યાણ માટેના નિત્ય નવા કાર્યક્રમો સાથે તેઓ બહાર આવ્યાં. લગ્ન પ્રસંગોમાં સાદાઈ, સમૂહલગ્ન સમારંભો, દહેજની માગણી અથવા અન્ય લગ્ન-વિષયક સંસ્થાઓમાંથી નિષ્પન્ન થતી પારિવારિક વિવાદોના ઉકેલ લાવવાના પ્રયાસો વગેરે બાબતો આ બધી સ્વૈચ્છિક સંસ્થાઓની કાર્યસૂચિમાં અગ્રસ્થાને આવે છે.

(8) સમાજમાં પ્રવર્તતી કરુંણાતિકાઓ તથા અસમતુલાઓને કારણે મહિલાઓ માટે વધુ સુરક્ષાની જરૂર રહે છે. પુરુષોના વ્યસનો અને શરાબ સેવનને કારણે પણ મહિલાઓને જ ઘણું સહન કરવાનું આવે છે. વ્યસની પતિનું વ્યસનથી થતી બીમારી (ક્ષય-કેન્સર)થી મૃત્યુ થાય ત્યારે પણ કુટુંબની જવાબદારી મહિલાઓ લેવી પડે છે. આવે સમયે ઘેરી કટોકટીમાં સપડાયેલા કુટુંબનું નાવ તેણે સ્થિર રાખવું પડે છે. દહેજ મૃત્યુ, પત્નીને જીવતી સળગાવવી, સામાજિક અનિષ્ટોએ આ મહિલા સંગઠનોને વધુ ઉત્સાહપૂર્વક કામ કરવા પ્રેર્યા છે અને તેઓ આવાં સામાજિક અનિષ્ટો સામે અવાજ ઉઠાવે છે અને સમાજને જાગૃત પણ કરે છે. તેઓ સામાજિક જાગૃતિ, મૂલ્યોની સ્થાપના, સામાજિક આરોગ્યની જાળવણી માટે પ્રયાસો કરે છે જેથી મહિલાઓ સામાજિક સંવાદિતાના વાતાવરણમાં શ્વાસ લઈ શકે.

### 3.2.1 મહિલા આવાસના કાર્યક્રમો

(1) યોજના (પ્રારંભ 1968) વિધવા અને નિરાધાર મહિલાઓને જેઓ પાસે આજીવિકાનું કોઈ સાધન નથી અને જેમને તેમના પતિએ ત્યજી દીધી છે અથવા જેમના પતિ આજીવિકા કમાવા માટે માનસિક કે શારીરિક રીતે સક્ષમ નથી તેમને માટે નાણાંકીય સહાયની યોજના બનાવવામાં આવી.

(2) **વિધવા/ત્યક્તા/નિરાધાર મહિલાઓ માટેના ગૃહ**

17 થી 45 વર્ષ વચ્ચેની વય જૂથની મહિલાઓને સિવણ, ભરત-ગૂંથણ, હોઝિયરી, વણાટ, ચર્મોદ્યોગ, કેનવાસનું કામ વગેરેની તાલીમ શરૂ કરવામાં આવી તેમજ માસિક વેતન/માસિક રોકડ સહાયની યોજના બનાવવામાં આવી. આવા ગૃહોના અંતેવાસી મહિલાઓને મફત રહેવા-જમવાનું, તબીબી સહાય, તેમનાં બાળકોને શિક્ષણ માટે સંસ્થામાં જ શાળાકીય શિક્ષણની વ્યવસ્થા જેવી સુવિધાઓ છે.

(3) **સ્ટેટ આફટર કેર હોમ (નારી નિકેતન)**

આ પ્રકારની રહેણાકીય સંસ્થાઓ મોટા શહેરોમાં શરૂ કરવામાં આવી; જ્યાં સરકારી કે બિનસરકારી સુધારણાત્મક કે બિન-સુધારણાત્મક સંસ્થામાંથી છૂટી થયેલ અંતેવાસી છોકરીઓ/મહિલાઓને તેમજ ત્યજાયેલી સ્ત્રીઓ, કુંવારી માતાઓ તેમજ અદાલત દ્વારા મોકલવામાં આવતી મહિલાઓને આશ્રમ આપવામાં આવે છે. અહીં તેમને વિના મૂલ્યે તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. તેમને તાલીમ, શિક્ષણ, યોગ્ય નોકરી, લગ્ન વગેરે દ્વારા અથવા તેમના માતાપિતા કે પતિ સાથે ફરી પુનઃસ્થાપન કરવામાં આવે છે.

(4) **રાજ્ય સુરક્ષા ગૃહો** તે રાજ્યકક્ષાની અને અનૈતિક વ્યાપાર દમન દ્વારા હોમ સ્થાપવામાં આવેલી સુધારાણાત્મક સંસ્થા છે.

### 3.2.2 મહિલાઓ માટેની કલ્યાણ યોજનાઓ

ભારત સરકારે મહિલાઓ માટે અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ શરૂ કરી છે. મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલી આવી કેટલીક યોજનાઓ નીચે પ્રમાણે છે.

**(1) કામ કરતી મહિલાઓનાં બાળકો માટેની રાજીવ ગાંધી રાષ્ટ્રીય ઘોડિયાઘર યોજના**

આ યોજના નીચે 6 વર્ષ સુધીના બાળકોને, જે પરિવારની માસિક આવક રૂા.12000 કરતાં ઓછી હોય તેમને, દિન સંભાળ સેવાઓ ઉપલબ્ધ કરાય છે. બાળકો માટે આ સલામત સ્થાન હોવા ઉપરાંત આ ઘોડિયાઘરમાં પૌષ્ટિક આહાર, પૂર્વ-પ્રાથમિક કક્ષાનું શિક્ષણ અને કટોકટીની વચ્ચે આવશ્યક સંભાળ પણ પૂરી પાડવામાં આવે છે.

**(2) કેન્દ્રીય સમાજકલ્યાણ બૉર્ડ**

કેન્દ્રીય સમાજકલ્યાણ બૉર્ડ દ્વારા નીચેના મહિલા કલ્યાણલક્ષી કાર્ય પ્રથાનો અમલ થાય છે :

કુટુંબ સલાહકેન્દ્ર તેનો પ્રારંભ 1993થી કરવામાં આવ્યો. આ કેન્દ્ર મહિલાઓને કાઉન્સેલીંગ, રેફરલ, પુનઃસ્થાપન તેમજ અત્યાચારનો ભોગ બનેલાં બાળકોને, કૌટુંબિક પ્રતિકુલનનો ભોગ બનેલાં બાળકોને અથવા સામાજિક દુર્વ્યવહારનો ભોગ બનેલ બાળકોને કાઉન્સેલિગ સેવાઓ ઉપલબ્ધ કરે છે. કુદરતી આપત્તિ સમયે તેઓ કટોકટીભરી પરિસ્થિતિ સામે દરમ્યાનગીરી અને આઘાતની સ્થિતિમાંથી બહાર આવવા માટેની કાઉન્સેલીંગ સેવાઓ પણ પૂરી પાડે છે.

- **જાગૃતિપ્રેરક કાર્યક્રમો**

આ યોજનાનો હેતુ મહિલાઓમાં તેમજ સમુદાયમાં મહિલાઓના હક્ક/અધિકાર, દરજ્જો, સમસ્યાઓ તેમજ અન્ય સામાજિક બાબત પરત્વે જાગૃતિ ફેલાવવાનો છે.

- **મહિલાઓ માટે સઘન અભ્યાસક્રમ તાલીમ**

જે મહિલાઓ/કન્યાઓ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં ભળીને શિક્ષણ મેળવી શક્યાં નથી અથવા જેમણે અધવચ્ચે શાળા છોડી દીધી છે તેવા લોકો માટે આ યોજના શિક્ષણ પ્રાપ્તિની તક પૂરી પાડે છે. આ યોજના અંતર્ગત 15 વરસથી મોટી વયની કન્યાઓ સહિત પુખ્ત ઉંમરની મહિલાઓને શિક્ષણની તકો પૂરી પાડવાની સાથે અમુક વ્યવસાયના કૌશલ્યોની તાલીમ પણ પૂરી પાડવામાં આવે છે. આ અભ્યાસક્રમ જરૂરિયાત આધારિત હોય છે અને સ્થાનિક પરિસ્થિતિ અનુસાર તેમાં નાના-મોટા ફેરફાર કરી શકાય છે.

**(3) મહિલા સશક્તિકરણ માટેનું રાષ્ટ્રીય મિશન (NMEU)**

મહિલાઓના સર્વાંગી સશક્તિકરણ માટેની ભારત સરકારની આ પહેલ છે. 2011માં શરૂ થયેલી આ કેન્દ્ર પુરસ્કૃત યોજના છે આ એક એવી છત્રરૂપ યોજના છે જેની નીચે વિવિધ ક્ષેત્રની અન્ય યોજનાઓ સાથે સંયોજન કરવાની ગુંજાશ રહેલી છે અને સરકારનાં જુદાં જુદાં મંત્રાલયો તેમજ જુદા જુદા વિભાગો હેઠળની તમામ મહિલા કલ્યાણ, મહિલા વિકાસ અને આર્થિક વિકાસના કાર્યક્રમોનું સંકલન આ યોજના અંતર્ગત થાય છે. સમગ્ર ભારતભરનાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત વિસ્તારોમાં તેને અમલી બનાવાયી છે.

**(4) કામ કરતી મહિલાઓ માટેનાં છાત્રાલયો**

આ યોજના અંતર્ગત કામ કરતી મહિલાઓ, એકલી મહિલા કર્મચારીઓ પોતાના પરિવારથી દૂરના સ્થળે કામ કરતી મહિલા કર્મચારીઓ તથા નોકરી માટે તાલીમ લેતી મહિલાઓ માટે ખૂબ જ સલામત, પોષણક્ષમ, વ્યાજબી છાત્રાલય વ્યવસ્થા છે. તાજેતરમાં આ યોજનામાં કેટલાંક સુધારા વધારા કરવામાં આવ્યા છે.

**(5) તાલીમ અને રોજગારી કાર્યક્રમને સમર્થન (STEP)**

મહિલાઓ માટેનો આ કાર્યક્રમ કેન્દ્રીયક્ષેત્રની યોજના તરીકે 1986-87માં શરૂ કરવામાં આવ્યો હતો. રોજગારી અને સ્વ-રોજગારી માટે મહિલાઓના કૌશલ્યવર્ધન માટેનાં આ કાર્યક્રમ મહિલાઓ માટે ખૂબ લાભદાયી છે. આ યોજનાના લક્ષિત જૂથમાં સીમાની, અસક્યામત નહિ ધરાવતી ગ્રામીણ મહિલાઓ અને શહેરી ગરીબ મહિલાઓ છે. આમાં સવેતન રોજગારી મેળવતી મહિલાઓ, રોજમદાર મહિલાઓ, જે પરિવારની મુખ્ય વ્યક્તિ મહિલા જ છે તેવી વ્યક્તિઓ, સ્થળાંતરિત મહિલાઓ, આદિજાતિઓ અને અન્ય વંચિતવર્ગો વગેરે છે. વિશેષ લક્ષ્ય અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિની મહિલાઓ તેમજ કુટુંબની મુખ્ય વ્યક્તિ મહિલાઓ હોય તેના પર કેન્દ્રિત કરાયું છે.

**(6) રાષ્ટ્રીય મહિલાઓ કોશ**

રૂપિયા 100 કરોડના કોપર્સ ફંડમાંથી બનેલી આ યોજનાનો હેતુ ગરીબ મહિલાઓના સામાજિક-આર્થિક વિકાસ માટે લઘુ ધિરાણ ઉપલબ્ધ કરવાનો છે. નીચે તૃણમૂલ કક્ષાએ કામ કરતાં બિનસરકારી સંગઠનો, મહિલા મહામંડળો, સહકારી મંડળીઓ, કંપની ઍક્ટની કલમ ૨૫ નીચે નફો નહિ કમાવા માટે નોંધાયેલી કંપનીઓ, અન્ય સેવાભાવી સ્વૈચ્છિક નાગરિક-મંડળો જેવી વચેટિયા લઘુ-ધિરાણ સંસ્થાઓ મારફતે ગરીબ મહિલાઓને, બહુ મૈત્રીપૂર્ણ વ્યવહારથી, સાદી-સરળ પદ્ધતિથી, કોઈ વિશેષ ઔપચારિકતા વિના, આજીવિકા કમાવા માટે અને આવક પેદા કરી શકાય તેવી પ્રવૃત્તિઓ માટે તથા આવાસ માટે અને નાનકા વેપારી-સાહસ માટે ધિરાણ ઉપલબ્ધ કરવામાં આવે છે.

**(7) મહિલાઓનું સશક્તિકરણ અને આજીવિકા વિષયક કાર્યક્રમ** (WELP)

આ કાર્યક્રમને 'પ્રિયદર્શિની' કાર્યક્રમ તરીકે પણ ઓળખાય છે. ખેત-વિકાસ માટેના આંતરરાષ્ટ્રીય ભંડોળમાંથી આ કાર્યક્રમનો અમલ થાય છે. સંબંધિત પ્રાયોજના વિસ્તારમાં મહિલાઓ અને કિશોરીઓના અસુરક્ષિત જૂથના સાર્વત્રિક સશક્તિકરણ માટે આ યોજના અંતર્ગત સ્વ-સહાય જૂથની રચના કરવામાં આવે છે અને તેમને બહેતર જીવન નિર્વાહની તક ઉપલબ્ધ કરાય છે. ૨016-17ના અંત સુધીમાં પ્રાયોજના વિસ્તારમાં 7૨00 સ્વ-સહાય જૂથો રચાશે તે અંતર્ગત 1,00,000 પરિવારોને આવરી લેવાશે. લાભાર્થીઓ રાજકીય, કાનૂની અને આરોગ્ય વિષયક મુદ્દાઓ બાબતે સચોટ અને લક્ષ્યવેધી રજૂઆત કરી શકાય તેવા ક્ષમતાનિર્માણ સાથે તેઓનું સશક્તિકરણ થાય તે અપેક્ષિત છે. 'નાબાર્ડ'-નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર અને રૂરલ ડેવલપમેન્ટ – વર્ષ ૨009 થી આ કાર્યક્રમ માટેની લીડ પ્રોગ્રામ એજન્સી છે.

**(8) ઈંદિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના** (IGMST)

સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવતી માતાઓ મહિલાઓને રોકડ રકમની સહાયની આ યોજનાનો પ્રારંભ ઑક્ટોબર ૨010 માં થયો હતો. સગર્ભા મહિલાઓ અને સ્તનપાન કરાવતી

માતાઓના બહેતર આરોગ્ય અને પોષણક્ષમ હેતુ માટે તેમને રોકડ સ્વરૂપે પ્રોત્સાહન ઉપલબ્ધ કરવાનું ધ્યેય રહેલું છે. તેઓ અમુક શરત પરિપૂર્ણ કરતી હોય તો તેમને આ પ્રમાણે રોકડ રકમનું પ્રોત્સાહન ઉપલબ્ધ કરાય છે. ટૂંકા ગાળાના આવકમાં સહાયના હેતુ સાથે લાંબાગાળાનું વર્તન અને વલણમાં પરિવર્તનનું લક્ષ્ય આ યોજનામાં રહેલું છે. પ્રસુતિ દરમિયાન તેમજ પ્રસુતિ પછીના સમયગાળામાં જે વેતનનું/આવકનું નુકસાન થાય તે આ સહાયથી ભરપાઈ કરાય છે. દર વર્ષે આ યોજના નીચે 1૨૦૫ મહિલાઓને આવરી લેવાનું આયોજન છે. સગર્ભા મહિલા અને સ્તનપાન કરાવતી માતાને ત્રણ હપ્તામાં રૂા.4000 ચૂકવાય છે. જે બાળક છ મહિનાનું થાય ત્યાં સુધીમાં ચૂકવી દેવાય છે. આ સહાય મેળવવા માટે લાભાર્થીએ માતૃ અને બાળઆરોગ્ય સંબંધિત નિયત શરતોનું પાલન કરવું અનિવાર્ય છે.

**(9) સ્વાધારગૃહ યોજના**

મુશ્કેલીમાં મુકાયેલી મહિલાઓ માટે મહિલા અને બાળવિકાસ મંત્રાલય ૨001થી સ્વાધાર યોજનાનો અમલ કરી રહેલ છે. આ યોજના નીચે, કુટુંબના વિખવાદ, ગુના, હિંસા, માનસિક તનાવ કે સામાજિક બહિષ્કારને કારણે ઘરવિહોણી બનેલી મહિલા કે બાલિકાને કામચલાઉ નિવાસ-વ્યવસ્થા, નિભાવ અને પુનઃસ્થાપન સેવાઓ ઉપલબ્ધ કરાય છે. આવી જ એક આમ યોજના જે સમાન હેતુ અને સમાન લક્ષિત જૂથ ધરાવે છે તે છે શોર્ટ સ્ટે હોમની યોજના. તેનો અમલ કેન્દ્રીય સમાજકલ્યાણ બોર્ડ દ્વારા કરવામાં આવે છે. આ યોજનાના ઉદ્દેશો અને લક્ષિત-જૂથો સમાન જ હોવાથી, હવે નવા નાણાકીય માપદંડો સાથે આ યોજનાઓને એકત્રિત કરીને સ્વાધાર ગૃહ યોજના બનાવવામાં આવી છે.

**(10) ઉજ્જવળા**

આ યોજના માનવ-તસ્કરી/અનૈતિક વ્યાપાર અટકાવવા તેમજ જાતીય શોષણના હેતુસર અનૈતિક વ્યાપારનો ભોગ બનેલાને બચાવવા, તેમનું પુનઃસ્થાપન કરવા અને સમાજમાં તેમને પુનઃસંકલિત કરવાનો હેતુ ધરાવે છે. આ યોજનાનો અમલ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવાનો હોવાથી નાણાભંડોળ તેમને ફાળવવામાં આવે છે.

## 3.3 યુવા કલ્યાણના કાર્યક્રમો

યુવકોની પાયાની જરૂરિયાતો સામાન્યતઃ તેમના જ પરિવારો દ્વારા સંતોષાતી હોય છે. પરંતુ સાંસ્કૃતિક, સામાજિક, મનોરંજન વિષયક, વ્યાવસાયિક અને કાઉન્સેલિંગ કાર્યક્રમોની વિશાળ શ્રેણી - પછી જાહેર ધોરણે અથવા આનગી ધોરણે - યુવકો માટે જરૂરી છે જેથી તેમને નેતૃત્વ અને જવાબદારી લેવા માટે સહાય મળે. આવા કાર્યક્રમો માટે રમતગમતના મેદાનો, મનોરંજન કેન્દ્રો, છાત્રાલયો જરૂરી છે. મૈત્રી-ક્લબો, વર્ગખંડો, કસરતી ટુકડી કે મોજશોખ માટેના જૂથ મારફતે આવા કાર્યક્રમો પ્રયોજી શકાય. આને માટે સામાજિક સેવાઓ મારફતે સ્થાન, જૂથ-નેતા કે કોચ જેવી સેવાઓ ઉપલબ્ધ કરાય છે.

મોટાભાગના યુરોપિયન દેશોમાં વિશાળ યુવા-સંગઠનો હોયછે. સ્વીડનમાં 1૨ થી ૨4 વર્ષની વયના સભ્યો ધરાવતાં ૫ થી ૨4ની સંખ્યા ધરાવતાં અનેક લીઝર ટાઈમ(નવરાશનો સમય ગાળવા)ના જૂથ જેવા મળે છે. તે સમયના સામ્યવાદી રશિયામાં, સરકાર દ્વારા જ પ્રેરિત વિશ્વનું સૌથી મોટું યુવા સંગઠન હતું. 14 થી ૨6 વર્ષની વય ધરાવતા(અને કોમ્સોમોલ્સ તરીકે ઓળખાતા) જૂથ માટે સભ્યોની નોંધણી કરવામાં આવતી હતી. વિશ્વની ઘણા દેશોમાં બૉય

સ્કાઉટઅને ગ્લર્સ ગાઈડના સંગઠન છે. 4 ક્લબ છે; યંગ મેન અને યંગ વિમેન ક્રિશ્ચિયન એસોસિએશન(YMCA અને YWCA) છે; અને અન્ય જુદા જુદા નામે ઓળખાતા અનેક યુવા સંગઠનો છે જેમ કે, યંગ મેન્સ ઈન્ડિયન એસોસિએશન - YMIA કેટલાંક સંગઠનોમાં સભ્યપદ કાયમી છે તો બીજાં કેટલાંકમાં અનુકૂળતા પ્રમાણે યુવાનો જોડાય છે અને છૂટા પડે છે. શિબિરો, પર્વતારોહણ, સામુદ્રિક સફરો વગેરે કાર્યક્રમો પ્રયોજતું બ્રિટનનું 'આઉટવર્ક બાઉન્ડ' બહુ જાણીતું સંગઠન છે. આંતરાષ્ટ્રીય યુથ હોસ્ટેલ યુવાનો માટે દેશ પરદેશમાં મુસાફરી દરમિયાન વાજબી દરે રહેઠાણની સેવા પૂરી પાડે છે. ભારતમાં દિલ્હીમાં ચાણક્યપુરી ખાતે આવું વિશ્વ યુવક કેન્દ્ર જાણીતી સંસ્થા છે. કેટલાક દેશો યુવકને રાષ્ટ્રીય ઉત્થાનના રચનાત્મક કાર્યોમાં પ્રયોજે છે(જેમ કે ભારતમાં નહેરુ યુવા કેન્દ્ર). આવા યુવકો અને રાષ્ટ્ર બંનેને ફાયદો થાય છે. ભારતમાં તમામ શાખાઓ અને કોલેજોમાં NSS અને ASS નાં સંગઠનો છે જેમાં જોડાઈને વિદ્યાર્થીઓ અર્ધ-લશ્કરી તાલીમ મેળવે છે; શિબિરો દ્વારા સમાજ સેવાના વિવિધ કાર્યો હાથ ધરે છે, શિસ્ત અને સેવાના પાઠ શીખે છે. આ રીતે લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ સામુદાયિક સુધારણામાં કાર્યોમાં સ્વયંસેવક તરીકે જોડાતાં ભારતમાં શિક્ષિત યુવા નેતૃત્વને વિકસવાની તક મળે છે. બે કે તેથી વધુ દેશો વચ્ચેના કરાર મારફતે એકબીજા દેશોના યુવકો અન્ય દેશમાં જઈ તે દેશોની સંસ્કૃતિનો પરિચય મેળવે છે; તેમજ જે-તે દેશના વિજ્ઞાન-ટેકનોલોજીના વિકાસનો ખ્યાલ મેળવે છે.

## 3.4 વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિ

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે ઘડેલી વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય જાતિના મુસદ્દાને કેબિનેટે જાન્યુઆરી 1999માં બહાલી આપી. આ જાતિમાં વૃદ્ધજનોને એવી હૈયાધારણ આપવામાં આવી છે કે તમારી ચિંતા એ રાષ્ટ્રની ચિંતા છે અને હવે તેમને અસુરક્ષિત નહિ રહેવું પડે, તેમની અવજ્ઞા નહિ થાય તેમજ તેમનું સીમાન્તીકરણ પણ નહિ થાય. આ જાતિ દ્વારા વૃદ્ધજનોના સમાજમાં સ્થાનને સુદઢ બનાવવામાં આવ્યું છે અને તેઓ શાન્તિથી તેમજ ગૌરવપૂર્ણ રીતે જીવી શકે તેવી વ્યવસ્થા સૂચવાઈ છે. આ નીતિથી વૃદ્ધજનોને નાણાકીય સલામતી, આરોગ્ય સંભાળ આશરો ઉપલબ્ધ કરાયાં છે. ભારતીય દંડ સંહિતામાં યોગ્ય ફેરફાર કરી વૃદ્ધજનોને શોષણ સામે રક્ષણ સુનિશ્ચિત કરાયું છે. કેન્દ્ર સરકારે વૃદ્ધજનો માટેની નેશનલ કાઉન્સિલની રચના કરી છે જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ, આયોજન પંચના પ્રતિનિધિઓ, બિનસરકારી સંગઠનો અને જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાતોનો સમાવેશ કરાયો છે.

વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિના ચુસ્ત અમલ માટે વિવિધ મંત્રાલયોની સમિતિ બનાવી છે જે ઉપરોક્ત રાષ્ટ્રીય કાઉન્સિલની ભલામણોનો અમલ કરશે. આ સમિતિમાં કેન્દ્રનાં બાવીસ મંત્રાલયો/વિભાગોનું પ્રતિનિધિત્વ છે તેમજ રાજ્ય સરકારોના અને કેન્દ્રશાસિત વિસ્તારોના પ્રતિનિધિઓનો પણ તેમાં સમાવેશ કરાયો છે. તેની બેઠકમાં, જ્યાં નાણાકીય જરૂરિયાતવાળા કાર્યક્રમો હોય તેને માટે દરેક મંત્રાલય માટે ચોક્કસ અંદાજપત્રીય ફાળવણી અને જ્યાં નાણાકીય જરૂરિયાતો ન હોય ત્યાં નીતિ/કાર્યપદ્ધતિમાં આવશ્યક ફેરફારો માટે ભલામણ કરાઈ છે.

રાજ્ય સરકારોને અનુરોધ કરાયો છે કે તેઓ પોતાના રાજ્ય માટેની વૃદ્ધજનો માટેની નીતિ ઘડી કાઢે અને સ્પષ્ટ અંદાજપત્રીય જોગવાઈ સાથેની કાર્યયોજના બનાવે.

ટૂંકમાં, વૃદ્ધજનો માટેની રાષ્ટ્રીય નીતિનો ઉદ્દેશ દરેક વ્યક્તિ પોતાની વૃદ્ધાવસ્થા દરમિયાન પોતાને માટે તેમજ પોતાના જીવનસાથી માટે યોગ્ય આયોજન કરે, પરિવારો પોતાનાં વૃદ્ધ સભ્યોની સારસંભાળ રાખે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાં. કુટુંબ જે સહાય ઉપલબ્ધ ન કરી શકે તેવી પૂરક સહાય માટે બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને સક્ષમ બનાવવી, વૃદ્ધજનોને માટે આરોગ્ય સંભાળ સેવાઓ ઉપલબ્ધ કરાવવી, વૃદ્ધજનો માટેની - ક્ષ્નીડ્ઢૈંષ્ઠિ - સેવાઓ આપતી વ્યક્તિઓ માટે તાલીમ ઉપલબ્ધ કરવી, આ ક્ષેત્રે સંશોધનો પ્રોત્સાહિત કરવાં અને વૃદ્ધજનો સંપૂર્ણ અને વૃદ્ધજનો સંપૂર્ણ સ્વતંત્ર નાગરિકો તરીકે જીવન જીવી શકે તે માટે આવશ્યક જાગૃતિ પેદા કરવી.

## 3.5 સમાજ કલ્યામાં સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો

સમાજકલ્યાણનું મૂળ સ્વૈચ્છિક કાર્યમાં જ રહેલું છે અને ભૂતકાળથી આજદિન સુધી સદીઓ સુધી તે સ્વૈચ્છિક પ્રયાસોમાંથી જ પાંગર્યું છે. સમાજના હિત માટે સ્વૈચ્છિક કાર્યનો ભારતનો ઈતિહાસ ગૌરવવંતો રહ્યો છે. 'સ્વૈચ્છિક' માટે અંગ્રેજી શબ્દ 'voluntary' વપરાય છે; તેનું મૂળ લેટિન ભાષાના શબ્દ 'voluntas'માં રહેલું છે; જેનો અર્થ થાય છે ''ઈચ્છા'' અથવા ''સ્વતંત્રતા'' હેરોલ્ડ લાસ્કી નામની બ્રિટનના વિશ્વપ્રસિદ્ધ રાજકીય વૈજ્ઞાનિકે, 'મંડપ રચવાની સ્વતંત્રતા'ની વ્યાખ્યા આ પ્રકારે કરી હતી, ''તેઓ જે હેતુઓ માટે રસ ધરાવતા હોય તેને માટે એકત્રિત થવાનો તમામ વ્યક્તિઓ માટેનો સ્વીકૃત કાનૂની હક'', ભારતના બંધારણની કલમ 19 (1) (સી) ભારતના નાગરિકોને મંડળ રચવાનો હક આપે છે. આવો મંડળની રચના કરવાનો હક એ વ્યક્તિની સ્વતંત્રતામાં યોગ્ય રીતે જ અગ્રસ્થાન ધરાવે છે. કોઈપણ બે કે તેથી તેથી વધુ વ્યક્તિઓમાં જે કંઈ સમાન હોય તેવા કોઈપણ હેતુ માટે મંડળ રચવાની ઈચ્છા તે માણસ માટેની સ્વતંત્રતાનો સૌથી વ્યાપક મુદ્દો છે. તેઓ સાથે મળીને કંઈપણ કરવા ઈચ્છે; અથવા તેવું કંઈ સાથે મળીને કરાવવા ઈચ્છે જેનાથી તેઓના પોતાના અથવા જાહેર જનતાનાં હિતોને આગળ ધપાવી શકાય, દમનનો પ્રતિકાર કરી શકાય; અન્યાયનો સામનો કરી શકાય અથવા કોઈ નાનો કે મોટો જાહેર કે ખાનગી હેતુ સિદ્ધ કરવા માટે કાર્ય કરી શકાય. સંયુક્ત રાષ્ટ્રસંઘની પરિભાષામાં સ્વૈચ્છિક સંસ્થાઓને 'બિનસરકારી સંગઠનો'(NGO) તરીકે ઓળખવામાં આવે છે. ક્યારેક તેઓને 'વોલ્ગાસ' અથવા 'ઍગ્સ' (Volgas અને Ags) તરીકે પણ ઓળખાય છે. જેનો અર્થ થાય છે સ્વૈચ્છિક સંસ્થાઓ અને કાર્યજૂથો. સ્વૈચ્છિક સંસ્થાનો અર્થ અનેક જુદી જુદી રીતે ઘટાવાય છે. લોર્ડ બેવરીજના મત અનુસાર, યોગ્ય રીતે કહેવામાં આવે તો સ્વૈચ્છિક સંસ્થાઓ એવાં સંગઠન છે, જેના કાર્યકરોને વેતન ચુકવવામાં આવતું હોય કે ન પણ આવતું હોય તો પણ, તેનું નિયંત્રણ બહારથી નહિ પણ પોતાના સભ્યો દ્વારા જ થતું હોય છે. મેરી મૉરિસ અને મેડેલિન રૉફએ આપેલી વ્યાખ્યાઓ લગભગ એકસમાન જ છે, પરંતુ મેડેલિન રૉફ મેરી મૉરિસની વ્યાખ્યામાં એટલો ઉમેરો કરે છે કે આ સ્વૈચ્છિક સંગઠનોએ, સંપૂર્ણતઃ નહિ તો અંશતઃ પણ સ્વૈચ્છિક સંસાધનોમાંથી પોતાનું સ્રોત મેળવવું જોઈએ.

માઈકલ બેન્ટન તેની વ્યાખ્યા આપતાં, તેને એક સમાન અથવા કોઈ એક હિતની પ્રાપ્તિ માટે સંગઠિત થયેલ જૂથ તરીકે ઓળખાવે છે. ડેવિડ એલ સિલ્સના શબ્દોમાં સ્વૈચ્છિક સંસ્થા એ એવી વ્યક્તિઓનું જૂથ છે જે રાજ્યની કોઈ નિયંત્રણ વિના, પોતાના સભ્યોના સમાન હિતને આગળ ધપાવવા માટે રચવામાં આવેલું સંગઠન છે. નોર્મન જોનસન સ્વૈચ્છિક સેવાઓની વિવિધ વ્યાખ્યાઓને તપાસીને તેની ચાર મુખ્ય લાક્ષણિકતાઓ નીચે પ્રમાણેની હોવાનું જણાવે છે :

(1) તેની રચના લોકોના જૂથ દ્વારા સ્વૈચ્છિક રીતે થાય છે.

(2) તેની શાસન વ્યવસ્થા સ્વ-શાસનની છે, જેમાં નિર્ણયો બંધારણ પ્રમાણે, સેવાના ધોરણે, જાતિ અનુસાર, તેના ક્લાયન્ટ માટે લેવાય છે.

(3) તેની નાણાં-પદ્ધતિમાં અમુક આવક તો અવશ્યપણે સ્વૈચ્છિક સ્રોતમાંથી જ થયેલી હોય છે, અને

(4) તેનાં હેતુઓમાં નફાની પ્રાપ્તિ સમાવિષ્ટ છે.

સિલ્સ જેવા અમુક લેખકોના મતે સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યો માટે તેના કાનૂની દરજ્જાનું ખાસ મહત્ત્વ નથી, પરંતુ ભારતીય સંદર્ભમાં, આવી સંસ્થાઓની હિસાબી/નાણાકીય જવાબદારી જોતાં તેના કાનૂની દરજ્જાનું સવિશેષ મહત્ત્વ છે. ગ્રાન્ટ ચૂકવવા માટે એવી ખાસ શરત મૂકવામાં આવે છે કે જે સ્વૈચ્છિક સંસ્થાઓ અમુક કાનૂન અંતર્ગત નોંધાયેલી હશે તેમજ જે ઓછામાં ઓછાં ત્રણ વરસથી કાર્યરત હશે તેને જ ગ્રાન્ટ માટે પાત્ર ગણવામાં આવશે. સ્મિથ અને ળીમેન સ્વૈચ્છિક સંસ્થાને એવું સંગઠન માને છે કે જે ઔપચારિક રીતે રચાયું છે; લગભગ કાયમી પ્રકારનું છે; તેમજ પ્રમાણમાં ઓછા માળખાગત, બિનઔપચારિક કે અલ્પજીવી પ્રાથમિક જૂથની સરખામણીમાં ગૌણ જૂથની રચના ધરાવે છે. જે સંગઠનોમાં અમુક વિશેષ પ્રસ્થાપિત કાર્યપદ્ધતિ હોય, ચોક્કસ સમયગાળે બેઠકો યોજવાની જોગવાઈ હોય, સભ્યપદ માટે પણ સૂચિત માપદંડ નિયત કરવામાં આવ્યા હોય, જ્યાં કાર્યની ઔપચારિક રીતે વહેંચણી કરી ખાસ કાર્ય માટે વિશેષ વ્યક્તિઓને નિયુક્ત કરવામાં આવતા હોય તેવા સંજોગોમાં તે સંગઠનો વધારે ઔપચારિક ગણી શકાય; પરંતુ, તમામ સંગઠનો એકસરખા પ્રમાણમાં આ તમામ લાક્ષણિકતાઓ ધરાવતા હોય તેવું ન બની શકે; અને જો તેમણે સરકારી ગ્રાન્ટ સ્વીકારવી હોય તો નિયંત્રિત પ્રકારનાં કેટલાંક નિયંત્રણોનો સ્વીકાર કરીને પોતાની સ્વાયત્તતાનો ભોગ આપવો જ પડે છે. ઉદાહરણ તરીકે, ભારતમાં જો આવી સંસ્થાઓએ સમાજ કે રાષ્ટ્રના નિર્માણમાં ફાળો અમલ માટે સરકારી ગ્રાન્ટનો સ્વીકાર કરવાનો હોય તો તેમણે ધર્મ અને રાજકારણથી પોતાની જાતને દૂર રાખવી જ પડે છે. ભારતીય બિનસાંપ્રદાયિકતાની સાથેની આ સુસંગતતા છે. ભારતનું બંધારણ કોઈપણ ધર્મના પ્રચાર માટે રાજ્યનું ભંડોળ ફાળવવાનો સ્પષ્ટ ઈનકાર કરે છે. છેલ્લે, ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ રાષ્ટ્રીય ધ્યેયો - સમાજવાદ, બિનસાંપ્રદાયિકતા, લોકશાહી અને રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે પ્રતિબદ્ધતા દર્શાવવી પડે છે.

સ્વૈચ્છિક સંસ્થાઓની સઘન વ્યાખ્યા આપવાનો પ્રયાસ કરતા પ્રો. એન.આર. ઈનામદાર અવલોકન કરે છે કે ''જો સ્વૈચ્છિક સંગઠને વિકાસના ક્ષેત્રમાં સંગીન પ્રદાન કરવું હોય તો તેણે પોતાના સભ્યોમાં સામુદાયિક વિકાસ માટે મજબૂત ઈચ્છાશક્તિ અને પ્રબળ લાગણી રોપવા પડશે તેમજ આર્થિક રીતે સક્ષમ બનવા માટે તેનું નેતૃત્વ સમર્પિત ભાવનાવાળું અને સખત મહેનત કરનારું હોવું જોઈએ તેમજ તેઓ જે કાર્ય હાથ પર લે તેની તજજ્ઞતાનાં સંસાધન ઉપર તેનો કાબૂ હોવો જોઈએ.''

### 3.5.1 સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યો

લોકશાહી, સમાજવાદી, કલ્યાણલક્ષી સમાજમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું સ્થાન અનિવાર્ય છે અને પોતાના સભ્યોના કલ્યાણક્ષેત્ર માટે, દેશના વિકાસ માટે તેમજ સમાજ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે તેઓ અનેકવિધ કાર્યો હાથ ધરે છે. તેના કેટલાક ઉદ્દેશો અને કાર્યો નીચે દર્શાવ્યાં છે,

(1) મુનષ્ય પ્રાકૃતિક રીતે જ સમૂહમાં રહે છે. સમૂહમાં રહીને જ કામ કરવાનું તેને સ્વભાવગત છે. તેથી જ લોકો પોતાના લાભ અર્થે તેમજ અન્ય લોકોના લાભ અર્થે મંડળો/સંસ્થાઓ/

સંગઠનોની રચના કરે છે અને મનોરંજન પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સામાજિક સેવાઓ વગેરે હાથ ધરીને તેના થકી અર્થપૂર્ણ અને સંપૂર્ણ જીવન જીવવા માટે પ્રયાસ કરે છે.

(2) જ્યાં લોકશાહી વ્યવસ્થા હોય અને બહુવિધ પ્રકારનો સમાજ હોય ત્યાં ઘણીબધી સંખ્યામાં સ્વતંત્ર સ્વૈચ્છિક સંગઠનો/બિન-સરકારી સંગઠનો હોય એ આવશ્યક છે. તેઓ વ્યક્તિઓ અને જુદાં જુદાં ક્ષેત્રોમાં એકાધિકાર સ્થાપવા પ્રયત્નશીલ સરકારની વચ્ચે 'બફર'ની જેમ કાર્ય કરે છે. સ્વૈચ્છિક સંસ્થાના સભ્યો ઉમદા નાગરિકો હોય છે અને તેઓ સરકારના હાથમાં સત્તાની જમાવટ અટકાવવા પ્રયત્નશીલ હોય છે. આમ સત્તાને બ્રેક મારવાનું કામ કરે છે. જ્યાં સ્વૈચ્છિક સંસ્થાઓ સત્તામાં સહભાગી હોય ત્યાં સરકારનો એકાધિકાર આપી શકતો નથી.

(3) સ્વૈચ્છિક સંસ્થાના વહીવટમાં ભાગીદારી દ્વારા સભ્યોને જૂથ દ્વારા અને રાજકીય પ્રવૃત્તિ દ્વારા થતી મૂળભૂત પ્રક્રિયાઓ શીખવે છે.

(4) જે સ્વૈચ્છિક કાર્ય સંગઠિત ધોરણે હાથ ધરાય તે જુદા જુદા રાજકીય કે અન્ય હિત ધરાવતા વ્યક્તિઓ અને જૂથોને સહાયક બને છે; રાષ્ટ્રીય એકતાની લાગણીને મજબૂત બનાવે છે અને ભાગીદારીયુક્ત લોકશાહી ભાવનાને પોષક બને છે.

(5) નાગરિકોની તમામ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે રાજ્ય પાસે પૂરતું નાણા ભંડોળ હોતું નથી કે એટલી માનવશક્તિ પણ હોતી નથી. બીજી તરફ તેમની ન્યૂનતમ જરૂરિયાતો તો પૂરી કરવાની રાજ્યની ફરજ થઈ પડે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સ્થાનિક કક્ષાએ ભંડોળ એકત્ર કરીને નાગરિકોની માંગ પૂરી કરી શકે છે અને લોકોના જીવનને આનંદમય બનાવી શકે છે.

(6) આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ રાજ્યને એવી જવાબદારીઓ અદા કરવામાં સહાયભૂત બની શકે છે, જે જવાબદારીઓ ખરેખર તો રાજ્યે જ બજાવવાની હોય છે; પરંતુ, રાજ્ય પાસે તે માટે પૂરતાં સંસાધનો હોતાં નથી. બીજી તરફ, સ્વૈચ્છિક સંસ્થાઓ આ જવાબદારીઓ વધુ સારી રીતે બજાવી શકે છે. ઉદાહરણ તરીકે, શિક્ષણ એ મૂળભૂત રીતે જ રાજ્યની જવાબદારી છે તેમ છતાં સ્વૈચ્છિક સંસ્થાઓ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે તો તે સરકારી સંસ્થાઓ કરતા ઘણી વધારે છે; તેમજ લવચીકતા, વિવિધ પ્રકારની પ્રયોગશીલતા, અગ્રેસર થવાની તત્પરતા અને અન્ય ગુણવત્તાઓને કારણે તેની ગુણકક્ષા પણ ઊંચી હોય છે. તે જ રીતે આરોગ્ય ક્ષેત્રમાં પણ સરકારની સંપૂર્ણ જવાબદારી હોવા છતાં સ્વૈચ્છિક સંસ્થાઓનું પ્રદાન ખૂબ જ ફળદાયી રહ્યું છે. ખાનગી સખાવતી ટ્રસ્ટો દ્વારા ચાલતી હોસ્પિટલો કે દવાખાનાં સરકારી હોસ્પિટલો કે દવાખાનાં કરતાં બહેતર કક્ષાની આરોગ્ય અને તબીબી સેવાઓ ઉપલબ્ધ કરે છે. આવી ઘણી હોસ્પિટલો ઉત્તમ સારવાર ઉપરાંત દર્દીઓને મફત ભોજન જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરે છે. ગુજરાતમાં અને દેશભરમાં આવી અનેક હોસ્પિટલોની કામગીરી દૃષ્ટાંતરૂપ છે; અને જ્ઞાતિ/જાતિના ભેદભાવ વિના દર્દીઓને સાચવે છે.

(7) આમ, માત્ર સરકારી જવાબદારીવાળાં ક્ષેત્રોમાં જ નહીં; પરંતુ, અન્ય નવી ઊભરતી જતી જરૂરિયાતો, નવાં ક્ષેત્રો વગેરેમાં પણ નોંધપાત્ર કામગીરી બજાવે છે. જે ક્ષેત્રો સતત અવગણનાનો ભોગ બન્યાં હોય ત્યાં પણ સ્વૈચ્છિક સંસ્થાઓ હોંશે હોંશે પહોંચી જાય છે. વિકાસની ક્રાન્તિમાં તે વાહક બને છે. સામાજિક પરિવર્તન ખાતે તે અગ્રેસર રહે છે અને આવા પરિવર્તનની પ્રક્રિયા પણ શાંતિપૂર્ણ અને સરળ રહે તેની કાળજી રાખે છે. વિકાસ અને

વૃદ્ધિના કાર્યોમાં તે રાજ્યને સહાયક બને છે અને રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ માટે નિમિત્ત બને છે.

(8) જે લોકો રાજકારણ કે સરકારથી અલિપ્ત રહીને કામ કરવા માગે છે તેમને સ્વૈચ્છિક સંગઠનો પ્લેટફોર્મ પૂરું પાડે છે. આવી વ્યક્તિઓ સ્વૈચ્છિક સંસ્થાઓના માધ્યમથી પોતાની પ્રતિભા, અનુભવ અને સેવા-ભાવનાનો લાભ સમાજ અને રાજ્યને આપી શકે છે; અને લોકોની જરૂરિયાતો પરિપૂર્ણ કરી તેમની જીવનને સમૃદ્ધ બનાવવામાં સહાયક બની શકે છે.

(9) જે જૂથ રાજકીય વિચારસરણી સાથે નિસબત ધરાવતાં નથી, એક કે બીજા રાજકીય પક્ષમાં ચઢાવ-ઉતાર સાથે જેને નિસબત નથી, જે રાજકીય પક્ષાપક્ષીથી પર છે પરંતુ જેમને રાષ્ટ્રીય નિર્માણના કાર્યોમાં રસ છે અને જેઓ રાષ્ટ્રીય એકતાના ક્ષેત્રે પોતાનો ફાળો આપવા ઈચ્છે છે અને જેઓ બિન-રાજકીય બાબતો પર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે તેવા લોકોને એકસાથે જોડવાનું અને સ્થિર કરવાનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થાઓ બજાવે છે.

(10) તેઓ પોતાના સભ્યોનું શિક્ષણ અને ઘડતર કરે છે જે અંતર્ગત તેમને રાજ્યની નીતિઓ અને કાર્યક્રમોથી અવગત કરે છે, તેમના હકો અને ફરજોનો ખ્યાલ આપે છે, સરકારથી ખોટી જાતિની ટીકા પણ કરે છે અને તેવી જાતિઓથી જેમને અવળી અસર પહોંચવાની શક્યતા હોય તેવા લોકોનાં મંતવ્યોનો સમાવેશ કરી તેમને જરૂરી સમાયોજન માટે પ્રેરિત કરે છે. અનુસૂચિત જનજાતિની સમસ્યાઓ, પર્યાવરણ સંબંધિત સરકારની નીતિ વગેરે તેનાં દૃષ્ટાંતો છે.

(11) વૃદ્ધજનો, વિકલાંગો, મહિલાઓ, બાળકો જેવાં ખાસ જૂથો અને તેમની ખાસ જરૂરિયાતો જે પરિપૂર્ણ કરવાની સરકારની ફરજ અને જવાબદારી છતાં નાણાકીય અપ્રાપ્તિના કારણે સરકાર તે જરૂરિયાતો પરિપૂર્ણ ન કરી શકે તે કરવાનું કાર્ય આ સ્વૈચ્છિક સંસ્થાઓ બજાવે છે. દા.ત. વૃદ્ધજનો માટે Age India and Helpage જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ ચાઈલ્ડ વેલ્ફેર બાળકલ્યાણ ક્ષેત્રે અને ઑલ ઈન્ડિયા ઍક્સ-સર્વિસ-મેન વેલ્ફેર એસોસિએશન નિવૃત્ત લશ્કરીઓ માટે કાર્યરત છે. આવી રીતે હજારો સ્વૈચ્છિક સંસ્થાઓ જુદા જુદા જૂથોના કલ્યાણલક્ષી કાર્યક્રમો માટે કાર્યરત છે.

(12) સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાને સંપૂર્ણ સંતોષ થાય તે પ્રકારે કાર્ય કરવા અને સ્વૈચ્છિક સંસ્થાઓ વધુ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ વ્યક્તિ, જૂથ કે સમુદાય સાથે નિકટનો જ્ઞાતો ધરાવે છે, તેથી તેમને અનુરૂપ કાર્યક્રમ બનાવી શકે છે અને જ્યારે જરૂર જણાય ત્યારે તે મુજબ તેમાં ફેરફાર પણ કરી શકે છે. આમાં તેમનો અનુભવ ખૂબ ખપ લાગે છે. વળી આ પ્રકારનાં કામોમાં તે લોકોની ભાગીદારી પણ અંકે કરી શકે છે, કામમાં માનવીય લાગણી જોડી શકે છે, ઉષ્મા અને સહાનુભૂતિપૂર્વક પોતાનું કાર્ય એક 'મિશન'ની જેમ બજાવી જાણે છે. અમલદારશાહીયુક્ત સરકારી તંત્ર માટે આ સહેલું નથી.

ટૂંકમાં, સ્વૈચ્છિક સંસ્થાઓનું મુખ્ય કાર્ય મંડળ બનાવવાના મૂળભૂત અધિકારને નક્કર સ્વરૂપે અભિવ્યક્ત કરવાનું, લોકો તેમના જૂથો અને સમુદાયોની સાચી જરૂરિયયાતોનો વાજબી અંદાજ લગાવવાનું, પોતાની મેળે જ અથવા સરકારની ગ્રાન્ટ મેળવીને આ જરૂરિયાતો અને માંગ પરિપૂર્ણ કરવાનું, નાગરિકોની ન્યૂનતમ જરૂરિયાતો પૂરી કરવાની રાજ્ય સરકારની જવાબદારીમાં ભાગીદાર બનવાનું, જે ક્ષેત્રો આવરી લેવામાં નથી તે આવરી લેવાનું, જે જરૂરિયાતો પૂરી થઈ નથી તે પૂરી કાળજી,

સરકારના એકાધિકારના વલણને અટકાવવાનું, સેવા-સમર્પણને વરેલા લોકોને કાર્ય કરવા માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરવાનું, જાહેર કાર્યક્રમો, નાગરિક પ્રશિક્ષણ, નાગરિકોને તેમના હક-અધિકાર માટેની જાતમાહિતી આપવાનું, લોકકલ્યાણ માટે સરકારે હાથ ધરેલી વિવિધ કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ અને નીતિઓની લોકોને જાણકારી આપવાનું, જાહેર અભિયાન મારફતે લોકોનો સહયોગ મેળવવાનું, દાન-ભેટ-લોકફાળા મારફતે નાણાભંડોળ એકત્ર કરવાનું, સમાજના ક્ષેત્રે કલ્યાણ માટે બિન-રાજકીય અને બિન-પક્ષીય ધોરણે પ્રવૃત્તિઓ ગોઠવવાનું તેમજ રાષ્ટ્રના નાગરિકોના જીવનને સમૃદ્ધ અને વિકાસલક્ષી બનાવવાનું છે.

### 3.5.2 સ્વૈચ્છિક સંસ્થાઓની મુખ્ય લાક્ષણિકતાઓ

ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓની જે વ્યાખ્યાઓ આપણે જોઈ તેને આધારે સ્વૈચ્છિક સંસ્થાઓની નીચેની લાક્ષણિકતાઓ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

(1) તેની નોંધણી સોસાયટીઝ રજીસ્ટ્રેશન ઍક્ટ, 1980 અથવા ઈન્ડિયન ટ્રસ્ટ ઍક્ટ, 188૨ અથવા કો-ઓપરેટીવ સોસાયટીઝ ઍક્ટ, 1904 અથવા જોઈન્ટ સ્ટોક કંપનીઝ ઍક્ટ 19૫9 નીચે થયેલી હોવી જોઈએ. કયા અધિનિયમ હેઠળ સંસ્થાની નોંધણી કરાવવી તેનો આધાર સંસ્થાને કાનૂની દરજ્જો આપવામાં, સંસ્થા કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવા માગે છે અને તેનો પ્રકાર અને વ્યાપ ક્યાં છે તેના ઉપર આધાર રાખે છે.

(2) દરેક સ્વૈચ્છિક સંસ્થાને પોતાના ચોક્કસ ઉદ્દેશો અને હેતુઓ હોય છે અને તે પ્રાપ્ત કરવા માટે તે અમુક કાર્યક્રમો હાથ ધરે છે.

(3) તેનું પોતાનું વહીવટી માળખું હોય છે અને યોગ્ય પ્રકારે રચાયેલી વ્યવસ્થાપક અને કાર્યવાહક સમિતિ હોય છે.

(4) તે એવું સંગઠન છે જેનું સંચાલન ખુદ તેના સભ્યો દ્વારા જ લોકશાહી સિદ્ધાંતો અનુસાર અને બાહ્ય દખલ કે નિયંત્રણ વિના જ થાય છે.

(5) તે પોતાના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ માટેનું અમુક ભંડોળ સરકારી તિજોરીમાંથી ગ્રાન્ટ સ્વરૂપે મેળવે છે અને અમુક ભંડોળ સભ્યો પાસેથી ફાળા સ્વરૂપે, દાન-ભેટ કે લોકફાળાથી સમુદાય પાસેથી અથવા કાર્યક્રમના લાભાર્થીઓ પાસેથી મેળવે છે.

### 3.5.3 સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચેનો સંબંધ

સરકાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ બંને જરૂરિયાતમંદ લોકોને સમાજકલ્યાણ સેવાઓ ઉપલબ્ધ કરવાના તેમજ દેશના સામાજિક-આર્થિક વિકાસના એકસમાન ધ્યેય સાથે સંકળાયેલાં હોવાથી તે બંને વચ્ચે સુમેળભર્યા સંબંધો હોય તે અપેક્ષિત છે. તેમ છતાં ખરેખર આ સંબંધો જેવા હોવા જોઈએ તેવા પ્રકારના નથી. સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓ ઉપર નિયંત્રણ અને દેખરેખ રાખવા ઈચ્છે તે વાજબી જ છે કારણ કે સરકારે એ સુનિશ્ચિત કરવાનું છે કે તેમણે સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ સ્વરૂપે જ નાણાકીય સહાય ઉપલબ્ધ કરી છે. તેનો ઉપયોગ, તે જે હેતુ માટે મંજૂર કરી છે તે હેતુ માટે જ યોગ્ય પ્રકારે થયેલો હોવો જોઈએ તેમજ તેણે એ પણ જોવાનું રહે છે કે સ્વૈચ્છિક સંસ્થાએ એવા પ્રકારે અને એવી રીતનું વર્તન ન કરે તેમજ એવા ઉદ્દેશો પ્રમાણે ન વર્તે જે જાહેર હિત માટે નુકસાનકર્તા હોય. સરકાર આ સત્તાનો ઉપયોગ અમુક ચોક્કસ મર્યાદામાં રહીને કરે તે તો સમજી શકાય પરંતુ ક્યારેક સરકાર પોતાની આ સત્તાનો ઉપયોગ અમર્યાદિત રીતે એવા પ્રકારે કરે છે જેથી સંવેદનશીલ, સ્વમાની

સ્વૈચ્છિક સંસ્થાઓને તે કાર્યવાહી અપમાનજનક અને સ્વમાન માટે ઘાતક લાગે છે. તેમના ગૌરવને હાનિ પહોંચે છે અને અને તેમની સાથે ગુનેગાર જેવું વર્તન દાખવતા હોવાનો ભાવ પેદા થાય છે, ખૂબ જ જાણીતી અને પ્રતિષ્ઠા ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ સામે પણ સરકારે તપાસ કમિશન નીમીને તેમની સામે રાજકીય બદલાની કે અંગત ખુન્નસની ભાવના રાખી હોય તેવું જણાય છે. ખરેખર તો સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચેનો સંબંધ ભાગીદાર તરીકેનો હોવો જોઈએ અને બંને ''ભાગીદારો''એ એવું વર્તન દાખવવું જોઈએ જ્યાં મુક્ત અને સ્પષ્ટ ચર્ચા કરીને વિવાદોનો ઉકેલ લાવવો જોઈએ; તેમજ એકબીજાના અભિપ્રાય અને મંતવ્યને પરસપર આપ-લેની ભાવનાથી સ્વીકારી તેને યોગ્ય સ્થાન આપવું જોઈએ; તો જ સમાજના વિશેષ બિનલાભાન્વિત લોકોનું અને સમગ્ર સમાજનું હિત જળવાય. વળી આ ભાગીદારીમાં સરકારની ભૂમિકા તો સિનિયર એટલે કે વરિષ્ઠ ભાગીદાર તરીકેની છે. તેણે વધુ મોટું મન રાખવું જોઈએ અને ઉદાર વલણ દાખવવું જોઈએ. સામે પક્ષે સ્વૈચ્છિક સંસ્થાઓની પણ એ નૈતિક અને કાનૂની ફરજ એ છે કે તેઓએ પણ સરકારે જારી કરેલી સૂચનાઓનું પાલન ચુસ્તપણે કરવું જોઈએ, સરકારની માર્ગદર્શિકા અને આચારસંહિતાનું સન્માનપૂર્વક પાલન કરવું જોઈએ જે ખુદ તેમના જ હિતમાં છે તેમજ સમગ્ર રાષ્ટ્રના હિતમાં છે.

## 3.6 સમાજ કલ્યાણની સંસ્થાઓનું વ્યવસ્થાપન

સમાજકલ્યાણના ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકાની અગત્ય બે મૂળભૂત બાબતોના આધાર પર આંકી શકાય, તેનો એક મુદ્દો છે લોકશાહી સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી રાષ્ટ્રીય વિકાસ યોજનાઓના આયોજન અને અમલમાં લોકોની ભાગીદારી. આ યોજનાના ઘડવૈયાઓએ બહુ તીવ્રતમ રીતે યોજનાઓમાં લોકોની ઈચ્છાપૂર્વકની સંમતિ મેળવવા માટેનો આગ્રહ રાખ્યો છે એટલું જ નહિ પરંતુ તે યોજનાઓના આયોજન અને અમલની પ્રક્રિયામાં પણ તેમની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું દર્શાવ્યું છે. બીજા શબ્દોમાં કરીએ તો, આ કંઈ માત્ર લોકોને અથવા આડકતરા પ્રતિનિધિત્વ તરીકે તેમની સંસ્થાઓને સરકારે બનાવેલી બાબત નથી; પરંતુ વિકાસની સમગ્ર પ્રક્રિયામાં સંયુક્ત ભાગીદારીનો પ્રાદુર્ભાવ કરવાની બાબત છે. આમ આ મુદ્દો ભાગીદારીયુક્ત લોકશાહીની વિભાવનાને વાસ્તવમાં ચરિતાર્થ કરવાની દિશાનું એક કદમ છે.

**અગ્ર-ભૂમિકા :** ઉપર દર્શાવેલ મુદ્દો સામાન્યતઃ લોકશાહીયુક્ત તમામ યોજનાઓને એકસમાન ધોરણે લાગુ પડે છે; પરંતુ તેથી પણ આગળ વધીને સમાજકલ્યાણના ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓને અગત્યની ભૂમિકા આપવા માટે અન્ય પણ એક ખાસ વ્યાજબીકરણ રહેલું છે. ભારતમાં, સમાજકાર્યના દીર્ઘ ઈતિહાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ અગ્ર-ભૂમિકા નિભાવી છે. જો કોઈની વ્યક્તિગત મુશ્કેલી હોય, વ્યક્તિગત દુઃખ દર્દની બાબત હોય કે પછી પૂર, અતિવૃષ્ટિ કે દુષ્કાળ જેવી કુદરતી આપત્તિ હોય, સ્વૈચ્છિક સંસ્થાઓએ જ હંમેશા આગળ આવીને પોતાની ફરજ નિભાવી છે. ભૂતકાળમાં રાજ્ય એટલે કે સરકારની ભૂમિકા તો અલગ-અલગ પ્રકારની જ રહી છે; અને જે તે સમયે જે શાસક સત્તા પર હોય તેમની પોતાની ઈચ્છા, મરજી, અભિગમના આધારે જ રાજ્ય ક્યારેક અતિઉદાર વર્તન દાખવતું તો ક્યારેક સાવ બેફીકરાઈ કે અવગણના યુક્ત વલણ રહેતું. આમ સદીઓ સુધી, આવા પ્રસંગોએ, સ્વૈચ્છિક સંસ્થાઓએ જ સામુદાયિક સહયોગ મેળવીને કટોકટીભરી પરિસ્થિતિનો ઉકેલ આણ્યો છે અને રાજ્યની સહાય તો માત્ર નામની જ રહી છે. અલબત્ત, સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ, રાજ્યની ભૂમિકામાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ભારતના બંધારણમાં જ અતિ પ્રગતિશીલ સામાજિક નીતિ સમાવિષ્ટ કરવામાં આવી અને દેશની વિકાસ યોજનાઓમાં પણ કલ્યાણલક્ષી કાર્યક્રમોને યોગ્ય સ્થાન પ્રાપ્ત થયું.

### સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યોનું ઉજળું પાસું

સ્વૈચ્છિક સંસ્થાઓએ ભૂતકાળમાં કરેલી સરાહનીય કામગીરીની નોંધ લઈને સરકારે પણ સ્વૈચ્છિક સંસ્થાઓની તરફેણમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કરીને કલ્યાણલક્ષી કાર્યક્રમોના વિકાસની મુખ્ય જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓને સુપરત કરી છે. સરકારની આ ખૂબ સકારાત્મક નીતિ માટે બીજાં પણ કેટલાંક મહત્વનાં કારણો રહેલાં છે. એમ માનવામાં આવે છે કે કલ્યાણ-રાજ્યની અંદર પણ સરકારનું વહીવટી તંત્ર, કદાચ તે 'સરકારી' હોવાને કારણે પણ પૂરતું 'કલ્યાણલક્ષી' બની શકે નહિ અને તે જ સરકારી ઢબે લાગણીના ખાસ જોડાણ વિના ચીલાચાલુ રીતે સરકારી તંત્ર કામ કરતું રહે. ટૂંકમાં, સ્વૈચ્છિક સંસ્થાની કામગીરીમાં જે 'માનવીય અભિગમ' રહેલો હોય તે સરકારી તંત્રના વહીવટમાં જોવા મળે નહિ. વિશેષ કરીને ક્ષેત્રીય કક્ષાએ આ મર્યાદા સ્પષ્ટપણે નજરે ચઢી આવે. પરંતુ સમાજકલ્યાણની યોજનાઓમાં અંગતપણું વિશેષ જરૂરી બને છે ત્યાં સરકારશ્રીની બિન-અંગતપણુ (Impersonal attitude) મોટી મર્યાદા બનીને રહી જાય. ઉપરાંત બીજો પણ એટલો જ અગત્યનો મુદ્દો છે. તે છે કલ્યાણલક્ષી કાર્યક્રમો માટે તમામ પ્રકારનાં સાધનો અને સંસાધનોનો મોટો હિસ્સો તે કહેવાતા આર્થિક વિકાસના કાર્યક્રમો પાછળ ખર્ચાઈ જતો હોય છે અને તેથી સમાજકલ્યાણની કલ્યાણલક્ષી યોજનાઓ માટે સરકાર પૂરતું નાણાભંડોળ ફાળવી શકતી નથી. આથી આવા કલ્યાણલક્ષી કાર્યક્રમો માટે સામુદાયિક સંસાધનો ભેગાં કરવાનો વિકલ્પ રહે છે. આમ કરવા માટે સ્વાભાવિક રીતે જ સ્વૈચ્છિક સંગઠનો પોતે જે કલ્યાણલક્ષી કાર્યક્રમોનો અમલ કરે છે તે માટે તેઓ જ સામુદાયિક સંસાધનો એકત્ર કરે તેમ અપેક્ષિત છે. આ રીતે સંસાધનો મેળવવાવાના કાર્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓને સારી હથોટી છે. હકીકતમાં, સરકાર કરતા સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાર્યને બહેતર રીતે પાર પાડી શકે છે. સમાજને મન સરકાર એક બિનઅંગત તંત્ર છે જ્યારે સ્વૈચ્છિક સંસ્થા તેમને 'પોતીકી' લાગે છે; તેથી તેમને સમુદાયમાંથી ફાળો મળી શકે છે. વળી જે કંઈ ફાળો આપવામાં આવે તેનો લાભ સીધેસીધો અને તરત જ નજરે જોઈ શકાય તેવો હોય છે. સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યમાં ખૂબ ખૂબ લચીલાપણું હોય છે; તેમની કાર્યપદ્ધતિ સરળ હોય છે; ત્યાં જુદી જુદી પ્રયોગશીલતાના અનુભવ કરવા માટે પૂરતું સ્વાતંત્ર્ય અને છૂટછાટ હોય છે અને તેઓ ઝડપથી નિર્ણય લઈને ત્વરિત કાર્યવાહી હાથ ધરી શકે છે. આમ, આ બધી બાબતોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની કાર્યપદ્ધતિ, સરકારી કાર્યપદ્ધતિથી ભિન્ન અને ચઢિયાતી હોય છે.

### સ્વૈચ્છિક સંસ્થાઓનું અશક્તિકરણ/સુદઢીકરણ

સરકાર તો સ્વૈચ્છિક સંસ્થાઓને કલ્યાણલક્ષી કાર્યક્રમોના આયોજન અને અમલીકરણમાં વધુ સક્રિય ભૂમિકા આપવાની તરફેણમાં છે, પરંતુ સાથે સાથે સરકાર અને સમાજ સ્વૈચ્છિક સંસ્થાઓ પાસે જે અપેક્ષાઓ રાખે છે અને તેમનામાં જે વિશ્વાસ વ્યક્ત કરે છે તેને વાજબી ઠરાવવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પોતાનું ઘર વ્યવસ્થિત બનાવવાની ખૂબ જરૂર છે. સૌ પ્રથમ તો, જે-જે ક્ષેત્રોમાં એક કરતાં વધુ સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓ કાર્યરત છે અને જેઓ એકના એક અથવા સમાન પ્રકારના કાર્યક્રમના અમલમાં રોકાયેલ છે ત્યાં ખાસ્સું સેવાઓનું બેવડીકરણ થાય છે અને ઘણાં ઉપયોગી સંસાધનોનો વ્યય કે બગાડ થાય છે. વળી આને કારણે કોઈ એક વિસ્તારમાં કોઈ અમુક પ્રકારની સેવાઓ વધુ પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે તો બીજા વિસ્તારમાં તે જ સેવાઓની તીવ્ર અછત જોવા મળે છે. બીજું, સ્વયં સ્વૈચ્છિક સંસ્થાઓમાં પણ ઘણીવાર પરસ્પર સંકલનનો અભાવ હોવાથી તેમને સુસ્પષ્ટપણે પોતાનો અવાજ રજૂ કરી શકતાં નથી અથવા એકમતથી અને પૂરતા જોસ અને જુસ્સાથી પોતાનું મંતવ્ય રજૂ કરી શકતાં નથી. આ ઉપરાંત મોટાભાગની સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાની સેવાઓની

ગુણકક્ષા સુધારવાની જરૂર છે. હકીકતમાં, આવી સ્વૈચ્છિક સંસ્થાઓને ગ્રાન્ટ મંજૂર કરતી વખતે જ, તેઓએ તાલીમબદ્ધ કર્મચારીઓને રોકવા પડશે એવી ખાસ શરત ઉમેરવાની જરૂર છે; કારણ કે ઘણી સંસ્થાઓ તાલીમ વિનાના, જૂના વિચારના કર્મચારીઓ મારફતે પોતાની સેવાઓનું સાવ ચીલાચાલુ ધોરણે વિતરણ કરે છે. આથી સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતે જે સેવાઓ સમાજને ઉપલબ્ધ કરે છે તે સેવાઓ માટેના નિષ્ણાત તાલીમબદ્ધ કર્મચારીઓને રોકીને તે સેવાઓ વધુ અસરકારક બને તેવાં પગલાં લેવાં જરૂરી છે; કારણ કે પૂરતી તાલીમ વિના સેવાઓ અસરકારક બની શકે નહિ. બીજી એક અગત્યની બાબત એ પણ છે કે સ્વૈચ્છિક સંસ્થાઓની બાબતમાં તેમના હોદ્દેદારો/વિવિધ સમિતિઓના સભ્યો અને જે-તે સંસ્થાના પગારદાર કર્મચારીઓની ફરજો/જવાબદારીઓ સુસ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂર છે; જેથી બિનજરૂરી દખલ વિના કર્મચારીઓ પોતાની નિયત ફરજ બજાવી શકે. ખાસ કરીને સેવાઓની ટેકનિકલ બાબતોમાં તાલીમબદ્ધ કર્મચારીઓને કામ કરવાની સ્વતંત્રતા પ્રાપ્ત થાય તો જ કામ દીપી ઊઠે.

**ભંડોળ એકત્ર કરવું**

સમાજની બદલાતી જતી આર્થિક સામાજિક પરિસ્થિતિમાં ઘણીવાર સ્વૈચ્છિક સંસ્થાઓને નાણાભંડોળ એકત્ર કરવામાં ઠીક ઠીક મુશ્કેલી અનુભવવી પડે છે. રેણુકા રૉય (1959) સમિતિએ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે નિભાવ અને વિકાસ એમ બંને હેતુ માટે ગ્રાન્ટ આપવાની ભલામણ કરી હતી. આમ છતાંય નિભાવ સંબંધિત વધતા જતા ખર્ચને ધ્યાનમાં લેતા સ્વૈચ્છિક સંસ્થાઓએ આ વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે વધુ ને વધુ રકમનું દાન/ફંડ ફાળો મેળવવા માટે સવિશેષ પ્રયત્નો કરવા જરૂરી છે. ગ્રાન્ટ ઈન એઈડ સ્વૈચ્છિક સંસ્થાઓના ખર્ચ માટે પૂરક સાધન સ્રોત બની શકે પણ તે સંસ્થાઓના તમામ ખર્ચને આવરી લઈ શકે નહિ. હકીકતમાં, સ્વૈચ્છિક સંસ્થાઓએ, પોતાને 'સ્વૈચ્છિક' તરીકે ઓળખવાની લાક્ષણિકતા જાળવી રાખવા માટે પણ, રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાન્ટ પર વધુ પડતો આધાર રાખવો જોઈએ નહિ. સ્વૈચ્છિક સંસ્થાઓ જે સેવાઓ ઉપલબ્ધ કરે છે તે સેવાઓ તો જ સફળ ગણાય, જો તેને માટે સમુદાયમાંથી નાણાકીય અને અન્ય સહયોગ પ્રાપ્ત થતો રહે. અમેરિકા અને કેનેડામાં 'કોમ્યુનીટી ઍક્ટ'ની જે પ્રથા છે તેની ચર્ચા આપણા દેશમાં કેટલોક સમય રાખી હતી. આ પ્રકારની નાણાભંડોળ એકત્ર કરવાની પદ્ધતિનું સૌથી મોટું જમા પાસું એ છે કે તેમાં ઘણી મોટી સંખ્યાના નાગરિકો પાસેથી બહુ જ ઓછા પ્રમાણમાં રકમ મેળવવામાં આવે છે. (પંચકી લકડી, એક કા બોજ). તેમાં અમુક પૈસાપાત્ર વ્યક્તિઓ પાસેથી મોટી મોટી રકમનું ઉઘરાણું કરવામાં આવતું નથી. આ બાબત ધ્યાને લઈને જ ઉપરોક્ત સમિતિએ નીચે પ્રમાણેની ભલામણ કરી હતી :

''સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાના નાણાભંડોળ એકત્ર કરવાના કાર્યક્રમને નવો ઓપ આપવાની જરૂર છે. જેથી કરીને દાન ઉપર આધાર રાખી શકે; નહિ કે અમુક ગણતરીના દાનવીરો પર.''

ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ઑક્સ ફામ, કેર, સીએએ, ડૅનિડા, સીસીએફ, સીડા જેવી આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સંગઠનો પાસેથી પણ મોટી રકમનાં દાન મેળવે છે.

આ મદદ તેઓને રાહત કાર્યો માટે તેમજ જુદા જુદા વિકાસ કાર્યક્રમો માટે મળતી હોય છે. દાનભેટ તરીકે અથવા ધાર્મિક કે સૈદ્ધાંતિક શિક્ષણ માટે આવી સહાય પ્રાપ્ત થાય તો તે બિનવિવાદાસ્પદ છે; પરંતુ જ્યારે તેમને વિકાસ કાર્યક્રમો માટે નાણાં મળે છે ત્યારે સરકાર તરફથી તેને શંકાની નજરે જોવામાં આવે છે. કારણ કે ક્વચિત તેમાં રાજકારણ ભળેલું હોય છે. (જેમ કે મેધા પાટેકરનું 'નર્મદા બચાવો આંદોલન'). આવાં બધાં કારણોસર સરકાર સ્વૈચ્છિક સંસ્થાઓને મળતી વિદેશી સહાય ઉપર

આવકવેરા કાયદાની કલમો, નિયંત્રણ સંબંધિત કાનૂન અથવા નોંધણી સંબંધિત કાનૂન અથવા પરદેશી સહાય (નિયંત્રણ) અધિનિયમ હેઠળ આવી સહાય ઉપર નિયંત્રણો લાદે છે. (તાજેતરમાં નિષ્ઠા સેતલવાદની સંસ્થાને પરદેશી સહાયના હિસાબો રજૂ નહિ કરવા બદલ આવકવેરા ખાતાએ નોટીસ ફટકારી છે.)

સુનિયંત્રણ કોઈપણ કાર્યક્રમનું મૂલ્યાંકન એ કાર્યક્રમ પૂરો થયા પછી હાથ ધરાતી પ્રક્રિયા છે; તેથી આવું મૂલ્યાંકન હાથ ધરાય તો પણ તેની વિશેષ અસર રહેતી નથી; કારણ કે જે તે કાર્યક્રમ કે પ્રાયોજના પૂરાં થઈ ગયાં હોય છે; નાણાભંડોળ વપરાઈ ગયું હોય છે પછી ભલે તે ખોટ રસ્તે વપરાઈ ગયું હોય અને કાર્યક્રમ સાવ દિશાવિહીન માર્ગે ચાલ્યો હોય. (ઘોડા છૂટી ગયા પછી તબેલો બંધ કરવા જેવું). આવાં બધા કારણોસર, કાર્યક્રમ કે પ્રયોજના ચાલુ જ હોય તે દરમ્યાન તેનું સહવર્તી મૂલ્યાંકન થતું રહે તેની જરૂર છે. આવા સહવર્તી મૂલ્યાંકનને સુનિયંત્રણ (મોનીટરીંગ) કહેવામાં આવે છે. આવું સુનિયંત્રણ કાર્યક્રમ કે પ્રાયોજનાની સાથે સાથે જ તે ચાલતું રહે છે; તેથી જ્યારે પણ જરૂર જણાય ત્યારે કાર્યક્રમમાં સુધારણાત્મક પગલાં લઈ શકાય છે; અને સંસાધનોનો બગાડ થતો અટકે છે.

**મૂલ્યાંકન**

મૂલ્યાંકન એટલે સંસ્થાએ જે કંઈ કાર્ય હાથ ધર્યું હોય તેના ઉદ્દેશો પ્રાપ્ત કરવામાં સંસ્થાએ જે-જે કાર્યપદ્ધતિ અને પ્રક્રિયાઓ હાથ ધરી તેના દરેક તબક્કે તેને કેટલી સિદ્ધિ મળી; આ કાર્યક્રમ કે પ્રયોજના કેટલાં ઉપયોગી કે અર્થપૂર્ણ નીવડ્યાં; તેની કેટલી અસરકારકતા ઊભી કરી શકાઈ તેની સમીક્ષા કરીને કાઢવામાં આવેલ તારણ. આમ, મૂલ્યાંકન એ અમુક સમય પહેલાં કરેલ કાર્યવાહીનો અભ્યાસ અને સમીક્ષાત્મક પ્રયાસ છે. તેમાં, તમામ જૂથો વચ્ચે જે સંબંધો વિકસવા તેની ગુણવત્તા અને કક્ષાનું સમીક્ષાત્મક પૃથક્કરણ કે વિશ્લેષણ છે. તેમાં એ અભિપ્રેત છે કે આપણે આપણા ભૂતકાળના સારા કે નરસા અનુભવમાંથી કંઈક શીખવા માંગીએ છીએ અને જો આપણને વિચારણામાં લેવા જેવા પુરાવા પ્રાપ્ત થાય તો આપણે તે કાર્યક્રમના ઉદ્દેશો, ધ્યેયો અને કાર્યપદ્ધતિમાં ફેરફાર કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. કોઈપણ સંસ્થામાં વ્યક્તિઓ કે જૂથોને સતત સુદઢ બનાવવા માટે મૂલ્યાંકન એક ઉપયોગી સાધન બની રહે છે.

કાર્યક્રમની પ્રાપ્તિની સમીક્ષા કરવા માટે મૂલ્યાંકન એક વૈજ્ઞાનિક અભિગમ છે. કાર્યક્રમ માટે જે ઉદ્દેશો અને ધ્યેયો નક્કી કરવામાં આવ્યાં હતાં તે કેટલે અંશે ફળીભૂત થયા તેના માપન માટે મૂલ્યાંકનની પ્રક્રિયા મહત્વની છે; તેમજ તેમાં ક્યાં ક્યાં ખામી રહી ગઈ છે શોધવાનો ઉદ્દેશ પણ તેમાં રહેલો છે. વળી મૂલ્યાંકન દ્વારા જે-તે કાર્યમાં સમુદાયની ભાગીદારી કેટલી રહી તે પણ જાણી શકાય છે અને તેનાં પરિણામે સ્પષ્ટપણે જોઈ શકાય છે. ટૂંકમાં, મૂલ્યાંકન એ પરિણામોનું માપન છે જેથી તેના આધારે ભવિષ્યમાં જે-તે કાર્યક્રમમાં કેવી સુધારણાત્મક કાર્યવાહી કરવી તે નક્કી કરી શકાય છે. આમ, મૂલ્યાંકન દ્વારા કાર્યક્રમને વધુ અસરકારક અને વધુ કરકસરયુક્ત બનાવી શકાય છે.

**કાર્યક્રમ મૂલ્યાંકન સંસ્થા**

વિકાસલક્ષી કાર્યક્રમોના મૂલ્યાંકનની અગત્યતા ઓળખીને ભારત સરકારે, ભારતમાં જ્યારે મોટા મોટા વિકાસ-કાર્યક્રમો શરૂ કર્યા તેની સાથે જ, આયોજન પંચના ભાગરૂપે કાર્યક્રમ મૂલ્યાંકન સંસ્થા - Programme Evaluation Organization પણ શરૂ કરી. આ સંસ્થા મોટાભાગના સરકારી વિકાસ કાર્યક્રમોનું મૂલ્યાંકન હાથ ધરે છે. આ મૂલ્યાંકન અહેવાલોના આધારે, તે પછીની પંચવર્ષીય યોજનાઓમાં, જુદા જુદા વિકાસ કાર્યક્રમોમાં પરિવર્તન કરવામાં આવતાં હોય છે.

## 3.7 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં આપણે મહિલાઓ, યુવાનો અને વૃદ્ધોના કલ્યાણ માટેની વિવિધ સરકારી યોજનાઓ વિશે જાણકારી મેળવી. સમાજ કલ્યાણની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ વિશે માહિતી પ્રાપ્ત કરી સ્વૈચ્છીક સંસ્થાઓના કલ્યાણકારી કાર્યો અને તેના વ્યવસ્થાપન વિશે સમજ મેળવી. સમાજના વિકાસમાં રહેલો સ્વૈચ્છિક સંસ્થાઓના ફાળા વિશે માહિતી મેળવી.

## 3.8 તમારી પ્રગતિ ચકાસો

1. મહિલા કલ્યાણ અને વિકાસના કામોની જવાબદારી સરકારશ્રીના ક્યાં વિભાગને સોંપવવામાં આવી છે ?

   (A) ગૃહ મંત્રાલય (B) NRHM

   (C) મનરેગા (D) મહિલા અને બાળ વિકાસ

2. વિશ્વ મહિલા દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ?

   (A) 14 એપ્રિલ (B) 8 માર્ચ

   (C) 1 ડિસેમ્બર (D) 14 નવેમ્બર

3. કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા કુંટુંબ સલાહ કેન્દ્રનો પ્રારંભ કંઇ સાલમાં થયો ?

   (A) 1993 (B) 1991

   (C) 1995 (D) 1996

4. ભારતના બંધારણની કંઇ કલમમાં નાગરીકોને મંડળ રચવાનો હક આપે છે ?

   (A) કલમ 19(1)(સી) (B) કલમ 18

   (C) કલમ 19(2)(સી) (D) કલમ 18(1)(બી)

5. સ્વૈચ્છિક સંસ્થાની નોંધણી માટેનો નોંધણી સોસાયટીઝ રજીસ્ટ્રેશન એકટ ક્યારે અમલમાં આવ્યો?

   (A) 1985 (B) 1982

   (C) 1980 (D) 1987

## 3.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) મહિલા અને બાળ વિકાસ
2. (B) 8 માર્ચ
3. (A) 1993
4. (A) કલમ 19(1)(સી)
5. (C) 1980

## 3.10 ચાવીરૂપ શબ્દો

- NGO - Non- Government Organization
- જોનીટરીંગ - મુલ્યાંકનને સુનિયંત્રિત કરવું
- નાબાર્ડ - નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર અને રૂપલ ડેવલોપમેન્ટ

## 3.11 સ્વાધ્યાય લેખન

**1. મહિલાઓના કલ્યાણ માટેની વિવિધ સરકારી યોજનાઓ જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**2. વૃદ્ધો માટેની રાષ્ટ્રીય નીતિ સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**3. સમાજ કલ્યાણની સંસ્થાઓનું વ્યવસ્થાપન અને ભંડોળ એકત્રીત કરવાની પદ્ધતિઓ સમજાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 3.12 પ્રવૃતિ

1. પિડિત મહિલાઓ જરૂરીયાત વાળા વૃધ્ધજનો અને સમસ્યાઓથી ધેરાયેલા યુવાનોનું જૂથ બનાવી તેમાં કલ્યાણકારી કાર્યક્રમોનું માર્ગદર્શન આપવું.

2. પાંચ સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત લઇ તેના વ્યવસ્થાપનનું નિરિક્ષણ કરવું.

## 3.13 કેસ સ્ટડી

1. કુટુંબ સલાહ કેન્દ્ર દ્વારા ધરેસું હિંસા પિડિત મહિલાઓ સાથે પરામર્શ કરીને તેમની કેસ સ્ટડી કરવી.
2. નિરાધાર વૃધ્ધજનો સાથે સમય વિતાવી તેમની પરિસ્થિતીનો અભ્યાસ કરવો.
3. પ્રવતમાન સમયમાં સમસ્યાગ્રસ્ત યુવાનોની સ્ટડી કરવી.

## 3.14 સંદર્ભગ્રંથો


1. એનસાયક્લોપીડિયા ઑફ સૉશ્યલ વર્ક : મિનિસ્ટ્રી ઑફ વેલ્ફેર, ગર્વમેન્ટ ઑફ ઇન્ડિયા
2. JRF/NET માહિતી પુસ્તક : શ્રી અચલેન્દ્ર કુમાર, ઉપકાર પ્રકાશન.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-302
# સમાજ કલ્યાણ પ્રબંધ

વિભાગ

# 4

## સામાજિક નીતિ, સેવાઓ અને વ્યવસ્થાપન


એકમ-1 સામાજિક નીતિઓ અને સેવાઓ-૧

એકમ-2 સામાજિક નીતિઓ અને સેવાઓ-૨

એકમ-3 નીતિ, આયોજન અને રચના

**ISBN : 978-81-937666-7-5**


| **લેખક** | |
|---|---|
| **શૈલેષ બ્રહ્મભટ્ટ** | મુલાકાતી અધ્યાપક,<br>એચ.કે.આર્ટસ્ કોલેજ, અમદાવાદ. |
| **શ્રીમતી બીજલ દવે** | આસિસ્ટન્ટ પ્રોફેસર<br>શ્રી સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. સી. જી. સાનન** | કો-ઓર્ડિનેટર, સમાજકાર્ય વિભાગ<br>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવલર્સિટી,<br>પાટણ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી** | નિવૃત્ત પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management and Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

કોઈપણ દેશના સર્વાંગી વિકાસમાં મુખ્ય ફાળો તે દેશના વિકાસના આયોજનનો રહેલો છે. કોઈપણ વિકાસની પ્રક્રિયા કે યોજનાનું યોગ્ય આયોજન પર તેની સફળતાનો આધાર રહેલો છે. એક સમાજકાર્યકર વિદ્યાર્થી તરીકે આપણા દેશની વિકાસની યોજનાઓ એને તેનું આયોજન સમજવું ખૂબ જરૂરી છે.

પ્રસ્તુત ઘટકમાં આપણે જોઈસું કે કોઈ પણ યોજના બનાવતા અને અમલમાં મૂકતાં પહેલા તેનું નક્કર આયોજન કેવી રીતે કરવામાં આવે છે. આયોજનના હેતુઓ, તેની જરૂરિયાત અને તેની પ્રક્રિયા વિશે સમજીશું.

આ ઉપરાંત, ગ્રામિણ વિકાસની વિવિધ કલ્યાણકારી યોજનાઓ, ખાસ કરીને પંચાયતી રાજ અને સંકલિત ગ્રામ વિકાસ યોજના વિશે વિસ્તૃત સમજ મેળવીશું, બાળકો અને મહિલાઓ લક્ષી વિકાસની યોજનાઓ અને તેનું મહત્ત્વ સમજીશું. આ સિવાય બાળકો અને મહિલાઓનો હાલનો દરજ્જો શું છે ? અને વિવિધ યોજનાઓ દ્વારા તેમના દરજ્જામાં વધારો-સુધારો કઈ રીતે થશે તે સમજીશું. તેના દ્વારા સમાજના વિકાસમાં આવતું પરિવર્તન સમજી શકીશું. પ્રયાવરણનો અર્થ, તેની જાળવણીની જરૂરિયાત અને જાળવણી માટેની વિવિધ યોજનાઓ અને જાગૃતિના કાર્યક્રમો વિશે માહિતી મેળવીશું.

અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાતવ્રગનો અર્થ, તેમના માટેની બંધારણીય જોગવાઈઓ, તેમના ઉત્કર્ષની જરૂરીયાત તથા તેમના માટેની કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી મેળવીશું. બીજા એકમમાં આયોજન, નીતિ અને રચનાનો અર્થ, પ્રકાર, લક્ષણો અને જરૂરિયાત વિશે ન્યાય વિશે પરિચય મેળવીશું.

વિદ્યાર્થી મિત્રો, તમે સમાજકાર્યને અભ્યાસ કરીને સમાજના લોકો, સમુદાયો સાથે કામ કરવાના છો. તમારા કાર્યક્ષેત્રમાં તમને અનેક પ્રકારની જરૂરીયાત વાળી વ્યક્તિઓ, સમૂહો કે સુદાયો મળશે. જો વિવિધ સરકારી યોજનાઓ અને તેના અમલીકરણના માળખાની યોગ્ય જાણકારી હોય તો આપ એ જરૂરીયાત મંદોને યોજનાનો યોગ્ય લાભ અપાલી શકશો. પ્રસ્તુત ઘટકમાં આવી અનેક યોજનાઓ વિશે વિસ્તુત જાણકારી આપવામાં આવી છે. જેનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ આપને ખૂબ ઉપયોગી નીવડશે.

**ઘટકના હેતુઓ :**

1. વિકાસ અને તેના આયોજન વિશે વિસ્તૃત સમજ પ્રાપ્ત કરી શકશો.

2. ગ્રામ વિકસની વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી શકશો.

3. મહિલાઓ અને બાળકો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી મેળવી શકશો.

4. અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો માટેની કલ્યાણકારી યોજનાની માહિતી મળવી શકશો.

5. આયોજન, નીતિ અને રચના વિશે વિસ્તૃત સમજ મેળવી શકશો.

6. સામાજિક નીતિ અને સામાજિક ન્યાય વિશે વિસ્તૃત સમજ મેળવી શકશો.

| એકમ–1 | સામાજિક નીતિઓ અને સેવાઓ-૧ |
|---|---|

**: એકમનું માળખું :**

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 વિકાસ આયોજન**

**1.3 સામાજિક સેવાઓ**

**1.4 ગ્રામીણ વિકાસની સેવાઓ**

**1.5 બાળકો અને મહિલાઓની સામાજિક સેવાઓ**

**1.6 ઉપસંહાર**

**1.7 તમારી પ્રગત્તિ ચકાસો**

**1.8 તમારી પ્રગત્તિ ચકાસો જવાબો**

**1.9 ચાવીરૂપ શબ્દો**

**1.10 સ્વાધ્યાય લેખન**

**1.11 પ્રવૃતિ**

**1.12 કેસ સ્ટડી**

**1.13 સંદર્ભગ્રંથ**

## 1.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ જાણવા સમર્થ હશે કે,

(1) સમાજકાર્ય તરીકે સરકારની નીતિ અને સેવાઓની જાણકારી મેળવવી.

(2) ગ્રામીણ ક્ષેત્રે આરોગ્યલક્ષી, શિક્ષણલક્ષી સેવાઓ વિશે જાણવું.

(3) પંચાયતી રાજની વિભાવના અને પરિચય મેળવવો.

(4) સમાજકાર્યકર તરીકે સામાજિક ક્ષેત્રે ઉપયોગી થઈ શકે તે હેતુથી આ પ્રકારનો અભ્યાસ કરવો.

(5) વિકાસ, આયોજન નીતિઓ વિશેના નિયમોનો અભ્યાસમાં મદદરૂપ બનશે.

## 1.1 પ્રસ્તાવના

સામાજિક કાર્ય સાથે સંકળાયેલ સામાજિક કાર્યકર તરીકે સરકાર તરફથી નીતિ સેવાઓ વિશેની જાણકારી હોવી જરૂરી છે. ગ્રામીણ ક્ષેત્રમાં વસતા લોકો સુધી સરકારના લાભો પહોંચી શકે તે માટે નીતિઓ જાણવી જરૂરી રહે છે. ગ્રામીણ ક્ષેત્રમાં વસતા લોકો સુધી સરકારના લાભો પહોંચી શકે તે માટે નીતિઓ જાણવી જરૂરી છે. દેશના શિક્ષણ, આરોગ્ય, દલિત સમુદાય, આદિવાસી સમુદાય વગેરે માટે અનેક નીતિ અને સેવાઓ ઉપલબ્ધ છે. દલિતો અને આદિવાસી તેમજ પછાત વર્ગના લોકો ઉચ્ચ

શિક્ષણ મેળવી શકે અને આરોગ્ય પ્રત્યે જાગૃત થાય તે હેતુથી સરકારશ્રી તરફથી આયોજન થયેલું હોય છે, ભારત 1947માં સ્વાતંત્ર્ય બન્યું તે સમયે સરકાર સમક્ષ વિશ્વયુદ્ધમાંથી અને દેશના વિભાજનમાંથી ઉદ્ભવેલા ટૂંકાગાળાના સવાલો તો હતા જ; પણ, દેશ સામેના લાંબા ગાળાના પ્રશ્નો નિવારવાની તાતી જરૂરિયાત ઊભી થઈ. ઉદ્દેશ, તંત્ર, સ્તર અને વ્યાપ, પ્રક્ષેપો મોડેલ, નીતિ વિષયક માળખું, યોજના ઘડવાની પ્રક્રિયા અને યોજનાનો અમલ સર્વ યોજનાના મૂળભૂત ઘટકો છે.

આ એકમમાં આપણે જોઇશું કે,

વિકાસ ક્ષેત્રેનું આયોજન અને તેના માટેની વિવિધ સામાજિક સેવાઓ. કે જેના દ્વારા સમાજમાં વિકાસ થઇ શકે. તેના માટેનું આયોજન કરવામાં આવે છે. ગ્રામીણ વિકાસ, અને મહિલાઓ અને બાળકો લક્ષી સામાજિક સેવાઓ પણ દર્શાવવામાં આવે છે.

## 1.2 વિકાસ આયોજન

સમાજકાર્યમાં વિકાસ આયોજનને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેની વિચારસરણી સેટલમેન્ટ હાઉસની વિચારસરણી સાથે વધુ સુસંગત છે. વિકાસ મોડેલની શરૂઆત અમેરિકામાં ગરીબોને મદદ કરવાના હેતુસર થઈ હતી. વર્ષ 1900 થી 1935ના સમયગાળામાં ગરીબોની સ્થિઈતમાં પરિવર્તન લાવવાની વચનબદ્ધતા સાથે સ્વૈચ્છિક સમાજ કાર્યકરો, પગારદારો, આગેવાનો, સુધારકો, મજૂર સંગઠનો દ્વારા થયેલું કાર્યનું પ્રભુત્વ હતું. 1965 પછી સામાજિક સુરક્ષાના કાયદાને કારણે સામાજિક સેવાઓના વહીવટ માટે તાલીમબદ્ધ કાર્યકરોની માંગ ઊભી થઈ. આનો મુખ્ય હેતુ લોકોને સક્ષમ કરવાનો અને તેઓની સમસ્યાઓ માટે ટકાઉ સમાધાન શોધવાનો છે. સમાજ સુધારનું આ મોડલ વિકસિત દેશો અને અમેરિકાના ગરીબ લોકો માટે બનાવવામાં આવ્યું હતું. લોકાલીટી ડેવલપમૅન્ટનો હેતુ સામાજિક, આર્થિક સ્થિઈત સુધારવાનો છે. વિકાસ આયોજન એ લોકોના આત્મવિશ્વાસ સમસ્યા સમાધાનની ક્ષમતા વધારે છે. તેમજ તેમની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરે છે. આ પ્રક્રિયામાં મુખ્ય અવરોધ હોય તો તે લોકોનો પરિવર્તન માટેનો ડર લાગે છે, ઉપરાંત પરિવર્તન માટે મદદ ક્યાંથી મળી શકશે તે પણ ડર હોય છે. તેઓની પાયા ધારણા એ છે કે સામુદાયિક પરિવર્તન ત્યારે જ અસરકારક થાય જ્યારે લોકભાગીદારી વધુ હોય, આયોજન સમુદાયના સ્તરે થાય અને તેનો ધ્યેય પણ સમુદાય જ નક્કી કરે.

વિકાસ આયોજનના ઘડતરની દિશામાં જેમ રાષ્ટ્રીય કોંગ્રેસ પ્રયાસો કર્યા હતા. તે જ રીતે તે સંબંધમાં કેટલાક વ્યક્તિગત પ્રયાસો પણ થયાં હતાં. ભારતમાં આઝાદી પહેલા વિકાસ આયોજનનો ઇતિહાસ પણ મહત્ત્વનું કારણ છે. આઝાદી પછી અનેક નિગમો સંસ્થાઓ, ટ્રસ્ટો દ્વારા વિકાસ થયેલા જોવા મળે છે; પરંતુ, આઝાદી પહેલાના વિકાસની વાત કરવી જરૂરી છે.

વિકાસ શબ્દ માત્ર આર્થિક વિકાસના સાંકડા અર્થમાં જોવો જોઈએ નહીં. વિકાસ એ પોતાના ભવિષ્યને ઘડવા માટે, વધારે ઉત્પાદકતા માટે, સમાન આર્થિક વહેંચણી માટે ઉત્પાદક અને ઉપભોક્તા બન્નેને સમાન સુખ મળે તેવી સમગ્ર સમાજની હલચલ-ચળવળ આંદોલન છે. તેમાં સુરૂચિ પૂર્ણ પર્યાવરણ વિકસાવવું તે સૌથી વધારે મહત્ત્વનું છે.

પ્લાનીંગ કમીશન એ જી.ડી.પી. બનાવે છે. ભારતના સંદર્ભમાં જોઈ શકાય તેવું જી.ડી.પી. હોય છે. 1950-51માં માથાદીઠ આવક ભારતમાં રૂ. 1126.9 જેટલી હતી. જે 1989-90 માં વધીને રૂ.2142.1 જેટલી થઈ છે.

**વાર્ષિક ચક્રવૃદ્ધિ વિકાસ દર (1980-81 પ્રમાણે)**

| યોજના | રાષ્ટ્રીય આવક | માથાદીઠ આવક |
|---|---|---|
| પ્રથમ | 3.6% | 1.7 |
| દ્વિતીય | 3.9% | 1.9 |
| તૃતીય | 2.3% | 0.1 |
| ચોથી | 3.3% | 0.9 |
| પાંચમી | 4.9% | 2.6 |
| 1979-80 | 6.0% | 8.2 |
| છઠ્ઠી | 5.4% | 3.2 |
| સાતમી | 5.5% | 3.4 |

માથાદીઠ આવક સ્વાતંત્ર્ય પહેલાના વર્ષ 1860 થી 1945 સુધીના વર્ષમાં માત્ર 0.5 ટકાના દરે વધી હતી. તેની સરખામણીમાં યોજનાકાળ દરમ્યાન તેમાં આવેલ વૃદ્ધિ સંતોષકારક ગણી શકાય. આ પ્રગતિને કારણે પ્રજાના જીવનધોરણમાં પણ કંઈક સુધારો થયો છે. આયુષ્યની જન્મ સમયની અપેક્ષા વર્ષ 1950-51માં પુરૂષ માટે 32.45 વર્ષની સ્ત્રી માટે 58.1 વર્ષ 59.1 વર્ષ થઈ છે. ખાદ્યતેલ, વનસ્પતિ, ચા, કાપડ, ખાંડ, ઘર-વપરાશ માટેની વીજળી આ સર્વેની માથાદીઠ પ્રાપ્તતા વધી છે. શાળામાં જતા બાળકોની સંખ્યા પાંચ ગણી થઈ છે. આરોગ્યલક્ષી સેવાઓનો વિકાસ થયો છે.

**ખેતી અને ઉદ્યોગક્ષેત્રે પ્રગતિઃ-**

ખેતીમાં ઉત્પાદનની ઉત્પાદકતા વધી છે. સિંચાઈની સુવિધાના કારણો જમીન વધુ ખેડાઈ અને ખેતીમાં ઉત્પાદકનું પ્રમાણ વધવા લાગ્યું છે. વર્ષ 1950-51માં બે કરોડ હેક્ટર જમીન સિંચાઈ હેઠળ હતી. આજે સાડા છ કરોડ હેક્ટર કરતાં વધુ જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થઈ છે. સરકારે રાસાયણિક ખાતર, જંતુનાશક દવા, જેવા સાધનો સુલભ બનાવવા પ્રયત્ન કર્યા છે. બેંકો તેમના રાષ્ટ્રીયકરણ બાદ ગામડામાં પહોંચી છે, ગ્રામીણ બેંકો ખોલી છે. સહકારી ધિરાણ વધ્યું અને ધિરાણની સુવિધાઓ પણ વિસ્તરી છે. રૂઢિચુસ્ત ગણાતો ખેડૂત હોંશે હોંશે નવી પદ્ધતિ અપનાવી રહ્યો છે, આમ ખેતી ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આવી છે.

**પ્રાચીન ભારતનું નગરવિકાસ આયોજનઃ-**

ભારત પ્રાચીન કાળથી નગર આયોજન ક્ષેત્રે નિપુર્ણતા ધરાવતું આવ્યું છે. જેના સર્વોત્તમ દૃષ્ટાંત તરીકે આપણે કચ્છના ભચાઉ તાલુકાના ખદીર બેટમાં આવેલા ધોળાવીરાને ગણાવી શકીએ છીએ. પુરાતત્ત્વીય ખોદકામ(ઉત્ખનન) કરતાં આ વિશાળ નગર પ્રકાશમાં આવ્યું છે. શાસક અધિકારીઓનો ગઠ દરબાર ઊંચાઇ ઉપર આવેલો છે. તે ચારે તરફ દિવાલોથી સુરક્ષિત છે. તેના મુજબ ચાર દરવાજા છે. ઉપલા નગરને પણ રક્ષણાત્મક દિવાલો છે. અહી પાંચ ઓરડાવાળા મકાનો મુખ્યત્વે હાથે ઘડેલી ઈંટોના બનાવવાના આવ્યાં છે. મણકા બનાવવાની મોટી ફેક્ટરી મળી આવી છે. જે એમની આ ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા સૂચવે છે. અહીંથી પ્રાપ્ત થતાં અવશેષો પરથી પ્રાચીનકાળમાં આ નગર વેપાર-વાણિજ્યનું મોટું કેન્દ્ર હોવાનું માનવામાં આવે છે. અહી આવેલા અવશેષોમાં તાંબુ ગાળવાની ભઠ્ઠી, ઓજારો બનાવવાના ઉપકરણો, શંખ તેમજ ધાતુની બંગડીઓ, વિવિધ પ્રકારના મણકા, વીંટીઓ, ઘરેણાં વગેરેનો સમાવેશ થાય છે.

**આધુનિકીકરણઃ-**

ઔદ્યોગિક નીતિને કારણે આ સ્થઈગતતા ઉદ્ભવી હતી. ખાસ કરીને યોજનાની સ્વતંત્રતા રૂંધાય એ પ્રકારની અસર સરકારની નીતિની થઈ હતી. તે મન ફાવે તે ઉદ્યોગમાં પ્રવેશી શકતા નથી. પરદેશથી આવતી અગત્યની ચીજવસ્તુઓ દેશમાં બનાવવાની નીતિ સરકારે સ્વીકારી હતી. વિદેશી મુદ્રાની અછત હતી તેથી ઘણી ચીજોની આયાતો પર પ્રતિબંધિત હતાં. રક્ષણની આ છત્રી હેઠળ બિનજરૂરી ચીજો બનાવતા દેશમાં ઉદ્યોગ વિકસ્યાં. વળી પરદેશની હરીફાઈનો દેશની ઔદ્યોગિક પેઢીઓને ભય રહ્યો નહીં.

દેશની બચતનું યોગ્ય રીતે રોકાણ કરવાના ઉદ્દેશથી માંગ અનુસાર જરૂરી પેઢીઓને જ ઉત્પાદન શરૂ કરવાના કે વિસ્તારવાના લાયસન્સ અપાતા તે મોટેભાગે ચાલુ પેઢીઓ જ હસ્તગત કરી લેતી. ચાલુ પેઢીઓને દેશમાંની આંતરિક હરીફાઈનો સામનો પણ કરવો પડતો નથી. આંતરિક અને બાહ્ય હરીફાઈના અભાવવાળા વાતાવરણમાં ઔદ્યોગિક પેઢીઓને ઉત્પાદન-ખર્ચ કે ગુણવત્તાની ઉપેક્ષા કરી કાર્યક્ષમતાનો અભાવ ઔદ્યોગિક જગતની લાક્ષણિકતા બની રહ્યો છે.

આ નીતિઓમાં 1975 પછી પરિવર્તન આવતું ગયું તેમ ઉદ્યોગ વિકાસમાં વેગ મળતો રહ્યો.

**સ્વાવલંબનઃ-**

દેશ અને ગામનો યોગ્ય રીતે વિકાસ કરવો, જેથી બીજા-દેશનો સહારો લેવો ન પડે અને દેશને અથવા ગામને સ્વાવલંબન બનાવો, જેથી દેશનો આપો આપ વિકાસ થશે.

પરદેશ પર આધાર ન રાખવાની આકાંક્ષાઓનો આપણી આર્થિક નીતિના ઘડનાર રાજપુરૂષો પર પ્રભાવ રહ્યો છે. રાજકીય કે નીતિ વિષયક નિર્ણય લેવાની સ્વાયત્તતા જાળવવાની ચિંતા આ પાછળ રહી હતી. તદ્ઉપરાંત ખેતી ક્ષેત્રે અન્નની જરૂરિયાતો 9.2% હિસ્સો આપણે આયાત દ્વારા મેળવતા હતા. 1991માં 0.4% જેટલું આ પ્રમાણ થઈ ગયું છે. આ નોંધપાત્ર સિદ્ધિ ગણાય.

સંરક્ષણની દૃષ્ટિએ ઉપયોગી સરંજામ બનાવવાના કામમાં પણ આપણી સ્વનિર્ભરતા વધી છે. અણુમથકોની ડિઝાઇન તે માટે જરૂરી સામગ્રીનું ઉત્પાદન અને તેને ચાલુ કરવાના કામમાંથી આપણે ઠીક ઠીક સ્વનિર્ભર છીએ. હેવી વોટર સહિતની આને લગતી આનુષંગિક ચીજ-સેવાઓમાં સ્વાયતત્તા વધતી જાય છે. ઉપગ્રહની રચનાને અવકાશમાં તેમને ફંગોળવાની કામગીરીમાં આપણું કૌશલ્ય વધતું ગયું છે. યંત્રોની જરૂરિયાતોનો મોટોભાગ આપણે આંતરિક ઉત્પાદનમાંથી મેળવીએ છીએ. નાઇટ્રોજન અને ફોસ્ફરસયુક્ત ખાતરોના વપરાશમાં આયાતોનું મહત્ત્વ ઓછું થયું છે. આંતરીક ઉત્પાદન મહત્ત્વનું બન્યું છે. પોટાશયુક્ત ખાતર માટે આપણે હજી પરદેશો પર વધુ પડતો આધાર રાખીએ છીએ.

## 1.3 સામાજિક સેવાઓ

સામાજિક સેવાઓ પ્રત્યે સરકાર દ્વારા પૂરતા પ્રમાણમાં મહત્ત્વ આપવામાં આવે છે; પરંતુ, ગ્રામીણ ક્ષેત્રે થોડાક અંશે સામાજિક સેવાઓનો અભાવ જોવા મળે છે. વસ્તી વૃદ્ધિ વિશ્વની આર્થિક સમસ્યાના લીધે ગ્રામીણ ક્ષેત્રનો વિકાસ રૂંધાઇ જાય છે. ગ્રામીણ ક્ષેત્રમાં રહેલી અંધશ્રદ્ધાના કારણો સામાજિક વિકાસ શક્ય નથી. અંધશ્રદ્ધાના પ્રમાણે ગ્રામીણ વિકાસમાં અવરોધ પેદા કર્યો છે.

**વાહન વ્યવહાર :-**

ગ્રામીણ ક્ષેત્રમાં પૂરતા પ્રમાણમાં વાહન-વ્યવહારની સગવડ જોવા મળતી નથી. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે મુશ્કેલી સર્જાય છે, જેના કારણે વિકાસ રૂંધાય છે.

**શિક્ષણ સેવાઓ :-**

ભારતની આઝાદી પહેલા દેશની શિક્ષણની સ્થિઈત ખૂબ જ ખરાબ હતી; પરંતુ, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીના યુગમાં આજે ગામડાંઓ દેશ-વિદેશ સાથે જોડાણ કરી શક્યાં છે. ટી.વી., મીડિયા, કમ્પ્યુટર, મિસાઈલ, રેડિયો, ઈન્ટરનેટને લીધે ગામડાના લોકો વિશ્વની નજીક આવી ગયા છે.

**રોજગારીની તકો:-**

ભૂતકાળમાં ગ્રામીણ લોકો ખેતી પર પોતાનું જીવન જીવતાં હતાં. ભારત ખેતી પ્રધાન દેશ છે અને દેશના 80% લોકો ગામડામાં રહે છે. ગ્રામીણ ક્ષેત્રના લોકોનો મુખ્ય વ્યવસાય તરીકે ખેતીને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. નર્મદા યોજના, સિંચાઇ યોજનાના કાર્યોથી આજે ગામડાઓ સમૃદ્ધ થયાં છે. શહેરી વિસ્તારોમાં રોજગારીની તકો ઉપલબ્ધ થઈ છે. વિજ્ઞાનયુગમાં રોજગારીની પુષ્કળ તકો જોવા મળે છે. ઓટો-મોબાઇલ, ઈન્ટરનેટ, કમ્પ્યુટર ક્ષેત્રે રોજગારીની તકો જોવા મળે છે. ગ્રામીણ ક્ષેત્રે પાણી પૂરતાં પ્રમાણમાં મળતું હોવાથી લોકો સમૃદ્ધ થયાં છે. ગ્રામીણ ક્ષેત્ર દૂધ ઉત્પાદનમાં અગ્રેસર છે. એશિયામાં ભારત એ એક એવો દેશ છે કે જ્યાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરી શકે છે. સરકાર દ્વારા સખીમંડળો, યુવા મેળાઓ, રોજગાર મેળાઓ દ્વારા રોજગારીની તકો વધી છે.

**વિજળીની સુવિધાઓ:-**

ગુજરાતમાં વર્ષ 1975 પછી વીજળીની સુવિધાઓ જોવા મળી છે. આઝાદીના વર્ષ પછી દેશમાં વીજળી મળી રહે તે માટે સરકાર તરફથી ખૂબ સારા પ્રયત્નો કરવામાં આવ્યાં છે. ગામડાઓમાં પાણી, ખેતી અને જીવન જરૂરિયાતને પહોંચી વળવા માટે વિજળીએ મુખ્ય ભૂમિકા ભજવે છે. શિક્ષણ, આરોગ્ય અને સિંચાઇના સાધનોને પહોંચી વળવા માટે આજે દરેક ગામડાઓમાં વીજળી પૂરતાં પ્રમાણમાં મળી રહે છે. વીજળીની સુવિધા દ્વારા ખેડૂતને 24 કલાક વિજળી મળતા ખેત ઉત્પાદન સમયસર મેળવી શકાય છે.

**આરોગ્યલક્ષી સેવાઓ:-**

આરોગ્યએ પાયાની જરૂરિયાત ગણાય છે. આજે સરકારના પ્રયત્નોથી આરોગ્યલક્ષી કાર્યક્રમો, યોજનાઓ, આયોજન, રસીકરણનું ખૂબ સારી રીતે વિકાસ થયો છે. માતાના અને બાળકની જાળવણી માટે અલગ-અલગ યોજનાઓ ચલાવવામાં આવે છે. બાળ સખા, ચિરંજીવી યોજના, માતા વાત્સલ્ય, ખીલખીલાટ જેવી અનેક યોજનાઓ થકી આરોગ્યલક્ષી સેવા સરળ અને ઝડપી મળી રહે એ તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. 24 કલાક તાત્કાલિક સારવારની સગવડ કરવામાં આવી છે. ગ્રામીણ ક્ષેત્રે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સગવડ ઊભી કરવામાં આવી છે. લોહીની તપાસ, ડિલીવરી, એક્શ-રે, કિડની, કેન્સર, એચ.આઈ.વી. એઈડ્સ જેવા રોગોની તપાસ અને નિદાન નિઃશુલ્ક થાય છે. ગ્રામીણ વિકાસમાં આરોગ્યલક્ષી સેવાઓ ખૂબ જ મહત્ત્વની હોય છે અને તેના માટે સરકાર દ્વારા ખૂબ સારા પ્રયત્નો થતાં હોય છે.

ગ્રામીણ પછાતપણાને નિવારવા ભૂતકાળમાં જે પ્રયત્નો કરવામાં આવ્યા હતા એ અનેક સમસ્યા અને એક સંસ્થા માટે મર્યાદિત હતા. છૂટી છવાઈ સંસ્થાઓ એક-બે સમસ્યા લઈને કામ કરતી હતી; પરંતુ, આજે આવી સંસ્થાઓ પણ સામાજિક સેવાઓમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગ્રામવિકાસ માટે અસરકારક વ્યૂહરચના ગોઠવવી હોય તો ગામના બધા જ પાસાંઓનો ઊંડાણથી અભ્યાસ કરવો જોઈએ. સામાજિક, આર્થિક અને માનસિક મુદ્દાઓને હલ કરવા જ જોઈએ. ગ્રામીણ વિકાસ માટેના પેકેજ પ્રોગ્રામ ખેતીના વિકાસ માટેની યોજનાઓ અને તેને આનુષંગિક કાર્યક્રમો, ગ્રામોદ્યોગ, આર્થિક મદદો,

શિક્ષણને વિકસાવી શકાય છે. બાલવાડી ઠક્કરબાપા સેવા સરિતા યોજના ગૃહનિર્માણમાં નાણાંકીય સહાય, કન્યાઓ માટે કુંવરબાઈનું મામેરૂ, સમૂહલગ્ન, પ્રોત્સાહક પુરસ્કાર યોજના વગેરે દ્વારા સહાય અને રક્ષણ આપવામાં આવે છે. આર્થિક રીતે પછાત વર્ગમાં કુટુંબની વાર્ષિક આવક ઓછી હોય તો આર્થિક પછાત વર્ગ યોજના દ્વારા મળતા લાભો મળવા પાત્ર હોય છે.

**અનામત બેઠકો :-**

કાયદા દ્વારા અસ્પૃશ્યોના આચરણમાં આમૂલ પરિવર્તન આણી તેમને અન્ય પ્રજા જેવા જ હક્કો પૂરા પાડી તેમના કલ્યાણની જોગવાઈ પણ કરવામાં આવી છે. અનામત બેઠકો ગ્રામ પંચાયતોથી માંડી લોકસભા સુધીની સુવિધા કરવામાં આવી છે. શાળા, કૉલેજોમાં પ્રવેશ મળી શકે તે માટે સુવિધાઓ કરવામાં આવી છે. નોકરીમાં પણ સ્થાન મળી રહે તે માટે અનામત આપવામાં આવે છે. ઉપરાંત પંચાયતધારામાં સામાજિક ઉપાય સમિતિની રચના અને કાર્યોની જોગવાઈ કરવામાં આવી છે.

**સરકારી અને ગ્રાન્ટ લેતી વિવિધ સંસ્થાઓઃ-**

સામાજિક કાયદાઓના અમલ ઉપરાંત સમાજ સુરક્ષા વિભાગ વિવિધ કાર્યક્રમો યોજે છે. સરકારે મહિલા અને બાળકલ્યાણના કાર્યક્રમો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા ઓક્ટોબર 1988થી મહિલા અને બાળવિકાસની શરૂઆત કરી. તેમજ ગુજરાત રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર બોર્ડ પણ મહિલાઓ અને બાળકોને લગતી કામગીરી કરે છે. બાળ કલ્યાણ જુવેનાઇલ વેલ્ફેર બોર્ડ, ઘોડિયા ઘર, અનાથ, શિષ્યવૃત્તિ, અનાથાશ્રમની કન્યાના લગ્ન માટે સહાય, કેદી સહાય, સંરક્ષણ ગૃહો ચાલુ કરવામાં આવ્યા છે. નૈતિક અને સ્વાસ્થ્ય કાર્યક્રમના ભાગરૂપ નારી સંરક્ષણ ગૃહો ચલાવવામાં આવે છે.

**અપંગોના કલ્યાણ માટે સંસ્થાઓઃ-**

અપંગોના કલ્યાણનું કાર્ય કરતી ગુજરાતમાં 105 સંસ્થાઓ છે. અંધ, બહેરા મૂંગા, વિકલાંગ અને માનસિક ક્ષતિવાળા અપંગો માટેની સંસ્થા છે. જે તેઓના કલ્યાણનું કાર્ય કરી રહી છે. અપંગો માટે શિષ્યવૃત્તિ સહાય અને પુનઃસ્થાપન કાર્યક્રમ યોજવામાં આવે છે. વિનામૂલ્યે મુસાફરીની રાહત આપવામાં આવે છે. ગુજરાતમાં છ વૃદ્ધાશ્રમો સરકારી ગ્રાન્ટથી ચાલે છે. વૃદ્ધ પેન્શન યોજના, અકસ્માત વીમા યોજના, વ્યસનમુક્તિ કેન્દ્ર, મહિલા સુરક્ષા એવોર્ડ વગેરે યોજનાઓ ચલાવવામાં આવે છે.

ભારત સરકારે બાળકો, સ્ત્રીઓ, અપંગો, અનુસૂચિત જાતિ અને સામાજિક રીતે પછાત વર્ગો, નબળા વર્ગો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. ભારત દેશએ ખરેખર 'કલ્યાણ રાજ્ય' ગણી શકાય છે.

## 1.4 ગ્રામીણ વિકાસની સેવાઓ

સમાજકાર્ય શરૂઆતથી જ માનવજીવનનું અભિન્ન અંગ છે. સામાજિક વિઘટનને દૂર કરવા ઉપાયો, સાધનો, સલાહ વગેરેને સમાજકલ્યાણ કહેવામાં આવે છે. આના પ્રકારના કાર્યક્રમો દ્વારા કહેવામાં આવે છે. આવા પ્રકારના કાર્યક્રમો દ્વારા સામાજિક કુરિવાજો, બુરાઇઓના નિવારણ માટે ઉપાયોને સ્વીકારવામાં આવે છે. ભારતીય બંધારણ માટે સામાજિક કલ્યાણ માટે કેટલીક સુવિધાઓ આપવામાં આવી છે.

ગ્રામીણ વિકાસ પાછળ ખેતીનો બહુ મોટો ફાળો છે. ગામડાંઓના અર્થવ્યવસ્થામાં કૃષિ મુખ્ય આધાર છે. ગામડાંઓનો વિકાસ અને રોજગાર એકબીજા પર આધારિત છે. જે વ્યક્તિ પાસે રોજગાર નથી તે વિકાસશીલ બની શકે નહી અને સાથે સાથે સામાજિક, આર્થિક સંતુલન બગડી જાય છે.

ગ્રામ વિકાસને સરકાર તરફથી અગ્રતાક્રમ મળેલ છે. ગ્રામવિકાસ પર ભાર દેવામાં આવેલ છે તે કંઇ નવું નથી. સ્વરાજ પૂર્વે પણ ગાંધીજીએ ભારપૂર્વક કહ્યું હતું કે જો ભારત સમગ્રનો વિકાસ સાધવો હશે તો ગ્રામ વિકાસને વિકસાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં ગ્રામીણ ગરીબો ભયંકર ગરીબીમાં જીવી રહ્યાં છે. સ્વાતંત્ર્ય અને પંચવર્ષીય યોજનાઓએ તેઓને બહુ ઓછા લાભ આપેલ છે અને તેઓની જુની રહેણીકરણીમાં બહુ થોડા ફેરફાર થયા છે. જે પ્રયત્નો ધીમી ગતિથી કરવામાં આવ્યા હતા અને ગ્રામ વિસ્તારોની મુશ્કેલીઓ જે સ્થળ પ્રમાણે ભિન્ન હોય છે તે પર ધ્યાન આપવામાં આવ્યું ન હતું. ગ્રામવિકાસનું કામ સરળ નથી, માત્ર આર્થિક સમસ્યાઓના કારણે જ નહી પણ બંધીપાર ખેતી અને તેને આનુંષગિક કાર્યના અભાવ સાથે સામાજિક અને બૌદ્ધિક સમસ્યાઓ ગૂંચવાઇ ગઈ હોવાના કારણે પણ લગભગ 29 % જેટલી વસ્તી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની છે. પરિણામે જડતા અને ઉદાસીનતા એ ઊંડી જડ ઊભી કરી હતી.

ગામડાઓના વિકાસ પછી જ ભારતનો વિકાસ સંભવ છે. ગ્રામીણ વિકાસ પાછળ ખેતીનો બહુ મોટો ફાળો છે. ગામડાઓની અર્થવ્યવસ્થામાં કૃષિ મુખ્ય આધાર છે. ગામડાઓનો વિકાસ અને ભારત દેશએ ગામડાઓનો બનેલો દેશ છે. રોજગાર એકબીજા પર આધારિત છે. જે વ્યક્તિ પાસે રોજગાર નથી તે વિકાસશીલ બની શકે નહી અને સાથે એમનું આર્થિક, સામાજિક સંતુલન બગડી જાય છે.

સમાજકાર્ય શરૂઆતથી જ માનવજીવનનું અભિન્ન અંગ છે. સામાજિક વિઘટનને દૂર કરવા ઉપાયો, સાધનો, સલાહ વગેરેને સમાજકલ્યાણ કહેવામાં આવે છે. આવા કાર્યક્રમો દ્વારા સામાજિક કુરિવાજો, બુરાઈઓના નિવારણ માટે સામાજિક વિઘટનને દૂર કરવા ઉપાયો, સાધનો, સલાહ વગેરેને સમાજકલ્યાણ કહેવામાં આવે છે. આવા કાર્યક્રમો દ્વારા સામાજિક કુરિવાજો, બુરાઈઓના નિવારણ માટે ઉપાયોને સ્વીકારવામાં આવે છે. ભારતીય બંધારણ માટે સામાજિક કલ્યાણ માટે કેટલીક સુવિધાઓ આપવામાં આવી છે.

"ગ્રામીણ વિકાસ એક એવી રણનીતિ છે જે વિશેષ સમૂહ કે લોકોને નિર્ધન ગ્રામીણો લઘુ એવમ સીમાંતર ખેડૂતો તથા ભૂમિ હિતોના સામાજિક આર્થિક જીવનમાં સુધારો કરે છે."


**- વર્લ્ડ બેંક**

"ગ્રામીણ વિકાસ એક એવી રણનીતિ છે જે વિશેષ સમૂહ કે લોકોને નિર્ધન ગ્રામીણ સ્ત્રી-પુરુષને એવી રીતે યોગ્ય બનાવે છે કે જે લોકો એમના બાળકો માટે અને એના પોતાના માટે એમની આવશ્યકતા અનુસાર સેવા મેળવી શકે છે."

**- રોબર્ડ ચેમ્બસ**

**સંકલિત ગ્રામ વિકાસમાં ગ્રામજનો માટે યોગ્ય જીવનધોરણ**

**ગ્રામીણ વિકાસ**



ગ્રામવિકાસ કરવો હોય તો તે સંકલિત જ છે. સંકલિત ગ્રામવિકાસ ગ્રામ-લોકોના ભૌતિક સુખો અને સમૃદ્ધિ માટે રાષ્ટ્રીય અને માનવીય સ્ત્રોતોનો યોગ્યતમ ઉપયોગ કરવામાં આવે છે. આયોજન અને અમલીકરણની પ્રક્રિયા દ્વારા ગ્રામવિકાસ માટે ઇચ્છિત પરિણામો મેળવવા યોગ્ય વ્યૂહરચના ઘડવી જરૂરી બની રહે છે.

**સરકારની ભૂમિકા :-**

વિવિધ વિસ્તારોમાં આવેલા કૃષિ અને ગ્રામ કારીગરોની ઉત્પાદકતામાં વધારો કરવાના અને ગ્રામીણ ગરીબો માટે રોજગારીની તકો વધારવાના વિવિધ કાર્યક્રમોની પહેલ વર્ષોથી સરકાર જ કરતી આવે છે. મધ્યસ્થ સરકાર અને રાજ્ય સરકારે શરૂ કરેલ બધા જ કાર્યક્રમોનો મુખ્ય હેતુ ખેડૂતો, ખેતમજૂરો, ગ્રામકારીગરોનો સંકલિત વિકાસ કરવાનો હોય છે.

**સરકારી યોજનાઓઃ-**

**(1) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના**

આર્થિક વિકાસ માટે જે કાર્યક્રમોને મહત્ત્વનું સ્થાન આપે છે, તે છે રસ્તા, આર્થિક વિકાસ, ગ્રામીણ વેપાર, રોજગાર, સ્વાસ્થ્ય તેમજ શિક્ષણ વિસ્તારમાં પ્રધાનમંત્રી સડક યોજના મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સરકારે ડીસેમ્બર 2000 માં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત કરી હતી. દસમી યોજનાના અંત સુધી(2001) 500 વ્યક્તિથી વધુ વસ્તીવાળા ગ્રામીણ વિસ્તારમાં સડકોનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. માર્ચ, 2004 સુધી 20,740 કિ.મી. રસ્તાઓ આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યાં હતાં.

**(2) સ્વર્ણજયંતિ ગ્રામ સ્વયં રોજગાર**

ગ્રામ વિસ્તારોની મુખ્ય ઋતુ પ્રમાણે બેરોજગારી અને અર્ધરોજગારી છે. તેથી ગ્રામીણ કારીગરો માટે ખેતી અને તેને આનુષંગિક વ્યવસાયોના સુધારેલ ટૅકનૉલૉજી અપનાવીને તેને ઘનિષ્ઠ અને વિવિધલક્ષી બનાવીને સંપૂર્ણ રોજગારી આપે તેમ કરવું પડશે. આ યોજનાનો મહત્ત્વનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગાર અને અર્ધબેરોજગારો માટે વર્ષ દરમ્યાન 3000 થી 1000 લાખ માનવ દિવસની રોજગારી ઉત્પન્ન કરવામાં આવી છે.

**(3) ઇન્દિરા આવાસ યોજના**

1985-86 માં ઇન્દિરા આવાસ યોજના શરૂ થઈ હતી. જેનો મુખ્ય હેતુ ગરીબ રેખા નીચે જીવન જીવતા અનુસૂચિત જાતિ, જનજાતિ લોકોમાં મુક્ત આવાસની સુવિધાઓ પુરી પાડવાનો હતો. ઇન્દિરા આવાસ યોજનામાં યુદ્ધમાં મૃત્યુ થયેલ જવાનો(શહીદ જવાનો)ના પુનઃવસન કરવાનું નક્કી થયેલું છે. આ યોજના દ્વારા 6% વિકલાંગ વ્યક્તિઓને ફાળવામાં આવેલ હતા. યોજનાની ભૌતિક અને દ્વિતીય ઉપલબ્ધિઓને તાલીમ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે.

**(4) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર**

1980 થી સંકલિત ગ્રામવિકાસ યોજના સમગ્ર દેશના બધા જ રાજ્યોમાં શરૂ કરવામાં આવી છે. આ યોજનાના લાભમાં હતો, ને વિવિધ ગ્રામ વ્યવસાયો, પશુપાલન, મત્સ્યઉછેર, રેશમ ઉત્પાદન, મત્સ્યઉદ્યોગ, ગ્રામ કારીગરી વગેરે માટે ઉત્પાદક સાધનો મેળવવા માટે લોન અને સબસીડી આપવામાં આવે છે. ધિરાણ, ટૅકનીકલ માહિતી, તાલીમ બજારવ્યવસ્થા માટે મદદ કરવામાં આવે છે.

### (5) જિલ્લા ગ્રામ વિકાસ સંસ્થા

જિલ્લા મથક પર જીલ્લા વિકાસ સંસ્થામાં પરિયોજના પ્રશાસન સેવામાં પદાધિકારી પ્રસ્થાપિત કરવામાં આવે છે. 1980થી જિલ્લા વિકાસ સંસ્થાની રચના કરવામાં આવી અને નાના સીમાંત ખેડૂતો, ભૂમિવિહીન ખેતમજૂરો અને શ્રમિકોને ખેતી સિંચાઈ, પશુપાલન, રોજગાર માટે લોનની સેવા આપવામાં આવે છે. નાના પાયાના ખેડૂતો અને ગ્રામીણ વિકાસના કાર્યક્રમોને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યાં છે.

### (6) રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ

આ કાર્યક્રમમાં જુદી-જુદી કેન્દ્ર તરફથી મદદ કરવામાં આવે છે. જેમને ગરીબ પરિવારો માટે સેજી કમાવવાવાળી વ્યક્તિના મૃત્યુ સમયે 5000 અને દુર્ઘટના સમયે 10,000 આપવામાં આવે છે.

ગરીબ કુટુંબ મહિલાઓના હેઠળ જીવિત બાળકો માટે 300 રૂપિયા માતૃત્વ સહાય આપવામાં આવે છે. 65 વર્ષ અને એનાથી વધુ ઉંમરના ગરીબ અને નિઃસહાય વ્યક્તિને 150 રૂપિયા પ્રતિમાસ પેન્શન આપવામાં આવે છે.

આ સિવાય અન્ય કાર્યક્રમો દ્વારા ગ્રામીણ વિકાસ થઈ શકે છે. દા.ત.

1. સામુદાયિક વિકાસ કાર્યક્રમ
2. પોષક આહાર કાર્યક્રમ
3. સુકાગ્રસ્ત વિસ્તાર કાર્યક્રમ
4. રણવિસ્તાર વિકાસ કાર્યક્રમ
5. પહાડીપ્રદેશ વિકાસ કાર્યક્રમ
6. રાષ્ટ્રીય ગ્રામ રોજગારી કાર્યક્રમ
7. કૃષિ બજારવિકાસ કાર્યક્રમ
8. પશુ ઉત્પાદન કાર્યક્રમ
9. ગ્રામયુવક સ્વરોજગારી તાલીમ યોજના
10. ગ્રામ ટૅકનૉલૉજી કાર્યક્રમ

### (7) PURA (Provisions of Urban Amenities in Rural Area)

આ કાર્યક્રમ હેઠળ શહેર જેવી સુવિધાઓ ગામડાઓ સુધી પૂરી પાડીને ગામડાનો વિકાસ કરવાનો છે. આ યોજના ડો. અબ્દુલ કલામ દ્વારા અપાઈ છે. વર્ષ 2003માં ભૌતિક જોડાણ, ઈલેક્ટ્રીક જોડાણ, શિક્ષણ જોડાણ, આર્થિક જોડાણ વગેરેના વિકાસ માટે આ યોજના બનાવવામાં આવી છે.

### (8) CAPART(Council for Advancement of peoples action and rural technologies )

ગ્રામ વિકાસના નવા કાર્યક્રમોમાં મદદ કરવા અન વિકાસના કાર્યમાં રસ લેતી સ્વૈચ્છિક સંસ્થાઓને મદદ કરવાના આશયથી કોર્ટનું વર્ષ 1986માં વિલિનીકરણ કરવામાં આવ્યું અને પાયાના હેતુ સાથે પાર્ટની રચના થઈ. જેના મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.

- ગ્રામ પ્રદેશની વસતી વધારવા સ્વૈચ્છિક સંસ્થાઓએ ઉત્સાહ તથા મદદ આપવામાં આવશે.
- સ્વૈચ્છિક સંસ્થાઓ નવી ટૅક્નૉલૉજીનો પ્રચાર કરે તે કેન્દ્ર બિંદુમાં રાખી આવી સંસ્થાઓને મજબૂત બનાવવામાં આવશે.

**(9) DPAP (Drought Prone Area Programme)**

મોસમી વરસાદ ન પડવાના કારણે ભારતમાં કેટલાક વિસ્તારો દુષ્કાળગ્રસ્ત છે.(જ્યાં દુષ્કાળ પડવાની શક્યતા છે તે વિસ્તાર) આ વિસ્તારોના ખેડૂત સમુદાયની જીવન સ્થિઈત સુધારવા આ યોજના બની છે. ચોથી પંચવર્ષીય દરમ્યાન આ પ્રોગ્રામમાં મજૂરી પ્રદાન કામો, મધ્યમ કામો અને નાની સિંચાઇ યોજના, સડકોના બાંધકામ, વનીકરણ વગેરે કામો હતાં. મુખ્ય ભાર પિયતની શક્યતાઓ વધારવાનો, જમીનની ભેજસંગ્રહ શક્તિ વધારવાનો, ઈકોલોજી સુધારવાો જમીનની ભેજસંગ્રહ શક્તિ વધારવાનો, ઈકોલોજી સુધારવાનો અને બધી ૠતુને અનુકુળ રસ્તાઓ નિર્માણ કરવાનો હતો.

**(10) DDP (Desert Development Programme)**

DDP, DPAP, IWDP આ તમામ કાર્યક્રમ પડતર ભૂમિ વિકાસ તેમજ જળસ્ત્રોત વિસ્તાર વિકાસ માટે વારાફરતી યોજનામાં આવેલી છે.

આ અંતર્ગત લોકોની શોધવૃત્તીને ઉત્તેજન આપવા માટે, તેમના દષ્ટિકોણને નવી દિશા પૂરી પાડવા, કૌશલ્ય સુધારવા, સ્થાનિક ઉપલબ્ધ ટૅકનિકલ જાણકારીને ઓળખી તેમાં વધારો કરી કૌશલ્યને ઉપયોગીતા શીખવવા માટે આ કાર્યક્રમો કાર્ય કરે છે.

**(11) LRSP (Land Reform Scheme Programme)**

ખેત જમીનને ટોચ મર્યાદા લાગુ પાડવી, વધારાની જમીનની વહેંચણી કરવી અને બધી જ વહીવટી તેમજ કાયદાકીય ગૂંચવણો દૂર કરીને જમીનની નોંધણી કરવી.

ખાનગી જમીન ધારણ કરવા માટે જમીન ટોચ મર્યાદાનો કાયદો સમગ્ર દેશમાં લાગું પડેલો છે. પણ તેનો, અમલ ઝડપથી કરવાની જરૂર છે, જેથી તે દ્વારા પ્રાપ્ત થતી વધારાની જમીન, જમીન વિહોણા લોકોને ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને વહેંચી શકાય છે.

**ગ્રામદાન આંદોલન**

વિકાસ એ બીજું પગથિયું ગ્રામદાન છે. ગ્રામદાનથી જમીનની ખાનગી મિલકતનો અધિકાર દૂર થાય છે અને ગામની બધી જમીન સમગ્ર ગ્રામ સમુદાયની સામુદાયિક મિલકત બને છે. ગ્રામદાનામં જમીન ધરાવતી દરેક વ્યક્તિ પોતાની બધી જમીન ગામને દાનમાં આપે છે. આ સમગ્ર જમીન ગામના બધા કુટુંબોને તેમની જરૂરિયાત મુજબ વહેંચવામાં આવે છે. ગ્રામનું દરેક કુટુંબ, તેને મળેલ જમીન ખેડે, જરૂર પડયે બીજા કુટુંબની મદદ મેળવે છે; પરંતુ, દરેક કુટુંબ સમગ્ર ગામ માટે કામ કરે માત્ર પોતાના માટે નહીં. જે કંઇ ઉત્પાદન થતા તેમાંથી અમુક ભાગ ગામ માટે જુદો રાખવામાં આવે. ગામમાં સુથાર, દરજી, લુહાર, મોચી, વાળંદ, શિક્ષક વગેરે પોતાનો વ્યવસાય કરીને ગામની સેવા કારે. તેનાં બદલમાં ગ્રામ નીધિમાંથી તેમની જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે.

ભૂદાન અને ગ્રામદાન ચળવળ દ્વારા ગુજરાતમાંથી એક લાખ હેક્ટરથી વધુ મળેલી જમીનનો પણ સમાવેશ થાય છે. જેમાંથી 50 હજાર એકર જમીનની પુનઃવહેંચણી થઈ. ભૂદાન-ગ્રામદાનનું ભૂમિ સુધારણા ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન છે.

## ગ્રામ વિકાસમાં પંચાયતી રાજ

વૈદિક સમયથી ભારતના ગામડાઓમાં પંચાયતની સંસ્થાનું અસ્તિત્ત્વ હતું. રામાયણ અને મહાભારતમાં પણ પંચાયતની રચના અને બંધારણના ઉલ્લેખો મળે છે. 18મી સદી સુધી એક અથવા બીજા સ્વરૂપે ગ્રામપંચાયતો કે ગ્રામસભાઓ અસ્તિત્ત્વ ધરાવતી હતી અને તે ગામની સ્થાનિક સરકાર તરીકે કાર્ય કરતી પરંપરાગત ગ્રામ પંચાયતો ગ્રામ સમાજમાં વિશિષ્ટ સામાજિક સંગઠન તરીકે કાર્ય કરતી હતી; પરંતુ, ભાવિમાં બ્રિટીશ શાસનકાળ દરમ્યાન ગ્રામ પંચાયતોની રચના, કાર્ય અને સ્વરૂપમાં પરિવર્તન આવવા લાગ્યું. બ્રિટીશ સરકારે ભૂમિવ્યવસ્થા અને મહેસૂલી વ્યવસ્થામાં પરિવર્તનો આણ્યાં અને આ પરિવર્તનો સાથે મેળ બેસાડવા માટે ગ્રામ પંચાયતોના સ્વરૂપમાં પણ ફેરફાર કર્યા. મદ્રાસ, મુંબઇ, બંગાળ વગેરે પ્રદેશોમાં પંચાયત વ્યવસ્થાને મજબૂત બનાવવામાં આવી. જોકે આ બદલાયેલા સ્વરૂપમાં ગ્રામ પંચાયતો ગ્રામ સમુદાયના કલ્યાણનું અને ઝઘડાઓનું નિરાકરણ લાવવાનું કાર્ય કરવાને બદલે બ્રિટીશ વહીવટી સંસ્થાનિક મદદ કરવાનું કાર્ય કરવા લાગી.

### પંચાયતીરાજનો અર્થ

પંચાયતીરાજ એ શબ્દ માટે બળવંતરાય મહેતા કમિટિએ લોકશાહી વિકેન્દ્રીકરણ એવો શબ્દ ઉપયોગમાં લીધો છે. આ દૃષ્ટિએ જોતા ઉપલી કક્ષાએથી સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી પંચાયતોને સત્તાની સોંપણી કરવી અને પંચાયતીરાજ તરીકે ઓળખાવી શકાય.

બળવંતરાય મહેતા કમિટિએ પંચાયતીરાજનું ત્રિસ્તરીય માળખું ઊભું કરવાનું સૂચવ્યું હતું. એટલે કે તેમણે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામકક્ષાએ લોકના ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી પંચાયતો સ્થાપવી અને ગામડાના વિકાસને લગતા કામો ચલાવવાની સત્તા સોંપવી.

શ્રી એસ. કે. રાય પંચાયતીરાજની બાબતમાં જણાવે છે કે, પંચાયતીરાજ એ પ્રજાની ઉન્નતિ બાબતમાં જણાવે છે કે, પંચાયતીરાજ એ પ્રજાની ઉન્નતિ માટેનો રસ્તો છે. પંચાયતી રાજનો ખરેખર અર્થ લોકો સંગઠિત, જાગૃતિ અને સ્વાવલંબી બને અને સરકાર પાસે જે અધિકારો છે તે લઇ લે અને પોતે બજાવે.

‘‘પંચાયતીરાજ એક એવી કલ્પના છે કે જે વિશ્વ સમક્ષ લોકશાહીનો એક નવો જ દૃષ્ટિકોણ રજૂ કરે છે.’’

**- ડો.વિદ્યાસાગર શર્મા**

### પંચાયતીરાજના ઉદ્દેશ્યો

પંચાયતીરાજની સ્થાપના કરવા પાછળ કેટલાક ઉદ્દેશ્યો રહેલાં છે. ભારત વિશાળ દેશ છે અને ભારતમાં લગભગ 70% વસ્તી ગામડામાં વસે છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારતમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર દ્વારા શાસન ચલાવવામાં આવે છે.

**(1) સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો હેતુ**

પંચાયતીરાજની સ્થાપના પાછળનો મહત્ત્વનો હેતુ સત્તાનું લોકશાહી વિકેન્દ્રીકરણ કરવાનો હતો. બળવંતરાય મહેતા કમિટિએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને પંચાયતી રાજની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. લોકશાહી સમાજમાં સત્તા સર્વોચ્ચ મથાળે કેન્દ્રિત થવા પામે તો પુરતા પગલા લેવાનું મુશ્કેલ બને છે. લોકશાહી સમાજમાં સત્તા વિકેન્દ્રિત કરીને સમાજના બધા વર્ગોમા વહેંચી આપવામાં આવે તો લોકકલ્યાણના પગલાં લેવાનું વધુ અનુકૂળ બને છે.

**(2) સમુદાય વિકાસ કાર્યક્રમને પુર્નજીવિત કરવો**

સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમો સરકારી વહીવટી અધિકારીઓ દ્વારા ગામડાંઓ સુધી યોગ્ય રીતે પહોંચી શક્યાં ન હતા. આ કાર્યક્રમનો હેતુ લોકોની ભાગીદારી વધારી ગામડાઓનો વિકાસ કરવાનો હતો પરંતુ, સરકારી વહીવટી માળખું એવી રીતે કાર્ય કરતું કે જેથી તેમાં ગ્રામજનતા સક્રિયપણે ભાગ લેતી ન હતી અને કાર્યક્રમોના લક્ષ્યાંક હાંસલ થતા ન હતા. બળવંતરાય મહેતા કમિટીએ આ હકીકતને ધ્યાનમાં લઈને, સમુદાય વિકાસ યોજનાના કાર્યક્રમોને પુર્નજીવિત કરવાના હેતુથી પંચાયતરાજની સ્થાપના કરવાની હિમાયત કરી.

**(3) ગ્રામવિકાસના કાર્યક્રમમાં લોકોની ભાગીદારી વધારવી**

પંચાયતીરાજની સ્થાપના પાછળનો એક અન્ય હેતુ ગ્રામવિકાસના કાર્યક્રમમાં લોકોની ભાગીદારી વધારવાનો છે. પંચાયતીરાજ પદ્ધતિ અનુસાર જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ, ગ્રામ કક્ષાએ પંચાયતો સ્થાપવામાં આવે છે. વિવિધ સ્તરની પંચાયતોમાં ગ્રામપ્રજા પોતાના પ્રતિનિધિ ચૂંટીને મોકલે છે. ગ્રામ વિકાસ કાર્યક્રમમાં લોકોનો સહકાર પ્રાપ્ત કરવો. લોકોનો ટેકો મેળવવો, લોકોની ભાગીદારી વધારવી અને તેને માટે જરૂરી ફાળો પણ લોકો તરફથી મળતો રહે એવા હેતુ સાથે પંચાયતીરાજની સ્થાપના કરવામાં આવી છે.

**(4) ગામડાનું નવનિર્માણ કરવું**

પંચાયતીરાજ એક શાસન પદ્ધતિ છે; પરંતુ, શાસન પદ્ધતિ સ્થાપિત કરવાનો અંતિમ હેતુનો ભારતનો ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે. સામાજિક-આર્થિક રીતે બેહાલ બન્યાં હતાં. ગામડામાં નિરક્ષરતા, બેકારી, ગરીબી જેવી અનેક સમસ્યાઓ પેદા થઈ હતી. ગ્રામીણ સમાજની આવી સમસ્યાઓ દૂર કરવી, ગ્રામજનોનો સામાજિક-આર્થિક દરજ્જો ઊંચો લાવવો, તેમને વિકાસની તક પૂરી પાડવી તેમની વિવિધ જરૂરિયાતો સંતોષવા માટેના પગલાં લેવા ગ્રામીણ સમસ્યાનું નિરાકરણ થાય એ હેતુથી પંચાયતીરાજની સ્થાપના કરવામાં આવી.

**ગ્રામપંચાયતના કાર્યોઃ**

1. ગ્રામજનોનું આરોગ્ય જળવાય એ માટે સ્વચ્છતા જાળવવી, સફાઈની સગવડ ઊભી કરવી તથા આરોગ્ય કેન્દ્રો, પશુસંવર્ધન કેન્દ્રો ઊભા કરવાં.
2. ગ્રામજનોને માટે પીવાના સ્વચ્છ પાણીની સગવડ ઊભી કરવી.
3. રસ્તાઓનું સમારકામ કરવું તથા નવા રસ્તા બંધાવવાં.
4. ગામના બાળકોને પ્રાથમિક શિક્ષણ મળી રહે એટલા માટે શાળા સ્થાપવી, જરૂરી સાધનો વસાવવાં.
5. ખેતીના વિકાસ માટે જરૂરી વ્યવસ્થા કરવી, ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ ઉપલબ્ધ બનાવવા.
6. ગામડામાં પુસ્તકાલય, વાંચનાલય ખોલવા.
7. સાર્વજનીક કુવા, તળાવ, ધર્મશાળાઓ, મંદિર મસ્જિદનો નિભાવ અને જાળવણીનું કાર્ય કરવું.
8. ગામમાં સહકારી પ્રવૃત્તિના વિકાસને વેગ આપવો.

### બાળકો અને મહિલાઓની સામાજિક સેવાઓ

**(1) ભારતમાં બાળકોનો દરજ્જો:**

બાળકોને ઈશ્વરના દૂત માનવામાં આવ્યાં છે. બાળકને પ્રાચીન સમયથી ઈશ્વરની ભેટ માનવામાં આવતી હતી. બાળક કુટુંબ સમાજ માતાપિતાની આધારશીલા ગણાય છે. આવતી કાલનું ભવિષ્ય ગણાય છે. ભારતમાં લગ્ન પછી ઝડપથી બાળક પ્રાપ્તિને કુટુંબનો મુખ્ય ઉદ્દેશ્ય ગણે છે. હિંદુ લગ્નના ઉદ્દેશ્ય તરીકે સંતાન પ્રાપ્તિને મહત્ત્વ અપાયું છે. આમ, બાળકનું કુટુંબમાં અવતરણ મહત્ત્વની ઘટના લેખાય છે. બાળકવાળા કુટુંબનું જ સમાજમાં મુખ્ય ગણાય છે. ભારતમાં પુત્રી કરતાં પુત્ર બાળકનું વધુ સન્માન થાય છે. પુત્ર-પુત્રી વચ્ચે ભેદભાવ જોવા મળે છે. હિંદુ ધર્મમાં પિતાને નર્કમાંથી બચાવનાર-પિતૃતર્પણ કરનાર પુત્રનું વિશેષ સ્થાન ગણાય છે. બ્રિટિશરોનું ભારતમાં આગમન થતા સામાજિક પરિવર્તનો વિવિધ ક્ષેત્રે નોંધાયા છે. સ્ત્રીઓ બાળકો તેમના ઉછેર શિક્ષણ અને વિકાસ અંગે નવેસરથી વિચારવાનું શરૂ થાય છે. બાળકોના જન્મ વિશે અનેક સંશોધનો થતા વધુ બાળકોના જન્મને અટકાવવા પસંદગીપૂર્વકના મર્યાદિત બાળકોની સંખ્યા પ્રાપ્ત કરવાના યોગ્ય ઉછેરના વિચારોના ધરખમ ફેરફારો થાય છે. સ્વતંત્ર ભારતમાં બાળકો અંગે સ્વતંત્ર રીતે વિચારવું તેના વિકાસ માટેની યોગ્ય જોગવાઈ થાય તેવી રાજ્ય સરકારોને ભલામણ કરી છે.

**મહિલાઓનો વિકાસ**

ગુજરાત રાજ્ય તેના નાગરિકોના સર્વાંગી વિકાસ એટલે કે માત્ર આર્થિક જ નહીં; પરંતુ, સામાજિક વિકાસ માટે પ્રતિબદ્ધ છે. આ વિકાસમાં સમાજનો દરેક નાગરિક સહભાગી થાય અને તેના ફળ સૌથી ગરીબ અને નબળા વર્ગોને મળે તેમજ સ્ત્રીઓને વિકાસની પૂરતી તકો મળે તે ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારના વર્ગો માટે કલ્યાણકારી અભિગમથી આગળ વધીને તેમના સશક્તિકરણના અભિગમથી કામગીરી કરવામાં આવે છે.

મહિલાઓ કે જે રાજયની કુલ વસ્તીનો 48% જેટલો હિસ્સો છે તેમના વિકાસ માટે વિવિધ ક્ષેત્રો જેવા કે આરોગ્ય, શિક્ષણ, પોષણ અને ગ્રામ વિકાસ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. મહિલાઓ માટે વિવિધ નીતિઓ અને કાર્યક્રમો અલગથી ઘડવામાં આવે છે, એટલું જ નહી પરંતુ, આ નીતિ અને કાર્યક્રમો ધાર્યું પરિણામ લાવે અને રાજયના મહિલાઓ માટે નીતિગત પ્રતિબદ્ધતા વધુ અસરકારક બને તે માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2014-15થી મહિલાઓ માટે કરવામાં આવેલા નાણાંકીય ફાળવણીને પુસ્તિકાના રૂપમાં પ્રસિદ્ધ કરવામાં આવેલી છે.

**સામાજિક વિકાસના ક્ષેત્રોમાં ગુજરાતની મહિલાઓની સ્થિતિ**

**વસ્તી :**

વસ્તી ગણતરી 2011ના આંકડા અનુસાર ગુજરાતમાં દસ વર્ષનો વસ્તી વધારાનો દર 19.28% જેટલો છે. ગુજરાતમાં 2001માં 242.85 લાખ મહિલાઓ હતી અને 2011માં 289.48 લાખ મહિલાઓની સંખ્યા જોવા મળી.

**પોષણ અને સુખાકારી :**

1000 પુરૂષની સરખામણીએ ગુજરાતમાં મહિલાઓની સંખ્યા 919 જેટલી છે. બાળજાતિ દર વર્ષ 2001માં 883 હતો, જેની સામે વર્ષ 2011માં તે 890 છે. બાળજાતિ દરમાં સુધારો જોવા મળેલો છે. 0 થી 6 વર્ષના બાળકોની જાતિ આધારિત (2011) ગુજરાતમાં 41,15,384 (52.9%) પુરૂષ અને

36,61,878 (47.1%) સ્ત્રીનો દર જોવા મળે છે. એસ.આર.એસના રિપોર્ટ મુજબ ગુજરાત રાજ્યનો નવજાત શિશુ મૃત્યુ દર 36 હતો. વર્ષ 2011માં માતા મૃત્યુદર 112 હતો અને વર્ષ 2016-2020ના સમયગાળા દરમ્યાન ગુજરાતમાં પુરૂષ અને સ્ત્રીઓનું જન્મ સમયનું આયુષ્ય 70.7 અને 73.7 વર્ષ ગણવામાં આવેલું છે.

**સાક્ષરતા :**

ગુજરાતનો પુરૂષ તેમજ સ્ત્રીઓ માટેનો સાક્ષરતા દર ભારતના આંકડાની સરખામણીએ ઊંચો છે. ગુજરાતનો કુલ સાક્ષરતા દર વર્ષ 2011માં 78.0 % જેટલો છે. પુરૂષ અને સ્ત્રી સાક્ષરતા દર અનુક્રમે 85.8 % અને 69.7 % છે.

- ભારતની વસ્તી ગણતરી વર્ષ 2011 મુજબ ગુજરાતમાં ગ્રામીણ અને શહેરી સાક્ષરતાનો દર 61.4 % અને 81.0 % જેટલો છે. જેની સામે ભારતની ગ્રામીણ અને શહેરી સાક્ષરતાનો દર અનુક્રમે 57.9 % અને 79.1 % જેટલો છે.
- રાજ્યના કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલા અભિનવ પ્રયાસો જેવા કે કન્યા કેળવણી રથયાત્રા, વિદ્યાલક્ષ્મી બોન્ડ, કન્યા કેળવણી નીધિ વગેરેને કારણે 2001ની સરખામણી એ વર્ષ 2012 કન્યા સાક્ષરતા દરમાં 11.88 % જોવા મળે છે.
- વર્ષ 2001થી હાલ સુધીમાં 1-7 ધોરણની કન્યાઓના શાળા છોડી જવાના પ્રમાણમાં 29.6% જેટલો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

**રોજગારી :**

ભારતમાં પુરૂષો અને મહિલાઓનો કામકાજમાં ભાગીદારીનો દર અનુક્રમે 53.26% અને 25.51 % જેટલો છે. ગુજરાત રાજ્યમાં ભારતની સરખામણીએ પુરૂષોની કામમાં ભાગીદારીનો દર વધુ એટલે કે 57.16 % જેની સામે મહિલાઓની કામમાં ભાગીદારીનો દર રાજ્યમાં ભારતની સરખામણીએ ઓછો એટલે કે 23.38 % જેટલો છે.

- રાષ્ટ્રીય કક્ષાએ આંકડા જોવામાં આવે તો 53.26 % મહિલાઓ જાહેર ક્ષેત્રમાં કામ કરે છે. જ્યારે ગુજરાતમાં આ ટકાવારી 57.47 % છે.
- ગુજરાતમાં 42.53 % મહિલાઓના ખાનગી ક્ષેત્રમાં કામ કરે છે જેની સામે રાષ્ટ્રીયકક્ષાએ આ ટકાવારી 46.74 % જેટલી છે.

**મહિલાઓ માટેની મહત્ત્વની યોજનાઓ**

**(1) મહિલા સંચાલિત દૂધ ઉત્પાદન મંડળીઓની યોજના**

ઑટોમૅટીક મિલ્ક કલેક્શન માટે વજન કાંટો, ફેટ રેટિંગ મશીન અને કમ્પ્યુટરનો સમાવેશ થાય છે. જેના ઉપયોગથી પશુપાલકો દૂધની મહત્ત્મ કિંમત મેળવી શકે છે. જે ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહાકારી મંડળી જિલ્લા ડેરી મથકથી વધુ અંતરે આવેલી હોય તેવી ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ પર બલ્ક મિલ્ક કુલરની સ્થાપના માટે સહાય આપવામાં આવે છે. રાજ્યમાં 59 % જેટલી દૂધ મંડીઓ પાસે પોતાનું મકાન નથી તેવી દૂધ મંડળીઓને દૂધઘર બાંધકામ માટે સહાય આપવામાં આવે છે. પશુઓના આકસ્મિક મૃત્યુ સમયે પશુપાલકોની આજીવિકા છીનવાઈ ન જાય માટે મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીઓ તથા મહિલા પશુપાલકોને સહાય કરવામાં આવી છે.

**(2) વિદ્યાલક્ષ્મી બોન્ડ**

કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુસર રાજ્યમાં 35 % થી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામો તથા શહેરી વિસ્તારમાં વસતા બી.પી.એલ. કુટુંબોની પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને આનો લાભ આપવામાં આવે છે. પ્રવેશ મેળવનાર કન્યાના નામ 2,000/- રૂપિયાના બોન્ડ લેવામાં આવે છે.

**(3) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય**

જે તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતા દર નીચો છે તેવા તાલુકામાં નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવેલ છે. જેમાં પ્રાથમિક શિક્ષણ અધવચ્ચે છોડી દીધું હોય તેવી કન્યાઓને પ્રવેશ આપવામાં આવે છે. આ નિવાસી શાળામાં કન્યાઓને ભોજન, પુસ્તકો, ગણવેશ, મફત આપવામાં આવે છે.

**(4) આદિજાતિ કન્યાના વાલીને અનાજ સહાય**

આદિવાસી વિસ્તારમાં કન્યાઓનું શાળા પ્રવેશનું પ્રમાણ વધે અને ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટે તે માટે આદિજાતિ કન્યાઓના વાલીઓને કન્યા દીઠ વાર્ષિક 60 કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે આપવામાં આવે છે.

**(5) ચિંરજીવી યોજના**

રાજ્યમાં માતા અને બાળમૃત્યુ દર ઘટાડવા માટે ગરીબીરેખા નીચે જીવતા કુટુંબો તેમજ ગરીબીરેખા ઉપરના; પરંતુ, આવકવેરા ભરતા હોય તેવા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુટુંબોની પ્રસૂતા મહિલાઓને લાભ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત મહિલાને પ્રસૂતિ, દવાઓ, લોહીની તપાસ, ઑપરેશન વગેરે વિના મૂલ્યે આપવામાં આવે છે.

**(6) બેટી વધાવો યોજના**

રાજ્યમાં કન્યા જાતિ દરમાં સુધારો કરવા અને કન્યા જન્મને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સ્તરે જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત લોકભાગીદારીથી રેલી, નાટકો જેવા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. સાથે જ પી.સી., પી એન્ડ ડી.ટી કાયદાનું ઘનિષ્ઠ અમલીકરણ, તમામ સોનોગ્રાફી ક્લીનીકની ફરજીયાત નોંધણી વગેરેનો સમાવેશ થાય છે.

**(7) કસ્તુરબા પોષણ સહાય**

રાજ્યમાં ગરીબી રેખાની નીચેની માતાઓ માટે કુપોષણ અને એનિમિયા સાથે જોડાયેલી બીમારીઓ અને મૃત્યુ દરના ઘટાડાને સુનિશ્ચિત કરવા માટે 6000/- રૂપિયાની રોકડ પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

**(8) જનની સુરક્ષા યોજના**

રાજ્યમાં માતા અને બાળમૃત્યુ દર ઘટાડવા માટે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની પ્રસુતા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કુટુંબની તમામ પ્રસુતા મહિલાઓને પ્રસુતિ સમયે થતો દવાનો ખર્ચ, પોષણયુક્ત ખોરાક માટે સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહિનાના સમયગાળામાં રૂ. 500/- ચુકવવામાં આવે છે. સાથે જ સંસ્થાકીય પ્રસૂતિ માટે વાહનવ્યવહાર પેટે ગ્રામ્ય વિસ્તારમાં રૂ. 200/- આપવામાં આવે છે.

**(9) મહિલાઓ માટે તાલીમી યોજના**

રાજ્યની તમામ તાલીમી સંસ્થાઓમાં મોટી સંખ્યામાં મહિલાઓ તાલીમ મેળવી શકે તે હેતુથી આઇ.ટી.આઇ. તથા ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થામાં દરેક વ્યવસાયની 25 % બેઠકો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. મહિલા તાલીમાર્થીઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે. રાજ્યના 716 એમ્પાવર સેન્ટરોમાં મહિલાઓને કમ્પ્યુટર અને ઇન્ફર્મેશન ટૅક્નૉલૉજીની તાલીમ તેમજ 500 કૌશલ્ય વર્ધન કેન્દ્રો થકી મહિલાઓને ટૂંકાગાળાની તાલીમ આપી તાલીમબદ્ધ કરવામાં આવે છે.

**(10) મિશન મંગલમ્**

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરેલ સખીમંડળોને વધુ સક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મિશન મંગલમ્ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનમાં સખીમંડળમાં જોડાયેલ ગ્રામીણ મહિલાઓ તેમજ ગરીબી રેખા નીચેના કુટુંબોની મહિલાઓ અને યુવતીઓની વ્યાવસાયિક ક્ષમતાઓનો વિકાસ કરી આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિ સાથે સાથે જોડવામાં આવે છે. જે માટે સખીમંડળી મહિલાઓને જાગૃત કરી, કૌશલ્ય વિકાસની તાલીમો અપાવી તેમની વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ કરવામાં આવે છે. બેંક પાસેથી નાણાંકીય સવલતો અપાવી અને વેચાણ માટે બજાર સાથે જોડવામાં આવે છે.

**(11) સમરસ મહિલા ગ્રામ પંચાયત**

પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે આ અભિનવ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત જે ગ્રામ પંચાયતના તમામ સભ્યો મહિલાઓ હોય તેવી ગ્રામ પંચાયતને 3,00,000/- થી 7,81,250/- સુધીની વધારાની સહાય આપવામાં આવે છે.

**(12) ડો. આંબેડકર સરકારી કન્યા છાત્રાલય**

ધોરણ 11 થી અનુસ્નાતક સુધીના અભ્યાસક્રમ માટે રહેવા જમવાની વિનામૂલ્યે સગવડો આપવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ 29 સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. કન્યાઓ માટે વાર્ષિક આવક મર્યાદા નથી.

**(13) કુંવરબાઈનું મામેરૂં**

સમાજમાં દીકરીના મહત્ત્વને પ્રોત્સાહન આપવા માટે કુંવરબાઇનું મામેરૂં યોજના અમલમાં મૂકવામાં આવી છે. કુટુંબની એક જ કન્યાને આ યોજનાનો લાભ મળી શકે છે.આ યોજના અંતર્ગત લગ્ન સમયે કન્યાને રૂ. 10,000/- સહાય મળે છે.

**(14) વિકલાંગ વિધવા મકાન સહાય**

આ યોજના હેઠળ વિકલાંગ વિધવાને પોતાના માલિકીના જમીનના પ્લોટ ઉપર મકાન બાંધવા માટે રૂ. 47,500/- ની નાણાંકીય સહાય આપવામાં આવે છે. જે અંગે વિકલાંગ વિધવાના કે તેના પતિના નામની જમીનનો પ્લોટ હોવો જોઇએ.

**(15) મહિલા ખેલાડીઓને શિષ્યવૃત્તિ**

સરકાર દ્વારા રાજ્યકક્ષાની વ્યક્તિગત અને સામૂહિક સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર ખેલાડીને રૂ. 4,800/- દ્વિતીય સ્થાન મેળવનાર ને રૂ. 3,600/- તથા તૃતીય સ્થાન મેળવનાર ખેલાડીને રૂ. 2,400/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

**(16) મહિલાઓ માટે શીવણ વર્ગો**

અનુસૂચિત આદિજાતિની મહિલાઓ માટે સીવણ વર્ગોની તાલીમ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિની મહિલા વાર્ષિક રૂ. 12,000/- સુધીની આવક ધરાવતી હોવી જોઇએ. તાલીમ દરમ્યાન મહિલાને દર મહિને રૂ.250/- નું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. તાલીમ પૂર્ણ થયા બાદ સીવણ મશીન માટે રૂ. 1,500/- આપવામાં આવે છે.

**(17) માતા યશોદા એવાર્ડ**

આંગણવાડીમાં કાર્યરત આંગણવાડી કાર્યકર અને તેડાગર બાળકોને સારા સંસ્કાર આપે છે અને તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે છે. આંગણવાડી કાર્યકર અને તેડાગરની શ્રેષ્ઠ કામગીરી બિરદાવવા માટે માતા યશોદા એવોર્ડ આપવામાં આવે છે.

આંગણવાડી કાર્યકરને રાજ્યકક્ષાના એવોર્ડ માટે રૂ. 51,000/- અને જિલ્લાકક્ષાએ રૂ. 31,000/- તેમજ ઘટક કક્ષાએ રૂ.21,000/- આપવામાં આવે છે.

**(18) વિધવા પેન્શન**

18 થી 60 વર્ષની નિરાધાર/વિધવા મહિલા કે જેને 21 વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય, તેમજ તેની વ્યક્તિગત આવક રૂ. 2,400/- અને કુટુંબની આવક રૂ. 4,500/- થી વધુ ન હોય તેવી વિધવાઓને માસિક રૂ. 750/- અને તેમના આધારિત સગીર વયના બે બાળકો સુધી દીઠ રૂ. 100/- ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આ સહાય વિધવા બહેનના પોસ્ટ ખાતામાં સીધી જમા થાય છે.

**(19) પોલીસ સ્ટેશનોમાં મહિલાઓ માટે સપોર્ટ સેન્ટર**

મહિલા એ બાળ વિકાસ વિભાગ દ્વારા પીડિત-શોષિત મહિલાઓને રક્ષણ આપવાના હેતુથી રાજ્યના 33 જિલ્લાના પોલીસ મથકો ખાતે સપોર્ટ સેન્ટરની રચના કરવામાં આવી છે. મહિલાઓને લગતા ગુના કે પ્રશ્નો ઉપસ્થિઈત થાય ત્યારે આ સપોર્ટ સેન્ટરમાં જે તે મહિલાની વિગતો નોંધી મહિલાઓની જરૂરિયાત મુજબની સહાય જેવી કે કાઉન્સેલીગ, કાયદાકીય જાણકારી તેમજ જરૂર જણાય ત્યારે પોલીસ ફરિયાદ નોંધાવવા માટે જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે.

**(20) અભયમ્ મહિલા 181 હેલ્પલાઇન**

વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલા તેમજ પોતાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન મેળવવા માંગતી મહિલાઓને તમામ માહિતી એક જ જગ્યાએથી મળી રહે તે માટે મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા 181 નંબરની અભયમ્ મહિલા હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે. આ સુવિધામાં માર્ગદર્શનથી લઇને સંકટગ્રસ્ત મહિલાને તાત્કાલિક સહાય પહોંચાડવામાં માટે રેસ્ક્યુ વાહનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. ચાલુ વર્ષે આ યોજના સમગ્ર રાજ્યમાં અમલી બનાવવામાં આવનાર છે.

**પ્રાથમિક શિક્ષણ અને કાનૂન**

''પ્રાથમિક શિક્ષણ એટલે રાજ્ય સરકાર, સામાન્ય અથવા ખાસ હુકમથી વખતો વખત નક્કી કરે તેવા વિષયોનું અને સાતમાં ધોરણથી ઉપરનું ન હોય તેવા ધોરણ સુધીનું શિક્ષણ''

**બાળકોના પ્રાથમિક શિક્ષણ અંગેના કાનુન**

1. મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1929
2. સૌરાષ્ટ્ર પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, 1956
3. બાળઅધિકાર કાનૂન, 1990
4. ચિલ્ડ્રન એક્ટ, 1960

**બાળકોના કામ અને સજા અંગેના નિયમો**

1. બાળમજૂરી એક્ટ, 1933
2. કારખાનાનો ધારો, 1948
3. બગીચા કામદાર ધારો, 1951
4. મોટર વાહન કામદાર ધારો, 1961
5. બીડી-સિગારેટ કામદાર ધારો, 1966
6. જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 1986

**બાળકોના વિકાસ માટેની યોજનાઓ**

1. મફત પ્રાથમિક શિક્ષણ
2. મફત પાઠ્યપુસ્તક
3. વિદ્યાર્થી સલામતી અંગે વીમો
4. મધ્યાહન ભોજન યોજના
5. શિષ્યવૃત્તિ
6. તેજસ્વી વિદ્યાર્થીઓને ફેલોશીપ
7. છાત્રાલય રહેઠાણ વ્યવસ્થા
8. આશ્રમ શાળાઓ
9. રસીકરણ યોજના
10. ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમૅન્ટ સ્કીમ

**મહિલાઓ માટેની સામાજિક સેવાઓ**

સ્ત્રી એ માનવ સમાજનું અત્યંત મહત્ત્વનું અંગે છે. આથી સામાજિક-રાજકીય સુધારકો, વિતરકો, સામાજિક વૈજ્ઞાનિક અને આયોજકો જ્યારે સમાજવ્યવસ્થા અંગે રજૂઆત કરે છે ત્યારે સ્ત્રી કેન્દ્રમાં હોય છે. ભારતમાં પારંપરિક રીતે જોઈએ તો સ્ત્રીના સામાજિક સ્થાન અંગે બેવડું વલણ જોવા મળ્યું છે. એ માટે સામાજિક, રાજકીય કે અન્ય સાંસ્કૃતિક, ધાર્મિક, બળો કામ કરતાં હતા. આથી સ્ત્રીના સામાજિક સ્થાન અંગે કે સ્ત્રીઓની સમસ્યાઓ અંગે ગંભીરતાથી કામ થયું નથી.

**ભારતમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન**

ઈતિહાસના કોઈપણ કાળે કોઈપણ સમાજમાં સ્ત્રીનું સામાજિક સ્થાન કેવું છે તે જાણવા માટે જે તે સમાજનું તેના તરફનું વલણ જાણવું અને સમજવું જરૂરી બને છે. સ્ત્રી બાળકના જન્મ સમયે સ્ત્રીને

શિક્ષણ આપવા અંગે, લગ્નમાં સંમતી લેવાથી શરૂ કરીને છુટાછેડા અને વૈવિધ્ય પછીના અધિકારો ભોગવવા અંગે સ્ત્રીને વ્યવસાય અને એ સાથે સંબંધિત સુવિધાઓ આપતી વખતે અને સ્ત્રીના જાહેર જીવનમાં પ્રવેશ અંગે સમાજનું વલણ હકારાત્મક હોય તો એ સમાજમાં સ્ત્રીનું સામાજિક સ્થાન યોગ્ય ગણાય છે. ભારતમાં જુદા-જુદા સમયગાળા દરમ્યાન સ્ત્રીના સામાજિક સ્થાન અંગે ઉતાર-ચઢાવ જુદી જુદી રીતે જોવા મળ્યા છે.

"સમાજ  ના કુરિવાજોને દૂર કરવા માટે સરકાર જયારે સભાનતાપૂર્વક પ્રયત્ન કરે છે ત્યારે એવા સમાજ-સુધારાને સામાજિક કાનૂન કહેવામાં આવે છે."

- નીરા દેસાઈ

**સમાજમાં નારી ઉત્કર્ષના ક્ષેત્રે આવેલા પરિવર્તનો**

નિશુલ્ક શિક્ષણને કારણે સ્ત્રી, સાક્ષરતામાં, વધારો થયો છે. દરેક વિદ્યાશાખામાં સ્ત્રીએ પ્રવેશ કર્યો છે અને સરળતાનો આંક ઊંચો થયો છે. છેલ્લા બે દાયકામાં સ્ત્રીઓને વ્યવસાયના તમામ ક્ષેત્રોમા પ્રવેશ થઈ ચૂક્યો છે. જેમ કે શિક્ષણ, આરોગ્ય, સમાજકલ્યાણ ઉપરાંત ઉચ્ચવહીવટી અધિકારી, પત્રકાર, પોલીસદળમાં ઉચ્ચ હોદ્દા પર, પાયલોટ તરીકે, વકીલ, ડોક્ટર, આર્કિટેક્ચર તરીકે સફળ થાય છે. રાજકરણમાં સ્ત્રીનો પ્રવેશ પણ ધ્યાન ખેંચે છે. પંચાયત ધારાસભા કે લોકસભાના સભ્ય તરીકે, મુખ્ય પ્રધાન, વડાપ્રધાન, રાજયપાલ કે વિદેશમાં એલચી તરીકે પણ સફળતા પૂર્વક ફરજ બજાવી ચૂકી છે. ગ્રામ કક્ષાએ સરપંચ તરીકેની ભૂમિકા ભજવતી સ્ત્રી ઘણે અંશે સફળ રહી હોવાના ઉદાહરણો ગુજરાતમાં મળ્યાં છે. પોતાના અધિકારો અંગે સંપૂર્ણ સજાગ થઈ છે અને રક્ષવાની અને મેળવવાની જરૂર પડે તો સમાજના વિરોધ છતાં તે કાનૂનનો સહારો લેતી થઈ છે. સમાજના ડરથી પર થઈ સંકોચ છોડે છુટા-છેડા લઇ સ્વ-વિકાસ કરતી સ્ત્રીના કેટલાક ઉદાહરણો જોવા મળ્યાં છે.

વિધવા પુનઃલગ્નના કે મૃતપતિની મિલકતના ભાગ મેળવવા કોર્ટમા જતી કે ભાઈઓ જેટલો વારસો મેળવવા  લડત આપતી બહેનોને કેટલાંય ઉદાહરણો જોવા મળે છે. જેને સંચાર માધ્યમો પોત પોતાની રીતે રજૂ કરતાં થયા છે, આ સિવાય એક સ્તરે સ્ત્રીના માતા બનવાના અધિકારને અનુભવીને કુંવારી માતાના સમાજિક સ્વીકારની ભૂમિકા પણ રચવા લાગી છે.

**શિક્ષણક્ષેત્રે મહિલાઓનું સામાજિક સ્થાન**

આઝાદી પહેલા કેટલીક સ્ત્રી શિક્ષણ પ્રાપ્ત કરવા તત્પર બની હતી. ખાસ કરીને સ્વતંત્ર આંદોલનમાં ભાગ લેતી સ્ત્રીઓ ભણવા તરફ ઘણો અંશે અભિમુખ હતી; પરંતુ, તેનું પ્રમાણ અત્યંત અલ્પ હતુ. મોટે ભાગે એ સમયે સ્ત્રી શિક્ષણ પરત્વે રૂઢીવાદી એટલે કે સ્ત્રી-શિક્ષણ વિરોધી વલણ હતું. સ્ત્રીને ભણવાની જરૂર છે તેવું ન સ્ત્રીને પોતાને જણાતું કે ન સમાજને, કારણ કે સ્ત્રીને માટે નક્કી થયેલું કામ ગૃહવ્યવસ્થા અને બાળ ઉછેર અશિક્ષિત સ્ત્રીઓ પણ સુપેરે કરતી હતી. સાંપ્રત સમયમાં સ્ત્રીને શિક્ષણ આપવા પરત્વે સમાજ અને પ્રજા સભાન થાય છે. સમાજનો એક વર્ગ સ્ત્રીશિક્ષણ ને લાંબા ગાળાનું રોકાણ ગણાવે છે અને રાષ્ટ્રની વસ્તી વૃદ્ધિ જેવી કેટલીક સમસ્યાના નિવારણ માટે તેને અનિવાર્ય ગણાવે છે. જો કે આજકાલ સમાજના શિક્ષિત-અશિક્ષિત લગભગ બધા જ લોકો શિક્ષણનું અને સ્ત્રી શિક્ષણનું મૂલ્ય સમજવા લાગ્યાં છે. સ્ત્રી શિક્ષણથી સ્ત્રીના સામાજિક સ્થાનમાં પરિવર્તન આવ્યું છે.

**મહિલાઓના કાનુન**

1. દહેજ અંગેનો કાનૂન
2. ધી ડાવરી પ્રોહીબીશન એમેડ્મેન્ટ એક્ટ, 1984

3. દહેજપ્રથા પ્રતિબંધક કાનૂન, 1961
4. મિલકત અધિકારો અંગેના કાનૂન
5. ધી મેરીડ વિમેન્સ પ્રોપર્ટી એક્ટ, 1874
6. હિંદુ વિમેન્સ રાઈટ ટુ પ્રોપર્ટી એક્ટ,1937
7. વેશ્યા વ્યવસાયને અટકાવતો કાયદો, 1956
8. અનૈતિક વેપાર અટકાયત કાનૂન, 1987

**બંધારણીય સુધારા સ્તરે સ્ત્રીઓ માટે અનામત**

1980ના દાયકામાં સ્થાનિક સ્તરે સ્ત્રીઓ માટે અનામત જગ્યાગો અંગે રાજકીય પક્ષો હકારાત્મક વાતો કરતાં હતા. સ્વ.રાજીવ ગાંધીએ 64માં બંધારણીય સુધારાથી સ્થાનિક સ્તરે સ્ત્રી અનામતની જોગવાઈ માટે પ્રયત્ન કર્યા; પરંતુ, આ સુધારો રાજ્યસભામાં પસાર થઈ શક્યો નહીં. ત્યારબાદ 1993માં 73 અને 74 એમ બંને બંધારણીય સુધારાઓ પસાર થયા. જેમાં સ્ત્રીઓ માટે રાજકીય આરક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. 73માં બંધારણીય સુધારા મુજબ ગ્રામ પંચાયત, પંચાયત સમિતિ અને જીલ્લા પરિષદના સભ્યો તથા અધ્યક્ષોના એક તૃતીયાંશ(33%) બેઠકો સ્ત્રીઓને મળી છે. 74માં બંધારણીય સુધારા મુજબ મ્યુનિસિપાલટી અને કોર્પોરેશનના સભ્ય પદે તેમજ મેયર પદે 33% અનામત બેઠકો સ્ત્રીઓને મળી છે.

ઉપર્યુક્ત બંધારણીય સુધારા થયા એ પહેલા સ્થાનિક સ્વશાસન ક્ષેત્રે સ્ત્રીઓનો રાજકીય સહભાગ ઘણો ઓછો હતો.ત્યારબાદ પંચાયતી રાજની સંસ્થાઓમાં સ્ત્રીઓની વધેલી સભ્ય સંખ્યા ધ્યાન ખેંચે તેવી છે. ઇ.સ.2002માં સમગ્ર દેશની ગ્રામ પંચાયતોમાં ગ્રામ સ્તરે 7,50,000ની આસપાસ સ્ત્રીઓની સભ્ય સંખ્યા રહી છે. પંચાયતી રાજની સંસ્થાઓમાં સ્ત્રીઓને અનામત બેઠકો આપવાના બંધારણીય સુધારા કે કાયદાના અમલ હેઠળ 1995ની ચૂંટણીઓમાં 12,000 સ્ત્રીઓ ચૂંટાઈ હતી. તેમાં તાલુકા સ્તરે 1306 સ્ત્રીઓ ચૂંટાઈ હતી.

## 1.6 ઉપસંહાર

સમાજકાર્યકર તરીકે સમાજના જરૂરિયાતમંદ લોકોને ઉપયોગી બની શકે તે માટે સરકારની નીતિઓ અને સેવાઓ વિષે જાણવું જરૂરી બની રહે છે. સરકાર તરફથી ગ્રામીણ વિકાસ, દલિત વિકાસ, આદિવાસી સમુદાય, પછાત વર્ગ વિશે વિકાસ માટેની અનેક નીતિઓ અને સેવાઓ ઉપલબ્ધ કરી છે. છેવાડાના લોકો સુધી પહોંચી શકે તેવા હેતુથી સરકારશ્રી દ્વારા અમુક કાનૂની નિયમો પણ અમલીકૃત કરવામાં આવ્યા છે. પર્યાવરણ, શિક્ષણ, સ્ત્રીઓ, બાળકો વિશેની નીતિઓ અને સેવા સહકાર તેમજ સરકાર તરફથી અનુદાન મેળવતી સંસ્થાઓ દ્વારા વિકાસ થવો જરૂરી છે. ગરીબી, બેકારી અને વસ્તીવધારાને નિયંત્રિત કરવા માટે અલગ-અલગ નીતિઓ બનાવી છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

1. "ગ્રામિણ વિકાસ એક એવી રણનીતિ છે જે વિશેષ સમૂહ કે લોકોને નિર્ધન ગ્રામિણો લઘુ એવમ સીમાંતર ખેડૂતો તથા ભૂમિ હિતોના સામાજિક આર્થિક જીવનમાં સુધારો કરે છે." આ વ્યાખ્યા કોણે આપી હતી ?

   (A) વર્લ્ડ બેંક (B) રોબર્ડ ચેમ્બસ

   (C) નાબાર્ડ (D) એક પણ નહી

2. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની શરૂઆત ક્યારે કરવામાં આવી ?

| | |
|---|---|
| (A) 2000 | (B) 1998 |
| (C) 2002 | (D) 1996 |

3. સરકારશ્રીની કઇ યોજનાનો મુખ્ય હેતુ ગરીબ રેખા નીચે જીવન જીવતા લોકોને આવાસની સુવીધા પૂરી પાડવાનો હતો ?

| | |
|---|---|
| (A) જીલ્લા ગ્રામવિકાસ સંસ્થા | (B) PURA |
| (C) ઇન્દિરા આવાસ યોજના | (D) CAPART |

4. પ્રંચાયતીરાજનું ત્રીસ્તરીય માળખુ કંઇ કમિટી દ્વારા ઊભું કરવાનું સૂચવ્યું હતું ?

| | |
|---|---|
| (A) શ્રી એસ.કે.રાય કમિટી | (B) ડૉ. વિદ્યાસાગર શર્મા કમિટી |
| (C) ગ્રામ વિકાસ કમિટી | (D) બળવંતરાય મહેતા કમીટિ |

5. ગ્રામ વિકાસમાં સખી મંડળોને વધુ સક્ષમ બનાવવા રાજ્ય સરકાર દ્વારા કંઇ યોજના ઘડવવામાં આવી ?

| | |
|---|---|
| (A) મિશન મંગલમ | (B) વિધવા પેન્શન |
| (C) કુંવરબાઇનું મામેરૂ | (D) મહિલા માટે તાલીમી યોજના |

6. અનૈતિક વેપાર અટકાયત ધારો ક્યારે અમલમાં આવ્યો ?

| | |
|---|---|
| (A) 1985 | (B) 1987 |
| (C) 1986 | (D) 1988 |

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (D) એક પણ નહી
2. (A) 2000
3. (C) ઇન્દિરા આવાસ યોજના
4. (D) બળવંતરાય મહેતા કમીટિ
5. (A) મિશન મંગલમ
6. (B) 1987

## 1.9 ચાવીરૂપ શબ્દો

- સમુદાય - કોઇ એકજ જ્ઞાતિના લોકોનો સમૂહ
- આવાસ - રહેવા માટેની જગ્ય
- નિરક્ષરતા - શિક્ષણ રહિત
- નવ નિર્માણ - સર્વાંગી વિકાસ

## 1.10 સ્વાધ્યાય લેખન

**(1) વિકાસ આયોજન એટલે શું ?**

.................................................................................

.................................................................................

.................................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) વિવિધ સામાજિક સેવાઓ વિસ્તૃતમાં છણાવટ કરો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) ગ્રામિણ વિકાસની યોજનાઓ લખો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(4) પંચાયતી રાજની વિભાવના સમજાવી તેના ઉદેશ્યો જણાવો ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(5) મહિલા વિકાસને વેગ આપતી કોઈ પણ પાંચ યોજના લખો ?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.11 પ્રવૃતિ

1. તમારા જીલ્લાંનું પંચાયતી રાજનું ત્રીસ્તરીય માળખું લખો.
2. કોઈપણ પાંચ ગામમાં જઇ ગ્રામ સભા યોજા ગ્રામ વિકાસની સેવાઓ સમજાવવી.

## 1.12 કેસ સ્ટડી

1. મહિલા વિકાસની યોજનાઓની સહાય લીધી હોય એવી પાંચ મહિલાઓની સ્ટડી કરવી.
2. જીલ્લાનું એક ગામ પસંદ કરી કે જેમાં ગ્રામ વિકાસની પૂરતી સેવા પૂરી પાડીહોય તે ગામની સ્ટડી કરવી.

## 1.13 સંદર્ભસૂચિ

(1) ટી.આર. પરીખ – સામાજિક કલ્યાણ, પરીખ પ્રકાશન, અમદાવાદ.

(2) Baffen T.R.(1957)- કોમ્યુનીટી એન્ડ ડેવલપમૅન્ટ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી, લંડન

(3) ઓ.પી. વર્મા – સમાજશાસ્ત્ર કી મૂલ અવધારણાઓ, વિકાસ પ્રકાશન, કાનપુર

(4) તેજસ્કર પાંડે – સમાજકાર્ય, ભારત પ્રકાશન, લખનૌ

| એકમ-2 | સામાજિક નીતિઓ અને સેવાઓ-૨ |
|---|---|

# એકમ-2 સામાજિક નીતિઓ અને સેવાઓ-૨

## : એકમનું માળખું :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 પ્રયાવરણલક્ષી નીતિઓ

2.3 અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / પછાત વર્ગની નીતિઓ

2.4 ઉપસંહાર

2.5 તમારી પ્રગત્તિ ચકાસો

2.6 તમારી પ્રગત્તિ ચકાસો જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય લેખન

2.9 પ્રવૃતિ

2.10 કેસ સ્ટડી

2.11 સંદર્ભગ્રંથ


## 2.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ બાદ વિદ્યાર્થીઓ જાણવા સમર્થ હશે કે,

(1) પર્યાવરણલક્ષી સામાજિક નિતિઓ અને સેવાઓ કઇ છે તે જાણી શકશે.

(2) અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / પછાત વર્ગની નીતિઓ અને સેવાઓથી માહિતગાર તશે.

## 2.1 પ્રસ્તાવના

સામાજિક નીતિ અને સેવાઓ જે સરકારશ્રી દ્વારા ઘડવામાં આવે છે તેની સંપૂર્ણ અને સાચી જાણકારી હોવી એ એક સામાજિક કાર્યકર માટે અનિવાર્ય છે. આ એકમમાં આપણે જોઇશું કે સરકારશ્રીની પર્યાવરણ લક્ષી નિતીઓ અને સેવાઓ કઇ છે જે સમાજ માટે ઉપયોગી છે. પર્યાવરણ ની જાળવણી કરવી એ આપણી નૈતિક ફરજ છે. પર્યાવરણના વીધેજ માનવનું અસ્તત્વ સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ ઉદ્ભવ્યું છે. આમ, પૃથ્વીને મળેલી પ્રાકૃતિક પ્રયાવરણની ભેટ એ કુદરતી છે. તદ્ઉપરાંત દેશના શિક્ષણ, આરોગ્ય, દલિત સમુદાય. આટીવાઆી સમુદાય વગેરે માટે અનેક નીતિ અને સેવાઓ ઉપલબ્દ છે. દલિતો અને આદિવાસી તેમજ પછાત વર્ગના લોકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે અને આરોગ્ય પ્રત્યે જાગૃત થાયતે હેતુથી સરકારશ્રી તરફથી આયોજન થયેલું હોય છે. ભારત ૧૯૪૭માં સ્વાતંત્ર્ય બન્યું તે સમયે સરકાર સમક્ષ વિશ્વયુધ્ધ માંથી અને દેશના વિભાજનમાંથી ઉદ્ભવેલા ટૂંકા ગાળાના સવાલો તો હતા જ; પણ દેશ સામેના લાંબા ગાળાના પ્રશ્નો નિવારવાની તાતી જરૂરીયાત ઉભી થઇ ઉદ્દેશ, તંત્ર, સ્તર, અને વ્યાય, પ્રક્ષેપો મોડેલ, નીતિ વિષય ક માળખુ, યોજના ઘડવાની પ્રક્રિયા અને યોજનાનો અમલ સર્વ યોજનાના મૂળભૂત ઘટકો છે.

## 2.2 પર્યાવરણલક્ષી નીતિઓ

વિશ્વના અનેક ગ્રહોમાં પૃથ્વી જ એક એવો ગ્રહ છે કે જ્યાં માનવોને જરૂરી એવું પ્રાકૃતિક પર્યાવરણ છે. આવા પર્યાવરણને લીધે જ માનવનું અસ્તિત્વ સજીવસૃષ્ટિનું અસ્તિત્વ ઉદ્ભવ્યું છે. આમ, પૃથ્વીને મળેલી પ્રાકૃતિક પર્યાવરણની ભેટ એ કુદરતી છે.

પર્યાવરણ એટલે પૃથ્વીની આસપાસ ફેલાયેલું આવરણ, પર્યાવરણમાં પાંચ તત્વો હોય છે. વાતાવરણ, જલાવરણ, મૃદાવરણ, ભૂમિઆવરણ અને જૈવિક આવરણ. આ બધા પરસ્પર સંકળાયેલા છે. માનવીની આસપાસના સમગ્ર વાતાવરણને પર્યાવરણ કહેવામાં આવે છે. પૃથ્વીની ચારેબાજુ જે કંઈ પણ સજીવ અથવા નિર્મળ ઘટકો છે તે બધા પરસ્પર હળીમળી પર્યાવરણની જાળ ગૂંથે છે. વેદોમાં માનવીનું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. તેવું કહેવામાં આવ્યું છે. પંચમહાભૂતો એટલે કે પૃથ્વી, જળ, વાયુ તેમજ આકાશ. આ પાંચેય તત્વો પર્યાવરણના છે. પર્યાવરણ અને માનવી બન્નેએ એકબીજાનું રક્ષણ કરવાનું છે. બન્ને એકબીજા સાથે પારસ્પરિક રીતે સંકળાયેલા છે. માનવીએ પોતાના જીવનની સરળતા સુખ-સગવડતાના સાધનો એટલા બધા વધારી દીધા છે કે જેનાથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ ગઈ છે. પર્યાવરણના હિતચિંતકો પર્યાવરણથી રહે અને માનવ વિકાસ પણ ટકે તેવી નીતિ અને કાર્યક્રમો માટે વિચારવા લાગ્યા છે. કુદરતી પર્યાવરણનો આજે નાશ થવા લાગ્યો છે. પ્રદૂષણ ફેલાઈ ગયા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘે પર્યાવરણ દિવસ તરીકે 5 મી જૂન પસંદ કર્યો છે.

**પર્યાવરણના મુખ્યતત્ત્વો**

**(1) પૃથ્વી અને ભૂમિ**

પૃથ્વી એટલે જમીન જેની સાથે માનવીને ગાઢ સંબંધ છે. માનવીના અસ્તિત્વ માટે તે અત્યંત જરૂરી છે. માનવી અને અન્ય જીવો, વનસ્પતિ તેમજ અનાજ ઉત્પાદન સૌની સાથે જમીન અભિન્ન રીતે સંકળાયેલી છે. માનવીની મૂળભૂત જરૂરિયાત હવા, પાણી અને ખોરાકની છે જેનાથી તેનું અસ્તિત્વ ટકે છે.

માનવી ઔદ્યોગિક ક્ષેત્રે આગળ વધ્યો છે, શહેરો વિકસતા જાય છે. ખેતીલાયક જમીનનો શહેરોનો વિસ્તાર ગળી જાય છે. શહેરો વિકસતા જંગલો કપાતા જાય છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ લઈ માનવીને જરૂરી પ્રાણવાયુ આપે છે.

**(2) પાણી**

સજીવ જીવો માટે પાણી અતિ અનિવાર્ય છે. માનવ માટે હવા પછી પાણીની બીજી જરૂરિયાત અસ્તિત્વ માટે જરૂરી છે. પાણી વગર જીવની ઉત્પત્તિ અને જીવન અશક્ય છે. રણપ્રદેશમાં પાણી નથી તો ત્યાં વનસ્પતિ અને માનવજીવન શક્ય નથી. ઉદ્યોગોમાં પાણીનો પુષ્કળ પ્રમાણમાં બગાડ થાય છે. ઉદ્યોગો નકામો કચરો જમીન અને પાણીમાં નાંખે છે. જેથી જમીન અને પાણી બન્ને પ્રદૂષિત થાય છે. ગુજરાતમાં અનેક નાના મોટા ઔદ્યોગિક એકમો છે. જેમાં 8660 જેટલા જળ પ્રદૂષણ કરનાર એકમો છે. અમદાવાદના કેમિકલ્સ ઉદ્યોગો અને મિલ કારખાનાનો પ્રદૂષિત કચરો જમીન અને સાબરમતીના પાણીમાં ઠાલવતા તે પ્રદૂષિત થાય છે. એક ટન લોખંડ બનાવવા 2500 લીટર પાણી અને એક ટન સિમેન્ટ બનાવવા 30,000 લીટર પાણી વપરાય છે.

પાણી પર્યાવરણનું સજીવ જીવો માટે અનિવાર્ય તત્ત્વ છે. સજીવ જીવોના બંધારણમાં 90% પાણી છે. આ પાણી જ આજે પ્રદૂષિત છતાં માનવીની જાનહાની અને અનેક રોગોનું સર્જન થયું

છે. માનવ અધિકારીની રૂએ માનવીને જીવવાનો અધિકાર છે. જીવવા માટે શુદ્ધ પાણી અને સ્વાસ્થ્ય જ રૂરી છે. જેનો આજે ભંગ થઈ રહ્યો છે. પર્યાવરણના આ પડકારો માનવ અધિકારોનો ભંગ કરી રહ્યાં છે. જેને અટકાવવા અનેક કાનૂનો બનાવ્યાં છે.

**(3) હવા**

સજીવ જીવોની પાયાની જરૂરિયાત સ્વચ્છ હવા છે. હવા એ કુદરતની ભેટ છે. હવાનું આવરણ માનવીની આસપાસ રચાયું છે. જેથી વગર મુશ્કેલીએ જીવો શ્વાસોચ્છવાસ કરી શકે છે. આજના ભૌતિક વિકાસ માનવીના શુદ્ધ હવાના અધિકારનો ભંગ કર્યો છે. આજે જંગલોનો નાશ થવા લાગ્યો છે. વનસ્પતિ ઘટી રહી છે. ઉદ્યોગો દ્વારા રસાયણિક અને કારખાનાએ દૂષિત વાયુઓ, ધુમાડા, હવામાં ભેળવી હવાને અશુદ્ધ કરી છે. વાહનવ્યવહારના ધુમાડા પણ હવાને પ્રદૂષિત કરે છે. હવાના પ્રદૂષણને લીધે માનવી અનેક શ્વસનના રોગો, ફેફસાની બીમારી, ટી.બી., હદય રોગ જેવા રોગોના ભોગ બન્યા છે. માનવ અધિકારની રૂએ શુદ્ધ હવાપાણી અને સ્વાસ્થ્ય એ માનવીનો અધિકાર છે જે આજે ભંગ થઈ રહ્યો છે.

**(4) અવકાશ**

ઠંડી, વરસાદ, તડકો આ ત્રણેયથી રક્ષણ આપવાનું મહત્ત્વનું કામ આકાશ કરે છે આકાશથી જ ઋતુચક્ર ચાલે છે. જમીન ઉપર ગરમી પડતા પાણીનું બાષ્પીભવન થતા આકાશમાં જ વાદળો બંધાય છે અને વાદળો જ વરસાદ લાવે છે. આકાશમાં ઓઝોન પદ આવેલું છે. જે અલ્ટ્રાવાયોલેટ કિરણોને પૃથ્વી ઉપર આવતા રોકે છે. આ કિરણોથી સજીવ જીવોનું અસ્તિત્વ જોખમાય છે. કેન્સર જેવા ભયંકર રોગો થાય છે. આકાશને લીધે જ સૂર્યની પ્રખર ગરમીથી રક્ષણ મળે છે. આકાશમાં ઉપગ્રહો, પ્રક્ષેપણો, રોકેટો છોડવાના શરૂ થઈ છે. જે આકાશને નુકસાન પહોંચાડશે.

**(5) વિજ્ઞાન અને ટૅકનૉલૉજી**

પર્યાવરણ પ્રદૂષણ વિજ્ઞાન અને ટૅકનૉલૉજીની બક્ષિસ છે. હિટલરે રોસ ચેમ્બર દ્વારા 60 લાખ યહુદીઓને મોતને ઘાટ ઉતર્યા હતાં. જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો ઉપર નંખાયેલા અણુબોમ્બ હજારો નિર્દોષ માનવીનો ભોગ લીધો હતો. ભારતના અનેક મહાનગરો આવા મોતના ઓથાર નીચે જીવે છે. આવા મહાનગરોના લોકજીવન જરૂરિયાત માટે વલખાં મારતાં હશે. રહેવા માટે જગ્યા ન મળતા ગંદા વિસ્તારોમાં બદ્તર જિંદગી જીવતા હશે. આજે વિકાસનો અર્થ દરેક ક્ષેત્રમાં વધુને વધુ ઉત્પાદન કરીએ છીએ. આવા ઉત્પાદન માટે જળ, ભૂમિ અને વનસંપત્તિને ગળી જઈ રહ્યાં છીએ.

આજની માનવજાત પર્યાવરણની કટોકટીમાં ફસાઈ ગઈ છે. ઓક્સિજનની જગ્યાએ કાર્બન ડાયોક્સાઈડ વધારી રહ્યો છે. ધુમાડા છોડતા ઉદ્યોગ અને વાહનવ્યવહારે પર્યાવરણને પ્રદૂષિત કર્યું છે. ભારતમાં શહેરી વિસ્તારમાં 300 લાખ કુટુંબો એક યા બીજા સ્વરૂપે પ્રદૂષિત વાતાવરણમાં જીવન ગુજારે છે.

"આધુનિક વિકાસના ખાઉધરા જડબાની ચુંગાલમાંથી કુદરત અને તેની સંપતિને સમયસર બચાવવામાં નહી આવે તો તમામ જીવશ્રુષ્ટિનું અસ્તિત્વ જ આ પૃથ્વીના ગોળા ઉપરથી નિકંદન જ નીકળી જશે"

**-ડૉ. બિપીનચંદ્ર શુક્લ**

### (6) જંગલોનો વિનાશ

ભારતમાં કુલ જમીનના 22% જમીનમાં વનો હતી, આંતરરાષ્ટ્રીય ધોરણે જમીનના 33% જેટલા જ વનો છે. તેથી પશુધન ઘાસચારા અને પાણી માટે વલખાં મારે છે. ઉનાળામાં દર વર્ષે ઘણું પશુધન ગુમાવીએ છીએ. માનવ અને પશુઓને જીવન માટે શુદ્ધ પર્યાવરણ પૂરું પાડી શકતા નથી.

**પર્યાવરણલક્ષી સેવાઓ**

**પર્યાવરણ સંબંધિત પરિણામ**

ભારતના ઉદ્યોગોને ઔદ્યોગિક વિકાસના પર્યાવરણ સંબંધિત પરિણામો પ્રત્યે વધુ ધ્યાન દેવું જોઈએ. ઔદ્યોગિક પ્રવૃત્તિઓના ફેલાવાથી અને વધી રહેલા શહેરીકરણને કારણે વિસ્થાપિત થઈ રહેલા લોકોના પુર્નવાસ તરફ પણ આપ લોકોને વધુ ધ્યાન દેવું જોઇએ. જ્યારે વિકાસ વિસ્થાપન અને પર્યાવરણ પર એક સરખું ધ્યાન આપવું જોઇએ. જો આપણે ગરીબી, અજ્ઞાન અને રોગોને દૂર કરવું છે તો ઝડપભેર વિકાસ આવશ્યક છે. એની સાથે જ આપણે ઘણીવાર જોઇએ છીએ કે વિકાસ કાર્યોને કારણે લોકો એમના પરંપરાગત નિવાસ સ્થાનથી વ્યવસાયથી અને પોતાની જીવનશૈલીથી પણ ઉખડી રહ્યાં છે તથા ઔદ્યોગિક વિકાસથી પર્યાવરણની વિરૂદ્ધ પરિસ્થિઈતઓ સર્જાઈ રહી છે. આપણે જલ્દીથી એવી વિશ્વસનીય વ્યવસ્થા વિકસિત કરવી જોઇએ. જેથી આ વિશ્વસનીય વ્યવસ્થા વિકસિત કરવી જોઇએ. જેથી આ પરિસ્થિઈતઓથી સમાજના જુદા જુદા વર્ગોમાં અથણામણ ન થાય. જેનાથી લોકો વિકાસને પોતાના જીવન અને પરિવેશને માટે ખતરો ન સમજે. જેથી વિકાસ પર અર્થ ઓછામાં ઓછો થાય અને તે પર્યાવરણની અનુકૂળ હોય, ઓછામાં ઓછું અવરોધક હોય અને બધા જ લોકોને એનાથી લાભ થાય. આપણે જે સમૃદ્ધ ભવિષ્યનું સપનું જોઇ રહ્યાં છીએ એના માટે એ જ એક સાચો માર્ગ છે. નજીકના ભવિષ્યમાં અમારી સરકાર આ બધી જ બાબતો પર ધ્યાન દેવા વચનબદ્ધ છે.

**પર્યાવરણની વિભાવના**

પ્રકૃતિ આજે એક અસંતુલિત પરિવર્તન બિંદુ પર ઊભી છે. એક ભવ્ય ભૂતકાળ એક ભવ્ય વારસો, સંરક્ષણ આપણા હાથમાંથી સરકી રહ્યો છે. એક સ્વસ્થ અને સંતુલિત પર્યાવરણના નિશ્ચિત અંત તરફ આપણે ઝડપથી જઈ રહ્યાં છીએ. છતાં પણ આપણે તેને અવગણી રહ્યાં છીએ.

કદાચ આજે આપણને એમ છે કે આ પેઢીને કે આવતી પેઢીને કશું જ નથી થવાનું, પણ ભવિષ્યની પેઢીનું શું ? શું ભવિષ્યની પેઢી એ આપણા જ બાળકો નથી ? આમને આમ આપણો સર્વનાશ થશે, આવતી ક્ષણ, આવનાર પળ આપણા અંત કે વિનાશની હોઈ શકે છે. આપણે એવી પરિસ્થિઈતએ પહોંચ્યા છીએ કે આપણું અસ્તિત્ત્વ ટકાવવા માટે ટૂંકાગાળામાં જ જો કોઈ રસ્તો કાઢવામાં નહી આવે તો સમગ્ર માનવસંસ્કૃતિનો અંત આવશે. પર્યાવરણનું સંતુલન કેમ જાળવવું એ આપણે શીખવું પડશે. આપણા બાળકોને પણ શીખવવું પડશે અને નહી શીખીએ તો કુદરત આપણને સમજાવવાની ફરજ પાડશે તેની ખૂબ જ મોટી કિંમત આપણે ચૂકવવી પડશે, શું આપણે પ્રલય સ્વીકારવો છે ?

પ્રકૃતિ શિક્ષણ એ અન્ય કોઈપણ વિષય કરતા મહત્ત્વનું બની ગયુ છે. એક નવા યુગનો પ્રારંભ થઈ ચૂક્યો છે. પ્રકૃતિ આપણની જીવનપદ્ધતિમાં પરિવર્તનમાંથી રહી છે. પ્રકૃતિના ભોગે કોઇ જ ભૌતિક સુખ ન માણવું જોઈએ. તેવું શિક્ષણ આપણા બાળકો માટે પણ જરૂરી બન્યું છે.

### પ્રકૃતિ શિક્ષણ શિબિરના હેતુઓ

પ્રકૃતિ શિક્ષણનો મુખ્ય હેતુ પ્રકૃતિના સાનિધ્યમાં રહી સ્વાનુભવ વડે કુદરતી સ્ત્રોતો, સિદ્ધાંતો, ક્રમો અને પર્યાવરણ તથા પ્રકૃતિના પરસ્પર સ્વાવલંબન વિશે બાળકો જાણકારી મેળવે અને તેમાંથી તેમનામાં સ્વયંભુ પ્રકૃતિ પ્રત્યે લાગણી અને પ્રેમ જન્મે તે પૂરતો મર્યાદિત હોવો જોઈએ.

- પ્રાકૃતિક સ્થળોએ પ્રત્યક્ષ સંપર્કથી કુદરત અને કુદરતી સ્ત્રોતોનું જ્ઞાન અને માહિતી મેળવવી.
- કુદરતી સ્ત્રોતોની જાળવણી ઉપયોગીતા અને મહત્ત્વ બાબતે જાણકારી મેળવવી.
- કુદરતી પ્રત્યે પ્રેમ અને જીજ્ઞાસા ઊભી કરવી.
- પર્યાવરણ/કુદરતી સ્ત્રોતો પ્રત્યે માનવીના વ્યવહારમાં રચનાત્મક વિચારસરણી વિકસાવવી.
- પર્યાવરણની જાળવણી માટે દરેક વ્યક્તિને જાગૃત કરી તેની આંતરિક નિર્ણાયકશક્તિ ખીલવવી અને તેને લગતી પ્રવૃત્તિમાં સક્રિય થાય તેવા પ્રયત્નો કરવા.
- વ્યક્તિગત કે સામૂહિક રીતે કુદરતી સ્ત્રોતોની જાળવણીમાં સક્રિય અને તેવા પ્રયત્નોમાં ગતિશીલતા લાવવી.

### એન.પી.સી.આઈ.એલ કાર્યક્રમ

નિયમો અને કાયદાની જરૂરિયાતને પહોંચી વળવાની સાથે એન.પી.સી.આઈ.એલ એ વાતાવરણની સારસંભાળ માટેનો કાર્યક્રમ સ્વૈચ્છિક રીતે જવાબદારીપૂર્વક હાથ ધરેલ છે. આ કાર્યક્રમ વૈજ્ઞાનિક તથ્યોના અભ્યાસ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરે છે અને ભારતીય ન્યુક્લિયર પાવર પ્લાન્ટના વિશિષ્ટ ઝોનમાં રહેઠાણ અને પર્યાવરણ અંગેના સુધારાઓ માટે વિવિધ પ્રકારની વનસ્પતિઓ અભ્યાસ કરે છે. મોટાપ્રમાણમાં પક્ષીની જુદી-જુદી પ્રજાતિઓ ઇ ઝોને પોતાનું રહેઠાણ બનાવેલ છે. આ કાર્યક્રમમાં જુદી-જુદી પ્રવૃત્તિઓને આવરી લેવામાં આવી છે. જેમ કે સ્થાનિક સ્વૈચ્છિક સ્વયં સેવકો કાર્યકરોની તાલીમ, જનજાગૃતિના કાર્યક્રમો જુદા-જુદા સમુદાયના સભ્યોને વાતાવરણની જાળવણી માટે જાણકારી આપે છે. આ ઉપરાંત જુદી-જુદી પ્રજાતિઓના રહેઠાણ તરીકે સુધારણાનું ખાસ કરીને કામ કરે છે.

જ્યારે જીવ સૃષ્ટિની વિવિધતાઓને લગતા પ્રશ્નો ઉદ્‌ભવે છે. ત્યારે એન.પી.સી.આઈ.એલ ના કેન્દ્રો અને કાર્યક્રમો ખૂબ જ સમર્થ છે.ન્યુક્લિઅર પાવર પ્લાન્ટ હાનિકારક વાયુઓ, રસાયણના કણો કે ધૂમાડો જે સ્થાનિક વાતાવરણને પ્રદૂષિત કરે તેવું ઉત્પાદન કરતા નથી. કુદરતને તેના શુદ્ધ સ્વરૂપમાં જાળવી રાખે છે. ન્યુક્લિઅર પાવર પ્લાન્ટને ઠંડુ કરવાની પ્રક્રિયામાં પાણીની જરૂરિયાત રહે છે તેથી જ જુદા પાણીના સ્ત્રોત જેવા કે નહી, તળાવ, સરોવર કે દરિયાની આજુબાજુમાં આ કેન્દ્રો આવેલાં છે.

વાતાવરણની જાળવણીના આ કાર્યક્રમનો અમલ કરવા માટે ભારતની મુંબઇ નેચરલ હીસ્ટોરીક્સ સોસાયટી સાથે લાંબા સમયની ભાગીદારી ઠરાવનો સમજૂતી કરાર કરવામાં આવેલા છે.

### અણુમથકોથી પર્યાવરણને નુકસાન

દરેક જગ્યાએ હવા, પાણી તથા માટીમાં થોડા પ્રમાણમાં કુદરતી રીતે ઉદ્‌ભવનું કિરણોત્સર્ગની માત્રા માનવ જાતને નિયમિત મળતી જ હોય છે. અણુમથકોમાંથી મુક્ત કરવામાં આવતા હતા તથા પાણીને કારણે પ્રાપ્ત કિરણોત્સર્ગ પ્રભાવિકરણ કુદરતી દ્વારા પ્રાપ્ત કિરણોત્સર્ગ પ્રભાવિકરણના થોડા ટકા કરતા વધારે હોતા નથી. હવા તથા પાણીમાં રહેલ કિરણોત્સર્ગ અણુઓનું પ્રમાણ સામાન્ય જનતા માટે નિયત કરવામાં આવેલ પ્રમાણના અંશતઃ ભાગ જેટલું હોય છે. આમ, અણુમથક હવા, પાણી તથા પર્યાવરણને પ્રદૂષિત કરે છે એમ કહી શકાય નહી. અણુમથકની આજુબાજુના વાતાવરણમાં મળી

આવતા કિરણોત્સર્ગની સપાટીએ વનસ્પતિ પ્રાણીજીવન કે દરિયાઇ માછલીઓને કોઇપણ પ્રકારની અસર થતી નથી. દરિયાઇ માછલીનો નાશ થવાનો તો પ્રશ્ન જ ઉત્પન્ન થતો નથી.

## 2.3 એસ.ટી./એસ.સી./પછાત વર્ગની નીતિઓ

**રાજ્ય બંધારણના આમુખમાં દર્શાવેલ પછાતવર્ગોની જોગવાઈઓ :-**

વિશ્વના દરેક દેશોમાં અને સર્વમાનવ સમાજોમાં ઊંચનીચની ભાવના કોઈને કોઈ સ્વરૂપે પ્રવર્તે છે; પરંતુ, ભારતમાં જે સ્વરૂપે ઊંચનીચના ભેદભાવો પ્રવર્તે છે, તેવા ક્યાંય જોવા મળતા નથી. ભારતીય સમાજ સદીઓથી નાન નાની જ્ઞાતિ જૂથોમાં ઊંચનીચના તીવ્ર ભેદભાવોમાં વહેંચાયેલો હતો. ઉપલી જ્ઞાતિઓને વિશેષ અધિકારો મળતા. જ્યારે નિમ્નજ્ઞાતિઓ અને તેમાંય ખાસ કરીને અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને હલકી ગણી અધિકારોથી વંચિત રાખવામાં આવી હતી. જ્ઞાતિ વ્યવસ્થામાં હલકી ગણાતી, અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને જન્મથી મૃત્યુ પામે ત્યાં સુધી સતત સ્વમાનહિન તિરસ્કૃત, શોષિત અને અપમાનીત જીવન જીવવું પડતુ. આથી, નિમ્ન જ્ઞાતિના લોકોને અન્યાય અને ભેદભાવથી પૂર્ણ ગુલામીવાળું અરક્ષિત જીવન જીવવું પડતુ. આ પ્રકારનું જીવન જીવતા અને ભેદભાવથી ભરેલા સમાજનું અસ્તિત્વ ભારત સિવાય ક્યાંય કલ્પી શકાય તેવું નથી.

**અસ્પૃશ્યતા ઉદ્ભવના કારણો :-**

ભારતનો આ વર્ગ ઘણા વર્ષો સુધી આવી પરિસ્થિઈત ભોગવવા માટે ભાગ્યને દોષ દેતો હતો અને તેઓની આસપાસ અનેક પ્રકારની અસમર્થતાઓને સ્વાભાવિક માની જીવન ગુજારતો. જ્ઞાતિ પ્રથાએ લાદેલી અસમર્થતાઓ મુખ્યત્વે બે પ્રકારની હતી. એક નાગરિક અસમર્થતાઓ જેમાં ખાસ કરીને વસવાટ, જાહેર સ્થળો કૂવા રસ્તાઓનો ઉપયોગ, શાળાપ્રવેશથી વંચિત વગેરે, બીજી ધાર્મિક અસમર્થતાઓ જેમાં ખાસ કરીને ઉપયોગ શાળા પ્રવેશથી વંચિત અને વૈદિક સાહિત્યનું વાંચન મંત્રોના ઉચ્ચારો મંદિરપ્રવેશ પુજાપાઠ વગેરે.

ભારતમાં ધાર્મિક ખ્યાલોએ નિમ્ન જ્ઞાતિઓ અને અસ્પૃશ્યોની અસમર્થતાઓ હંમેશા પોષણ આપ્યું હતું. ઉપલી જ્ઞાતિઓ તેમની સાથે સફાઇ કામ પૂરતો સબંધ રાખતા એટલું જ નહી તેના બદલમાં વધેલું અન્ન આપી તેઓને નિભાવવાનો વ્યવહાર રાખતા. આમ જ્ઞાતિઓને મુખ્ય પ્રવાહમાં નહી, મુખ્ય પ્રવાહમાં ભળી શકે નહી તેવી પરિસ્થિઈત ઊભી કરવામાં આવી હતી. નિમ્ન જ્ઞાતિઓએ કર્મ પુર્નજન્મ, અફીણ, નશામાં આ અસમર્થતાઓને સહજ રીતે સ્વીકારી લીધી. કર્મના આ ખ્યાલને લીધે જ પરિવર્તનના બાહ્ય પરિબળો તેઓના વલણોમાં ખાસ પરિવર્તન લાવી શક્યા નથી.

**ગાંધીજીનું અસ્પૃશ્યતા નિવારણમાં પ્રદાન**

ગાંધીજીનું નામ અન્યોના ઉદ્ધાર માટે કાર્યો કરનારમાં મોખરાનું છે. ગાંધીજીએ નવજીવનના અંકમાં લખ્યું છે કે, આપણે જે રીતે અસ્પૃશ્યતા પાળતા આવ્યાં હતાં એ રીતે પાળ્યાં કરવીએ હિન્દુ ધર્મ પર ભારે મોટું કલંક છે. સ્મૃતિઓનો દૂર ઉપયોગ કરે છે અને પ્રેમ કે જે હિંદુ ધર્મનો આધાર છે, તેનો ઇન્કાર છે. અસ્પૃશ્યતાના આ શાપને આપણે વળગી રહીશું તો જગત આપણી હાંસી કરશે અને જે ધર્મ તેને પોષે છે તેને વખોરી કાઢશે.

ટૂંકમાં, અંગ્રેજોના આગમનથી અસ્પૃશ્યતાના સંદર્ભમાં વિચારવાનું અને તેને દૂર કરવાનું સભાનપણે શરૂ થયું હતું. પરંતુ, અસ્પૃશ્યતાના કલંકને દૂર કરી તેમને સમાન નાગરિક તરીકેનો હક્ક આપવાનું કાર્ય સ્વતંત્રતા પછી શરૂ થયું. ભારત આઝાદ થયા પછી ભારતીય સમાજના કલ્યાણની અને વિકાસની

ગતિ તેજ બની. ભારતીય બંધારણમાં જન્મગત દરજ્જાને આપી જ્ઞાતિના ભેદભાવને રાજકીય સ્તરે દૂર કર્યો. ભારતની તમામ પ્રજાનો સર્વાંગી વિકાસ સધાય તેવી જોગાવાઈઓ બંધારણો કરી અને રાજ્યને કલ્યાણપ્રવૃત્તિ દ્વારા પ્રજામાં ન્યાય સમાનતા સ્થાપવાનો આદેશ આપ્યો અને ફરજ પાડી.

**બંધારણની જોગવાઈઓ :-**

ભારતનાં બંધારણમાં આમુખમાં જણાવ્યું છે કે, રાજ્યના તમામ નાગરિકો માટે સામાજિક આર્થિક અને રાજકીય, ન્યાય, વિચાર વાણી માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જો અને તકની સમાનતા નિશ્ચિત કરવાનો અને તેમનામાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની અખંડિતતાની ખાતરી આપતા બંધુતા વિકસાવવાનો નિર્દેશ કરેલો છે.

આમ, ભારતના બંધારણે દરેક નાગરિકને ન્યાય, સમાન દરજ્જો અને સમાન તકની તેમજ સામાજિક અન્યાય અને શોષણની સામે રક્ષણ આપવાની બાંહેધરી આપી છે. બંધારણે રાજ્યને ભારતની સામાજિક વ્યવસ્થામાં એકરૂપતા જાળવવા નબળા વર્ગોને રક્ષણ આપી તેમનું શૈક્ષણિક અને આર્થિક હિત સચવાય તેવી વિશેષ કાળજી રાખવાની ભલામણ કરી છે. અનુસૂચિત જાતિ અને આદિવાસી જાતિના ઉત્કર્ષ માટે વિશિષ્ટ જોગવાઈ કરી છે. તેવી જોગવાઈ અન્ય પછાત વર્ગોના જીવનમાં વિકાસ અને કલ્યાણ સ્થાપવા માટે સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે કરી છે.

**એસ.સી./એસ.ટી./ઓ.બી.સી. પંચની ભલામણો :-**

પછાત વર્ગો અંગેની આપણી સમજ સ્પષ્ટ કરવી પડશે. આ સ્પષ્ટતા જેટલી સાચી એટલી પછાત લોકો અને સમાજ દરેક માટે લાભકર્તા બની રહેશે. પછાતપણાનો ખ્યાલ ઔદ્યોગિકીકરણ પછી વિકસ્યો વિકાસની પ્રક્રિયામાં જે વિભાગો પાછળ રહ્યાં એના માટે આ શબ્દ વપરાય છે. તેઓની પછાતતા કયા ક્ષેત્રમાં છે.

વિકાસની આ પ્રક્રિયામાં ભાગ લેવાની તક એટલે કે Light Chance જે ભારતના દરેક નાગરિકને સમાન સ્વરૂપે પળે તે જરૂરી છે; પરંતુ, ઐતિહાસિક પરિસ્થિઈતને લીધે સમાજના જુદા જુદા વર્ગો સરખી પરિસ્થિઈત ધરાવતા નથી. તેમાં જે વર્ગ પાછળ છે. તેઓને વિકાસની પ્રક્રિયામાં ઘણી ઓછી તક મળે છે. તેથી તેઓને આ તક વધારે મળે તેવા પ્રયત્નો થવા જોઇએ.

પછાતપણું વ્યક્તિગત નહી પણ સમૂહની ઘટના છે. સમગ્ર સમૂહ અન્ય સમૂહની ઘટના છે. સમગ્ર સમૂહ અન્ય સમૂહના પ્રમાણમાં પછાત છે અને કોઇ વ્યક્તિને પણ જો સહન કરવું પડતુ હોય તો તેજ તે સમુહના સભ્ય હોવાથી સહન કરવું પડે છે. આ બાબત દરેક સ્વીકારે છે. પણ આ જૂથ વર્ગ સમૂહ ક્યાં ? જ્ઞાતિ કોઇ નિશ્ચિત વર્ગ, ગામ કે શહેર ? કેટલી વખત અમુખ સમૂહ પછાત હોય તો અન્ય સમૂહો Depried હોય, અનાથ કે જેને તેના કેટલાક હક્કો ભોગવવા દેવામાં આવતા ન હોય તે વર્ગ સમૂહ. આ અંગે એક બાબત માટે તો સર્વસમંતિ સધાઇ જ છે બંધારણમાં કરેલ જાહેરાત અનુસાર પ્રત્યેકને સમાનતા સ્વતંત્રતાની તક મળે. આ રીતે પછાત રહી ગયેલા અસમાનતાનો ભેદભાવનો ભોગ બનેલા વર્ગના લોકોને તક મળવી જોઇએ તે અંગે વિચારણા થઈ. દેશની વિકાસની પ્રક્રિયામાં દરેક નાગરિક સરખી રીતે ભાગીદાર થાય એવી જોગવાઈ કરવાની રાજ્યની ફરજ ગણવામાં આવી.

સમાજમાં સમાન તકો, હક્ક, ન્યાય અને સ્વતંત્રતા મેળવવામાં પાછળ રહી ગયેલા માટે સુરક્ષા કવચ પૂરું પાડવામાં અને તેઓનું કલ્યાણ કરવાનું ધ્યેય બંધારણમાં અભિપ્રેત છે. આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે શું કરવું ? તો તેઓ માટે Positive Desonminationનું મૂલ્ય સ્વીકારવામાં આવ્યું. સમાજના નબળા

વર્ગોને વિશેષ રક્ષણ આપીને આગળ વધારવાની વિકાસની તક પૂરી પાડવાની જે બાબત એટલે કે અનામત નીતિ. અનામત એટલે આરક્ષણ કોઇ વર્ગ માટે ખાસ તકો. આમ અનામત એ નબળા વર્ગ માટેનાં આરક્ષણની સૂવિધા છે. આ સુવિધા આપીને સંપૂર્ણ સમાનતા સ્થાપવાની વાત કે તમામ ભેદભાવો ભૂંસી નાખવાની વાત પણ અભિપ્રેત નથી. અનામતની સુવિધા આપવા છતાં ભેદભાવ તો રહે જ છે; પરંતુ, હકારાત્મક ભેદ હશે.

''અસ્પૃશ્યતા એ હિન્દુની નિપજ નથી ને આપના કોઇપણ પુસ્તકમાં નથી. એ એક જૂનવાણી વહેમ છે કે જેને આપની સમગ્ર રાષ્ટ્રીય ગુણવત્તામાં વિક્ષેપ ઊભો કર્યો છે.''

**-સ્વામી વિવેકાનંદ**

વિશ્વના સર્વ દેશોમાં અને સર્વ માનવ સમાજમાં ઊંચનીચની ભાવના કોઈને કોઈ સ્વરૂપે પ્રવર્તે છે. પરંતુ, ભારતમાં જે સ્વરૂપે ઊંચનીંચના આ ભેદભાવો પ્રવર્તે છે તેવા ક્યાંય જોવા મળતા નથી. ભારતીય સમાજ સ્ત્રીઓથી નાની નાની જ્ઞાતિ જૂથોમાં ઊંચનીચના તીવ્ર ભેદભાવોમાં વહેંચાયેલો હતો. ઉપલી જ્ઞાતિઓને વિશેષ અધિકારો મળતાં હતાં. જયારે નિમ્ન જ્ઞાતિઓ અને તેમાંય ખાસ કરીને અસ્પૃશ્ય ગણાતી આવતી હતી. જ્ઞાતિ વ્યવસ્થામાં હલકી અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓને જન્મથી મૃત્યુ પામેલાં સુધી સતત સ્વમાન હીન, તિરસ્કૃત, શોષિત અને અપમાનિત જીવન જીવવું પડતું. આવો નિમ્ન જ્ઞાતિના લોકોને અન્યાય અને ભેદભાવથી પૂર્ણ ગુલામીવાળું અસલામતી ભર્યું જીવન જીવવું પડતું હતું. આવું જીવન જીવતા અને ભેદભાવથી ભરેલા સમાજનું અસ્તિત્વ ભારત સિવાય ક્યાંય કલ્પી શકાય તેવું નથી.

**(1) અનુસૂચિત જ્ઞાતિની સમજૂતી**

અસ્પૃશ્ય જ્ઞાતિઓને બંધારણમાં અનુસૂચિત જ્ઞાતિ તરીકે સંશોધવામાં આવે છે. બંધારણની કલમ 341 અનુસાર રાષ્ટ્રપતિને એવી સત્તા છે કે તેઓ અમુક જાતિને અનુસૂચિત જાતિ તરીકે જાહેર કરી શકે છે. બંધારણની અનુસૂચિમાં જે જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમને અનુસૂચિત જાતિઓ તરીકે પરિભાષિત કરી છે. 1991 અનુસાર ભારતમાં 16.28% વસ્તી અનુસૂચિત જ્ઞાતિઓની છે. ગાંધીજીએ તેમને હરિજન તરીકે સંબોધ્યાં હતાં. પ્રાચીન ગ્રંથોમાં અંત્યજ શબ્દનો ઉલ્લેખ છે. હિંદુ સમાજમાં અસ્પૃશ્યતા કેવી રીતે દાખલ થઈ અને ધાર્મિક સ્વરૂપ ક્યારે આપવામાં આવ્યું તેનો ધર્મગ્રંથમાંથી કે ઈતિહાસમાંથી કોઈ પત્તો લાગતો નથી, ભારતમાં અસ્પૃશ્ય જ્ઞાતિના ઉદ્ભવ અંગે કોઈ આધારભૂત માહિતી નથી.

ઉર્મિલાબેન પટેલના પુસ્તકમાંથી જાણવા મળે છે કે, ''અસ્પૃશ્ય એ અસ્પૃશ્યતાના કલંકને નિર્મૂળ કરવું હોય તો તેમને તેની સામે બે ધારી તલવારથી ઝઝૂમવું પડશે. એક તો અન્યાયનો પ્રતિકાર કરવાની શક્તિ કેળવવી પડશે તે માટે આર્થિક સ્વાવલંબન અને રાજકીય તાકાત મેળવવી પડશે. સંગઠિત તાકાત મેળવવા અંદરોઅંદર રહેલા ઊંચનીચના ખ્યાલો દૂર કરી અસ્પૃશ્યોમાં એકતા સ્થાપવી પડશે. આંતરિક અસ્પૃશ્યતા દૂર કરવી પડશે. બીજું ઘર કરી ગયેલા વહેમ, અંધશ્રદ્ધા, અસ્વચ્છતા વગેરે દૂર કરી નાગરિક જીવન અપનાવવું પડશે. કુરિવાજોને દૂર કરી સંસ્કારી ઉદારી સામાજિક જીવન જીવવું પડશે.''

**અનુસૂચિત જ્ઞાતિની યાદી :-** ભંગી, સેનમા, હાડી, નળિયા, તૂરી, ગરો, વણકર, સાધુ વગેરે

**(2) અનુસૂચિત જનજાતિ**

અસ્પૃશ્યો જેવા ભેદભાવ સામાજિક અસમાનતા આદિવાસીઓ તરફ ન હતા; પરંતુ, તેમના વસવાટની વિશિષ્ટ પરિસ્થિઈતને કારણે તેઓ સમાજમાં ભળી ન શક્યા અને પછાત અવસ્થામાં રહ્યા, આદિવાસીઓની અલગતા અને પછાતતા પાછળ ભૌગોલિક પરિબળ કારણભૂત છે. આદિવાસીઓને ભૂમિજન, વનવાસી વગેરે નામે ઓળખવામાં આવે છે. આદી એટલે મૂળ, અને વાસી એટલે રહેવાસી.

ભારતમાં રાજ્ય બંધારણ કલમ 244 અનુસાર ભારતમાં નિવાસ કરતાં આદિવાસી સમુદાયોને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવામાં આવે છે. આ જનજાતિમાં જ્ઞાતિપ્રથાનો અભાવ જોવા મળે છે. સમાન બોલી બોલે છે, પ્રાદેશિક જૂથ છે, આર્થિક વિકાસમાં પછાત રહી ગયેલા છે. ધર્મ અને જાદુમાં શ્રદ્ધા ધરાવતા તુલનાત્મક રીતે અલગતા અને એકાંત વાસમાં રહેતા હોય છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત છે. બંધારણમાં આદિ જાતિઓ માટે એક યાદી તૈયાર કરવામાં આવી અને તેમના સંબંધિત ભૌગોલિક વિસ્વિસ્તારોને અનુસૂચિત ક્ષેત્રો જાહેર કર્યા. આવા વિસ્તારો કે જેમાં મોટે ભાગે તેઓ નિવાસ કરે છે. આવા વિસ્તારોમાં આસામ, મણિપુર, ત્રિપુરા અને ઉત્તરપૂર્વના સિમાંત પ્રદેશનો સમાવેશ થાય છે. ભારતના બંધારણ 427 આદિ આદિવાસી સમુદાયોને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખાવી છે. આદિવાસીઓની જનસંખ્યા 0.4 % નોંધાઈ છે.

**અનુસૂચિત જનજાતિઓ :-** કોલચા, કોલઘા, કાથોડી, પઢાર, બજાણીયા, બામણીયા, સરાણીયા, પારધી, ચામઠા, રાઠવા, ડામોર, જેઠવા વગેરે.

**(3) પછાત વર્ગ**

"પછાતવર્ગ એટલે કેટલીક જ્ઞાતિના સમૂહ સિવાય બીજું કશું જ નહીં"

**- ડૉ. બી.આર. આંબેડકર**

ભારતના બંધારણે ભારતને એક કલ્યાણ રાજ્ય તરીકે ઘોષિત કર્યું છે. બંધારણની કલમ નંબર 46માં કહેવામાં આવ્યું છે કે, રાજ્ય સમુદાયના નબળા વર્ગોની શિક્ષા તથા આર્થિક હિતોના સંદર્ભમાં ઘણી સાવધાનીથી ઉન્નતિ કરશે. બંધારણની કલમ નંબર 30માં ખાસ કરીને પછાત વર્ગોનો ઉલ્લેખ કર્યો છે. કેન્દ્ર સરકારે હજી પણ પછાત વર્ગોનો ઉલ્લેખ કર્યો છે. કેન્દ્ર સરકારે હજી પણ પછાતવર્ગોની સ્પષ્ટ વ્યાખ્યા કરી નથી. આ કાર્ય રાજ્ય સરકારો ઉપર છોડી દેવામાં આવ્યું છે. રાજ્ય જેને યોગ્ય સમજે તેને પછાત વર્ગોમાં સૂચિત કરે, પછાતપણાને નક્કી કરવાનો ભાર જે તે કમિશન નીમવામાં આવે છે તેના પર મૂકવામાં આવ્યો છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વસ્તીના કોઈ ચોક્કસ આંકડા નથી. 50%થી વધુ વસ્તી વાળા પછાતવર્ગોની હશે તેઓ અંદાજ છે. અન્ય પછાતવર્ગો માં 127 જેટલી જ્ઞાતિઓ વર્ગો તથા પેટા જ્ઞાતિઓને વર્ણવેલી છે. સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક વગેરે બાબતોમાં પછાત પણું ભોગવતી પ્રજાના વિકાસનો પ્રશ્ન વિચારવા જેવો છે. તેમાં કોઈ શંકા નથી, વર્ષોથી કચડાયેલી ગુલામી દશા ભોગવતી અધભૂખમરાથી પીડાતી અને જીવનની પાયાની સુવિધાથી વંચિત કોમોને પછાત વર્ગોમાં ગણીને તેના કલ્યાણ અને ઉત્કર્ષ માટે અનામતની જોગવાઈ થવી જોઈએ.

પછાત વર્ગની જાતિઓઃ- ડફેર, મેતા, મેણા, કાંગસી, મદારી, બાઘરી, બાવા, વણઝારા, ફકીર, વાદી, નટ, તૂરી, તરગાળા, વાઘરી, તૂરી-બારોટ વગેરે.

### પછાતવર્ગો માટે પંચની જોગવાઈ

બંધારણની કલમ 340 મુજબ ભારતના પ્રદેશમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોની સ્થિઈત તથા તેમને પડતી મુશ્કેલીઓની તપાસ કરવા અને તેના નિવારણ માટે તથા તેમની સ્થિઈત સુધારવા માટે સંઘ તથા રાજ્યે લેવા જોઈએ.

ભારતમાં પછાતવર્ગો માટે બે પંચોની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રથમ પંચ કાલેલકરની અધ્યક્ષતામાં 1953માં નીમાયું હતું. બીજું પંચ શ્રી બી.પી. માંડલની અધ્યક્ષતા હેઠળ 1978માં નીમાયું હતું. ગુજરાત રાજ્યમાં વિવિધ પંચોનું પછાત વર્ગોની યાદી માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી એ.આર. બક્ષીની અધ્યક્ષતા હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેના પંચ(બક્ષી પંચ)ની રચના 1972માં કરવામાં આવી. 1981માં ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સી.વી.રાણેની અધ્યક્ષતામાં પછાત વર્ગો માટે રાણેપંચની રચના કરવામાં આવી. રાણેપંચની ભલામણને આધારે પછાતવર્ગોને નોકરીઓમાં પ્રવેશવાની ઉંમરમાં પાંચ વર્ષની છૂટછાટ આપવાનું સરકારે સ્વીકાર્યું. આવક મર્યાદામાં 40,000 માંથી ઘટાડીને 10,000 કરવામાં આવી.

આ પંચોની ભલામણ અનુસાર ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓની યાદીમાં 30, અનુસૂચિત જનજાતિઓના 29, વિચરતી જાતિઓમાં 25, વિમુક્ત જાતિઓની યાદીમાં 12, વિકસતી જાતિઓ(બક્ષીપંચ)ની યાદીમાં 127 અને લઘુમતી કોમોની યાદીમાં 5નો સમાવેશ થાય છે.

### અનામત નીતિના ઉદ્દેશ્યો

અનામત નિતી દાખલ કરવા પાછળ કેટલાક ચોક્કસ ધ્યેયો ને ધ્યાનમાં રાખેલા બંધારણના ઘડવૈયાઓએ સમજી વિચારીને મૂર્તિમંત કરવા પ્રજાના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી અનામત નીતિ દાખલ કરી. આ નીતિ પાછળ ત્રણ ઉદ્દેશ્યો રહેલા છે.

(1) સામાજિક વિષમતા દૂર કરવી.

(2) વિકાસની ગતિમાં સહભાગીદાર બનાવવા

(3) નબળા વર્ગોના હિતોની રક્ષા કરવી.

હિંદુ સમાજના ધોરણો અને વ્યવસ્થાને લીધે કેટલાક લોકોના જીવનની તકો મર્યાદિત થઈ જતી. અસ્પૃશ્ય લોકોની અસ્પૃશ્યતાને લીધે વિકાસની તકો મર્યાદિત થઈ જતી. તેઓ વિકાસના ક્ષેત્રથી દૂર ધકેલાઇ ગયા હતા. અન્ય ઉજળિયાત વર્ગોથી અલગ પડી ગયા હતા. આ ઉપરાંત આદિવાસીઓ ભૌગોલિક અલગતાને લીધે વિકાસની તકોથી દૂર રહેતા પરંપરાગત વ્યવસાયો, સાંસ્કૃતિક મુલ્યો વગેરેને લીધે કેટલાક વર્ગોના લોકોની જીવન વિકાસની તકો મર્યાદિત બની ગઇ હતી. આવા લોકોની અલગતા દૂર કરી તેમની સામાજિક વિસમતા દૂર કરી સામાન્ય પ્રવાહમાં ભળી જાય તે માટે અનામત નીતિ સામેલ કરવામાં આવી.

વિકાસની ગતિમાં આવા અલગ પડી ગયેલા જીવનની તકોથી વંચિત રહેલા લોકોને સમાન ભાગીદાર બનાવવા પ્રોત્સાહન આપવાના હેતુથી અનામત દાખલ કરવામાં આવી. સામાજિક-શૈક્ષણિક રીતે પાછળ રહી ગયેલા આવા વિકાસથી વંચિત રહી ગયેલા લોકોને વિકાસની ભાગીદાર બનાવવા હરીફાઇ કરવાની સમાન તકો મળી રહે તે માટે ખાસ જોગવાઇઓ કરવા અનામત દાખલ કરી શિક્ષણમાં નોકરીઓમાં અને રાજકીય ક્ષેત્રમાં પુરતું પ્રતિનિધિત્વ મળે તે માટે અનામતની ખાસ જોગવાઇ કરવામાં આવી.

પછાત રહી ગયેલા વિષમતાનો ભોગ બનેલા વિકાસ કુચથી વંચિત રહેલા લોકોના હિતોની રક્ષા કરવાના અનામત દાખલ કરેલી કાનુની રીતે અથવા લોકોના હિતોની રક્ષા કરવા અને વહીવટી નિયંત્રણો દ્વારા આવી અક્ષમતા ધરાવતા લોકોનું હિત રક્ષાય તે માટે ખાસ અનામત નીતિ દાખલ કરવામાં આવી.

ભારતના બંધારણે અનુસૂચિત જ્ઞાતિઓ અને જનજાતિઓને માનવીય હકો સામાજિક રાજકીય હક્કો કે જે પરંપરાગત સમાજમાં ઝુંટવાઇ ગયા હતા. તેને સન્માન સાથે પાછા આપવાના હેતુથી આ જોગવાઇ કરી છે. આવા સમુહો જે જીવન જીવવાના ભૌતિક આધારોથી જ વંચિત રહ્યા હતા. તેમને રાજકીય સામાજિક અધિકારો આપવા અને જ્યાં સુધી સામાજિક વંચિતતા દુર ન થાય ત્યાં સુધી અનામત વ્યવસ્થા આપવાનો હેતુ સમાયેલો છે. આમ, આવી સામાજિક વંચિતતા દૂર કરી તેમના ઉત્થાનનો પ્રશ્ન હલ કરવાના આશય પણ હતો.

બંધારણમાં પછાત લોકો માટે અનામતની જોગવાઈનું વિચારાયું. પરંતુ, કેટલી જગ્યા અનામત માટે રાખવી તેનું કોઇ નિયત ધોરણે નક્કી થયુ ન હતું. 1954 થી જાહેરાતમાં તેના ઉલ્લેખનો ઠરાવ થયો. 1969માં એસ.સી. એસ.ટી. ના પ્રમાણને નક્કી કરવામાં આવ્યું. 1973માં સરકારી સંસ્થા ઉપરાંત સરકારી અનુદાન લેતી સંસ્થા ઉપરાંત સરકારી અનુદાન લેતી સંસ્થામાં પણ અનામતનો લાભ આપવાની રજુઆત થઈ. આમ અનામત નીતિને ત્રણ ક્ષેત્રમાં બનાવવામાં આવી.

**ભારત અને ગુજરાતમાં અનામત નીતિનો અમલઃ-**

ભારતની વસ્તીમાં ઘણો મોટોભાગ અનુસૂચિત જાતિ-જનજાતિ અને વિચરતી જાતિઓની હોવાથી તેની ઉન્નતી માટે અનામતની જોગવાઈને બંધારણીય સ્વરૂપ આપવામાં પંડિત નહેરુ, મૌલાના આઝાદ, સરદાર પટેલ અને ડૉ.આંબેડકર એમ બધા જ સંમત હતાં.

દલિતોને અનામત બેઠકો આપવા એવી જોગવાઈ 1950માં થઈ જે ફક્ત સરકારી સંસ્થાઓ માટે હતી. 1977માં સરકારે પરિપત્ર પાઠવ્યો કે જો 13% અનામત બેઠકો દલિતોને આપવામાં નહીં આવે તો અનુદાન બંધ થશે અને અનામત વિરોધી આંદોલનોનો જન્મ થયો. 1969માં અનુસૂચિત જાતિ-જનજાતિ માટે અનામત જગ્યાનું પ્રમાણ નક્કી કરાયું. વર્ગ-1 અને વર્ગ-2માં અનુક્રમે 5% અને 10% હતું. વર્ગ 3-4માં અનુક્રમે 7% અને 14% હતું અને આદિવાસીઓ માટે 14% જગ્યાઓ અનામત રખાઈ હતી. ભારતમાં શરૂઆતમાં 20-25 વર્ષ દરમ્યાન વિકાસના ઘડતરના વર્ષો હતાં. આ વર્ષો દરમ્યાન પછાતવર્ગોના લોકો સુશિક્ષિત બનવા લાગી છે અને અનામત બેઠકોની જોગવાઈની માંગ વધી, શૈક્ષણિક વિકાસમાં તેમની ધીમી પ્રગતિ તેમના સામાજિક પછાતપણા અને પરંપરાગત રહેણીકરણીને આભારી છે. અનામત જગ્યા નહી હોય તો શિક્ષણથી વિમુખ થશે અને નોકરીઓ ઉચ્ચ હોદ્દાની ન મળતા સામાજિક પછાતપણામાં ધકેલાઈ જશે. આમ, સામાજિક-શૈક્ષણિક વિકાસ માટે અનામત માટે જોગવાઈ થઈ છે.

**(1) શૈક્ષણિક ક્ષેત્રે અનામતની જોગવાઈ**

શિક્ષણ સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં પછાતવર્ગની વ્યક્તિઓ માટે અનામત બેઠકો રાખવાની નીતિના સંદર્ભમાં મેરીટનો પ્રશ્ન સંકળાયેલો છે. શૈક્ષણિક ક્ષેત્રે વિદ્યાર્થીઓ જે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તેના પર કુટુંબનો સૌથી વધારે પ્રભાવ પડે છે. રાજ્યપછાત વર્ગો માટે શિક્ષણ સુવિધાઓ આપે છે. શિષ્યવૃત્તિ ફી માફી શિક્ષણ ફી મફત છાત્રાલય નિવાસ, આદર્શ નિવાસી શાળા, પ્રોત્સાહક ઇનામો, વ્યવસાયિક અભ્યાસક્રમો વગેરે વિવિધ શૈક્ષણિક સવલતો દ્વારા

પછાતવર્ગોના બાળકોના શૈક્ષણિક વિકાસને ખાસ ઉત્તેજન પૂરું પાડવામાં આવે છે. સામાન્ય શાળાઓમાં ધોરણ દસ, અગ્યાર અને બારમા ના પછાતવર્ગોમાં બાળકો માટે ખાસ અનામત જગ્યાઓ રાખવામાં આવે છે. મેડિકલ-ઈજનેરી, ફાર્મસી, આયુર્વેદ, ડેન્ટલ, પોલીટૅક્નિક વગેરે ઉચ્ચ અભ્યાસક્રમમાં પછાત વર્ગો માટે અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ : 7%

અનૂસુચિત જનજાતિ : 15%

વિકસતિ જાતિ : 27%

વિકસિત જાતિઓ જાતિ અનામત બેઠકનો લાભ લેવા સારું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવું અત્યંત જરૂરી છે. અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને પછાત વર્ગો ભટકતી જાતિઓ મળીને જે 34% જગ્યા અનામત રખાઈ છે તે પણ બધાની કાર્યક્ષમતા વિચારવા માટે જ છે.

**(2) રોજગારી ક્ષેત્રે**

અનામત જગ્યાઓ અનામત રાખવાની બાબત જગ્યા ભરવા માટે લાયકાતનું ઓછામાં ઓછું જે ધોરણ નિયત કરવામાં આવેલ હોય તે મુજબની ઓછામાં ઓછી લાયકાત ધરાવતા અને નિમણૂંક માટે બધી રીતે યોગ્યતા ધરાવતા ઉમેદવારો પૂરતી સંખ્યામાં મળે એને આધીન રહે છે. જગ્યાઓ અનામત રાખવાની બાબત બદલીથી અથવા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવતી ખાલી જગ્યાઓને લાગું પડતું નથી.

પંચાયત સેવાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકા, સ્થાનિક સંસ્થાઓ, સરકાર પાસેથી લોન કે આર્થિક સહાય મેળવતી સેવા સંસ્થાઓએ પણ જગ્યાઓ અનામત રાખવા અંગેની જોગવાઈની અમલ કરવાનો રહે છે.

**(3) રાજકીય ક્ષેત્રે અનામત**

ભારતના બંધારણે દબાયેલા, કચડાયેલા, અન્યાય, શોષણની ભોગ બનેલી પ્રજાના ઉત્કર્ષ માટે વિશેષ જોગવાઈઓ કરી છે. આધુનિક ઔદ્યોગિક સમાજમાં શિક્ષણની અને નોકરીઓની સુવિધા સહિતના લાભોથી વંચિત રહ્યાં છે. હરિજનો કે અંતરિયાળ પ્રદેશોમાં તે ડુંગરાળ વિસ્તારોમાં વસતા આ લોકોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે તેમજ નોકરીઓમાં અને રાજ્યક્ષેત્રે અનામત જગ્યાઓ રાખી પ્રોત્સાહન નહીં આપે તો પછાત સમાજમાં ઊંચા સ્થાનો કે મોભાઓ પર આવવાના નથી કે નોકરીઓ મેળવવાના નથી.

રાજ્ય કક્ષાએ વિધાનસભા અને રાજયસભા, જેવી વિધાન પરિષદ આવેલી હોય છે. વિધાનસભાની ચૂંટણીઓ થાય છે. કુલ સભ્ય સંખ્યા 500 થી વધુ હોતી નથી અને 60 થી ઓછી હોતી નથી. વિધાનસભામાં પણ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકો અનામત રાખવામાં આવે છે. અનામત બેઠકો 13 અને 26 છે. લોકસભામાં એસ.સી. ની 44% અને એસ.ટી. ની 8% સીટો અનામત હોય છે.

પંચાયત ધારાની કલમ 51(2)માં સરપંચનો હોદ્દો રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત રાખવાનો પ્રયાસ કર્યો છે. અનામત રાખેલ સરપંચના હોદ્દાની સંખ્યાનું ગ્રામ પંચાયતના સરપંચના હોદ્દાની કુલ સંખ્યા જોડેનું પ્રમાણ શક્ય હોય ત્યાં સુધી અનુસૂચિત જાતિ-

જનજાતિની વસ્તીનું પ્રમાણ રાજયની કુલ વસ્તી જોડે જેટલું હોય એટલું રહેશે. સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખવા જોઈએ. જયારે 1/3 સરપંચના હોદ્દા સ્ત્રીઓ માટે અનામત રાખવા જોઈએ તાલુકા અને જીલ્લા ક્ષેત્રે આ પ્રમાણેની જ જોગવાઈ રાખવામાં આવે છે.

## 2.4 ઉપસંહાર

ઉપરોક્ત એકમમાં આપણે જોયુ કે, પર્યાવરણને લીધે જ માનવનું અસ્તિત્વ સજીવ સૃષ્ટિનું અસ્તિત્વ ઉદ્ભવ્યું છે. પ્રથીની આસપાસ ફેલાયેલું આવરણ એટલેકે વાતાવરણ વાતાવરનું જતન કરવું એ માનવીય જીવનની નૈતિકતા છે. તો તેને લક્ષીને વિવિધ નીતિઓ તથા પર્યાવરણ લક્ષી સેવાઓની પણ માહિતી મેળવી ત્યારબાદ નિમ્ન જ્ઞાતિના લોકોને અન્યાય અને ભેદભાવથી પૂર્ણ ગુલામી વાળા જીવનામાં સલામતિ સ્વરૂપ એવી પછાત વર્ગ માટેની વિવિધ સામાજિક નીતિઓ વિસ્તૃતમાં જણાવવામાં આવી છે. જેથી સમાજકાર્યનો વિદ્યાર્થી તેનો ઉપયોગ કરીને કોઇને સહયોગી બની શકે.

તદ્ઉપરોત, ગાંધીજી દ્વારા નિચલા વર્ગ માટે અસ્પૃશ્યતા નીવારણમાં મુખ્ય યોગદાન દશાવાયુ છે. તથા તેની બંધારણીય જોગવાઇ પણ વિસ્તૃતમાં સમજાવ્યું છે. અનામત નિતિ ના વિવિધ ઉદ્દેશ્યોનો પણ છણાવટ કરવામાં આવી છે.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. સંયુક્ત રાષ્ટ્રસંઘે પર્યાવરણ દિવસ તરીકે ક્યાં દિવસ પસંદ કર્યો છે ?

   (A) 1 લી ઓડાસ્ટ (B) 15 મી જૂન

   (C) 5 મી જૂન (D) 10 મી ડિસેમ્બર

2. ન્યુકિલઅર પાવર કોર્પોરેશન આફે ઇન્ડિયા લીમીટેડ નું વ્ડું મથક ક્યાં આવેલું છે ?

   (A) મુંબઇ (B) અમદાવાદ

   (C) બેંગ્લોર (D) દીલ્હી

3. ગાંધીજીના ક્યાં પુસ્તકના અંકમાં અસ્પૃશ્યતા વિશે લખ્યુ છે ?

   (A) આત્મકથા (B) રચનાત્મક વ્રતો

   (C) સત્યના પ્રયોગો (D) નવજીવન

4. ‘‘આસ્પૃશ્યતા એ હિન્દુની નિપજ નથીને આપના કોઇ પણ પુસ્તકમાં નથી. એ એક જૂનવાણી વહેમ છે. કે જેને આપની સમગ્ર રાષ્ટ્રિય ગુણવત્તામાં વિક્ષેય ઉભો કર્યા છે.’’ આ કોના દ્વારા કહેવામાં આવ્યું છે ?

   (A) સ્વામી વિવેકાનંદ (B) ગાંધીજી

   (C) તાત્યાયેપે (D) સરદાર વલ્લભભાઇ પટેલ

5. બંધારણની કંઇ કલમ અનુસાર રાષ્ટ્રપતિ અમુક જાતિને અનુસૂચિત જાતિ તરીકે જાહેર કરી શકે છે ?

   (A) કલમ 371 (B) કલમ 350

   (C) કલમ 341 (D) કલમ 338

6. રાજ્ય બંધારણની કંઇ કલમમાં ભારતમાં વસવાટ કરતા આદિવાસી સમુદાયને અનુસૂચિત જનજાતિ તરીકે ઓળખવવામાં આવી ?

(A) કલમ 341 (B) કલમ 250

(C) કલમ 244 (D) કલમ 315

7. ગુજરાતમાં કોની અધ્યક્ષતા હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે લક્ષી પંચ ની રચના 1972માં કરવામાં આવી હતી ?

(A) શ્રી.એ.આર.બક્ષી (B) શ્રી કાલેલકર

(C) શ્રી સી.વી.રાણે (D) શ્રી બી.પી.માંડલ

## 2.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) 5 મી જૂન
2. (A) મુંબઇ
3. (D) નવજીવન
4. (A) સ્વામી વિવેકાનંદ
5. (C) કલમ 341
6. (C) કલમ 244
7. (A) શ્રી.એ.આર.બક્ષી

## 2.7 ચાવીરૂપ શબ્દો

- સમુદાય - કોઇ એકજ જ્ઞાતિના લોકોનો સમૂહ
- આવાસ - રહેવા માટેની જગ્ય
- નિરક્ષરતા - શિક્ષણ રહિત
- નવ નિર્માણ - સર્વાંગી વિકાસ

## 2.8 સ્વાધ્યાય લેખન

**(1) પર્યાવરણના મુખ્ય તત્વોની વિભાવના સમજાવી પર્યાવરણ લક્ષી નીતિઓ લખો ?**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**(2) પ્રકૃતિ શિક્ષણ શિબિરના ઉદ્દેશ્યો પર્યાવરણલક્ષી સેવાઓના સંદર્ભમાં લખો ?**

.................................................................

.................................................................

.................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

**(3) પછાત વર્ગ એટલે શું ? રાજ્ય બંધારણમાં દર્શાવલે પછાતવર્ગોની વિવિધ જોગવાઈઓ લખો?**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.9 પ્રવૃતિ

1. પ્રયાવરણ પર કામકરતી સંસ્થાની મુલાકાત લઈને તેમાં પર્યાવરણલક્ષી નીતિ અને સેવાઓને અમલીકૃત કરવી.
2. પછાત વર્ગના લોકોની વચ્ચે જઈ જરૂરીપાત મંદ લોકોને સામાજિક નીતિની માહિતી આપવી.

## 2.10 કેસ સ્ટડી

1. એસી.સી. અને એસ.સી. વર્ગમાંથી એક-એક અસીલની સકસેસ સ્ટોરીની સ્ટડી કરવી.

## 2.11 સંદર્ભસૂચિ


(1) ટી.આર. પરીખ – સામાજિક કલ્યાણ, પરીખ પ્રકાશન, અમદાવાદ.

(2) Baffen T.R.(1957)- કોમ્યુનીટી એન્ડ ડેવલપમૅન્ટ, ઓક્સફોર્ડ યુનિવર્સિટી, લંડન

(3) ઓ.પી. વર્મા – સમાજશાસ્ત્ર કી મૂલ અવધારણાઓ, વિકાસ પ્રકાશન, કાનપુર

(4) તેજસ્કર પાંડે – સમાજકાર્ય, ભારત પ્રકાશન, લખનૌ

| એકમ–3 | નીતિ, આયોજન અને રચના |
|---|---|

## : એકમનું માળખું :

3.0 એકમના હેતુઓ
3.1 પ્રસ્તાવના
3.2 આયોજન એટલે શું ?
3.3 નીતિ અને રચના એટલે શું ?
3.4 આયોજન અને કલ્યાણ ધ્યેય
3.5 સામાજિક ન્યાયનો અર્થ
3.6 સામાજિક ન્યાયના પ્રકાર
3.7 સામાજિક ન્યાયના અભિગમો
3.8 સામાજિક ન્યાય વિશે ગાંધીજીના ખ્યાલો
3.9 ઉપસંહાર
3.10 તમારી પ્રગતિ ચકાસો
3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ
3.12 ચાવીરૂપ શબ્દો
3.13 સ્વાધ્યાય લેખન
3.14 પ્રવૃત્તિ
3.15 કેસસ્ટડી
3.16 સંદર્ભગ્રંથ

## 3.0 એકમના હેતુઓ

(1) સરકારી ક્ષેત્રે નીતિ, રચના અને આયોજન વિશેની જાણકારી મળશે.

(2) સામાજિક કાર્યકર આયોજન અને નીતિ દ્વારા સમાજના વિકાસ કાર્ય કરશે.

(3) સામાજિક ન્યાયનો હેતુ સ્પષ્ટ થશે.

(4) નિરીક્ષણ દ્વારા સામાજિક વિકાસ થઈ શકશે.

## 3.1 પ્રસ્તાવના

વર્તમાન યુગ એ આયોજનનો યુગ છે. જ્યાં જ્ઞાન આગળ છે. ત્યાં આયોજન આપો આપ વધતે કે ઓછે અંશે ઉપસી આવે છે. મનુષ્યની વર્તણૂંક ઉપર અસર કરનારા જે પરિબળો છે તે પરિબળો ઉપર અસર કરનારું આ નવું જ્ઞાન-વિજ્ઞાનનું અને પરિણામે આયોજનનું પરિબળ ઉમેરાયું છે.

કાર્લ માર્ક્સએ ઇતિહાસની ગતિશીલતાના આર્થિક પરિબળોને મુખ્ય સ્થાન આપ્યું; પરંતુ, રશિયામાં આર્થિક પરિવર્તન રાજકીય ક્રાંતિ દ્વારા થયું. મનુષ્યની બુદ્ધિ એ જાગૃત જ્ઞાન-વિજ્ઞાન દ્વારા તેમાં આયોજિત દખલગીરી કરવા માંડી છે. મનુષ્ય, આર્થિક, રાજકીય અને સામાજિક બળોનો ગુલામ રહેવા માંગતો નથી; પરંતુ, તેના ઉપર પોતાનું સ્વામિત્વ સ્થાપવા ઈચ્છે છે.

## 3.2 આયોજન એટલે શું ?

- આયોજન એટલે ભવિષ્યમાં આવનારી સમસ્યાઓને શોધી તેને નિયંત્રણ કરી શકાય છે.
- આયોજન એ સમજી વિચારીને કરવામાં આવતી એક પદ્ધતિ છે.
- આયોજન એટલે એ એવી જાળી બનાવવી જેમાં ભવિષ્યને કેદ કરવું. — એલર્ન
- આયોજન એ વિચારશીલ પ્રક્રિયા છે. વ્યક્તિ વિચાર કરે છે.
- આના માટે અનુભવ અને સાચી વાતો હોવી જોઈએ. આયોજન એ રીતે કરવું જોઈએ કે ભવિષ્યમાં તકલીફ ન પડે. - એલોફોર્ડ

**આયોજનના લક્ષણો**

(1) આયોજન પાછળ દીર્ઘકાળના ઉદ્દેશ હોવા જોઈએ.

(2) યોજના ઘડતર તેમાં અમલ પર દેખરેખ રાખનાર અને સમયાંતરે તેનું મૂલ્યાંકન કરનાર તંત્ર હોવું જોઈએ. આ તંત્રને આપણે યોજના પંચ કહીએ છીએ, યોજનાને સંમતિ આપનાર રાજકીય સત્તા અને વહીવટીતંત્ર પણ આયોજન માટે આવશ્યક છે.

(3) આયોજન જુદા-જુદા અનેક સ્તરે થઈ શકે છે. પ્રાદેશિક કે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સ્તરે યોજના ઘડી શકાય છે. સામાન્ય રીતે આયોજન અંગેની વિચારણામાં રાષ્ટ્રીય યોજના જ કેન્દ્ર સ્થાને રહે છે. સ્તરની સાથે સાથે આયોજનનો વ્યાપ કેટલો છે તે પણ જોવું જોઈએ.

(4) યોજના એક વર્ષની છે કે પાંચ વર્ષની કે પચ્ચીસ વર્ષની પણ હોઈ શકે, યોજનાનો સમયગાળો તેવું મહત્ત્વનું અંગ છે.

(5) યોજનામાં ભાવિ આર્થિક વલણો દરમ્યાનગીરી ન કરવામાં આવે ત્યારે કેવી રહેશે તેની આગાહી કરવામાં આવે છે.

(6) ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે પ્રભાવ પાડી શકાય એવા પરિબળો પર કઈ કઈ નીતિની મદદ વડે સરકાર પ્રભાવ પાડશે તે અંગે યોજનામાં વિચારવામાં આવે છે.

(7) રાજકોષીય નાણાંકીય વ્યાપાર વિષયક નીતિ માળખું આયોજનનું મહત્ત્વનું અંગ છે.

ઉદ્દેશ, તંત્ર, સત્ર અને વ્યાપ, પ્રક્ષેપો, મોડેલ, નીતિ વિષયક માળખું, યોજના ઘડવાની ર ી ત , અમલ સર્વ યોજનાના મૂળભૂત ઘટકો છે.

આયોજનના મુખ્ય ત્રણ હેતુઓ છે.

**(1) વિકાસ (Growth):-**

કોઈપણ સમાજના વિકાસ માટે આયોજન જરૂરી છે એક રીતે વિકાસની પણ તાતી જરૂરિયાત છે. વિકાસ વિના કોઈ સમાજ હોય જ નહીં. સામાજિક રાજકીય અને આર્થિક વિકાસ અને પ્રગતિનો ધ્યેય દરેક રાજ્ય ધરાવે છે. આપણી સામાજિક સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્પૃશ્યતા જેવી કેટલીક સાંસ્કૃતિક પ્રણાલિકાઓ લોકશાહી કે કલ્યાણરાજ્ય કોઈ સાથે બંધ બેસે તેવી ન હતી કારણ કે તેથી માનવ ગૌરવનું હનન થાય છે. આથી બંધારણમાં જ અસ્પૃશ્યતા આચરણ પર પ્રતિબંધ મુક્યો છે અને કોઈપણ કાનૂની ભેદભાવ ઊભો કરવાની મનાઈ ફરમાવી છે.

**(2) ઔદ્યોગિકીકરણઃ-**

ઔદ્યોગિક નીતિને કારણે આ સ્થઈગતા ઉદ્ભવી હતી. ખાસ કરીને યોજકની સ્વતંત્રતા રૂંધાય એ પ્રકારની અસર સરકારની નીતિની થઈ હતી. પરદેશની આવતી ચીજો દેશમાં બનાવવાની નીતિ સરકારે સ્વીકારી હતી. તેથી ઘણી ચીજોની આયાત પર પ્રતિબંધ હતો. આંતરિક અને બાહ્ય હરીફાઈના અભાવવાળા વાતાવરણમાં ઔદ્યોગિક પેઢીઓને ઉત્પાદન-ખર્ચ કે ગુણવત્તાની ઉપેક્ષા કરી કાર્યક્ષમતાનો અભાવ ઔદ્યોગિક જગતની લાક્ષણિકતા બની રહ્યો. ઔદ્યોગિકકરણને લીધે ખેતીમાં ઉત્પાદન વધ્યું અને ખેતી ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આવી.

**(3) સ્વાવલંબનઃ-**

અગત્યની ચીજો કે સેવાઓ પરદેશ પર આધાર ન રાખવાની આકાંક્ષાઓનો આપણી આર્થિક નીતિના ઘડતર રાજ્યપુરૂષો પર પ્રભાવ રહ્યો છે. સંરક્ષણની દષ્ટીએ ઉપયોગી સરંજામ બનાવવાના કામમાં પણ આપણી સ્વનિર્ભરતા વધી છે. અણુમથકોની ડિઝાઈન તે માટે જરૂરી સામગ્રીનું ઉત્પાદન અને તેને ચાલુ કરવાના કામમાં આપણે ઠીક ઠીક સ્વનિર્ભર છીએ.

ઉપગ્રહની રચનાને અવકાશમાં તેમને ફંગોળવાની કામગીરીમાં આપણું કૌશલ્ય વધતું ગયું છે. યંત્રોની જરૂરિયાતનો મોટોભાગ આપણે આંતરિક ઉત્પાદનમાંથી મેળવીએ છીએ.

## 3.3 નીતિ અને રચના એટલે શું ?

ભારતમાં બંધારણમાં જેમ મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવી રીતે નીતિ અને રચનાનો પણ સમાવેશ કરવામાં આવ્યા છે. રાજ્ય બંધારણો નાગરિકોને કેટલાક મૂળભૂત અધિકારો આપ્યા તે જ રીતે કેટલીક ફરજો પણ લાદી છે. રાજનીતિનું માળખું નક્કી કરવા તેમજ રાજ્યના ધ્યેયો નક્કી કરવાના ઉદ્દેશ્યથી આ માર્ગદર્શક સિદ્ધાંતો બંધારણમાં સામેલ કરવામાં આવ્યાં છે. રાજ્યનીતીના ઘડતરનું સ્વરૂપ કેવું હોવ હોવું જોઈએ, તેનું માર્ગદર્શન બતાવનાર રાજ્યનું ધ્યેય શું ? તેને શું કરવાનું છે ? તેને પ્રાપ્ત કરવા કેવા માર્ગો અપનાવવા જોઈએ તેની સ્પષ્ટતા છે. ભારતની સરકારોને માટે તે દિશાસૂચન કરે તેની પાછળ નૈતિક પીઠબળ રહેલું છે.

**નીતિના પ્રકારો**

**(1) આંતરિક નીતિ**

રાજ્ય ઉપર રાજ્યના આંતરિકનીતિનો અમલ કરવાની જવાબદારી લાદવામાં આવી છે. બંધારણમાં મૂળભૂત અધિકારોના પ્રકરણમાં કલમ 13 માં રાજ્ય શબ્દ આપેલ છે તેને કલમ 36માં વિસ્તૃત રીતે રજૂ કરેલ છે જેમાં કેન્દ્ર કે રાજ્ય સરકારો, સંસદ, વિધાનસભા, સુધરાઈઓ, પંચાયતો અને અન્ય સત્તાઓનો સમાવેશ થાય છે. કલમ 37માં લખ્યું છે કે માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કાયદાની અદાલત દ્વારા કરવી શકાશે નહીં; પરંતુ, રાજ્યના વહીવટમાં પાયાનું સ્થાન ધરાવશે અને કાયદાના ઘડતરમાં આ સિદ્ધાંતનું પાલન કરવાની રાજ્યની ફરજ રહેશે.

- કલમ 47માં લોકોનું જીવન ધોરણ ઊંચું લાવવું અને તેમના પોષણનું અને આરોગ્યનું ધોરણ સુધારવું તે રાજ્યનું પ્રાથમિક કર્તવ્ય ગણવું જોઈએ તેવું દર્શાવ્યું છે.
- કલમ 40માં રાજ્યે પંચાયતની સ્થાપના અને તેમાં વિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ તેવો આદેશ આપવામાં આવ્યો છે.

- કલમ 50માં રાજ્ય અને ન્યાયતંત્રને અલગ પાડવાના પગલા લેશે તેવું સૂચવાયું છે. ન્યાયતંત્ર વહીવટીતંત્રથી અલગ અને સ્વતંત્ર હોય તો જ તટસ્થ નિર્ભય અને સ્વતંત્ર ન્યાય આપી શકે તે માટે બંધારણમાં મહત્ત્વ આપવામાં આવે છે.

**(2) આંતરરાષ્ટ્રીય નીતિ**

આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતોની જેમ જ આંતરરાષ્ટ્રીય નીતિના બંધારણ રજૂ કર્યા છે. ભારત વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સલામતી સ્થાપવા માટે પ્રયત્ન કરશે. વિવિધ રાષ્ટ્રો વચ્ચે ન્યાયયૂક્ત તથા માનભર્યા સંબંધો જળવાય તે માટે પ્રયત્નો કરશે અને સાર્વભૌમત્વને માન આપશે.

રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદાનો તથા સંધિઓ પ્રત્યે આદરવૃત્તિ દાખવશે. આંતરરાષ્ટ્રીય વિવાદો ઉકેલવા બળનો કે યુદ્ધનો આશ્રય ન લેતા મંત્રણા, વાટાઘાટો, લવાદી પ્રથા કે સમાધાન જેવા શાંતિમય સાધનો દ્વારા પ્રયાસ કરશે. સુપ્રીમ કોર્ટ આંતરરાષ્ટ્રીય સુમેળ રહે તેવી રીતે કાયદાઓના અર્થઘટ અર્થઘટનને લક્ષમાં લીધું છે. પ્રજાના ઉત્કર્ષની નીતિ ઘડવાનું ધારાસભા અને કારોબારીને જણાવવામાં આવ્યું છે. આપણા બંધારણમાં રાજ્ય લોકો માટે આર્થિક હલો અને સામાજિક સલામતીની નીતિઓ જણાવવામાં આવી છે.

(1) આજીવિકાના પૂરતા સાધનો

(2) સંપત્તિની ન્યાય વહેંચણી

(3) સમાન કામ માટે સમાન વેતન

(4) બાળમજૂરો અને પ્રૌઢ મજૂરોનું રક્ષણ

(5) રોજગારીની જોગવાઈ

(6) ચૌદ વર્ષ સુધીના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ

(7) નિર્વાહ પૂરતી રોજગારી

(8) પોષણની કક્ષામાં વૃદ્ધિ તથા આરોગ્ય સુધારણા

(9) નશાબંધીનો અમલ

(10) પશુધનનું રક્ષણ

**સરકારની વિવિધ નીતિઓની રચનાઃ-**

**(1) 1934(શ્રી વિશ્વેરાયની યોજના)**

1934માં હિંદના ખ્યાતનામ ઈજનેર અને વિખ્યાત રાજપુરુષ શ્રી વિશ્વેરાય પોતાના પુસ્તક 'હિંદની આયોજિત અર્થરચના'માં હિંદના આર્હિક ઉત્થાન માટેની દસ વર્ષની યોજના રજૂ કરી. આ પુસ્તકમાંના વ્યવસ્થિત વિશ્લેષણ અને નિશ્ચિત રેખાંકને આ દિશામાંની ચર્ચામાં નવા વલણો પેદા કર્યા અને જીજ્ઞાસા જગાવી.

**(2) 1938(રાષ્ટ્રીય નિયોજન સમિતિ)**

1938માં જ્યારે ભારત દેશમાં વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ હતા. ત્યારે તેમને રાષ્ટ્રીય સમિતિ બનાવી જેમાં 10 વર્ષનું આયોજન કરવામાં આવ્યું.

**(3) 1943 (મુંબઈ યોજના)**

ઉદ્યોગપતિઓને હિંદના આર્થિક વિકાસ માટેની યોજના છે. જે સામાન્ય રીતે મુંબઈ યોજના તરીકે ઓળખાય છે. આ યોજના 15 વર્ષ માટેની હતી અને તેને પાંચ વર્ષના ત્રણ ગાળામાં વહેંચી હતી. આ યોજનાના મુખ્ય ત્રણ હેતુ રહેલાં છે.

(i) ઔદ્યોગિક ઉત્પાદન 500% અને ખેતીની પેદાશનું ઉત્પાદન 130% જેટલું વધાર્યું.

(ii) પાયાના ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ તરફ ધ્યાન આપવું.

(iii) વ્યક્તિ દીઠ વાર્ષિક આવક 35 રૂપિયાની આગળ લઈ જઈને 130 રૂપિયા જેટલી કરવી.

**(4) 1944 (ગાંધીવાદી યોજના)**

વર્ધાના શ્રી અગરવાલે ગાંધીજીના કેટલાક અગત્યના વિચારો પર આધારિત એવી આ યોજના હિંદના વિકાસ માટે તૈયારી કરી હતી. જેમાં વિકેન્દ્રીકરણ સ્વાવલંબી ગામડાઓ, સાદું પણ સાત્વિક જીવન વગેરેનું સંયોજન આયોજાયું હતું. બેકારી દૂર કરવા માટે, ગામડાઓને ભોગે શહેરોનો કૃત્રિમ વિકાસ રોકવા અર્થે, આવકની અને મિલકતની વધુ પડતી અસમાનતાની નિર્મૂળ કરવા માટે અથવા અસમાનતા વળતી અટકાવવા અર્થે તેમજ સહાય અસંતોષ પ્રજ્વલિત કરતાં એવા ભોગ વિલાસને રોકીને સંતોષ પ્રદ આનંદ અર્પી શકે એવા સાત્વિક જીવનની સ્થાપના માટેના પ્રામાણિક પ્રયાસરૂપ આ યોજના હતી.

## 3.4 આયોજન અને કલ્યાણ ધ્યેય

પશ્ચિમના દેશોમાં ઉદ્ભવેલી કલ્યાણ રાજ્યની વિભાવનામાં ગર્ભિત આધુનિક વિચારોને ભારતે વેગ આપ્યો છે. અલબત્ત આપણા માટે કલ્યાણ રાજ્ય તદ્દન અજાણી વિભાવના નથી. ભારતમાં તેમાં નવો ચીલો પાડ્યો છે. લોકશાહી શાસન-વ્યવસ્થા અંતર્ગત કલ્યાણ-કાર્યો માટે આયોજન કરીએ છીએ; પરંતુ, આપણું કાર્ય થોડું અઘરું છે. કેમ, કે આપણે ગરીબી, નિરક્ષરતા, બેકારી, બીમારી સામે જ નહીં પણ આપણે આપણા વારસાગત સામાજિક બંધારણ ખેતીનું અર્થતંત્ર અને જાહેર વહીવટના પરિવર્તનો સાથે પણ બાથ ભીડવી પડે તેમ છે, તેથી જ આયોજન અનિવાર્ય છે.

કલ્યાણ રાજ્ય એક એવી વ્યવસ્થા છે જેમાં રાષ્ટ્રની સરકાર અમુક હદ સુધી નાગરિકો માટે આજીવિકા, રોજગારી, શિક્ષણ, તબીબી સુવિધા, સામાજિક-આર્થિક સલામતી અને વસવાટની જવાબદારી ઉપાડે છે. શક્ય હોય ત્યાં ખાનગી સાહસને પણ જોડે છે અને માનવજીવન જીવવા માટેનું લઘુતમ ધોરણ ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. પશ્ચિમનો સમાજ કલ્યાણ રાજ્યના ધ્યેય સ્વીકારે છે એ પાછળ લોકહિતના ખ્યાલો કે અતિ ઉદારતાની ભાવના નથી, ત્યાં કલ્યાણ રાજ્ય તરફ દોરી જનાર સૌથી વધુ બળવાન પરિબળ ભય હતું; કારણ કે, તેઓને પ્રતીતિ થઈ ચૂકી હતી કે ઉદ્યોગીકરણ અને તેથી ઉદ્ભવેલા અનિષ્ટો અંગે પ્રજાની સમાનતા તેમજ જાગૃતિની પ્રક્રિયાના ફેલાવા પછી સરકારને તમામ નાગરિકોના કલ્યાણની જવાબદારી નહી સ્વીકારે તો ઉપેક્ષિત લોકોની વફાદારી ગુમાવશે. કલ્યાણરાજ્ય ત્યારે જ જન્મશે જ્યારે સમાજમાં તમામ મહત્ત્વના ઉદ્યોગપતિઓ કામદારો, સંઘો, વેપારીઓ, ખેડૂતો, નોકરિયાતો સમજશે કે તેઓએ માત્ર તેઓના પોતાના જ લાભની વાત રજૂ ન કરવી જોઈએ કેમ, કે તેથી સમાજને કાયમી નુકસાન થાય છે.

"લાંચ આપવાની મોટી જરૂર કલ્યાણરાજ્ય ને જન્મ આપ્યો. લાગણી પ્રધાન આદર્શવાદે નહીં."

**- આદુ દસ્તુર**

## 3.5 સામાજિક ન્યાય

સામાજિક ન્યાયની વિભાવના, સામાજિક ધોરણો, વ્યવસ્થા, કાયદો અને નૈતિકતાના ક્રમિક વિકાસની પ્રક્રિયાઓમાંથી ઉદ્ભવી છે. સામાજિક સમાનતાના વિવિધ સિદ્ધાંતો પર ભાર મૂકી નિયમો લાગુ કરીને સમાજમાં દરમિયાનગીરીનું સર્જન કરે છે. 'સામાજિક ન્યાય' એ શબ્દ પ્રયોગમાં 'સામાજિક' શબ્દ સમાજમાં રહેનારા તમામ લોકોને સંદર્ભે છે. જયારે 'ન્યાય' શબ્દ સ્વતંત્રતા, અધિકારો અને સમાનતા પૂરી પાડવા માટે અને વ્યક્તિગત હક્કોની જાળવણી કરવા માટે છે. બીજી રીતે કહીએ તો 'સામાજિક ન્યાય' એટલે કોઈપણ જાતનો પક્ષપાત કે પૂર્વગ્રહ રાખ્યા વિના, સમાજના તમામ સભ્યોની ક્ષમતાઓનો સર્વોચ્ચ સંભવિત વિકાસ થાય તે સુનિશ્ચિત કરવું, જો કે સામાજિક ન્યાય શબ્દ ઘણો જટિલ છે અને પ્રયોગાત્મક રીતે તેનો અર્થ તારવી શકાતો નથી.

જસ્ટિસ ક્રિષ્ણા ઐયરે, તેમના પુસ્તક, 'જસ્ટીસ એન્ડ બિયોન્ડ' માં જણાવ્યું છે તેમ, 'સામાજિક ન્યાય' સ્થાયી કે સંપૂર્ણ વિભાવના નથી. જેનું ચોક્સાઈપૂર્વક માપન કરી શકાય. આ વિભાવના લવચિક છે અને સાપેક્ષ છે. વાસ્તવમાં સમાજમાં ન્યાયપૂર્ણ માનવી, ન્યાયપૂર્ણ કામગીરી અને ન્યાયપૂર્ણ કાર્યો એ સામાજિક ન્યાયનું પ્રગટીકરણ છે.

સામાજિક ન્યાયનો હેતુ સમાજને પુનઃ વ્યવસ્થિત અને ઉત્થાયન કરવાનો છે. જેથી સામાજિક સંબંધોમાંથી જ્ઞાતિ, જાતિ, વંશ, પ્રાંત, ધર્મ વગેરે ભેદભાવોને નાબૂદ કરી શકાય. બીજી તરફ સામાજિક ન્યાયમાં સમાજના પછાત, વંચિત તથા દલિત લોકોની તરફેણમાં સંરક્ષિત પક્ષપાત જરૂરી છે.

દેશની પ્રજાને સામાજિક ન્યાય પ્રાપ્ત થાય તે માટે રાજ્યે સામાજિક, રાજનૈતિક અને આર્થિક ક્ષેત્રોમાં સમાનતાના સિદ્ધાંતને પ્રસ્થાપિત કરવાનો છે.

ભારતમાં અગાઉ જ્ઞાતિને આધારે ન્યાય આપવામાં આવતો. પાપ-પુણ્યના જુદા જુદા કારણો જોવા મળતા, સમાન સામાજિક ન્યાય ભાગ્યે જ જોવા મળ્યો છે એ અપેક્ષાએ આઝાદી પછી કલ્યાણરાજ્ય તરીકે લિંગ, વય, જાતિ, જ્ઞાતિના ભેદથી ઉપર સમાનતાની સ્થાપના થઈ. દેશના બધા જ નાગરિકોને આજીવિકાની સમાન તક અને સ્ત્રી-પુરુષ દરેકને સમાન કામ માટે સમાન મજૂરી-વેતન મળે એ ન્યાયનો સ્વીકાર થયો છે. બાળકો અને તરુણોને નૈતિક શારીરિક પતન અને શોષણ સામે રક્ષણ મળ્યું છે. એ રીતે દરેકને સ્ત્રી-પુરુષ, બાળક, તરુણ, વૃદ્ધને શક્ય એટલો સામાજિક ન્યાય આપવાનો પ્રયત્ન થાય છે.

સામાજિક ન્યાય એ ત્રીજું મહત્ત્વનું આવશ્યક તત્ત્વ છે, કેમ કે જ્યાં સુધી દરેક નાગરિકોને તમામ સ્વરૂપના અન્યાયો સામે રક્ષણ પૂરું પાડવામાં ન આવે તો સમાજ કલ્યાણ-કાર્યોનો અર્થ સરતો નથી આથી સામાજિક, રાજનૈતિક અને આર્થિક એમ બધાં જ ક્ષેત્રોમાં રાજ્યે સમાનતાના સિદ્ધાંતનું પાલન કરવું જરૂરી બને છે. આમ, સામાજિક ન્યાયની સ્થિઈત પ્રસ્થાપિત કરવી એ કલ્યાણરાજ્ય માટે આવશ્યક બને છે.

## 3.6 સામાજિક ન્યાયના પ્રકાર

'સામાજિક ન્યાય' મુખ્યત્વે પાંચ પ્રકારની સાથે નિસ્બત ધરાવે છે.

**૧. ન્યાયોચિત ફાળવણી (ડિસ્ટ્રીબુટીવ જસ્ટીસ)**

સમાજમાં કરવામાં આવતી માલસામાનની ફાળવણી સાથે નિસ્બત ધરાવે છે. જે સમાજમાં

પ્રસંગોપાત અસમાનતાઓ ન ઉદ્ભવતી હોય તે ન્યાયોચિત ફાળવણીના સિદ્ધાંતોનું પાલ ધરાવતો સમાજ ગણાશે.

**૨. ન્યાયોચિત કાર્યપ્રણાલી (પ્રોસિડ્યુરલ જસ્ટીસ)**

એ પરિવાર હોય કે રાજકીય જીવન, જયાં ન્યાયોચિત કાર્ય પ્રણાલી દ્વારા વિવાદોનું નિરાકરણ થતું હોય અને સંશાધનોની ફાળવણી થતી હોય તેને કહે છે. 'ન્યાયોચિત કાર્યપ્રણાલી' ન્યાયના વહીવટ અને કાયદાકીય પ્રક્રિયાઓ વિશે ચર્ચાઓ પણ આવરી લે છે.

**૩. આંતર વ્યક્તિગત ન્યાય (ઈન્ટર પર્સનલ જસ્ટીસ)**

રોજિંદા જીવનમાં દરેક વ્યક્તિ દ્વારા ન્યાયોચિત વ્યવહારનો સમાવેશ થાય છે. સમાજ કેવળ કાયદા અને રાષ્ટ્રનો બનેલો નથી. તેમાં સાંસ્કૃતિક સંસ્થાઓ, રીત-રિવાજો, નૈતિક મૂલ્યો વગેરે જેવા અનૌપચારિક પાસાંઓનો પણ સમાવેશ થાય છે.

**૪. ન્યાયોચિત શિક્ષા (રિટ્રિબ્યુટિવ જસ્ટીસ)**

જયારે કોઈ વ્યક્તિ અન્યાય આચરવા બદલ દોષિત ઠરે, ત્યારે સમાજ તેને કોઈક પ્રકારની શિક્ષા કરે છે. સામાન્યપણે જનતા આ શિક્ષાને વાજબી અને કાયદેસર ગણે છે.

**૫. ન્યાયોચિત સુધારણા (રિસ્ટોરેટિવ જસ્ટિસ)**

એ ન્યાયોચિત અપરાધ સુધારણાની વ્યવસ્થા છે. જયાં ગુનેગાર ગુનાના ભોગ બનેલા તથા મોટેભાગે સમુદાયને ન્યાય આપવાની સીથે ગુનેગારના પુનવર્સન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ન્યાયપૂર્ણતા અપરાધ અને શિક્ષા વિશેની પરંપરાગત વિચારસરણીનો નવો વિકલ્પ પૂરો પાડે છે.

## 3.7 સામાજિક ન્યાયના અભિગમ

**૧. 'ન્યાય' વિશે પ્રાચીન ગ્રીક અને હિંદુ અભિગમ :**

પ્રાચીન ગ્રીક અને હિંદુ અભિગમ અનુસાર ન્યાયપૂર્ણતા હક્કોના સંદર્ભે નહીં, બલ્કે ફરજો નિભાવવા સંદર્ભે છે. પ્લેટો અને એરિસ્ટોટલ બંને એ વ્યક્તિ કરતાં દેશને અગ્રતા આપી છે. ખાસ કરીને પ્લેટો ન્યાયપૂર્ણતાને વ્યક્તિના વર્ગને અનુરૂપ તેની ફરજોનું પાલન ગણાવે છે. પ્લેટોનો ન્યાયપૂર્ણતાનો સિદ્ધાંત વિવિધ નાગરિકોની ફરજનો પાલન ગણાવે છે. પ્લેટોનો ન્યાયપૂર્ણતાનો સિદ્ધાંત વિવિધ નાગરિકોની ફરજને અનુકૂળ હોય તેવા ગુણો વિકસાવવાનો જરૂરિયાત પર ભાર મૂકે છે. પ્લેટોના મતે, ન્યાયપૂર્ણતા એ સમાજનો સર્વોચ્ચ ગુણ છે. પ્લેટોના મત પ્રમાણે, શ્રમ વિભાજનનો સિદ્ધાંત એ છે કે, દરેક વ્યક્તિએ ખાસ કરીને દરેક વર્ગે તેઓ જે કાર્ય માટે એકદમ સુયોગ્ય હોય તે કાર્ય કરવું જોઈએ. આ જ ન્યાયપૂર્ણતા છે. 'એરિસ્ટોટલ' ન્યાયપૂર્ણતાને 'રાજકારણ' સાથે પ્રત્યક્ષપણે નથી સાંકળતા અને ન્યાયપૂર્ણતાએ ધર્મ તરફનું સદાચારપૂર્ણ આચરણ છે. આમ, પ્લેટોના ન્યાયપૂર્ણતાના સિદ્ધાંતની માફક જ હિંદુ પરંપરામાં ન્યાયપૂર્ણતાને ધર્મ દ્વારા નિર્દિષ્ટ ફરજોના પાલન સાથે સાંકળવામાં આવે છે.

**૨. 'ન્યાય' વિશે આધુનિક અભિગમ**

આધુનિક સમયમાં, ન્યાયપૂર્ણતા પ્રત્યેના મુખ્યત્વે બે અભિગમો ચર્ચાના કેન્દ્રસ્થાને છે. એક ઉદારવાદી અભિગમ છે અને બીજો માર્કવાદી અભિગમ છે. ઉદારવાદીઓની દલીલ એવી છે કે ન્યાયપૂર્ણ સમાજ માટે સમાનતા પર આધાર રાખે છે. તેમનું માનવું છે કે જયાં

સુધી સમાજમાં પ્રવર્તી રહેલી વર્તમાન અસમાનતાઓને દૂર કરવામાં નહી આવે ત્યાં સુધી સમાજ ન્યાયપૂર્ણ બનશે નહિ. પરંતુ સમકાલીન રાજકીય તત્ત્વજ્ઞાનમાં ન્યાયપૂર્ણતા વિશેની સ્વતંત્રતા, સમાનતાની ચર્ચા સમાપ્ત થઈ ચૂકી છે. સ્વતંત્રતા, સમાનતા અને અધિકારો ન્યાયપૂર્ણતા સંમિલિત છે.

### ૩. 'ન્યાય' વિશે ઉદારવાદી અભિગમ

આધુનિક સમયમાં 'ન્યાય' ના ઉદારવાદી અભિગમને વ્યક્તિગત અધિકારોના સ્વરૂપે સ્પષ્ટ કરવામાં આવે છે. જ્યાં વ્યક્તિગત અધિકારો કાયદો દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે તથા 'રાજય' આ અધિકારોથી બાધ્ય હોય છે. આમ, ન્યાય અંગેની ઉદારવાદી પરંપરા મુજબ ન્યાય પ્રત્યેક વ્યક્તિને તેના અધિકાર પ્રાપ્ત કરાવવા ઉપલબ્ધ રહે છે. ઉદારવાદીઓ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યક્તિની સ્વતંત્રતા પર ભાર મૂકે છે. તેની મુખ્ય નિસ્બત રાજકીય ન્યાય પરત્વે રહે છે. તેઓના સુત્ર પ્રમાણે આર્થિક ન્યાય એટલે 'મુક્ત અર્થતંત્ર'. આ આધુનિક ઉદારમતવાદી ન્યાયની વિભાવના જહોન લોકે, બેન્થમ જહોન સ્ટુઅર્ટ મીલ, સ્ટોન્સર અને આદમ સ્મિથના લખાણોમાંથી વિકસી.

### ૪. 'ન્યાય' વિશે માર્ક્સવાદી અભિગમ

માર્ક્સવાદીઓ માને છે કે દેશ એ 'વર્ગ આધારિત સંસ્થા' છે. કોમ્યુનિષ્ટોના ઘોષણાપત્રમાં માર્ક્સ અને એન્જલ્સ જણાવે છે કે માનવ સમાજનો ઈતિહાસ છે. માર્ક્સની માન્યતા પ્રમાણે, મૂડીવાદી સમાજમાં લોકશાહી છે જેને ટુંકાવી દેવાઈ હોય છે. જૂઠી પાડવામાં આવી હોય અને લોકશાહી માત્ર અમીરો, લઘુમતી વર્ગ માટે જ હોય. આખુંય મહામાળખું, કાયદાઓ, મૂલ્યો, ન્યાય અને ન્યાયાલયો, પોલીસબળ બધું જ પ્રભાવી વર્ગના પ્રભાવીપણાને દૃઢ કરવા માટે જ રચવામાં આવ્યો હોય છે. આવા સમાજમાં 'ન્યાય' એ આર્થિક રીતે મજબૂત લોકોના હિતનો વિષય હોય છે.

## 3.8 સામાજિક ન્યાય વિશે ગાંધીજીના ખ્યાલો

બીજા ફિલસૂફો અને વિચારકોની જેમ ગાંધીજીએ ન્યાયના પ્રશ્નને સંબોધ્યો નથી. તેમના લખાણોમાં અલગ રીતે સામાજિક ન્યાયના સિદ્ધાંતો વિશે કોઈ પરિકલ્પના કે ચર્ચા પ્રાપ્ત થથી નથી તે છતાંયે તેમના તમામ વિચારોના પાયામાં 'સામાજિક ન્યાય' જ રહેલો છે. ભારતમાં સામાજિક ન્યાયના પ્રણેતા ગાંધીજી રહ્યા છે. તેમનાં પહેલા કવિઓ, સંતો અને સમાજસુધારકો એ જ્ઞાતિ આધારિત ભેદભાવથી લઈને વ્યાપ્ત સામાજિક અન્યાયો, પરત્વે ધ્યાન આપ્યું છે. સામાજિક ન્યાય બહુમુખી પરિકલ્પના છે, જે ગાંધીના વિચારોમાં તે સત્યની પરિકલ્પના, અહિંસાની પરિકલ્પના કે રાજરાજ્ય, સર્વોદય સ્વરાજ, સત્યાગ્રહ અને ટ્રસ્ટીશીપના તેમના સિદ્ધાંતોમાં પ્રદર્શિત થાય છે.

ગાંધીની ફિલોસોફીના આ પાસાંઓ ન્યાયોચિત સામાજિક, આર્થિક અને રાજકીય ધોરણોની સંભાવના પૂરી પાડે છે અને એ સંદર્ભે આપણે ગાંધીજીની 'સામાજિક ન્યાય' ની પરિકલ્પના જોઈ શકીએ છીએ. ગાંધીજીનો 'સત્તા અને વિકેન્દ્રીકરણનો ખ્યાલ' વ્યક્તિગત સ્વાતંત્ર્ય માટે જાણે એક સુરક્ષાકવચ બને છે.

ગાંધીજી માટે પંચાયત રાજ એક એવી ગોઠવણ હતી જેમાં લોકો પોતે, પોતાના વહેવારો માટે વૈધાનિક રાજકીય અને આર્થિક પ્રભુત્વથી મુક્ત રહે. ગાંધીજીનું પંચાયતીરાજ માનવીના સંપૂર્ણ નૈતિક વિકાસ માટે ગ્રામ સમુદાય અને વ્યક્તિ બન્નેની સ્વતંત્રતાને સુરક્ષિત રાખે છે. ગાંધીજી માનવીય સમાનતા પર બળ આપે છે. આર્થિક ન્યાય માટે ગાંધીજી પાંચ વિકલ્પો પૂરા પાડે છે.

(૧) નાણાકીય અને સત્તાકીય વિકેન્દ્રીકરણ

(૨) ગૃહ તેમજ નાના સ્તરના ગ્રામોદ્યોગ

(૩) વપરાશ આધારિત જીવનશૈલીનો નિશેધ

(૪) સમાન વહેંચણી

(૫) નિધિરક્ષણ

ગાંધીજી જણાવે છે કે, 'તેનો અર્થ એ છે કે હાલના સમયમાં જે ક્રુર અસમાનતાઓ વ્યાપે છે તેને સંપૂર્ણ અહિંસક માર્ગે દૂર કરવી.'

## 3.9 ઉપસંહાર

કલ્યાણરાજ્યે આર્થિક સમૃદ્ધિ સામાજિક ઉત્થાન અને પ્રજાના મનોવૈજ્ઞાનિક તેમજ બૌદ્ધિક વિકાસ માટે જુદા-જુદા સ્વરૂપની બહુમતી યોજનાઓ અમલી બનાવવી પડશે. સમાજ સુધારણા, સામાજિક ન્યાય અને સમાજકલ્યાણના ધ્યેયો હાંસલ કરવાના છે. ભારત એક રાજ્ય તરીકે બાહ્ય આક્રમણ સામે રક્ષણ, આંતરિક વ્યવસ્થાની જાળવણી, નાગરિકોના અધિકારોનું રક્ષણ અને તટસ્થ ન્યાય જેવા ફરજિયાત કાર્યો તો કરે છે. પરંતુ, એક કલ્યાણરાજ્ય તરીકે કાર્યો કરે છે.

નીતિ આયોજન અને કલ્યાણકાર્ય કરવામાં સરકારે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. અલગ-અલગ દ્વારા સમાજકાર્ય કરવામાં આવે છે. નીતિને સફળ બનાવવામાં આયોજન જરૂરી હોય છે. નીતિ આયોજનના સંયુક્ત કાર્યથી કલ્યાણસેવાના કાર્યો સફળ બને છે. બંધારણીય કાનૂન, નીતિ, નિયમો દ્વારા આયોજન થતું હોય છે અને આયોજનથી સમાજમાં જરૂરિયાતમંદ લોકોના કાર્યો થતાં હોય છે. નીતિ આયોજન અને તેની રચના કરવી જરૂરી બની રહે છે.

## 3.10 તમારી પ્રગતિ ચકાસો

૧. આયોજનના મુખ્ય કેટલા હેતુ છે ?

(A) ચાર (B) છ

(C) ત્રણ (D) પાંચ

૨. ગાંધીવાદી યોજના કઈ સાલમાં અમલમાં આવી ?

(A) ઈ.સ. 1944 (B) ઈ.સ. 1914

(C) ઈ.સ. 1940 (D) ઈ.સ. 1950

૩. રાષ્ટ્રીય નિયોજન સમિતિ ક્યારે ઘડવામાં આવી ?

(A) ઈ.સ. 1938 (B) ઈ.સ. 1943

(C) ઈ.સ. 1940 (D) ઈ.સ. 1950

૪. સામાજિક ન્યાયના કેટલા અભિગમો છે ?

(A) ચાર (B) પાંચ

(C) ત્રણ (D) ચૌદ

૫. સામાજિક ન્યાયના પ્રણેતા કોણ છે ?

(A) ગોપાલકૃષ્ણ ગોખલે (B) ગાંધીજી

(C) જવાહરલાલ નેહરૂ (D) એક પણ નહિ

## 3.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

૧. (C) ત્રણ

૨. (A) ઈ.સ. 1944

૩. (A) ઈ.સ. 1938

૪. (A) ચાર

૫. (B) ગાંધીજી

## 3.12 ચાવીરૂપ શબ્દો

**૧. આયોજન** : વિચારશીલ પ્રક્રિયા

**૨. સામાજિક ન્યાય** : પક્ષપાત વગર સમાજના તમામ સભ્યોનો ક્ષમતાપૂર્વક વિકાસ કરવો.

## 3.13 સ્વાધ્યાય લેખન

**(1) આયોજન એટલે શું ?**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**2.** સામાજિક ન્યાયના અભિગમો સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.14 પ્રવૃત્તિ

૧. સામાજિક ન્યાય પર કાર્યરત સંસ્થામાં મુલાકાત લેવી.

૨. સમાજના કોઈ પણ બે જગ્યાએ સામાજિક ન્યાયનો પ્રચાર-પ્રસાર કરવો.

**3.15 કેસસ્ટડી**

સામાજિક ન્યાયમાં ગાંધી વિચારધારા પર કાર્ય કરતી સંસ્થાનું અધ્યયન કરવું.

**3.16 સંદર્ભસૂચિ**

1. આર.ડી. ભગત – ગ્રામીણ સમુદાય, સેન્ટ્રલ પ્રેસ, દિલ્હી.

2. હજીરા કુમાર – સામાજિક વિકાસ, રેજન્સી પ્રેસ, દિલ્હી.

3. તેજ સંકલતા – સમાજકાર્ય, જુબલી પ્રેસ, લખનૌ.

4. ટી.આર. પરીખ – સામાજિક કલ્યાણ, પરીખ પ્રકાશન, અમદાવાદ

BAOU
Education for All

# ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in